BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ - સમાજશાસ્ત્ર


## સમાજશાસ્ત્રીય વિચારકો

(મુખ્ય વિષય)


(SOCM-306 / SOMJ-301)



ઓગસ્ટ કોમ્ટ
(1798 - 1857)




કાર્લ માર્ક્સ
(1818-1883)



હર્બર્ટ સ્પેન્સર
(1820-1903)



વિલ્ફ્રેડ પરેટો
(1848-1923)



એમિલ દુર્ખિમ
(1858-1917)



જી. એચ. મીડ
(1863-1931)



મેક્સ વેબર
(1864-1920)



આલ્ફ્રેડ રેડક્લિફ બ્રાઉન
(1881-1955)



બી. મેલિનોવસ્કી
(1884-1942)



હર્બટ બ્લુમર
(1900-1987)



રોબર્ટ કિંગ મર્ટન
(1910-2003)



જી. એસ. ઘુર્યે
(1893-1983)



એમ. એન. શ્રીનિવાસ
(1916-1999)

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**સંપાદક:**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. પરેશ ચૌહાણ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. જયેશ પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

**વિષય સમિતિ:**

| | |
|---|---|
| ડૉ. સંજય પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ | (નિવૃત્ત) પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| પ્રો. (ડૉ.) મહેશ ગામિત | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ આશ્રમ રોડ, અમદાવાદ |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| ડૉ. એચ. એલ. ચાવડા | અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર |
| પ્રો. (ડૉ.) જે. સી. પટેલ | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**લેખન:**

| | |
|---|---|
| ડૉ. પરાગ દેવાણી | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ |
| ડૉ. જયસિંહ ઝાલા | અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ |
| ડૉ. નયનેશ ગઢવી | એસોસિએટ પ્રોફેસર, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ |
| ડૉ. અલ્પેશ પ્રજાપતિ | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ, આણંદ |
| ડૉ. કેશુભાઈ ઓડેદરા | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, એમ.ડી. શાહ કોમર્સ એન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કોલેજ, મહુધા, ખેડા |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| પ્રિ.ધનશ્યામ કે. ગઢવી | નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા |


**પ્રકાશક:**

કુલસચિવ , ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** પુનઃ મુદ્રણ - 2025

**ISBN NO:** **978-93-5598-257-5**


: સર્વાધિકાર સુરક્ષિત :

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# બી.એ./બી.એ. (ઓનર્સ) સમાજશાસ્ત્ર
## SOCM-306 / SOMJ-301
## વિભાગ - 1 'સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ અને સિદ્ધાંતોનું ઘડતર' વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, સમાજશાસ્ત્ર એ વ્યક્તિના સામાજિક જીવનનો, માનવ સંસ્કૃતિનો, વ્યક્તિઓથી બનેલા સમૂહજીવનનો, તેઓ વચ્ચે થતી ક્રિયા-આંતરક્રિયાઓ અને આંતરસંબંધોનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરતું સામાજિક વિજ્ઞાન છે, ઉપરાંત સમાજમાં બનતી સામાજિક ઘટનાઓ, સંબંધો અને સામાજિક પ્રક્રિયાઓનો અભ્યાસ કરે છે અને આવા અભ્યાસ દ્વારા જુદા જુદા બનાવો વચ્ચેના સંબંધો, કાર્યકારણ સંબંધો રજૂ કરી, જુદી જુદી હકીકતોને અલગ તારવી નવા સિદ્ધાંતો વિકસાવે છે, જે સમાજશાસ્ત્ર ક્ષેત્રે પ્રદાન આપે છે. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો વિશેની સંપૂર્ણ સમજ આપણે સમાજશાસ્ત્રના આ પાઠ્યક્રમ - 306 'સમાજશાસ્ત્રીય વિચારકો' દ્વારા મેળવીશું, આ પાઠ્યક્રમને મુખ્ય બે ભાગોમાં વિભાજિત કરેલ છે. જેમાં પ્રથમ ભાગ 'સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ અને સિદ્ધાંતોનું ઘડતર'માં એક થી નવ એકમોનો સમાવેશ કર્યો છે. પહેલાં એકમમાં સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનો અર્થ અને તેના લક્ષણોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે, જેનાં આધાર સિદ્ધાંતોની પૂર્વભૂમિકા, તેની સમાજશાસ્ત્રીય પરિભાષા સમજી શકાશે. સિદ્ધાંતો વિશે જુદા-જુદા માનવશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, ગ્રીક ચિંતકોએ પોતાના વિચારો રજૂ કર્યા છે, સાથે જ સિદ્ધાંતોનાં મુખ્ય કાર્યોની રજૂઆત કરી છે. જે સંદર્ભે બીજા એકમમાં સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના કાર્યોની ચર્ચા કરવામાં આવશે. સિદ્ધાંત અને સંશોધન તદ્દન અલગ ખાસિયત હોવા છતાં એક સિક્કાની બે બાજુ છે. સમાજશાસ્ત્રીય સંશોધનમાં સિદ્ધાંત અને સંશોધન બંનેનું સરખું મહત્વ રહેલું છે. સિદ્ધાંતનાં વિકાસમાં સંશોધનનો ફાળો અને સંશોધનનાં વિકાસમાં સિદ્ધાંતનો ફાળો કેવા પ્રકારનો છે ? તે સિદ્ધાંત અને સંશોધન વચ્ચેનું પરસ્પરાવલંબન નામના ત્રીજા એકમમાં સમજીશું. યુરોપનો નવજાગૃતિ (પુનરુત્થાન) યુગ, ઈંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિ તેમજ ફ્રાંસની રાજ્યક્રાંતિને કારણે માનવ સમાજોમાં અનેકવિધ સામાજિક-આર્થિક પરિવર્તનો આવ્યાં. અને તેના પરિણામ સ્વરૂપે સમાજશાસ્ત્ર નામના વિજ્ઞાનનો ઉદ્‌ભવ શક્ય બન્યો. યુરોપમાં સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ - વિકાસ, તે સમયની પરિસ્થિતિ, સમાજશાસ્ત્રીઓનું યોગદાન વગેરેનો સમાવેશ ચોથા એકમમાં કરવામાં આવ્યો છે. પશ્ચિમનાં સમાજોમાં સમાજશાસ્ત્રનો વિકાસ સમજ્યા બાદ ભારતમાં સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ - વિકાસ કરવામાં ભારતીય સમાજશાસ્ત્રીઓ જેમ કે, જી.એસ.ઘર્યે, રાધાકમલ મુખર્જી, ડી.પી. મુખર્જીનાં પ્રદાન વિશેની ચર્ચા પાંચમાં એકમમાં કરીશું.

વિદ્યાર્થીમિત્રો, સમાજશાસ્ત્રના પિતા 'ઓગષ્ટ કોમ્ટ' છે. આથી તેમણે આપેલાં મુખ્ય સિદ્ધાંતો જેમ કે, પ્રત્યક્ષવાદ, ત્રણ સ્તરનો સિદ્ધાંત, વિજ્ઞાનનો કોટિક્રમ, સામાજિક સ્થિતિશાસ્ત્ર અને સામાજિક ગતિશાસ્ત્ર વગેરેની વિસ્તૃત ચર્ચા છઠ્ઠા એકમમાં કરવામાં આવશે. સામાજિક સંશોધનો, વૈજ્ઞાનિક સિદ્ધાંતોમાં તથ્યો હોવા આવશ્યક છે. સમાજશાસ્ત્રમાં સામાજિક તથ્યોનો ખ્યાલ ઈમાઈલ દુર્ખિમે આપ્યો છે. ઉપરાંત ઈમાઈલ દુર્ખિમે આપેલા શ્રમવિભાજન અને સામાજિક એકતા, આત્મહત્યાના સિદ્ધાંતની સમજૂતી સાતમા એકમ દ્વારા મેળવીશું. જ્યાં સમાજ છે, ત્યાં સહકાર, સંઘર્ષ અને સ્પર્ધા જોવા મળે છે. જુદા જુદા વર્ગો વચ્ચે થતો સંઘર્ષ ખાસ કરીને મુડીવાદી અને શ્રમિક વર્ગને કેન્દ્રમાં રાખીને કાર્લ માર્ક્સે વર્ગ સંઘર્ષનો સિદ્ધાંત, અતિરિક્ત ય મૂલ્યનો સિદ્ધાંત, વિમુખક્તાનો સિદ્ધાંત, સામાજિક પરિવર્તનના સિદ્ધાંતની છણાવટ આઠમા એકમમાં કરવામાં આવશે. સમાજશાસ્ત્રના સિદ્ધાંતોમાં વિલ્ફ્રેડ પેરેટોએ આપેલા અગ્રવર્ગનો સિદ્ધાંત મુખ્ય છે. અગ્રવર્ગનાં ખ્યાલને સમજવા માટે લોહ સમૂહોના સ્તર તથા અગ્રવર્ગનાં ભાગો જેમ કે શાસક અગ્રવર્ગ અને બિનશાસક અગ્રવર્ગને સમજવું આવશ્યક છે. જેની વિસ્તૃત ચર્ચા નવમા એકમમાં કરવામાં આવશે.

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ./બી.એ. (ઓનર્સ) સમાજશાસ્ત્ર

સમાજશાસ્ત્રીય વિચારકો

(મુખ્ય વિષય)

(SOCM-306 / SOMJ-301)

વિભાગ

# 1

## સમાજશાસ્ત્રીય વિચારકો


એકમ : 1 — 1-8
સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનો અર્થ અને તેના લક્ષણો

એકમ : 2 — 9-15
સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના કાર્યો

એકમ : 3 — 16-26
સિદ્ધાંત અને સંશોધન વચ્ચેનું પરસ્પરાવલંબન

એકમ : 4 — 27-41
યુરોપમાં સમાજશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ

એકમ : 5 — 42-64
ભારતમાં સમાજશાસ્ત્રનો ઉદ્ભવ વિકાસ

એકમ : 6 — 65-80
ઓગસ્ટ કોમ્ટ

એકમ : 7 — 81-90
ઈમાઈલ દુર્ખિમ

એકમ : 8 — 91-102
કાર્લ માર્કસ

એકમ : 9 — 103-109
વિલ્ફ્રેડ પેરેટોનો : અગ્રવર્ગનો સિદ્ધાંત

એકમ 1

# સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનો અર્થ અને તેના લક્ષણો

-: રૂપરેખા :-

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનો અર્થ

1.3 સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના લક્ષણો

1.3.1 સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો સાર્વત્રિક સ્વરૂપના હોય છે.

1.3.2 ઘટના અને કાર્યકારણનો ખુલાસો આપી શકે તેવા હોય છે.

1.3.3 સામાજિક ઘટનાઓનું વિશ્લેષણ કરે છે.

1.3.4 જુદી-જુદી હકીકતો વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

1.3.5 સમાજશાસ્ત્રીય સિદ્ધાંત ચકાસી શકાય તેવા હોય છે.

1.3.6 ભવિષ્યમાં આવતા પરિબળોનો નિદર્શ કરે છે.

1.3.7 ચોક્કસ ખ્યાલોના સંદર્ભમાં હોય છે.

1.3.8 વાસ્તવિક પરિસ્થિતિને લાગુ પડતો હોવો જોઈએ.

1.3.9 સમાજશાસ્ત્રીય સિદ્ધાંત તાર્કિક હોય છે.

1.3.10 વિશાળ સંશોધનમાં ઉપયોગી બને છે.

1.4 સારાંશ

1.5 ચાવીરૂપ શબ્દો

1.6 સંદર્ભ સૂચિ

1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 1.0 ઉદ્દેશો

**વિદ્યાર્થી મિત્રો :**

આ એકમના અભ્યાસ બાદ તમે -

- સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનો અર્થ સમજાવી શકશો.
- સમાજશાસ્ત્રીયમાં સિદ્ધાંતનું વર્ણન કરી શકશો.
- સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનાં લક્ષણો સમજાવી શકશો.
- સમાજશાસ્ત્રીયમાં સિદ્ધાંતનું મહત્ત્વ શું છે તે સમજાવી શકશો.

## 1.1 પ્રસ્તાવના

સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોનો અભ્યાસ એક પ્રકારનું આગવું મહત્ત્વ ધરાવે છે. તેની પાસે સૈદ્ધાંતિક વિચારોનો વિપુલ વારસો પડેલો છે. પરંતુ સમાજશાસ્ત્રીય સિદ્ધાંતને સમજતા પહેલાં

સિદ્ધાંતનો અર્થ, તેના તત્ત્વો અને કાર્યને સમજવા જરૂરી છે. કોઈપણ વિજ્ઞાનના વિકાસનો આધાર તેના સિદ્ધાંતના વિકાસ પર રહેલો હોય છે. ચોક્કસ સિદ્ધાંતોનો વિકાસ એ વિજ્ઞાનના વિકાસની પારાશીશી છે. પ્રત્યેક વિજ્ઞાનમાં સિદ્ધાંતોના વિકાસ પાછળ લાંબો ઈતિહાસ હોય છે. આથી સિદ્ધાંત વિશે વિસ્તૃત સમજૂતી ખૂબ જરૂરી બને છે.

વિજ્ઞાનમાં સિદ્ધાંત એ સમજૂતી અને સ્પષ્ટીકરણનું વાહક છે. પ્રત્યેક વિજ્ઞાનનું ધ્યેય પોતાનો વિષયવસ્તુની સમજૂતી અને સ્પષ્ટીકરણ આપતા સિદ્ધાંતનું ઘડતર કરવાનું છે. એક પ્રચલીત માન્યતા મુજબ સિદ્ધાંતને અનુમાન કે ધારણા સાથે સરખાવવામાં આવે છે. આ મત અનુસાર સિદ્ધાંતને વાસ્તવિક જીવન સાથે સંબંધ નથી. અને જ્યાં સુધી સાબિત ન થાય ત્યાં સુધી સિદ્ધાંત અનુમાન કે ધારણા બની રહે અને જ્યારે સાબિત થાય છે ત્યારે તે હકીકત બને છે. પરંતુ સિદ્ધાંત અંગેનો આ ખ્યાલ ભૂલ ભરેલો છે. વાસ્તવમાં સિદ્ધાંત અનુભવ કે ધારણાથી કંઈક વિશેષ છે અને તેને વાસ્તવિક જીવનથી જુદું પાડી શકાય નહી. રોબર્ટ મર્ટન જણાવે છે કે એક સમયે સિદ્ધાંતની એવી વ્યાખ્યાઓ પણ આપવામાં આવી હતી કે સિદ્ધાંત ખ્યાલો કે વિભાવનાઓનો બનેલો છે. પરંતુ મર્ટનના મતે આ સમજૂતી અપૂર્ણ છે. સિદ્ધાંત અંગે અલગ અલગ મત-માન્યતા પ્રવર્તે છે. આધુનિક સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો વચ્ચે પણ તફાવતો રહેલા છે. મુખ્યત્વે આવા સિદ્ધાંતો તેના વિષયવસ્તુ ધારણાઓ, પદ્ધતિશાસ્ત્ર અને હેતુઓની બાબતમાં એકબીજાથી જુદા પડે છે. એમ છતા તેનાં મુખ્ય પરિપ્રેક્ષ્ય એકબીજાના પૂરક છે અને તે વાસ્તવિક સામાજિક ઘટનાને સમજવામાં મદદરૂપ બને છે. તેમજ બધા સિદ્ધાંતોમાં બધા તત્ત્વો સમાન જોવા મળે છે. આ ઉપરાંત સમાજશાસ્ત્રીય સિદ્ધાંત સમાજજીવનને સમજવામાં મદદરૂપ બને છે કે કેમ ? તે પણ મહત્ત્વનું છે. આમ સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો સમાજ જીવનની સમજૂતી સાથે સંબંધિત છે. કોઈપણ વિજ્ઞાનના વિકાસની પરાશીશી છે. પ્રત્યેક વિજ્ઞાનમાં સિદ્ધાંતના વિકાસ પાછળ લાંબો ઈતિહાસ રહેલો છે. તેથી કોઈપણ વિજ્ઞાનની સમજૂતી મેળવવા એ વિજ્ઞાનના સિદ્ધાંતોને સમજવા અનિવાર્ય બને છે. સિદ્ધાંતના પરિપ્રેક્ષ્યમાં જ વિજ્ઞાનની વાસ્તવિક સમજૂતી પ્રાપ્ત કરી શકાય છે.

## 1.2 સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનો અર્થ

એક સાદી બાબત એ છે કે 'શા માટે સફરજન ઝાડ પરથી નીચે જ પડે છે' અને 'શા માટે અને કેવી રીતે એક સમાજથી બીજો સમાજ અલગ પડે છે ?', 'નાનાં જૂથો મોટા જૂથો સાથે કઈ રીતે જોડાય છે ?', 'શા માટે બે જૂથો સંઘર્ષમાં ઉતરે છે ?', 'શા માટે વિદ્યાર્થીઓ આંદોલન કરે છે ?', 'શા માટે કામદારો હડતાળો પાડે છે ?

આમ માનવી પોતાને તેમજ જગતને સમજવા 'શા માટે ?' 'શું કામ ?' 'કેવી રીતે ?' વગેરે પ્રશ્નો પૂછી તેના ઉત્તરો દ્વારા સમજૂતી મેળવવાનો પ્રયાસ કરે છે.

વિજ્ઞાનમાં આવા પ્રશ્નોના પદ્ધતિસરના ઉત્તરો દ્વારા સમજૂતી આપતું સાધન એટલે સિદ્ધાંત. સિદ્ધાંત દ્વારા જ આપણે કોઈપણ ઘટના કે પરિસ્થિતિને વૈજ્ઞાનિક રીતે સમજી શકીએ છીએ. આમ સિદ્ધાંત એટલે એવી પદ્ધતિસરની પ્રકિયા છે કે જેના વડે ઘટના કે પરિસ્થિતિને વિશ્વસનીય રીતે સમજાવી શકાય છે.

રિચાર્ડ રૂડનર સિદ્ધાંતની વ્યાખ્યા આપતાં જણાવે છે કે:

'સિદ્ધાંત એટલે વ્યવસ્થિત રીતે જોડાયેલા વિધાનોનો સમુચ્ચય જેનાં નિયમો જેવા સામાન્યીકરણનો સમાવેશ થાય છે, અને જે અનુભવજન્ય રીતે ચકાસી શકાય છે.'

સમજૂતીઃ આ અર્થમાં સમાજશાસ્ત્રીય સિદ્ધાંત એટલે સમાજ વિશેનો વ્યવસ્થિત, સંગઠિત, નિયમબદ્ધ વિધાનોની રૂપરેખા જેને પુરાવાના આધારે ટેકો સાંપડ્યો હોય.

**પ્રગતિ (ક) :**

- નીચે દર્શાવેલ વિધાનો પૈકી ખરા અર્થ દર્શાવતા વિધાનો સામે (✓) ની નિશાની અને ખોટા વિધાનો સામે (✕) ની નિશાની કરો.

1. સિદ્ધાંત માત્ર ખ્યાલો કે વિભાવનાઓનો બનેલો છે.
2. સિદ્ધાંત એટલે એવી પદ્ધતિસરની પ્રક્રિયા છે કે જેના વડે ઘટના કે પરિસ્થિતિને વિશ્વસનીય રીતે સમજાવી શકાય છે.
3. સિદ્ધાંત જયાં સુધી સાબિત ન થાય ત્યાં સુધી સિદ્ધાંત અનુમાન કે ધારણા બની રહે છે.

## 1.3 સિદ્ધાંતના લક્ષણો

સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના લક્ષણો નીચે મુજબ છે જેને વિસ્તારથી સમજીએ.

### 1.3.1 સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો સાર્વત્રિક સ્વરૂપના હોય છે.

સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો ચોક્કસ ઘટનાઓનો અભ્યાસ કરીને તારવવામાં આવે છે. પરંતુ એ સૈદ્ધાંતિક રીતે અન્ય પરિસ્થિતિમાં સંદર્ભ દ્વારા પ્રયોજી શકાય તેવા હોય છે. જેને સિદ્ધાંતની સાર્વત્રિકતા કહેવામાં આવે છે. દા.ત. સ્પેન્સરે સામાજિક ઉત્ક્રાંતિનો સિદ્ધાંત યુરોપના સમાજના સંદર્ભમાં સમજાવ્યો છે પણ એ જ સિદ્ધાંતની મદદથી ભારતીય સમાજની સામાજિક ઉત્ક્રાંતિ કેવી રીતે થઈ તે સમજી શકાય છે.

### 1.3.2 ઘટના અને કાર્યકારણનો ખુલાસો આપી શકે તેવા હોય છે.

ઘટનાઓ અને કાર્યકારણનો ખુલાસો આપવો તે સમાજશાસ્ત્રીય સિદ્ધાંતની લાક્ષણિક્તા છે તેની લાક્ષણિકતાની વિચારણા કરતી વખતે આ સિદ્ધાંતની સિદ્ધાંત સમજૂતી આપતો જોવા મળે છે એટલે કે ક્રિયા-પ્રક્રિયા પ્રસંગો પરિસ્થિતિ પ્રવાહો કે પ્રશ્નો કેવી, રીતે બન્યા તેની સમજણ આપે છે.

દા.ત. દુર્ખાઈમે સામાજિક એકતાના પ્રકારો અને બદલતા શ્રમવિભાજન એ બન્ને વચ્ચેના સંબંધો સમજાવ્યો છે.

### 1.3.3 સામાજિક ઘટનાઓનું વિશ્લેષણ કરે છે.

સમાજની ઘટનાઓ જટિલ સ્વરૂપની હોય છે. ઘટનાની સાથે અનેક પ્રકારના તાણાવાણા ગુંથાયેલા હોય છે. સમાજશાસ્ત્ર સિદ્ધાંત જટિલ સામાજિક ઘટનાઓનું પૃથક્કરણ કરી શકે છે.

દા.ત. મેકસવેબરે આપેલો આદર્શ પ્રકારનો સિદ્ધાંત વર્તનને સમજાવે છે તેનું વિશ્લેષણ કરે છે.

### 1.3.4 જુદી-જુદી હકીકતો વચ્ચેનો સંબંધ દર્શાવે છે.

સમાજશાસ્ત્રીય સિદ્ધાંત સમાજમાં પ્રવર્તતી ઘટના બનાવો અને હકીકતો વચ્ચેનો સંબંધ દશવિ છે. દા.ત. ગુનાહિત પ્રવૃત્તિઓમાં ગરીબી વચ્ચેનો સંબંધ, કુટુંબ છીન્ન-ભિન્નતા અને બાળઅપરાધનું વર્તન એ જ રીતે સામાજિક

જરૂરિયાત અને સમાજમાં પરિવર્તનનો દરજ્જો આ રીતે જુદા-જુદા સામાજિક ઘટનાઓ વચ્ચે કેવો સંબંધ છે તે સૂચવવાનું કાર્ય સમાજશાસ્ત્ર કરે છે.

### 1.3.5 સમાજશાસ્ત્રીય સિદ્ધાંત ચકાસી શકાય તેવાં હોય છે.

સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો તે વૈજ્ઞાનિક પદ્ધતિનું પરિણામ છે એટલે કે શાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરીને સિદ્ધાંત તારવવામાં આવે છે અને સમાજશાસ્ત્ર સિદ્ધાંતો વૈજ્ઞાનિક રીતે તપાસીને મળેલું વિધાન છે. એટલું જ નહી પરંતુ એ વિધાનની કસોટી ફરીવાર કરી શકાય છે. દા.ત. શ્રીનિવાસે જ્ઞાતિનો અભ્યાસ કરીને સંસ્કૃતિકરણનો સિદ્ધાંત આપેલ છે અને તે પછીનો આ સિદ્ધાંત અનેક વખત ચકાસણી પામ્યો છે. ઘણા સમાજશાસ્ત્રીય અભ્યાસો દ્વારા તેની કસોટી થઈ છે.

**(2) પ્રવૃત્તિ (ખ)**

- **નીચેના ઉત્તરો ટૂંકમાં આપો.**

1. રિચાર્ડ રૂડનરે આપેલી સિદ્ધાંતની વ્યાખ્યા જણાવો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

2. સામાજિક ઉત્ક્રાંતિનો સિદ્ધાંત કોણે આપ્યો ?

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

3. સામાજિક એકતાનો ખ્યાલ કોણે આપ્યો ?

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

4. આદર્શ પ્રકારનો ખ્યાલ કોણે આપ્યો ?

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

5. સંસ્કૃતિકરણનો ખ્યાલ કોણે આપ્યો ?

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**પ્રવૃત્તિ-(ક)**

સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનાં લક્ષણોની ચર્ચા વર્ગખંડમાં કરો અને તેના વિશે અહેવાલ તૈયાર કરો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

### 1.3.6 ભવિષ્યમાં આવતા પરિબળોનો નિદર્શ કરે છે

સમાજશાસ્ત્ર સિદ્ધાંતના લક્ષણોને વિચારણા કરતી વખતે જાણવા મળે છે કે આ સિદ્ધાંત ભવિષ્યમાં આવી શકતા પરિબળોનો અભ્યાસ કરે છે એટલે કે વર્તમાન પ્રવાહોનો કે પરિસ્થિતિનો અભ્યાસ કરીને ભવિષ્યમાં આવતા પ્રવાહો કે ઉભી થનારી પરિસ્થિતિ પ્રત્યે સમાજશાસ્ત્રીય સિદ્ધાંત અંગુલી નિર્દેશ કરે છે. દા.ત. ડૉ. અક્ષયકુમાર દેસાઈએ રાષ્ટ્રવાદની સામાજિક પશ્ચાદ ભૂમિકાનો અભ્યાસ કર્યો અને તેને આધારિત ભવિષ્યમાં રાષ્ટ્રવાદ કેવા સ્વરૂપના હશે તેનો નિદર્શ કર્યા.

### 1.3.7 ચોક્કસ ખ્યાલોના સંદર્ભમાં હોય છે

ખ્યાલો અથવા વિભાવનાઓએ સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો મૂળભૂત આધાર છે. કોઈ ચોક્કસ પ્રકારનો ખ્યાલ હોય તો જ સિદ્ધાંત વિકાસ પામી શકે છે. દા.ત. જ્ઞાતિએ ચોક્કસ ખ્યાલ નથી તેથી તે સમાજશાસ્ત્રીય સિદ્ધાંત બનતો નથી. આ માટે ચોક્કસ સમાજનો નિદર્શ થવો જોઈએ જેથી તેની થિયરી સિદ્ધાંતની ચોક્કસતા ગણાય.

### 1.3.8 વાસ્તવિક પરિસ્થિતિને લાગુ પડતો હોવો જોઈએ

સમાજશાસ્ત્ર સિદ્ધાંતની એક લાક્ષણિકતા તેની અનુભવજન્ય ચકાસણી છે. આથી સિદ્ધાંતમાં ભૌતિક-અભૌતિક પરિસ્થિતિનો સમાવેશ થાય છે. થિયરીના ખ્યાલો કાલ્પનિક આધ્યાત્મિક અને ભૌતિક ન હોવા જોઈએ પણ વર્તમાન પરિસ્થિતિનાં સંદર્ભમાં હોવો જોઈએ. દા.ત. ઈશ્વર સ્વરૂપ તે થિયરી નક્કી બને પણ આત્મહત્યાનો ખ્યાલ થિયરી બને છે.

### 1.3.9 સમાજશાસ્ત્રીય સિદ્ધાંત તાર્કિક હોય છે

તાર્કીકતાએ સમાજશાસ્ત્રીય સિદ્ધાંતની મહત્ત્વની લાક્ષણિક્તા છે. ગમે તેમ આડેધડ સમાજશાસ્ત્ર સિદ્ધાંત આપવામાં કે કરવામાં આવતા નથી. પરંતુ સમાજમાં વાસ્તવિક રીતે પ્રવર્તતી એવી ઘટનાઓ વચ્ચેના તાર્કિક સંબંધના આધારે સિદ્ધાંતની રચના થઈ શકે છે. તાર્કિકતા વગર કોઈપણ ઘટનાને આધારે સિદ્ધાંત રચાય તો તેમાંથી અનેક પ્રશ્નો ઊભા થાય છે. ઉપરાંત તેની ચકાસણી પણ શકય બનતી નથી. આમ સમાજની અનેક ઘટનાઓ કે બાબતોનો અભ્યાસ કરતી વખતે તાર્કિકના ને આધારભૂત તરીકે લઈ સિદ્ધાંત રચાય છે. જેમકે તર્કના આધારે ગુરૂત્વાકર્ષણનો નિયમ અસ્તિત્વમાં આવ્યો છે.

### 1.3.10 વિશાળ સંશોધનમાં ઉપયોગી બને છે

સમાજશાસ્ત્ર સિદ્ધાંતો સમગ્ર સમાજ વ્યવસ્થાને સમજવા પ્રયત્નો કરે છે. સમાજ વિશેની વિવિધ ઘટનાઓ કે સમાજની સંસ્થાઓને આધારે સિદ્ધાંત રચી વિશાળ સામાજિક સિદ્ધાંત રચાય છે. સર્વ સામાન્ય સિદ્ધાંત એ વિશાળ સંશોધનમાં ઉપયોગી બને છે.

દા.ત. શ્રીનિવાસનો સંસ્કૃતિકરણનો સિદ્ધાંત એ સમાજમાં પરિવર્તન પામતી

જ્ઞાતિના અભ્યાસમાં ખૂબ જ ઉપયોગી બને છે. આમ, આવા સમાજશાસ્ત્ર સિદ્ધાંતોની મહત્ત્વની લાક્ષણિકતા સંશોધનમાં ઉપયોગ થવાની અને સંશોધન શરૂ કરવા ઉપકલ્પનાને ઘડવાનું અને નવા સંશોધનો વિકસાવવાનું લક્ષણ ધરાવે છે. આમ, સમાજશાસ્ત્ર સિદ્ધાંત એ સંશોધન માટે મહત્ત્વનું કાર્ય કરે છે એ પણ તેની લાક્ષણિકતા જ ગણાવી શકાય.

**પ્રવૃત્તિ (ગ)**

**(1) સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના કોઈપણ ત્રણ લક્ષણો જણાવો. (ટૂંકમાં)**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

## 1.4 સારાંશ

સમગ્ર ચર્ચાના અંતે એમ કહી શકાય કે આજે વીસમી સદીનાં તત્ત્વચિંતક પોતાની વિશિષ્ટ વિચારધારાને લીધે મોખરાનું સ્થાન ધરાવે છે. તેના વિચારો ઉપર ફ્રાંસ 1968ની ઘટનાનો પ્રભાવ જોવા મળે છે અને આમ સિદ્ધાંતની રચના એ આખરે તો સમાજના વિકાસમાં જ સહભાગી થવાના છે અને સંશોધન સાથે પણ સિદ્ધાંત જેડાણ ધરાવે છે તેથી કહી શકાય કે સંશોધન એ સૈદ્ધાંતિક આધાર પુરા પાડે છે. આપણે ઉપરોક્ત સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનાં લક્ષણોને સવિસ્તાર સમજૂતી મેળવી....

## 1.5 ચાવીરૂપ શબ્દો :

- **લક્ષણો :** કોઇપણ એકમ કે ઘટનાની ઓળખ આપતી પ્રકિયા
- **વાસ્તવિકતા :** જે છે તે જ જેને આપણે જોઈ શકીએ કે અનુભવી શકીએ તેવો માપદંડ
- **તાર્કિક :** માન્યતા અને જ્ઞાનના આધાર તરીકે તર્કનો ઉપયોગ કરવાની પદ્ધતિ
- **વિશ્લેષણ :** કોઈ ઘટના કે એકમનું વિસ્તૃત વલોણું કરતા જે બાબત સામે આવે તે
- **સાર્વત્રિક :** સાર્વત્રિકતા એટલે કે એક ઘટનાને બીજી ભૌગોલિક પરિસ્થિતિ સાથે જોડવી

## 1.6 સંદર્ભ સૂચિ


1. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો
   પરમાર વાય. એ.
   યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત, અમદાવાદ.

2. પારિભાષિક કોશ - સમાજશાસ્ત્ર,
   જોષી વિદ્યુતભાઈ,
   યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

3. 'Method in Social Research' :
   Goode and Hatt : Magrao Hill Book, 1982.


## 1.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) ખોટું

(2) સાચું

(3) સાચું

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) સિદ્ધાંત એટલે વ્યવસ્થિત રીતે જોડાયેલા, વિધાનોનો સમુચ્ચય, નિયમો જેવા સામાન્યીકરણનો સમાવેશ થાય છે અને જે અનુભવજન્ય રીતે ચકાસી શકાય છે.

(2) હર્બટ સ્પેન્સર

(3) ઈમાઈલ દુર્ખિમ

(4) મેક્સ વેબર

(5) એમ.એન. શ્રીનિવાસ

- **તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(1) સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો સાર્વત્રિક સ્વરૂપના હોય છે.

(2) ઘટના અને કાર્યકારણનો ખુલાસો આપી શકે તેવા હોય છે.

(3) સામાજિક ઘટનાનું વિશ્લેષણ કરે છે.

❖ ❖ ❖

એકમ 2

# સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના કાર્યો

-: રૂપરેખા :-

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના અર્થમાં ગ્રીક ચિંતકોના વિચારો

2.3 સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનાં કાર્ય

2.3.1 સિદ્ધાંતના અભિમુખ તરીકેના કાર્યો

2.3.2 સિદ્ધાંતનું ખ્યાલીકરણ અથવા વિભાવનાકરણ અને વર્ગીકરણનું કાર્ય

2.3.3 સિદ્ધાંતનું સંક્ષિપ્તિકરણનું કાર્ય

2.3.4 સિદ્ધાંતનું તથ્યોની આગાહી કરવાનું કાર્ય

2.3.5 સિદ્ધાંતનું જ્ઞાનમાં રહેલી ઉણપોનો નિર્દેશ કરવાનું કાર્ય

2.4 સારાંશ

2.5 ચાવીરૂપ શબ્દો

2.6 સંદર્ભ સૂચિ

2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

## 2.0 ઉદ્દેશો

**વિદ્યાર્થી મિત્રો**

આ એકમના અભ્યાસ બાદ તમે.

- સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનો અર્થ સમજાવી શકશો.
- સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના અર્થમાં ગ્રીક ચિંતકોના વિચારો સમજાવી શકશો.
- સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનાં કાર્ય સમજાવી શકશો.
- સમાજશાસ્ત્રમાં સિદ્ધાંતના કાર્ય કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય તે સમજાવી શકશો.

## 2.1 પ્રસ્તાવના

સમાજશાસ્ત્રની શરૂઆત થઈ તે અગાઉથી બૌદ્ધિક અને ચિંતકોએ સમાજને સ્પર્શતા સવાલો અને સમસ્યાઓ પરત્વે ગંભીરતા દાખવી છે. તેમના પ્રયાસોના ફળસ્વરૂપે સમાજના સ્વરૂપ વિશેનું ચિંતન અને વિશ્લેષણ થતું આવ્યું છે. પરંતુ આ વિશ્લેષણ અનુમાન આધારીત હતું. કોઈપણ વિચારશાખા અથવા બૌદ્ધિક પ્રવૃત્તિ ઐતિહાસિક અને સાંસ્કૃતિક શૂન્યાવકાશમાં ઉદ્ભવતી નથી તે જે તે સમયની બૌદ્ધિક, નૈતિક, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ સાથે સંબંધ ધરાવે છે. ટૂંકમાં કોઈપણ જ્ઞાનની વિચારશાખા જે-તે સમયનાં સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક અને ઐતિહાસિક પરિબળોનું પરિણામ છે. આથી સમાજ વિશેના ચિંતનની પૃષ્ઠભૂમિનો આછો પરિચય મેળવવો જરૂરી છે. ગ્રીક ચિંતકોના વિચારો- સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના અર્થમાં પશ્ચિમના સામાજિક વિચારોના ઉદ્ભવનો ઈતિહાસ પ્રાચીન સમયથી છે.

## 2.2 સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના અર્થમાં ગ્રીક ચિંતકોના વિચારો ?

હર્બર્ટ ગિન્સબર્ગ સામાજિક સિદ્ધાંતના સમાજશાસ્ત્રીની બે ભિન્ન વિચારશાખા હેઠળ બે ભિન્ન પ્રકારના અર્થઘટનો કરે છે.

1. સમાજશાસ્ત્રીની માનવતાવાદી પરંપરા હેઠળ બે સંબંધિત પરંતુ ભિન્ન પ્રકારની બાબતોનો સામાજિક સિદ્ધાંતમાં સમાવેશ કરવામાં આવે છે.

અ. સમાજશાસ્ત્ર આવા સ્થાપકોના મહાન કાર્યને લગતું લખાણ જેમાં પ્રશિષ્ટ સમાજશાસ્ત્રીઓના પ્રદાનને મહત્ત્વનું ગણવામાં આવે છે તેનો સમાવેશ થાય છે એને સમાજશાસ્ત્રીય પ્રશિષ્ટતા તરીકે ઓળખવામાં આવે છે.

બ. સમાજશાસ્ત્રીય લખાણોને લગતી ટીકાનો સમાવેશ થાય છે. આમાં ઐતિહાસિક અભિગમને ધ્યાનમાં રાખી સમાજશાસ્ત્રીય જ્ઞાનનો સંચય વિકાસ, અર્થઘટન અને પુનઃ અર્થઘટન કરવામાં આવે છે.

2. સમાજશાસ્ત્રની વૈજ્ઞાનિક પરંપરા હેઠળ એ ભિન્ન પરંતુ સંબંધિત સાહસોને સામાજિક સિદ્ધાંતમાં સમાવેશ કરવામાં આવે છે.

અ. સમાજશાસ્ત્રીય વર્ગીકરણ અથવા વાખ્યાઓની વ્યવસ્થાને સામાજિક સિદ્ધાંતમાં સમાવવામાં આવે છે. ખ્યાલોની વ્યાખ્યા અને સંબંધો સ્થાપી તેમની એક પ્રકારની વ્યવસ્થા રચવામાં આવે છે.

બ. જેમના પુરાવા દ્વારા ટેકો સાંપડ્યો હોય તેવા સમાજ વિશેના, વ્યવસ્થિત નિયમ જેવા વિધાનોને સામાજિક સિદ્ધાંતમાં સમાવેશ કરવામાં આવે છે.

સમાજશાસ્ત્રમાં આવા કેટલાં વિધાનો છે ? શું બધા જ સૈદ્ધાંતિક વિધાનોને પુરાવાઓ દ્વારા ટેકો સાંપડવો જરૂરી છે ? સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના સાહિત્યમાં પ્રશિષ્ટ સમાજશાસ્ત્રીઓના વિચારો, સમાજશાસ્ત્રીય ટીકાઓ અને સમાજશાસ્ત્રીય વર્ગીકરણો જેવા મળે છે.

- **પ્રગતિ (ક)**

(1) સિદ્ધાંતનો અર્થ આપો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) હર્બર્ટ ગિન્સબર્ગ સિદ્ધાંતના સમાજશાસ્ત્રીએ કેટલી વિચારશાખા આપેલી છે ? ટૂંકમાં જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**પ્રવૃત્તિ (ક)**

સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના કાર્યની વર્ગખંડમાં ચર્ચા કરો અને બીજા કાર્ય કયા લઈ શકાય છે તેની ચર્ચા કરો.

## 2.3 સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનાં કાર્યો

સિદ્ધાંતનો અર્થ અને તેની રચનાની ચર્ચા કર્યા બાદ હવે તેનાં કાર્યોની ચર્ચા કરીશું, સામાન્ય રીતે સિદ્ધાંત આપણને ઘટના કે બનાવની સમજૂતી આપે છે જેની ચર્ચા હવે કરીશું.

### 2.3.1 સિદ્ધાંતનાં અભિમુખતા તરીકેનાં કાર્યો

સિદ્ધાંત અભ્યાસનાં તથ્યોના વ્યાપને મર્યાદિત કરે છે. કોઈપણ ઘટના કે વસ્તુને આપણે અનેક જુદી-જુદી રીતે તપાસી શકીએ છીએ. દા.ત. ક્રિકેટની રમતનું આર્થિક પાસું આવક અને ખર્ચના સંબંધમાં તપાસી શકાય છે. આંકડાશાસ્ત્રીય રીતે ક્રિકેટના રનો અને બોલિંગના પૃથક્કરણ તપાસી શકાય છે. વધુમાં ક્રિકેટની રમત નિહાળતા જનસમુદાયની વર્તણૂકનો અભ્યાસ સમાજશાસ્ત્રીય રીતે થઈ શકે છે. આમ ક્રિકેટની રમતને અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર હેઠળ તપાસી શકાય છે.

આથી જ દરેક વિજ્ઞાન તેના અભ્યાસમાં વિશાળ ક્ષેત્રમાંની ઘટનાનાં તમામ પાસાઓને બદલે અમુક જ પાસાઓ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. ઉપરના ઉદાહરણમાં આપણે જોઈ ગયા કે ક્રિકેટની રમતનાં વિવિધ પાસાઓ પૈકી આર્થિક પાસા ઉપર અર્થશાસ્ત્ર, આંકડાકીય સમાજશાસ્ત્ર ધ્યાન આપે છે. આ રીતે વિજ્ઞાન જ્ઞાનની વ્યવસ્થા કરવાના ભારણમાં ઘટાડો કરી અભ્યાસને સરળ બનાવે છે. ત્યારપછી તે વિશાળ ક્ષેત્રને મર્યાદીત કરે છે. જયારે બીજી અસંગત બાબતોની અવગણના કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો સિદ્ધાંત જે તે વિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં અભ્યાસનાં અમુક જ પાસા ઉપર ધ્યાન આપી બીજાં પાસાંઓને સ્વીકારી લઈ કે અવગણના કરી આગળ વધે છે. આ વિચારસરણી હેઠળ ઓગણીસમી સદીના સમાજશાસ્ત્રીઓ જેવા કે

ઓગષ્ટ કોમ્ટ, હર્બર્ટ સ્પેન્સર, જયોર્જ સિમેલ વગેરેએ વિજ્ઞાનનાં કાર્યો અને અભ્યાસ વિષયોની સમજૂતી આપી છે. આમ સિદ્ધાંત આપણને અભ્યાસ સાથે કયાં તથ્યો સંબંધ ધરાવે છે તેનો સ્પષ્ટ નિર્દેશ કરે છે.

### 2.3.2 સિદ્ધાંતનું ખ્યાલીકરણ અથવા વિભાવનાકરણ અને વર્ગીકરણનું કાર્ય

કોઈપણ વિજ્ઞાન, તેના અભ્યાસની મુખ્ય પ્રક્રિયાઓ અને વિષયવસ્તુ દર્શાવતી વિવિધ વિભાવનાઓના માળખામાં ગોઠવાયેલું હોય છે. વિજ્ઞાનના વિકાસની સાથે તેના આ વિભાવનાના માળખામાં પણ પરિવર્તન થાય છે. કોઈપણ વિજ્ઞાનનું મુખ્ય કાર્ય વર્ગીકરણ અને વિભાવનાઓની સમજૂતીમાં દિનપ્રતિદિન ઉમેરો થતો રહે તેવી વ્યવસ્થા વિકસાવવાનું હોય છે. આ અર્થમાં આપણે સમાજશાસ્ત્રનો ઈતિહાસ તપાસીશું તો તેમાં મોટેભાગે ચોક્કસાઈપૂર્વક તૈયાર કરેલી વિભાવનાત્મક વ્યવસ્થાનાં વિકાસ ઉપર જ ધ્યાન અપાયું છે. વિભાવનાત્મક વ્યવસ્થાને આધારે અભ્યાસ માટે કઈ ઘટના વધારે મહત્ત્વની છે તે જાણી શકાય છે. આ રીતે વિજ્ઞાન સામાજિક સંબંધોનાં વિવિધ તથ્યોને વ્યવસ્થિત કરવામાં મદદ કરે છે. આ અર્થમાં દરજ્જો અને ભૂમિકા, વર્ગવ્યવસ્થા, સમાજીકરણ, સામાજિક ગતિશીલતા અને સામાજિક અંતરની વિભાવનાઓ આજે પણ આપણને સામાજિક માળખાનાં અભ્યાસમાં મદદરૂપ થાય છે.

### 2.3.3 સિદ્ધાંતનું સંક્ષિપ્તિકરણનું કાર્ય

સિદ્ધાંત આપણને અભ્યાસ સંબંધી અગાઉની જાણકારીને સંક્ષિપ્તમાં દશવિ છે. સિદ્ધાંત સામાન્યીકરણો બે પ્રકારે કરે છે. (1) અનુભવજન્ય સામાન્યીકરણ અને (2) નિયમો વચ્ચેના સંબંધોની વ્યવસ્થાનું સામાન્યીકરણ.

કોઈપણ વસ્તુ હંમેશા નીચે પડે છે. લાકડું સળગી ઉઠે છે. અપરિચિત વસ્તુ ભયજનક હોય છે. આવા અનેક સામાન્યીકરણો આપણે રોજબરોજના વ્યવહારમાં અનુભવજન્ય નિરીક્ષણો તરીકે સ્વીકારી લઈએ છીએ. આવા વિધાનો કે સામાન્યીકરણો એકાદ નિરીક્ષણ કે નિરીક્ષણોના એકાદ જૂથ વડે ચકાસેલ હોય છે. વળી આવા સામાન્યીકરણોમાં વિવિધ 19 વિધાનો વચ્ચે સંબંધો પણ જોઈ શકાય છે. દા.ત. લગ્નવિધિ, સંસ્કારીકરણ, ધાર્મિક વિધિઓ વગેરે ઘટનાઓ પાછળ એકબીજા સાથે જોડાયેલા એવા સંક્ષિપ્ત થયેલા સંખ્યાબંધ વિધાનો છૂપાયેલા હોય છે.

આ સિવાય સિદ્ધાંતો અનુભવજન્ય સામાન્યીકરણોનું સુગ્રથન કરવાનો પણ પ્રયાસ કરે છે. કોઈપણ વિજ્ઞાનમાં સમયના પ્રવાહ સાથે વિધાનો વચ્ચેના સંબંધોમાં પણ પરિવર્તન આવતું જ હોય છે. દા.ત. ટાલ્કોટ પારસન્સે વેબર, દર્ખાઈમ અને પેરેટો વગેરે સમાજશાસ્ત્રીઓના સિદ્ધાંતનું સુગ્રથન કરી વધુ સ્વીકાર્ય હોય એવા સિદ્ધાંત વિકસાવવાનો પ્રયાસ કર્યો છે.

આ રીતે સિદ્ધાંતમાંથી અનેક સામાન્ય વિધાનોનો અર્થ નીકળે છે એટલે કે સિદ્ધાંતરૂપ માળખામાં તથ્યો સમાયેલા હોય છે. જેમકે અપરાધનો દર મધ્યમવર્ગના વિસ્તારો કરતાં ગંદા વિસ્તારોમાં વધુ જોવા મળે છે. આ વિધાનને ઝીણવટથી તપાસતાં જોવા મળે છે કે તેની પાછળ વ્યાપક નિરીક્ષણો, સામાજિક પરિબળોની વર્તન ઉપરની અસરો તેમજ જૂથોના વર્તન વિષેની

ધારણાઓ પણ સમાયેલી હોય છે. ટૂંકમાં સિદ્ધાંત અનેક વિધાનોનું સુગ્રથન કરી સાદા અને સરળ વિધાનો દ્વારા પુરેપુરો અર્થ આપવાનો પ્રયાસ કરે છે.

### 2.3.4 સિદ્ધાંતનું તથ્યોની આગાહી કરવાનું કાર્ય

જેવી રીતે સિદ્ધાંત તથ્યોનું સામાન્યીકરણ કરી વિવિધ નિરીક્ષણ વચ્ચેની સામાન્ય એકરૂપતા દર્શાવે છે તેવી જ રીતે તે ભવિષ્યમાં થનારાં તથ્યોની આગાહી પણ કરે છે. આગાહીમાં જાણીતી બાજુએથી ભવિષ્યકાળ તરફ જવાનો પ્રયાસ ભૂતકાળથી કરવામાં આવે છે. દા.ત. આધુનિક ટેકનોલોજીને કારણે શરૂઆતમાં મૃત્યુદરમાં ઘણો જ ઘટાડો થાય છે. આવી ટેકનોલોજી આપણા દેશમાં અપનાવવામાં આવતા આવી પરિસ્થિતિ આપણે ત્યાં પણ ઉદ્ભવી છે. નગરીકરણ હેઠળ માનસિક વિકૃતિઓ અને ગુનાઓનું પ્રમાણ વધ્યુ છે. આ હકીકત આપણાં દેશનાં નગરોમાં પણ ધીમે ધીમે ઉદ્ભવી રહી છે.

આ રીતે આપણે એક ઘટના ઉપરથી બીજી ઘટનાની અપેક્ષા રાખીએ છીએ. કારણ, સિદ્ધાંત વડે આપણે આવી ઘટના બનવા પાછળનાં પરિબળો અને કારણો જાણીએ છીએ, તેમજ માની લઈએ છીએ કે આ પરિબળો અને કારણો બીજી પરિસ્થિતિમાં પણ જોવા મળશે. ટૂંકમાં, સિદ્ધાંત આપણને પરિસ્થિતિમાં કયાં તથ્યોની અપેક્ષા રાખી શકીએ છે તેનો નિદર્શ કરે છે.

- **પ્રવૃત્તિ (ખ)**

નીચે આપેલાં પૈકી પ્રશ્નોના ચાર વિકલ્પોમાંથી એક સાચો વિકલ્પ જણાવો.

(1) સમાજશાસ્ત્રીય સિદ્ધાંતમાં કયા ગ્રીક ચિંતકના વિચાર રહેલા છે ?

(1) એરિસ્ટોટલ

(2) પ્લેટો

(3) ગિટરબર્ગ હન્સ

(4) કાર્લ માર્કસ

(2) તથ્ય સાથે કોણ જોડાયેલ છે ?

(1) માર્કસ

(2) ઓગસ્ટ કોમ્ટ

(3) પેરેટો

(4) ઈમાઈલ દુર્ખિમ

(3) નીચેનામાંથી કોણ ઓગણીસમી સદીના પહેલાનાં સમાજશાસ્ત્રી નથી.

(1) રોબર્ટ મર્ટન

(2) હર્બટ સ્પેન્સર

(3) જ્યોર્જ સિમેલ

(4) ઓગસ્ટ કોમ્ટ

### 2.3.5 સિદ્ધાંતનું જ્ઞાનમાં રહેલી ઉણપોનું નિર્દેશ કરવાનું કાર્ય

સિદ્ધાંત, જે ક્ષેત્રમાં હજી સુધી ખેડાણ થયું નથી. સંશોધન થયું નથી એ તરફ આપણું ધ્યાન દોરે છે. દા.ત. શિક્ષણ અને આવકના પ્રમાણ વચ્ચેના સંબંધો દર્શાવતા સિદ્ધાંત પરથી આવકને જુદા-જુદા જૂથોમાં વહેંચી લક્ષણોનું સૌથી વધુ પ્રમાણ કયાં આવકજૂથમાં છે. કયા આવકજૂથમાં શિક્ષણનું ઓછું પ્રમાણ છે વગેરે બીજા તથ્યો પણ શોધી શકાય છે. વધુમાં આ ખ્યાલને આપણે ગ્રામીણ અને નગરીય વિસ્તારોમાં તપાસી તેમની વચ્ચેનાં તફાવતો પણ જોઈ શકીએ છીએ.

આ રીતે સિદ્ધાંત આપણાં જ્ઞાનમાં રહેલી ઉણપો તરફ નિર્દેશ કરે છે. જ્યારે આ ઉણપો દૂર કરવામાં આવતાં તે વિભાવનાત્મક વ્યવસ્થામાં પણ પરિવર્તન લાવે છે.

**પ્રવૃત્તિ (ગ)**

**(1) સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોનાં કાર્ય જણાવો.**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## 2.4 સારાંશ

આમ સમગ્ર ચર્ચા પરથી તારવી શકાય કે સિદ્ધાંત એ ઘટનાઓની સમજૂતી આપતો સવાલોનો જવાબ આપતો એક વિચાર છે. સિદ્ધાંત સારી રીતે પારિભાષિક ખ્યાલો વડે બને છે. આ ખ્યાલો અમૂર્તપણું અને કાર્યકારી વ્યાખ્યાઓ ધરાવતા હોય છે. ઉપરોક્ત આપણે સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના કાર્યો જોયા જે ખરા અર્થમાં સિદ્ધાંતને ઘડવા માટે અને સિદ્ધાંતને સમાજમાં સ્થાપવા માટે કે સ્થાયી કરવા માટે પુરતા નીવડે છે તેમ કહી શકાય.

## 2.5 ચાવીરૂપ શબ્દો

- **ખ્યાલીકરણ :** કોઈપણ અભ્યાસને લગતો મુખ્ય ખ્યાલ.
- **અભિમુખ :** કોઈપણ વિષય વસ્તુની કે એકમની બાહ્ય ઓળખ.
- **વિભાવનાકરણ :** જુદી જુદી વિભાવનાઓનાં સમૂહમાંથી વિભાવનાને અલગ કરવાની પ્રક્રિયા.
- **સાર્વત્રીકરણ :** બહુ લાંબી ઘટના કે રચનાને ટૂંકમાં દર્શાવવાની રીત કે પદ્ધતિ.

- **તથ્ય :** જે છે તે જ (ટૂંકમાં હકીકત)
- **ઉણપ :** કોઈપણ કાર્યમાં કે વિધાનમાઃ થોડા ઘણા અંશે રહી ગયેલી ભૂલ.
- **કાર્ય :** કોઈપણ ઘટના કે હકીકતના ઉપયોગમાં લેવામાં આવતી બાબત.
- **દરજ્જો :** કોઈપણ વ્યક્તિનું સ્થાન દર્શાવતું પરિબળ.
- **સામાજિક ગતિશીલતા :** સામાજિક ગતિશીલતા એટલે કે કોઈપણ સામાજિક પાસાઓમાં સામાજિક સંસ્થામાં આવેલું પરિવર્તન જે હકારાત્મક પ્રકારનું હોય છે.

## 2.6 સંદર્ભ સૂચિ


1. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો
   પરમાર વાય. એ.
   યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત, અમદાવાદ.
2. પારિભાષિત કોશ - સમાજશાસ્ત્ર,
   જોષી વિદ્યુતભાઈ,
   યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
3. 'Method in Social Research' :
   Goode and Hatt : Magrao Hill Book, 1982.


## 2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

- તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) સિદ્ધાંત એ ખ્યાલો, વ્યાખ્યાઓ અને કથનોની એક તાર્કિક સમસ્યા છે. જે ઘટનાના બે કે વધુ પસંદગીયુક્ત પાસાઓ વચ્ચેના સંબંધને રજૂ કરે છે.

(2) (બે)

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**
  (1) ગિટરબર્ગ હન્સ
  (2) ઈમાઈલ દુર્ખિમ
  (3) રોબર્ટ મર્ટન
- તમારી પ્રગતિ ચકાસો (ગ)
  (1) સિદ્ધાંતના અભિમુખ તરીકેના કાર્યો
  (2) સિદ્ધાંતનું ખ્યાલીકરણ અથવા વિભાવનાકરણ અને વર્ગીકરણનું કાર્ય
  (3) સિદ્ધાંતનું સંક્ષિપ્તિકરણનું કાર્ય
  (4) સિદ્ધાંતના તથ્યોની આગાહી કરવાનું કાર્ય
  (5) સિદ્ધાંતના જ્ઞાનમાં રહેલી ઉણપોનું નિદર્શ કરવાનું કાર્ય

❖ ❖ ❖

એકમ 3

# સિદ્ધાંત અને સંશોધન વચ્ચેનું પરસ્પરાવલંબન

-: રૂપરેખા :-


**3.0** ઉદ્દેશો

**3.1** પ્રસ્તાવના

**3.2** સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનો અર્થ

**3.3** સામાજિક સંશોધન એટલે શું ?

**3.4** સિદ્ધાંતના વિકાસમાં સંશોધનનો ફાળો

- **3.4.1** સંશોધન સિદ્ધાંતનો પ્રારંભ કરવાનું કાર્ય કરે છે.
- **3.4.2** સંશોધન પ્રવર્તમાન સિદ્ધાંતને ચકાસવા અને તેનું સંસ્કરણ કરવામાં ફાળો આપે છે.
- **3.4.3** સંશોધન સિદ્ધાંતની પુનઃ વ્યાખ્યા કરવાનું અને તેને સ્પષ્ટ કરવાનું કાર્ય કરે છે.
- **3.4.4** સંશોધન સિદ્ધાંતના સામાન્ય પ્રવાહને દિશા આપે છે.

**3.5** સિદ્ધાંતનો સંશોધનના વિકાસમાં ફાળો

- **3.5.1** સિદ્ધાંત સંશોધન માટેનું માળખું પૂરું પાડે છે.
- **3.5.2** સિદ્ધાંતના ભાગ તરીકે ખ્યાલો વિશ્લેષણ માટેનું મહત્ત્વનું ઉપકરણ છે.
- **3.5.3** સિદ્ધાંત સામાન્યીકરણ કરવામાં ઉપયોગી બને છે.
- **3.5.4** સિદ્ધાંત સંશોધનમાં પૂર્વાનુમાન કે ભાવિકથન કરવા માટેની શક્યતા ઉભી કરે છે.
- **3.5.5** સિદ્ધાંત કયા ક્ષેત્રોમાં શું સંશોધન કરવાનું બાકી છે તે તરફ સંશોધકનું ધ્યાન દોરે છે.

**3.6** સારાંશ

**3.7** ચાવીરૂપ શબ્દો

**3.8** સંદર્ભ સૂચિ

**3.9** તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 3.0 ઉદ્દેશો

**વિદ્યાર્થી મિત્રો**

આ એકમના અભ્યાસ બાદ તમે.

- સમાજશાસ્ત્રીય સંશોધનનો અર્થ સમજાવી શકશો.
- સમાજશાસ્ત્રીય સંશોધન અને સિદ્ધાંત વચ્ચેનો પરસ્પરાવલંબન સમજાવી શકશો.

- સમાજશાસ્ત્રીય સંશોધન અને સિદ્ધાંતનો તફાવત વર્ણવી શકશો.
- સિદ્ધાંત સંશોધનનાં વિકાસમાં કેટલું યોગદાન આપે છે તે સમજાવી શકશો.

## 3.1 પ્રસ્તાવના

જુદા જુદા કાર્યાત્મક વિશ્લેષણશાસ્ત્રીઓએ સિદ્ધાંત અને સંશોધન વચ્ચે અલગ- અલગ વિચારો રજૂ કર્યા છે. પણ શરૂઆતના તબકકામાં સિદ્ધાંત અને સંશોધન વચ્ચેના સંબંધો અંગે વધુ વિચારણા થઈ શકી નથી. સિદ્ધાંત અને સંશોધન પરસ્પર આંતર સંબંધિત છે. સમાજશાસ્ત્રના ઉદભવકાળ દરમિયાન અને ત્યારબાદ કેટલાક વર્ષો સુધી સંશોધનકર્તા અને સિદ્ધાંતશાસ્ત્રી બંને પોતપોતાને અલગ રીતે ઓળખાવતા હતા. વાસ્તવમાં વિજ્ઞાનનો વિકાસ પદ્ધતિશાસ્ત્રના વિકાસ સાથે જોડાયેલ છે. રૉબર્ટ મર્ટને સિદ્ધાંત અને સંશોધન વચ્ચેના સંબંધોનું વિસ્તૃત અર્થઘટન કર્યું છે. મોટાભાગનાં કાર્યાત્મક વિશ્લેષણશાસ્ત્રીઓએ સૈદ્ધાંતિક ઘડતર અને ખ્યાલોનાં સ્પષ્ટીકરણ ઉપર વિશેષ ભાર મુક્યો છે. કેટલાક વિદ્વાનોએ કાયત્મિક વિશ્લેષણ સાથે પ્રત્યક્ષ રીતે સંબંધ ધરાવતી સામગ્રી અથવા સંશોધન ઉપર ભાર મુકયો છે. પરંતુ કાર્યાત્મક વિશ્લેષણ માટેની પદ્ધતિ ઉપર બહુ જ ઓછા વિદ્યાર્થીઓએ ભાર મુકયો છે. આમ છતાં, વિવિધ કાયત્મિક વિશ્લેષણને આધારે જણાય છે કે કાર્યાત્મક વિશ્લેષણ માટે કેટલીક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે અને આવી પદ્ધતિઓના ઉપયોગને લીધે કાર્યાત્મક વિશ્લેષણ માટે વિકાસ ભાટેની આશા જન્માવી છે. એટલું જ નહી પરંતુ એ પદ્ધતિઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવે તો તેમાંથી ઘણું બધું જાણવા મળે છે. આના અનુસંધાનમાં મર્ટન જણાવે છે કે સિદ્ધાંતના સંદર્ભ વિના પણ પદ્ધતિઓની કસોટી થઈ શકે છે. કારણ કે પદ્ધતિમાં સિદ્ધાંતની જરૂરિયાત સાથે સંશોધનના જોડાણની વ્યવહારુ સમસ્યાનો પણ સમાવેશ થાય છે. મર્ટનના આ વિચારોથી સ્પષ્ટ થાય છે કે સિદ્ધાંત અને સંશોધન પદ્ધતિશાસ્ત્રના સંયુક્ત એકીકરણ પર ભાર મુકે છે. કોઈપણ સિદ્ધાંતની રચનામાં સંશોધન અનિવાર્ય છે અને સંશોધનના અંતે સિદ્ધાંત સ્થપાય છે. તેમજ અગાઉ પ્રસ્થાપિત થયેલા વિવિધ સિદ્ધાંતો નવી નવી ઉપકલ્પનાઓ જન્માવે છે. નવા સંશોધનો માટેની દિશાઓ ખોલી આપે છે. તે દૃષ્ટિએ સંશોધન અને સિદ્ધાંત એકબીજાથી જુદા નથી પરંતુ પરસ્પર પૂરક અને આંતર સંબંધિત છે.

## 3.2 સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનો અર્થ

થોમસવોર્ડ સમાજશાસ્ત્રીય સિદ્ધાંતની વિભિન્ન વ્યાખ્યાઓનું વિશ્લેષણ કરીને સમાજશાસ્ત્રીય સિદ્ધાંતની સમજૂતી આપતા જણાવે છે કે સિદ્ધાંત એ ખ્યાલો, વ્યાખ્યાઓ અને કથનોની એક તાર્કિક વ્યવસ્થા છે જે ઘટનાના બે કે વધુ પસંદગીયુક્ત પાસાઓ વચ્ચેના સંબંધને રજૂ કરે છે. જેના ઉપરથી કસોટી થઈ શકે તેવી ઉપકલ્પનાઓ મેળવી શકાય છે. આ વ્યાખ્યા અનુસાર ખ્યાલો, વ્યાખ્યાઓ અને કથનોની એક તાર્કિક વ્યવસ્થા ઘટનાના બે કે તેથી વધુ પાસાઓ વચ્ચેનો સંબંધ રજૂ કરે છે. આ તાર્કિક વ્યવસ્થામાંથી સંશોધક કેટલીક ઉપકલ્પનાઓ મેળવી શકે છે. ટર્નલ સિદ્ધાંતને એક માનસિક પ્રવૃત્તિ તરીકે ઓળખાવે છે તે મુજબ સિદ્ધાંત વિચારો વિકસાવવાની એક એવી પ્રક્રિયા છે કે જે વૈજ્ઞાનિકો બનાવ શા માટે બને છે તે સમજાવવા શક્તિમાન બને છે. ખ્યાલો, પરિવર્ત્યો, વિધાનો અને કથનોની વ્યવસ્થા આ ચાર તત્ત્વો સિદ્ધાંતના મૂળભૂત તત્ત્વો છે. સિદ્ધાંત શું છે ? અને શું હોવું જોઈએ ? તે અંગે ગમે તેટલા મત-મતાંતર હોય પણ આ ચાર તત્ત્વો બધા જ સિદ્ધાંતોમાં સર્વસામાન્ય હોય છે. સમાજશાસ્ત્રમાં સમાજશાસ્ત્રીય સિદ્ધાંત અંગેનું વિપુલ પ્રમાણમાં સાહિત્ય ઉપલબ્ધ છે. તેમ છતાં સમાજશાસ્ત્રીય સિદ્ધાંત બાબત વિદ્યાનોમાં સ્પષ્ટતા જેવા મળતી નથી. ટાલકોટ પાર્સન્સ અનુભવજન્ય સંદર્ભ

ધરાવતી તાર્કિક સામાન્યકૃત ખ્યાલોની વ્યવસ્થાને સૈદ્ધાંતિક વ્યાખ્યા તરીકે ઓળખાવે છે. રૉબર્ટ-મર્ટન જણાવે છે કે જેમાંથી અનુભવજન્ય એક્સૂત્રતાઓ તારવી શકાય તેવા તાર્કિક પરસ્પર સંકળાયેલા વિધાનોના સમૂહને સમાજશાસ્ત્રીય સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે જયોર્જ હોમન્સની દષ્ટિએ સમાજશાસ્ત્રીય સિદ્ધાંત ખ્યાલોના સમૂહ અથવા ખ્યાલાત્મક માળખાનો બનેલો હોય છે. આમ આ ત્રણેય વિદ્વાનોએ સમાજશાસ્ત્રીય સિદ્ધાંતની વ્યાખ્યા આપવા પ્રયાસ કર્યા છે.

થોમસવોર્ડ જણાવે છે કે આ વ્યાખ્યાઓને આધારે કહી શકાય કે તાર્કિક ખ્યાલોની વ્યવસ્થા વ્યાખ્યાઓ અને વિધાનો જે ઘટનાના બે કે તેથી વધુ પાસાઓ વચ્ચેનો સંબંધનો નિર્દેશ કરે છે અને જેમાંથી નવી ઉપકલ્પનાઓ પ્રાપ્ત કરી શકાય તેને જ સમાજશાસ્ત્રીય સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક સિદ્ધાંતના સમાજશાસ્ત્રની બે ભિન્ન વિચારશાખા હેઠળ બે અલગ અલગ અર્થઘટન કરવામાં આવ્યા છે. જેમાં સમાજશાસ્ત્રની માનવતાવાદી પરંપરા હેઠળ બે સંબંધિત પ્રકારની બાબતોનો સામાજિક સિદ્ધાંતમાં સમાવેશ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રના આદ્યસ્થાપકોના કાર્યને લગતું લખાણ જેમાં મુખ્ય સમાજશાસ્ત્રીઓના પ્રદાનને મહત્ત્વનું ગણવામાં આવે છે. તેમજ સમાજશાસ્ત્રીય લખાણોને લગતી ટીકાઓનો પણ તેમાં સમાવેશ કરવામાં આવે છે. આમાં ઐતિહાસિક અભિગમને ધ્યાનમાં રાખી સમાજશાસ્ત્રીય જ્ઞાનનો સંચય વિકાસ અને અર્થઘટન કરવામાં આવે છે. જ્યારે સમાજશાસ્ત્રની વૈજ્ઞાનિક પરંપરા હેઠળ બે ભિન્ન પરંતુ સંબંધિત બાબતોનો સિદ્ધાંતમાં સથાવેશ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રીય વર્ગીકરણ અથવા વ્યાખ્યાઓની વ્યવસ્થાને સામાજિક સિદ્ધાંતમાં સમાવવામાં આવે છે. ખ્યાલોની વ્યાખ્યા અને સંબંધો સ્થાપી એની એક પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે છે. જેમનો પુરાવા દ્વારા ટેકો પ્રાપ્ત થતો હોય તેવા સમાજ વિશેના વ્યવસ્થિત નિયમ જેવા વિજ્ઞાનોનો સિદ્ધાંતમાં સમાવેશ કરવામાં આવે છે. સામાજિક વિચારના મુખ્ય પ્રવાહો તેમજ સમકાલીન સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનું સાહિત્ય સિદ્ધાંતને ત્રણ ક્ષેત્રમાં મુખ્ય પ્રવાહો અને આ પ્રવાહોમાં ઓગષ્ટ કોમ્ટ, દુર્ખાઈમ, સ્પેન્સર, મેક્સવેબર, કાર્લમાર્ક્સ, વિલફ્રેડ પરેટો, પોકોક, જયોર્જ સિમેલ, હેબરમાસ વગેરેના લખાણોમાંથી અભિવ્યક્ત થાય છે. સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટેની સામાન્ય પદ્ધતિ જેવી કે ઉત્ક્રાંતિવાદ, રચનાતંત્રીય કાર્યાત્મકવાદ, સંઘર્ષનો સિદ્ધાંત વગેરેએ સમગ્ર સમાજને લગતાં કેટલાંક વિધાનો ઉભા કર્યા છે. તેથી સમાજશાસ્ત્રીય સિદ્ધાંતના સંદર્ભમાં વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે અને તે સાહિત્ય સિદ્ધાંતની સમજૂતી આપે છે.

આમ, સામાજિક સિદ્ધાંતનો અર્થ ટૂંકમાં જણાવીએ તો ‘સિદ્ધાંત એ ખ્યાલો, વ્યાખ્યાઓ અને કથનોની વ્યાપ્તિલક્ષી તાર્કિક વ્યવસ્થા છે’ જે ઘટનાના બે કે વધુ પસંદગીયુક્ત પાસાઓ વચ્ચેના સંબંધને રજૂ કરે છે. સિદ્ધાંત એ સમજૂતી અને સ્પષ્ટીકરણનું વહન છે. તાર્કિક વ્યવસ્થા ઘટનાના બે કે તેથી વધુ પાસાઓ વચ્ચેની સમજૂતી સાથે સંબંધિત છે. કેટલાક વિદ્વાનો સિદ્ધાંતને માનસિક પ્રવૃત્તિ તરીકે ઓળખાવે છે. તે મુજબ સિદ્ધાંત વિચારો વિકસાવવાની એવી પ્રક્રિયા છે કે જે વૈજ્ઞાનિકોને બનાવ શા માટે બને છે તેની સમજૂતી આપવા માટે શક્તિમાન બનાવે છે. ખ્યાલો, પરિવર્ત્યો, વિધાનો અને કથનોની વ્યવસ્થા એ ચાર સિદ્ધાંતના મૂળભૂત તત્ત્વો છે. સિદ્ધાંતોમાં ‘શું હોવું જેઈએ ?’ અને ‘શું છે ?’ તે અંગે ગમે તેટલા મત-મતાંતર રજૂ કરે પણ કોઈપણ સિદ્ધાંતમાં આ ચાર તત્ત્વો સર્વસામાન્ય છે. ટૂંકમાં સંશોધનના અંતે જે તારણો પ્રાપ્ય થાય અને એકને એક વિષયવસ્તુને લગતા થયેલા અભ્યાસોને આધારે તમામ તારણો સંકલિત કરવામાં આવે ત્યારે જે તે ઘટનાની સમજૂતી પુરી પાડતા સિદ્ધાંતો રચાય છે.

- **પ્રવૃત્તિ (ક) :**

- નીચે દશવિલ વિધાનો પૈકી ખરા અર્થ દર્શાવિતા વિધાનો સામે (✓) ની નિશાની અને ખોટા વિધાનો સામે (✕) ની નિશાની કરો.

(1) સામાજિક સંશોધન અને સમાજશાસ્ત્રીય વચ્ચે તફાવત રહેલો છે.

(2) સિદ્ધાંતનાં વિકાસમાં સંશોધનનો ફાળો રહેલો છે.

(3) સિદ્ધાંત સંશોધનનો પ્રારંભ કરવાનું કાર્ય કરે છે.

## 3.3 સામાજિક સંશોધન એટલે શું ?

સામાજિક સંશોધન એ જૂનું જ્ઞાન ચકાસવાની અને નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. સંશોધન ઉપકલ્પના રચે છે અને રચાયેલી ઉપકલ્પના સાચી છે કે ખોટી તે ચકાસવા માટે પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને માહિતીનું એકત્રીકરણ કરે છે. માહિતીમાંથી હકીકતોની તારવણી કરવામાં આવે છે. હકીકતોનું વર્ગીકરણ કરવામાં આવે છે. અને વર્ગીકરણને આધારે તારણો તારવવામાં આવે છે. તે તારણોનું સામાન્યીકરણ કરવામાં આવે છે. તેથી સંશોધન એ ઉપકલ્પનાની ચકાસણીની પ્રક્રિયા છે. યંગ અને મેક સંશોધનને 'એક વૈજ્ઞાનિક સાહસ તરીકે ઓળખાવે છે.' કારણ કે સંશોધન એક અત્યંત અને વ્યાપક જટિલ પ્રક્રિયા છે જેમાં સંશોધન કે અનેકવિધ પ્રયત્નો કરીને સત્ય સુધી પહોંચવાનું છે અને તેથી જ સંશોધનને સત્યશોધન પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. ટૂંકમાં સંશોધન એક એવી વૈજ્ઞાનિક પ્રક્રિયા છે કે જેના દ્વારા કોઈપણ વિષયવસ્તુ અંગે વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે.

- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

તમે તમારા ગામ કે શહેરમાં તમે જયાં વસવાટ કરતા હોય ત્યાંથી નજીકના 10 થી 15 ઘરોનો સંશોધન કરો અને તેની કોઈ મુખ્ય સામાજિક સમસ્યા છે તે તપાસો અને તેના વિશે સંશોધન કરો.

## 3.4 સિદ્ધાંતના વિકાસમાં સંશોધનનો ફાળો

'સામાજિક સંશોધન એ સામાજિક જીવનની ઘટનાઓ અને પ્રવાહોનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરવાની તથા તેના આધારે સમાજજીવનને લગતાં વૈજ્ઞાનિક ખ્યાલો અને સિદ્ધાંતો રચવાની એક વૈજ્ઞાનિક પ્રવૃત્તિ છે. તે નવી હકીકતોની શોધ અને જૂની હકીકતોની ચકાસણી કરવાનો તેમજ હકીકતો વચ્ચેના સંબંધોની સમજૂતી આપવાનું, સિદ્ધાંત વિકસાવવાનું ધ્યેય ધરાવે છે. તેથી વસ્તુલક્ષી અને ચકાસણીજન્ય પદ્ધતિ દ્વારા હકીકતો શોધવા માટેના સિદ્ધાંતો રચવા માટેની વ્યવસ્થિત તપાસ એટલે સંશોધન સંશોધનની આ સમજૂતી ગર્ભિત રીતે સંશોધનનો પદ્ધતિશાસ્ત્ર અને સિદ્ધાંત સાથે કાર્યત્મિક સંબંધ સૂચવે છે.

### 3.4.1 સંશોધન સિદ્ધાંતનો પ્રારંભ કરવાનું કાર્ય કરે છે.

સંશોધનનું આ કાર્ય રૉબર્ટ-મર્ટન આકસ્મિક શોધની ઢબ દ્વારા સમજાવે છે. આકસ્મિક હોય એ સંશોધનનું એક ઘટક છે. આકસ્મિક રીતે સંશોધકની વિચારક્ષણ (ઉતમ) બુદ્ધિ દ્વારા જે શોધ થાય તેને આકસ્મિક શોધક તરીકે ઓળખવામાં આવે છે. સશોધક જે હકીકતોનું નિરીક્ષણ કરવા પ્રયત્ન કરતા હોય તે હકીકતો ઉપરાંત નિરીક્ષણ દરમિયાન આકસ્મિક રીતે જુદી હકીકતો મળી આવે અને આ હકીકત પ્રસ્થાપિત હકીકત સાથે વિસંગત હોય અને તે નવો સિદ્ધાંત સ્થાપવા માટેનું કે પ્રવર્તમાન સિદ્ધાંતને વિસ્તૃત બનાવવા નિમિત

બની રહે ત્યારે તેને આકસ્મિક શોધ તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. ન્યૂટનનો ગુરૂત્વાકર્ષણનો સિદ્ધાંત એ આકસ્મિક શોધનું પરિણામ છે. એ જ રીતે મર્ટનનો પ્રત્યક્ષીકરણના ખ્યાલનું કરેલું વિસ્તૃતીકરણ પણ આકસ્મિક શોધનું મહત્ત્વનું દષ્ટાંત છે. તેથી કોઈપણ સિદ્ધાંતની શરૂઆત સંશોધનથી થાય છે. અથવા કોઈપણ સંશોધનના અંતે વૈજ્ઞાનિક સિદ્ધાંત પ્રસ્થાપિત થાય છે.

**3.4.2 સંશોધન પ્રવર્તમાન સિદ્ધાંતને ચકાસવા અને તેનું નવું સંસ્કરણ કરવામાં ફાળો આપે છે.**

કોઈપણ હકીકત પ્રવર્તમાન સિદ્ધાંત સાથે બંધ બેસતી ન થાય કોઈ હકીકતોની ઉપેક્ષા થતી હોઈ, કોઈ નવી હકીકતો ઉપલબ્ધ અને નકારાત્મક હકીકતો મળી આવે ત્યારે પ્રવર્તમાન સિદ્ધાંત ખોટો પુરવાર થાય અથવા તેનું નવસંકરણ થવા પામે, સંશોધન દ્વારા એકત્ર થયેલી હકીકતો પ્રવર્તમાન સિદ્ધાંતના માળખામાં બંધ બેસતી ન થાય તો પ્રવર્તમાન સિદ્ધાંત અપુરતો સાબિત થાય અથવા તેનું નવસંસ્કરણ થવા પામે છે. સંશોધન એ અવિરત પણે ચાલુ રહેતી પ્રવૃત્તિ કે પ્રક્રિયા છે, સિદ્ધાંતનો અસ્વીકાર કે તેનું નવસંસ્કરણ સમયાંતરે થતું જ રહે છે. સંચિત હકીકતો પ્રવર્તમાન સિદ્ધાંતમાં શંકા જન્માવે અને નવી કસોટીનું આયોજન થતાં સિદ્ધાંત નવ સંસ્કરણ પામે છે. પ્રવર્તમાન ખ્યાલાત્મક યોજના જ્યારે હજુ સુધી ઉપેક્ષિત રહેલી હકીકતોને પુરતી લક્ષમાં ન લે ત્યારે ખ્યાલાત્મક યોજનાનું પુનઃઘડતર કરવા માટે ઉપેક્ષિત હકીકતો સંશોધક ઉપર દબાણ કરે છે અને આવી હકીકતો સંશોધકને તેની વિશ્લેષણ યોજનામાં સમાવેશ કરવા તરફ દોરી જાય છે અને તેમાંથી જ સિદ્ધાંતનું પુનઃ ઘડતર થાય છે. તેથી સંશોધનનું મુખ્ય કાર્ય એ કહી શકાય કે અગાઉ પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતની ચકાસણી શકય બને છે.

**3.4.3 સંશોધન સિદ્ધાંતની પુનઃ વ્યાખ્યા કરવાનું અને તેને સ્પષ્ટ કરવાનું કાર્ય કરે છે.**

સંશોધનો દરમિયાન સંશોધકને જે હકીકતો ઉપલબ્ધ બને તે હકીકતો સિદ્ધાંત સાથે સુસંગત હોય કે ન હોય તો પણ તે ખ્યાલોની અને તેના દ્વારા સિદ્ધાંતની પુનઃવ્યાખ્યા કરવા માટેનું અને સ્પષ્ટીકરણ કરવા માટેનું સાધન છે. જે હકીકત સિદ્ધાંત સાથે બંધ બેસતો ન હોય તેવી હકીકતો દ્વારા સિદ્ધાંતની પુનઃવ્યાખ્યા થાય છે. સિદ્ધાંત સાથે સુસંગત હોય તેની નવી હકીકતો પણ સિદ્ધાંતની પુનઃ વ્યાખ્યા કરવાનું કાર્ય કરે છે. કારણ કે આવી નવી હકીકતોને સંશોધક વધુ સ્પષ્ટતાપૂર્વક અને વિગતપૂર્વક રજૂ કરે છે. પરિણામે ખ્યાલ વધુ સ્પષ્ટ બનતા સિદ્ધાંત પુનઃ વ્યાખ્યાબદ્ધ અને સ્પષ્ટ થવા પામે છે. આ ઉપરાંત સંશોધકોનો અનુભવ છે કે અસ્તિત્વ ધરાવતા કોઈપણ સિદ્ધાંતની ચકાસણી તેની પુનઃ વ્યાખ્યા કરે છે.

- **પ્રગતિ (ખ) ચાર વિકલ્પમાંથી એક ખરો વિકલ્પ જણાવો.**

(1) નીચેનામાંથી કયા સમજશાસ્ત્રીએ સમાજશાસ્ત્રીય સિદ્ધાંત અને સંશોધન વચ્ચેના સંબંધોનું વિસ્તૃત અર્થઘટન કર્યું છે ?

(1) લેવી સ્ટ્રોટ

(2) રૉબર્ટ મર્ટન

(3) એસ. એફ. નાડેલ

(4) ટાલ્કોટ પાર્સન્સ

(2) સિદ્ધાંતને વિકસાવવામાં કોણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે ?

(1) ખ્યાલ

(2) ઉપકલ્પના

(3) સંશોધન

(4) ઉપરોક્ત કોઈ નહીં

(3) સંશોધનનો અંતિમ તબક્કો ક્યો છે ?

(1) ઉપકલ્પના

(2) સંશોધનનું પૃથક્કરણ

(3) સંશોધનનાં તારણો

(4) સામાન્યીકરણની પ્રકિયા

### 3.4.4 સંશોધક સિદ્ધાંતના સામાન્ય પ્રવાહને દિશા આપે છે

સંશોધન સિદ્ધાંતને નવો વળાંક આપે છે. તે સૈદ્ધાંતિક રચના, નવા ક્ષેત્રો વિકસાવે છે. નવી સંશોધન પદ્ધતિ શોધાતા ઉપલબ્ધ બનતી નવી હકીકત સૈદ્ધાંતિક રસને નવો વળાંક આપે છે. સંશોધનના સાધન તરીકે વિકસેલી કેટલીક નવી પદ્ધતિ જેવી કે પ્રશ્નાવલિ પદ્ધતિ, મુલાકાત પદ્ધતિ, આંકડાશાસ્ત્રીય પદ્ધતિ, કમ્પ્યુટરનો પ્રોગ્રામ એસ.પી.એસ.એસ. દ્વારા શાહિતીનું સામાન્યીકરણ વગેરે દ્વારા સંશોધનના નવા ક્ષેત્રો ખુલા થવા માંડયા છે અને આ નવા ક્ષેત્રોના સંશોધનોએ સિદ્ધાંતના સામાન્ય પ્રવાહોને નવી દિશા આપે છે. નવો વળાંક આપ્યો છે. નવી પદ્ધતિઓએ વ્યક્તિત્વ ઘડતર, વ્યક્તિક સંબંધ, પ્રચાર, નેતૃત્વ વગેરેના સિદ્ધાંતોમાં રસ જાગૃત કર્યો છે અને એ સંબંધિત અનેક નવા સંશોધનો હાથ ધરાયા છે તેથી નવા સંશોધનો અને પદ્ધતિશાસ્ત્રીય વિકાસ સિદ્ધાંતના સામાન્ય પ્રવાહને નવી દિશા આપે છે. આમ સંશોધન સિદ્ધાંતને વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે સિદ્ધાંતનો પ્રારંભ કરાવનાર તરીકે, પુનર્રચના કરનાર તરીકે, અન્ય ક્ષેત્રો બતાવનાર તરીકે તેમજ સ્પષ્ટતા કરનાર તરીકે ભૂમિકાઓ ભજવી સિદ્ધાંતને વિકસાવે છે. જેમાં મહત્તમ પુર્નરચના, સિદ્ધાંતનાં નવા ક્ષેત્રોનું સૂચન અને ખ્યાલોનું સ્પષ્ટીકરણ મહત્ત્વનું ગણાવી શકાય.

## 3.5 સિદ્ધાંતનો સંશોધનના વિકાસમાં ફાળો

સિદ્ધાંતના સંશોધનલક્ષી કાર્યો રહેલા છે. જેમાં અનુભવજન્ય સામાન્યીકરણ, આંતરસંબંધ, અનુભવજન્ય એકરૂપતા, વિધાનોની સરખામણી તેમજ સિદ્ધાંતની વધુ ચોક્કસતા મહત્ત્વની થઈ પડે છે.

### 3.5.1 સિદ્ધાંત સંશોધન માટેનું માળખું પૂરું પાડે છે.

સંશોધન માટે સામાન્ય સંદર્ભો પુરા પાડવામાં સિદ્ધાંતની મહત્ત્વની ભૂમિકા છે. સંશોધકને નિશ્ચિત ઉપકલ્પનાઓ સુધી પહોંચાડવા માટેની પ્રક્રિયાને સરળ બનાવે છે. એક સામાન્ય અભિમુખતા તરીકે એવી પૂર્વભૂમિકા રચાય છે કે તેમાંથી એક પછી એક નવી ઉપકલ્પનાઓનું સર્જન થયા કરે છે. એટલે કે અગાઉ પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંત નવી ઉપકલ્પનાઓના સ્ત્રોત બને છે. તેમાંથી નવા સંશોધનો માટેનું માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. તેથી અગાઉ પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંત સંશોધનની પૂર્વભૂમિકા અને સંશોધનનું માળખું રચી આપે છે.

### 3.5.2 સિદ્ધાંતના ભાગ તરીકે ખ્યાલો વિશ્લેષણ માટેનું મહત્ત્વનું ઉપકરણ છે

સિદ્ધાંત નવા સંશોધનો માટેની પૂર્વભૂમિકા રચી આપે છે. તેની સાથે શેનું નિરીક્ષણ કરવાનું છે તે અંગે સંશોધકને માર્ગદર્શન આપે છે. ખ્યાલ એ હકીકતોને રજૂ કરતી ટૂંકાક્ષરી છે. તે વાસ્તવિક ઘટનાઓનાં અમુક પાસાં રજૂ કરે છે. ખ્યાલ માહિતીના વિશિષ્ટ લક્ષણો સ્પષ્ટ કરે છે. તેમજ હકીકતોની તુલના શકય બનાવે છે. સંશોધકે પોતાના સંશોધન કાર્યમાં કઈ માહિતી એકઠી કરવી તે અંગેની સૂચિ તૈયાર કરવામાં ખ્યાલો ઉપયોગી બને છે. ખ્યાલોની મદદથી સંશોધકને માટે ઘટનાના લક્ષણોનો અભ્યાસ કરવો શકય બને છે. ખ્યાલો સંશોધનમાં માર્ગદર્શક બને છે અને વૈજ્ઞાનિક વિચારોનું સમવહન કરવામાં મદદરૂપ બને છે. ખ્યાલો વાસ્તવિક ઘટનાની રજૂઆત કરવા માટેનું અને વિશ્લેષણ કરવા માટેનું સાધન છે. ઘટનાઓને ભિન્ન પાડવામાં તથા વૈજ્ઞાનિક વિચારોની સ્પષ્ટતાપૂર્વક રજૂઆત કરવામાં ઉપયોગી બને છે. એટલું જ નહીં પરંતુ તે સમગ્ર સંશોધનને સંક્ષેપમાં રજૂ કરવા માટેનું અગત્યનું સાધન બની રહે છે. તેથી સિદ્ધાંતના ભાગ તરીકે ખ્યાલો વિશ્લેષણ માટેનું મહત્ત્વનું ઉપકરણ છે.

### 3.5.3 સિદ્ધાંત સામાન્યીકરણ કરવામાં ઉપયોગી બને છે.

સામાન્યીકરણની પ્રક્રિયા એ સંશોધનનો અંતિમ તબકકો છે. સંશોધક સંશોધનના અંતે જે જ્ઞાન પ્રાપ્ત કરે છે. તે જ્ઞાન તેના જેવી અન્ય ઘટનાઓને સમજવા માટે લાગુ પાડવામાં આવે ત્યારે સંશોધન કરેલું જ્ઞાનનું સામાન્યીકરણ થયું છે તેમ કહી શકાય, સિદ્ધાંત સંશોધનના આ કાર્યમાં મદદરૂપ બને છે. સામાન્યીકરણ એ એક અલગ તારવેલું વિધાન છે અને આ વિધાન પરિવર્ત્યો વચ્ચેના સંબંધમાં જોવા મળતી એકરૂપતા રજૂ કરે છે. આમ હકીકતો વચ્ચેના સાદા કે જટિલ સંબંધોને સંજેપમાં રજૂ કરવામાં સિદ્ધાંત મદદરૂપ બને છે. આવા સામાન્યીકરણ કે વિધાનમાં હકીકતો વચ્ચેના સંબંધોને લગતી ઊંડી વિચારણા હોય છે. તેમાં ગર્ભીતાર્થ રહેલો હોય છે અને તે સંશોધનની અભિમુખતાનો પ્રારંભ કરે છે અને સંશોધનની સફળતા વધારે છે.

### 3.5.4 સિદ્ધાંત સંશોધનમાં પૂર્વાનુમાન કે ભાવિકથન કરવા માટેની શકયતા ઊભી કરે છે.

સંશોધન દ્વારા કેટલાક ભાવિ કથનો શકય બની શકે છે. ખાસ કરીને સામાજિક પ્રવાહને લગતા જે અભ્યાસો થયેલા હોય તેવા અભ્યાસોને આધારે વિવિધ

પ્રકારના ભવિષ્ય કથનો કરી શકાય છે. દા.ત. અમુક પરિસ્થિતિ હાજર હોય તો અમુક પ્રકારના જ પરિણામો આવે, અમુક પરિણામો પાછળ કયા પરિબળો જવાબદાર છે તે આપણે સંશોધન ઉપરથી જાણી શકીએ કે જો આજના જેવા સરખા સંજોગો હશે તો ભવિષ્યમાં પણ આ પ્રકારના જ પરિણામો આવશે. સિદ્ધાંત એવા માર્ગદર્શકોનો સમૂહ છે કે જે આગાહી કરવામાં કઈ રીતો અપનાવવી, કેવા નિરીક્ષણો કરવા, કેવી ગણતરીઓ કરવી તે તમામ બાબતો સૂચિત કરે છે.

### 3.5.5 સિદ્ધાંત ક્યા ક્ષેત્રોમાં શું સંશોધન કરવાનું બાકી છે તે તરફ સંશોધકનું ધ્યાન દોરે છે

સિદ્ધાંત કયા ક્ષેત્રમાં શેના વિશેનું સંશોધન કરવાનું છે, કેવા પ્રકારનું જ્ઞાન ખૂટે છે તે તરફ સંશોધક્નું ધ્યાન દોરે છે. ભવિષ્ય કથન પણ આપણા જ્ઞાનની કસોટી કયાં કરવી તે પણ સૂચવે છે. આમ સિદ્ધાંતો આપણા જ્ઞાનમાં કયાં અને કઈ બાબતે ખૂટે છે તે તરફ સંશોધકનું ધ્યાન દોરે છે. ભવિષ્ય કથન પણ આપણા જ્ઞાનની કસોટી કયાં કરવી તે સૂચવે છે. આમ સિદ્ધાંત આપણા જ્ઞાનમાં કયાં અને કઈ બાબતો ખૂટે છે તેનો નિર્દેશ કરી સંશોધક ઉપર ખૂટતી કડી પુરવા દબાણ કરે છે અને નવા સંશોધન માટેનું માર્ગદર્શન આપે છે. આવી ખૂટતી કડીઓ પરાતી જાય તેમ-તેમ ખ્યાલો અને સિદ્ધાંતનું માળખું બદલાય જાય છેં. એક વખત ખૂટતી કડી સંધાયા બાદ સંશોધન કાર્ય સરળ બની જાય છે. આવી ખૂટતી કડીઓ સહેલાઈથી જેડી શકાતી નથી. આ માટે તો હકીકતોને વ્યવસ્થિત ગોઠવવી પડે છે. આથી સિદ્ધાંત આપણા જ્ઞાનમાં રહેલી ખામીઓ સૂચવે છે. અથવા તેને લગતું સંશોધન કરવું જરૂરી છે તે તરફ સિદ્ધાંત સંશોધકનું ધ્યાન દોરી સૂચવે છે તે દૃષ્ટિએ સિદ્ધાંત સંશોધન માટેની નવી દિશાઓ ખોલી આપીને સંશોધકને તે દિશામાં સંશોધન કરવાની પ્રક્રિયા પુરી પાડે છે.

## 3.6 સારાંશ

સિદ્ધાંતકારો સિદ્ધાંતનાં વિકાસમાં રચ્યાપચ્યા રહે છે. સિદ્ધાંતકારો એવાં મૉડેલ્સનો વિકાસ કરે છે જેને સંશોધનમાં રસ ધરાવતા સમાજશાસ્ત્રીઓ કસોટીએ મુકી શકે છે. પદ્ધતિકારો સંશોધન પ્રયુક્તિઓના વિકાસમાં રચ્યાપચ્યા રહે છે. નિકોલસ મ્યુલિન્સ જણાવે છે કે સંશોધન પદ્ધતિ અને સિદ્ધાંત વચ્ચેનું કૃત્રિમ વિભાજન જરૂરી નથી. બન્ને વચ્ચે સતત આદાન-પ્રદાન જરૂરી છે. વધુમાં તેઓ જણાવે છે કે સિદ્ધાંત અને સંશોધન એ પરસ્પર વિરોધી બાબતો નથી પરંતુ એકબીજાની પૂરક છે.

વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા માનવ સમાજનો અભ્યાસ કરી સમાજ અંગેની સમજ કેળવવી એ સમાજશાસ્ત્રનું મુખ્ય કાર્ય છે. આ કાર્યમાં સિદ્ધાંત રચના અને સંશોધન અંગેની પ્રવૃત્તિઓ મહત્ત્વની છે. પરંતુ માત્ર સંશોધનથી સમાજને સમજવાનો પ્રયાસ અંધજનનું હાથી દર્શન બની રહે છે. સિદ્ધાંત અને સંશોધનના તાલમેલથી જ સમાજશાસ્ત્રી પોતાના વ્યવસાયને ન્યાય આપી શકે છે. પરિણામે અન્ય શાસ્ત્રોની જેમ સમાજશાસ્ત્રમાં પણ સિદ્ધાંત અને સંશોધન એમ બન્નેનું મહત્ત્વ સ્વીકાર્યું છે અને બન્ને વચ્ચે પારસ્પરિકતા રહેલી છે.

આમ, સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોનો અભ્યાસ એક પ્રકારનું આગવું મહત્ત્વ ધરાવે છે તેની પાસે સૈદ્ધાંતિક વિચારોનો વિપુલ વારસો પડેલો છે.

- **મારી પ્રગતિ ચકાસો (ગ)**

(1) રૉબર્ટ મર્ટને આપેલી સમાજશાસ્ત્રીય સિદ્ધાંતની પરિભાષા જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(2) સામાજિક સંશોધનનો અર્થ જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(3) જ્યોર્જ હોમન્સે આપેલી સમાજશાસ્ત્રીય સિદ્ધાંતની પરિભાષા જણાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

## 3.7 ચાવીરૂપ શબ્દો :

- **સિદ્ધાંત :** સિદ્ધાંત એ ખ્યાલો, વ્યાખ્યાઓ અને કથનોની એક તાર્કિક વ્યવસ્થા છે. જે ઘટનાના બે કે વધુ પસંદગીયુક્ત પાસાઓ વચ્ચેનાં સંબંધને રજૂ કરે છે.
- **ખ્યાલ :** વાસ્તવિક ઘટનામાંથી કરવામાં આવતી તારવણી.
- **ઉપકલ્પના :** એક એવું વિધાન છે કે જે હતુ ચકાસવાનું બાકી હોય તેવું વિધાન.
- **તાર્કિકતા :** માન્યતા અને જ્ઞાનના આધાર તરીકે તર્કનો ઉપયોગ કરવાની પહતિ.
- **પ્રયુક્તિઓ :** સંશોધનમાં ઉપયોગમાં લેવામાં આવતી કેટલીક બાબત કે પદ્ધતિ જેવી કે મુલાકાત અનુસૂચિ, પ્રશ્નાવલી વગેરે.
- **આકસ્મિક :** આપણી જાણ બહારની કે આપણને જે થવાનું છે તેની ખબર ના હોય અને જે બને તેવી ઘટના કે બાબત.
- **એસ.પી.એસ.એસ. :** આ એક આંકડાશાસ્ત્રીય પેકેજ છે. જે સંશોધનમાં ઉપયોગમાં લઈ શકાય.
- **ભાવિ કથનો :** વર્તમાન ભવિષ્ય માટે કરવામાં આવતી આગાહી.
- **પરસ્પર :** એક બીજા સાથે જોડાયેલાં.

## 3.8 સંદર્ભ સૂચિ


| | | | |
|---|---|---|---|
| 1. | એ.જી શાહ, જે.કે. દવે | : | સામાજિક સંશોધનની પદ્ધતિ |
| ૨. | એ.જી. શાહ, જે.કે. દવે | : | સમાજશાસ્ત્રની સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ |
| 3. | ડી. એ. ઉચાટ | : | શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર |
| 4. | ડૉ. વિમળ પી. શાહ | : | સંશોધન ડિઝાઈન |
| 5. | ડૉ. દીપ્તિ એસ. કપુરીયા<br>ડૉ. જિજ્ઞેશ બી. વાળા | : | સમાજકાર્ય સંશોધન |
| 6. | ડૉ. સંજીવ મહાજન | : | સામાજિક અનુસંધાન, સર્વેક્ષણ એવં સાંખ્યિકી |
| 7. | સંગીતા તેજ<br>તેજસ્કર પાણ્ડેય | : | સમાજકાર્ય |


## 3.9 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબ

- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

  (1) સાચું

  (2) સાચું

  (3) ખોટું

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

  (1) (2) રૉબર્ટ મર્ટન

  (2) (3) સંશોધન

  (3) (4) સંશોધનનાં તારણો

- **તમારી પ્રગતિ ચકાસો (ગ)**

  (1) રૉબર્ટ મર્ટન જણાવે છે કે જેમાંથી અનુભવજન્ય એકસૂત્રતાઓ તારવી શકાય તેવા તાર્કિક પરસ્પર સંકળાયેલા વિધાનોના સમૂહને સમાજશાસ્ત્રીય સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે.

  (2) સામાજિક સંશોધન એ જૂનું જ્ઞાન ચકાસવાની અને નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે.

  (3) જ્યોર્જ હોમન્સની દષ્ટિએ સમાજશાસ્ત્રીય સિદ્ધાંત ખ્યાલોના સમૂહ અથવા ખ્યાલાત્મક માળખાનો બનેલો હોય છે.

❖ ❖ ❖

એકમ 4

# યુરોપમાં સમાજશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ

-: રૂપરેખા :-

**4.0 ઉદ્દેશો**

**4.1 પ્રસ્તાવના**

**4.2 યુરોપમાં સમાજશાસ્ત્રના ઉદ્ભવની પાશ્ચાત્ય ભૂમિકા**

**4.3 સમાજશાસ્ત્રનાં ઉદ્ભવ સમયની સામાજિક પરિસ્થિતિ**

**4.4 ફ્રાંસની રાજ્યક્રાંતિ**

**4.5 ઔદ્યોગિક ક્રાંતિ**

**4.6 સારાંશ**

**4.7 ચાવીરૂપ શબ્દો**

**4.8 તમારી પ્રગતિ ચકાસો**

**4.9 સંદર્ભ સૂચિ**

## 4.0 ઉદ્દેશો

**વિદ્યાર્થી મિત્રો**

પ્રસ્તુત એકમમાં યુરોપનાં સમાજશાસ્ત્રનાં ઉદ્દભવ અને વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે.

- વિધાર્થીઓ સમાજશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસ અંગેની વિસ્તૃત માહિતી મેળવી શકશે.
- વિધાર્થીઓ 14મી સદીથી 18મી સદી સુધીનાં યુરોપમાં પ્રવર્તમાન સામાજિક પરિસ્થિતિનો તાગ મેળવી શકશે.
- વિદ્યાર્થીઓ ફ્રાંસની રાજ્યક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિને સમાજશાસ્ત્રનાં ઉદ્ભવનાં મહત્ત્વનાં પરિબળ તરીકે વિસ્તૃત સમજ મેળવી શકશે.

## 4.1 પ્રસ્તાવનાઃ

સમાજશાસ્ત્રના અભ્યાસુ તરીકે સમાજશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસને સમજવું ખૂબ જ જરૂરી છે. ખાસ કરીને કઇ સ્થિતિ અને સંજોગોમાં સમાજશાસ્ત્ર વિષયનો ઉદ્ભવ થયો તે જાણવું જરૂરી બને છે. પ્રસ્તુત એકમએ યુરોપમાં સમાજશાસ્ત્રનાં ઉદ્દભવ અને વિકાસને કેન્દ્રમાં રાખીને વિભિન્ન સમયગાળામાં યુરોપની સામાજિક રાજકીય પરિબળોને આલેખવામાં આવ્યા છે. યુરોપમાં સમાજશાસ્ત્રનો ઉદ્ભવ થયો અને એટલે જ યુરોપને સમાજશાસ્ત્રની શરૂઆતી પ્રયોગશાળા પણ કહેવાય. પ્રસ્તુત એકમમાં યુરોપમાં સમાજશાસ્ત્રનાં ઉદ્ભવની પાશ્ચાત્ય ભૂમિકાનું આલેખન કર્યું છે તેમજ તે સમયની પ્રવર્તમાન સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજનૈતિક પરિસ્થિતિનું પણ આલેખન કર્યું છે. સાથે જ, યુરોપમાં થયેલ વાણિજ્ય ક્રાંતિ અને વૈજ્ઞાનિક ક્રાંતિ અંગે પણ વિવરણ આપવામાં આવ્યું છે. માત્ર યુરોપનાં ઇતિહાસની જ નહીં પરંતુ વૈશ્વિક ઇતિહાસની મહત્ત્વની બે ઘટનાઓ એટલે કે, ફ્રાંન્સની રાજ્ય ક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિ અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે. આ બન્ને એતિહાસીક ઘટનાઓનો અભ્યાસ સમાજશાસ્ત્રનાં અભ્યાસુઓ માટે જરૂરી બને છે અને તેને સમાજશાસ્ત્રનાં ઉદ્ભવ પાછળનું મહત્ત્વનું પરિબળ આલેખવામાં આવ્યું છે.

## 4.2 યુરોપમાં સમાજશાસ્ત્રના ઉદ્ભવની પાશ્ચાત્ય ભૂમિકા

યુરોપમાં સમાજશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસને સમજવા માટે માનવ સમાજનાં ઇતિહાસ તરફ દષ્ટિપાત કરીએ તો જાણવા મળે છે કે, સમાજ જીવન અંગેનું માનવનું ચિંતન એ માનવ સમાજનાં ઉદ્ભવ જેટલું જ જૂનું છે. આદિમ સમયમાં સામાજિક વિચારોમાં લોકકથા, કહેવતો, લોકગીતો આધારિત હતા. સમાજ જીવન અંગે વિચારવાની પ્રક્રિયાનો પ્રારંભ એ માનવ સમાજનાં ઉદ્ભવકાળ સાથે જ સંકળાયેલ છે. પરંતુ પ્રારંભિક કાળમાં સમાજ અંગે જે ચિંતન કરવામાં આવ્યું તે વૈજ્ઞાનિકતા સાથે જોડાયેલું ન હતું. માનવ સમાજ અને સંભ્યતાનાં વિકાસની સાથે સમાજ અંગેનાં વિચારોમાં તર્કબદ્ધતા અને વૈજ્ઞાનિક બાબતો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો.

સામાજિક વિચારધારામાં સમાજની સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિનો સમાવેશ થાય છે. કારણ કે, આ બધી પરિસ્થિતિનો સબંધ સીધો જ સમાજ વ્યવસ્થા સાથે છે. સમાજ જીવન અંગેનાં આ ચિંતનમાં અનેક તત્ત્વચિંતકોનું પ્રદાન છે જેમાં પ્લેટો, એરિસ્ટોટલ, સોક્રેટિસ, લૂક્રેટિસ, સિસેરો, માર્કસ, ઓરેલિપસ, સેંટ ઓગસ્ટાઇન, થોમસ હોબ, જોહન લોક, રૂસો વગેરેનું પ્રદાન નોંધપાત્ર છે. પ્લેટો અને એરીસ્ટોટલે માનવ સમાજ વ્યવસ્થાને સમજવા માટે તર્ક ઉપર ભાર મૂક્યો. 1332માં ઇબ્ન ખાલ્દુને સમાજ વિશેનાં કેટલાક ખ્યાલો રજૂ કર્યા જેમાં તેમણે સમાજમાં બનતી ઘટનાઓ અને તેનાં કારણોને અનુભવજન્ય સશોધનનાં આધારે તપાસવા ઉપર ભાર મૂકયો. અલબત્ત તેમનું આ ચિંતન એ માત્ર આરબ સમાજ પૂરતું સીમિત હતું પરંતુ સમાજને ઐતિહાસિક અને પરિવર્તનનાં દષ્ટિકોણથી સમજવામાં ઉપયોગી હતું.

સમાજ અંગેનાં વ્યવસ્થિત અને વૈચારિક ચિંતનની વાત કરીએ તો સમાજશાસ્ત્રનાં એ વિજ્ઞાન તરીકેનાં વિકાસનાં મૂળ એ તે સમયે યુરોપમાં પ્રવર્તમાન સામાજિક પરિસ્થિતિમાં પડેલા છે. તત્કાલિન યુરોપ સમાજનાં ઇતિહાસ તરફ દષ્ટિપાત કરીએ તો જાણવા મળે છે કે, આ સમયગાળા દરમ્યાન યુરોપમાં થયેલ ઔદ્યોગિક ક્રાંતિ તથા ફ્રાંસની રાજ્યક્રાંતિનાં પરિણામે યુરોપમાં અનેક સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તનો જોવા મળે છે. અને આમાં જ સમાજશાસ્ત્રના એક વિજ્ઞાન તરીકેનાં ઉદ્ભવ પાછળનાં મૂળ રહેલા છે. કારણ કે, આ સમય એ યુરોપમાં નવજાગૃતિનો યુગ હતો. પરંપરાગત વિચારધારાને વરેલા યુરોપમાં પરિવર્તનની પ્રક્રિયાનો પ્રારંભ થયો. સામંતશાહી શાસન વ્યવસ્થામાં લોકશાહી શાસન વ્યવસ્થા તરફ વિચારવાનો પ્રારંભ થયો. પરંપરાગત સમાજ વ્યવસ્થાનાં દરેક પાસા અંગે પ્રશ્નો ઉઠવા લગ્યા. દેવસ્થાનો તથા રાજ્ય સત્તા સામે અનેક પ્રશ્નો ઉભા થવા લાગ્યા. તેમને પવિત્રતા અને સત્તા સામે વિરોધ ઊઠવા લાગ્યો અને એ રીતે યુરોપમાં પરિવર્તનની પ્રક્રિયાનો પ્રારંભ થયો. આ પરિવર્તન પ્રકિયા પહેલાંનો યુરોપિયન સમાજ એ પરંપરાવાદી સમાજ હતો. અર્થવ્યવસ્થાનો આધાર એ ખેતી પર હતો. સમગ્ર યુરોપિયન સમાજ જમીનદાર, સામંતો, ઉમરાવો, ખેડૂતો અને ખેતમજૂરોનો બનેલો હતો. ધર્મ એ સમાજ વ્યવસ્થાનો પાયો હતો. સમાજમાં ધર્મ ગુરુઓની અબાધિત સત્તાઓ હતી. કુટુંબ અને સગપણ સબંધો એ સમૂહનાં કેન્દ્રમાં હતા. રાજ્યવ્યવસ્થામાં રાજાશાહી હતી અને રાજ્ય કરવા માટે રાજામા દૈવી સત્તા સમાયેલી છે તેવું માનવામાં આવતું પરંતુ ઔદ્યોગિક ક્રાંતિ અને ફ્રાંસની રાજ્યક્રાંતિ નાં પ્રારમ્ભ સાથે યુરોપિયન સમાજનાં પ્રત્યેક પરંપરાગત સમાજવ્યવસ્થાનાં લક્ષણો સામે પડકારો ઊભા થવા લાગ્યા. નવા વર્ગનો ઉદ્ભવ થયો. ધર્મ સત્તા સામે અનેક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા, રાજાની સત્તા પર કાપ મૂકવામાં આવ્યો, લોકાશાહી મૂલ્યોને સ્વીકૃતિ આપવામાં આવી, કૌટુંબિક વફાદારીને સ્થાને, વૈચારિક પ્રતિબદ્ધતાઓ સ્થાને વૈચારિક મૂલ્યોને પ્રાધાન્ય આપવામાં આવ્યું. સ્ત્રીઓને સ્વતંત્રતા

આપવામાં આવી અને એ રીતે જોઇએ તો યુરોપિયન સમાજમાં કેન્દ્રસ્થ એવા પ્રત્યેક પરંપરાગત મૂલ્યો જેવાં કે, ધર્મ, સમુદાય, સત્તા, સંપતિ, ઇત્યાદિમાં આમૂલ પરિવર્તન આવ્યું. જેને કારણે સમાજનો અભ્યાસ કરનાર એક સામાજિક વિજ્ઞાનનો આવિષ્કાર થયો.

## 4.3 સમાજશાસ્ત્રના ઉદ્ભવ સમયની સામાજિક સ્થિતિ

19મી સદીમાં યુરોપમાં સમાજવ્યવસ્થાનો અભ્યાસ કરનારુ એક વિશિષ્ટ વિજ્ઞાન સમાજશાસ્ત્ર અસ્તિત્વમાં આવ્યું. તેની પાછળ તે સમયની યુરોપિયન સમાજની સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિ જવાબદાર હતી. રાજકીય ક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિનાં પરિણામે યુરોપનાં સમાજમાં જે પરિવર્તનો આવ્યા તે સમાજતાં પહેલા 14 મી અને 18 મી સદીનાં વચ્ચેનાં સમયગાળામાં યુરોપનાં સમાજમાં થયેલ વાણિજ્ય અને વૈજ્ઞાનિક ક્રાંતિની સમજ મેળવવી જોઈએ. કારણ કે, આ સમયગાળાને યુરોપમાં રેનેસાનાં સમયગાળા તરીકે ઓળખવામાં આવે છે. આ સમયગાળામાં યુરોપમાં કલા, સાહિત્ય, સંગીત ઇત્યાદિ ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન આવ્યું હતું.

વાણિજ્ય ક્રાંતિઃ યુરોપમાં સમાજશાસ્ત્રનાં ઉદ્ભવ પૂર્વેની સમાજ વ્યવસ્થાને અર્થવ્યવસ્થા તરફ દષ્ટિપાત કરીએ તો, જાણવા મળે છે કે, યુરોપનાં સમાજમાં અર્થવ્યવસ્થાઓ વાણિજયનાં ક્ષેત્રે 1450 થી 1800નાં સમયગાળા દરમ્યાન નોંધપાત્ર પરિવર્તનો આવ્યા. આ પરિવર્તનોએ વિશાળ ફલક ઉપરનાં તેમજ વ્યવસ્થિત સ્વરૂપે હતા. આથી તેને વાણિજ્ય ક્રાંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વાણિજ્ય ક્રાંતિએ પરંપરાગત યુરોપિયન સમાજની અર્થવ્યવસ્થામાં આમૂલ પરિવર્તન નિપજાવ્યું. વાણિજ્ય ક્રાંતિનાં પરિણામે યુરોપિયન સમાજની અર્થવ્યવસ્થામાં તો સુધારો થયો સાથે સાથે કેટલાક દેશોએ પોતાની સત્તા વિકસાવવાનાં પણ પ્રયાસો કર્યા. આવા દેશોમાં પોર્ટુગલ, સ્પેન, હોલેન્ડ અને ઇંગ્લેન્ડ મુખ્ય હતા.

યુરોપિયન સમાજમાં ઉદ્ભવેલી આ વાણિજ્ય ક્રાંતિની યુરોપિયન સમાજ જીવન ઉપર નોંધપાત્ર અસરો થઈ. ખાસ કરીને વેપાર વાણિજયનાં વિકાસ માટે જમીન માર્ગને બદલે દરિયાઇ માર્ગની શોધ થઇ. જેના પરિણામે યુરોપિયન સમાજ અનેક નવા દેશોનાં સંપર્કમાં આવ્યો. નવા જળમાર્ગની શોધનાં કારણે યુરોપનાં બજારમાં નવી ચીજવસ્તુઓ પુષ્કળ પ્રમાણમાં આવવા લાગી. જેમાં ખાસ કરીને પૂર્વમાંથી મરીમસાલા અને કાપડ, ઉત્તર અમેરિકામાંથી તમાકુ, દક્ષિણ અમેરિકામાંથી કોકો, ચોકલેટ અને ક્વિનાઇન, આફ્રિકામાંથી અબરખ, હાથી દાંત, તેમજ ગુલામોની આયાત થવા લાગી. ઉત્તર અને દક્ષિણ અમેરિકાની શોધ સાથે વ્યાપર વણિજ્યનું ક્ષેત્ર વધારે વિસ્તરવા લાગ્યું. મરી મસાલા અને તેજાનાં અને કાપડનાં વ્યાપારની સાથે સાથે સોનાનો વ્યાપર પણ થવા લાગ્યો. સૌથી મહત્ત્વની વાત એ હતી કે, આ વાણિજ્ય ક્રાંતિનાં પરિણામે પરંપરાગત રીતે વ્યાપારનાં ક્ષેત્રે આધિપત્ય ધરાવતા દેશોને કારણે ઈટલી, પોર્ટુગલ અને સ્પેનની પડતી થઈ. જ્યારે ઇંગ્લેન્ડ, હોલેન્ડ અને ફ્રાંસ જેવા દેશોનું વ્યાપાર ક્ષેત્રે આધિપત્ય વધવા લાગ્યું. આ વાણિજ્ય ક્રાંતિનાં પરિણામે સમગ્ર યુરોપમાં ધિરાણ વ્યવસ્થાને પ્રોત્સાહન મળ્યું. તથા આર્થિક વ્યવહારનાં માધ્યમ તરીકે સોના ચાંદીનાં સિક્કાની જગ્યાએ કાગળનું ચલણી નાણું તથા 18 મી સદીમાં 'ચેક'ની શોધ થઈ. જેનાં પરિણામે આર્થિક વ્યવહારનાં ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન આવ્યું. નવી બજાર વ્યવસ્થાને પહોંચી વળવા માટે યુરોપમાં નાની મોટી કંપનીઓનો વિકાસ થયો તેમજ આ સમયગાળા દરમ્યાન યુરોપમાં મધ્યમ વર્ગનો ઉદ્દભવ થયો. આ મધ્યમ વર્ગ 17મી સદી સુધીમાં લગભગ તમામ પશ્ચિમ યુરોપનાં દેશોમાં વર્ચસ્વ ધરાવતા વર્ગ તરીકે પ્રસ્થાપિત થઈ ચુક્યો હતો. જે પાછળથી 19 મી સદીમાં રાજકીય રીતે પણ શક્તિશાળી બન્યા હતા.

ટૂંકમાં યુરોપમાં આવેલ વાણીજ્ય ક્રાંતિએ યુરોપિયન સમાજની આર્થિક વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન કર્યું. જેણે યુરોપિયન સમાજની સમાજ વ્યવસ્થા તથા રાજ્ય વ્યવસ્થાને પ્રભાવિત કર્યા. આ સમયગાળા દરમ્યાન સમગ્ર યુરોપમાં ધર્મ સંસ્થાની પકડ ઢીલી પડવા લાગી ત્યાં રાજાશાહી શાસન વ્યવસ્થા પ્રભાવી બની ચૂકી હતી. વૈજ્ઞાનિક ક્રાંતિઃ 14મી થી 17મી સદી સુધીનો સમયગાળો એ યુરોપિયન સમાજ માટે નવ જાગૃતિનો યુગ હતો. આ સમયગાળા દરમ્યાન યુરોપિયન સમાજમાં ધાર્મિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન આવ્યા. આ સમયગાળા દરમ્યાન યુરોપમાં વૈજ્ઞાનિક ક્રાંતિ થઈ. આ વૈજ્ઞાનિક ક્રાંતિએ માત્ર માનવીનાં ભૌતિક જીવનને જ પ્રભાવિત કર્યું નથી પરંતુ માનવ અને પ્રકૃતિ વચ્ચેનાં સબંધને સમજવા માટેનો નવો દૃષ્ટિકોણ આપ્યો તથા માનવ અને કુદરત વચ્ચેનાં સંબંધોને નવી રીતે સમજવાની દૃષ્ટિ આપી. નવજાગૃતિની પ્રક્રિયા એ નવી વિચારધારાને જન્મ આપ્યો. જેમાં વ્યક્તિની બુદ્ધિ અને તર્કનાં આધારે માનવી અને વિશ્વને વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી અનુભવજન્ય નિરીક્ષણનાં આધારે સમજી શકાય તેવો ખ્યાલ દૃષ્ટિભૂત થયો. આ નવા અભિગમનાં કારણે યુરોપિયન સમાજમાં કેટલીક ક્રાંતિઓ જન્મી તથા કેટલીક નવી શોધખોળો થઈ જેણે યુરોપિયન સામ્રાજ્ય ઉપર ખૂબ ઊંડી અસરો નિપજાવી.

મધ્યકાલીન યુરોપિયન સમાજ એ સામંતશાહી શાસન વ્યવસ્થાને વરેલો હતો. આ સમયગાળામાં ધર્મ સત્તા પ્રભાવી હતી. વ્યક્તિની સત્તા, અધિકારો અને જ્ઞાન પ્રાપ્તિ ઉપર ધર્મ સત્તાનો પ્રભાવ હતો. ધર્મની રૂઢિચુસ્ત માન્યતા તથા સિદ્ધાંતોને પડકારી શકતા નથી. આથી આ સમયગાળા દરમ્યાન વિજ્ઞાનનો જે વિકાસ થયો તે માત્ર ભૌતિક ચીજવસ્તુઓનાં ઉત્પાદન પૂરતો સીમિત હતો. પરંતુ નવ જાગૃતિનાં સમયગાળામાં વૈજ્ઞાનિક ક્રાંતિનો પ્રારંભ થયો. જેણે જૂની પરંપરા અને પ્રથાઓ સામે પડકારો ઉભા કર્યા. પ્રાચિન વિચારની પરંપરામાં સૌથી પહેલું પરિવર્તન ડચ વૈજ્ઞાનિક કોપરનિક્સનાં કાર્યથી આવ્યું. જૂની માન્યતા પ્રમાણે પૃથ્વી સ્થિર છે અને સૂર્ય તથા અન્ય ગૃહો તેની આસપાસ ભ્રમણ કરે છે. કોપરનિક્સે એવો મત રજૂ કર્યા કે સૂર્ય સ્થિર છે અને પૃથ્વી તેની આસ પાસ તથા પોતાની ધરી ઉપર ભ્રમણ કરે છે. જેના પરિણામે બ્રહ્માંડ અંગેનાં પરંપરાગત ખ્યાલમાં પરિવર્તન આવ્યું. મનુષ્ય એ બ્રહ્માંડ કે વિશ્વનું કેન્દ્ર નથી. પરંતુ આ વિશાળ વ્યવસ્થાનો એક નાનકડો ભાગ માત્ર છે.

ત્યારબાદ ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધ્યો. આમ ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રનાં ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન આવ્યું. સાથે સાથે જીવશાસ્ત્રનાં ક્ષેત્રે થયેલી ક્રાંતિએ માનવ શરીરની રચના અને કાર્યો અંગે વિસ્તૃત સમજણ આપી. વિલિયમ હાર્વે (1578-1657) માં લોહીનાં પરિભ્રમણ અંગે સમજૂતી આપી. આ સમયગાળા દરમ્યાન માનવશરીર છેદન-સુરેખ નિરીક્ષણ (ડિસેક્શન) ની પ્રક્રિયા પણ શરૂ થઈ. જૈવિક ઉત્ક્રાંતિનાં ક્ષેત્રે ચાર્લ્સ ડાર્વિન (1809 - 1881) એ ‘ઓરિજીન ઓફ સ્પિસિઝ’ સાધ્યમથી જીવનનાં ઉદ્‌ભવ અંગે તથા માનવજાતિની ઉત્ક્રાંતિ અંગે વિસ્તૃત સમજૂતી આપી. ડાર્વિનનાં આ ઉત્ક્રાંતિવાદને વ્યાપક સ્વીકૃતિ મળી. ઉત્ક્રાંતિવાદની આ થીયરીનો માનવ સમાજ વિજ્ઞાન ઉપર ઊંડી અસરો પડી. હર્બર્ટ સ્પેન્સરે માનવ ઉત્ક્રાંતિને સામાજિક ઉત્ક્રાંતિ સાથે લાગુ પાડી. એ સમજાવ્યું કે, માત્ર જીવન પ્રાણીઓથી જ નથી પરંતુ સમાજ પણ સતત ઉત્ક્રાંતિ પામતો રહે.

વૈજ્ઞાનિક ક્રાંતિ અંગેની ઉપરોક્ત સમજૂતીનાં આધારે આપણે એમ કહી શકીએ કે, નવજાગૃતિ દરમ્યાન યુરોપમાં ઉદ્‌ભવેલો વૈજ્ઞાનિક ક્રાંતિએ તત્કાલિન યુરોપીય સમાજને વિશેષ પ્રભાવિત કર્યો હતો. પરંપરાવાદી અને સંસ્થાનવાદને વરેલા તથા સમાજ વ્યવસ્થા અને રાજ્ય વ્યવસ્થા પર વૈજ્ઞાનિક કાંતિનાં કારણે સમાજની રૂઢિચુસ્તતા તથા પરંપરાઓની સાથે માનવ અને સમાજ વચ્ચેનો સબંધ પરંપરાગત રીતે સમજવાનાં બદલે તર્કનાં આધારે સમજવાનો

પ્રયાસ થવા લાગ્યા. પ્રકૃતિ અને માનવ વચ્ચેનો સબંધ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજવા લાગ્યા. તેણે યુરોપીય સમાજમાં એક નવું બૌદ્ધિક વાતાવરણ ઊભું કર્યું. આમ, વાણિજ્ય ક્રાંતિએ અને વૈજ્ઞાનિક ક્રાંતિએ પરંપરાગત યુરોપીય, સમાજમાં વૈજ્ઞાનિક તર્કબદ્ધ વાતાવરણને પ્રોત્સાહન આપ્યું.

## 4.4 ફ્રાંસની રાજ્યકાંતિ

ફ્રાંસની રાજ્યકાંતિઃ સમાજશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસમાં તેમજ માનવ સ્વતંત્રતા અને સમાનતા માટેનાં ઈતિહાસમાં ફ્રાન્સની રાજ્યક્રાંતિએ ફ્રાન્સમાંથી રાજાશાહીનો અંત અને લોકશાહીની શરૂઆત કરી હતી. બીજી રીતે કહીએ તો આ ક્રાંતિએ સામંતશાહી યુગનો અંત અને નવી સમાજ વ્યવસ્થાનો પ્રારંભ કર્યો હતો. આ ક્રાંતિ એટલી વ્યાપક અને અસરકારક હતી કે તેની અસરો ફ્રાંસ ઉપરાંત અન્ય કેટલાક દેશો પર પણ પડી. ભારતનાં બંધારણમાં સ્વંતત્રતા, સમાનતા. અને બંધુત્વતાની વાતને સ્વીકારવામાં આવી છે. તેનાં મૂળ પણ ફ્રાંસની રાજ્યક્રાંતિમાં સમાયેલા છે. આ ક્રાંતિકારી ચળવળનાં ઈતિહાસ તરફ દૃષ્ટિપાત કરીએ તો જાણવા મળે છે કે, ફ્રાંસની રાજ્યક્રાંતિ પહેલા ફ્રાંસમાં સામંતવાદી સમાજવ્યવસ્થા પ્રચલિત હતી. સમગ્ર ફ્રાંસ ત્રણ એસ્ટેટમાં વિભાજીત હતું.

**પ્રથમ એસ્ટેટ :** પ્રથમ એસ્ટેટ એ ધર્મગુરુઓની બનેલ હતી. આ ધર્મ ગુરુઓમાં પણ ઉચ્ચ-નિમ્ન ભેદભાવ હતા. સામાજિક સ્તરીકરણનાં ભાગરૂપે તેઓ ઉચ્ચ અને નિમ્ન શ્રેણીઓમાં વિભાજીત થયેલા હતા. આમાં, કાર્ડિનલ, ચર્ચબિશપો, બિશપો, અબોટો એમ સ્તરીકરણ હતું. મોટાભાગનાં ધર્મગુરૂઓ એશોઆરામનું જીવન જીવતા હતા. ખાસ કરીને ઉપરની શ્રેણીનાં ધર્મગુરુઓ ધાર્મિક પ્રવૃત્તિઓ કરતા. દારૂ, જુગાર, મધપાન,એશોઆરામ તથા રાજકીય પ્રવૃત્તિઓમાં વધારે સમય વ્યતિત કરતા. નિમ્ન સ્તરનાં ધર્મગુરુઓ પર ધાર્મિક પ્રવૃત્તિઓનો બોજ વધારે રહેતો હતો. અને તેઓ ગરીબીમાં પોતાનું જીવન વ્યતીત કરતા. આમ, પરંપરાગત ફ્રાંસની સમાજ વ્યવસ્થામાં પ્રથમ એસ્ટેટ એવો ધર્સ સત્તાનો વિશેષ પ્રભાવ હતો.

**બીજી એસ્ટેટ :** બીજી એસ્ટેટમાં ઉમરાવનો સમાવેશ થતો હતો. આ ઉમરાવને આપણે પરંપરાગત ભારતીય સમાજનાં જમીનદારો સાથે સરખાવી શકીએ. આ ઉમરાવ વાસ્તવમાં લોકોનાં રક્ષક હતા. તેઓ હાથમાં તલવાર ધારણ કરતા તથા પહેરવેશમાં લાંબો ઝભ્ભો પહેરતા. તેઓ મોટેભાગે ભૌતિક સુખ સમૃદ્ધિવાળું જીવન જીવતા હતા. તેમજ એશો આરમની જીંદગી જીવતા હતા. શ્રમ પૂર્ણ જીંદગીથી દૂર રહેતા. આ ઉમરાવ વર્ગએ જન્મજાત ન હતા. મોટાભાગનાં ઉમરાવ ખિતાબ કે, ઈલ્કાબથી બનતા હતા. આમાનાં કેટલાક ઉમરાવ ઉદારમતવાદી અને પ્રગતિશીલ હતા. તેની પાછળનું મુખ્ય કારણ એ હતું કે, તેઓ સમાજની ત્રીજી એસ્ટેટમાંથી ઉંચા આવ્યા હતા. ટૂંકમાં બીજી એસ્ટેટ એ ઉમરાવ વર્ગની હતી જે એશોઆરામપૂર્ણ જીંદગી જીવતા અને મોજશોખમાં પોતાનું જીવન વ્યતીત કરતા.

**ત્રીજી એસ્ટેટ :** સમાજની ત્રીજી એસ્ટેટમાં બાકી રહેલા તમામ લોકોનો સમાવેશ થાય છે. આવા લોકોમાં ખેડૂતો વેપારીઓ કારીગરો, નાના ધર્મગુરુઓ વગેરેનો સમાવેશ થાય છે. સમાજનો આ વર્ગ ખૂબ મહેનત કરતા તેમનું જીવન શ્રમથી ભરેલું હતું. ખેડૂતો નાના વ્યાપારીઓ તથા પરિશ્રમ કરી ધન કમાત. પરંતુ તેમની મોટાભાગની આવક સરકારી કરવેરા ભરવામાં જતી હતી. સમગ્ર રાજ્ય સત્તા તથા ઉમરાવનાં નિભાવનો ખર્ચ આ ખેડૂતો અને નાના વ્યાપારીઓ પાસેથી વસૂલ કરવામાં આવતો. આથી આ વર્ગ કમાતો વધારે પરંતુ તેમજ મોટાભાગની આવક કરવેરામાં જતી આથી તેમનું ગુજરાન માંડ માંડ ચાલતું હતું. આટલો કર ચૂકવવા છત્તા સરકાર કે ઉમરાવ દ્વારા તેમને કોઈ જ પ્રકારનું રક્ષણ પૂરું પાડવામાં આવતું નહીં.

રજા, ધર્મગુરુઓ તથા ઉમરાવને ખુશ રાખવા માટે ખેડૂતનું શોષણ કરતા રહેતા હતા. ફ્રાંસમાં ત્રીજી એસ્ટેટમાં ખેડૂતોની સાથે સાથે વેપારીઓ, વકીલો, બેન્કરો, ઉત્પાદકોનો પણ સમાવેશ થતો હતો. સમાજનો આ વર્ગ બુર્ઝવાના નામે ઓળખાતો. આ વર્ગની સ્થિતિ ખેડૂતોની તુલનામાં પ્રમાણમાં સારી હતી. 1720-1799માં ફ્રાંસમાં થયેલા ભાવ વધારાએ આ વર્ગને ખૂબ લાભ કરાવ્યો. તેમની આર્થીક સ્થિતિમાં ખૂબ સુધારો થયો. આ સ્થિતિએ ફ્રાંસમાં બુર્ઝવા વર્ગની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો કર્યો. આ વર્ગ આર્થિક રીતે સમૃદ્ધ વર્ગ હતો. પરંતુ ઉમરાવ જેટલી તેમની સામાજિક પ્રતિષ્ઠા ઊંચી ન હતી. ટૂંકમાં આ વર્ગ વ્યાપાર ઉદ્યોગ, બેન્કસ, ઇત્યાદિ ઉપર પ્રભુત્વ ધરાવતો હોવા છત્તા બુર્ઝવા વર્ગ પાસે ઉમરાવની માફક ન્યાયાલય કે વહીવટી સત્તા ન હતી. બીજી એસ્ટેટનાં લોકો આ વર્ગ તરફ ઘણા ઘૃણા અને નફરતથી જોતા તેમજ રાજા તેમના તરફ વિશેષ ધ્યાન આપતો નહી.

આમ, ફ્રાંસની સમગ્ર જનસંખ્યા આ ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ હતી. સમાજની પ્રથમ અને બીજી એસ્ટેટ એવા ધર્મગુરુ તથા ઉમરાવની વસ્તી માત્ર બે ટકા હતી જ્યારે તેમની પાસે જમીનની માલિકી 35% જેટલી હતી. જ્યારે સમાજની ત્રીજી એસ્ટેટ એવા ખેડૂતોની વસ્તી 80% હતી. જ્યારે તેમની પાસે જમીનની માલિકી માત્ર 30% જેટલી જ હતી વળી સૌથી મહત્ત્વની વાત એ હતી કે, જેમની પાસે સૌથી વધારે જમીન માલિકી હતી તેવા ઉમરાવ અને ધર્મગુરુઓ સરકારને ટેક્ષ ભરતા ન હતા. જ્યારે જેમની પાસે જમીનની માલિકી નહીવત હતી તેઓ ખેડૂત વર્ગ સરકારનાં લગભગ તમામ પ્રકારનાં ટેક્ષ ભરતા હતા. આમ, આ સમયગાળામાં ફ્રાંસમાં સમાજનાં મોટાભાગની વસ્તીની એટલે કે 80% વસ્તી ગરીબી રેખા હેઠળ જીવતી હતી. આ સમાજની આર્થિક સામાજિક અને રાજકીય શોષણનો ભોગ બનતા હતા.

**રાજ્યવ્યવસ્થા**

ફ્રાંસની રાજ્યક્રાંતિ પૂર્વે પૂર્વ ફ્રાંસમાં અન્ય દેશોની માફક રાજાશાહી શાસન વ્યવસ્થા હતી. દેશમાં સંપૂર્ણ રાજાશાહી શાસન વ્યવસ્થા હતી. રાજાને દેવોનો સીધો વારસદાર ગણવામાં આવતો. આથી રાજા અને પ્રજા દેવી હકનાં સિદ્ધાંતને ચુસ્તપણે અનુસરતા. રાજાનો આદેશ એ નિયમ બનતો. રાજાએ આપેલી સજા સામે ક્યારેય કોર્ટ કાર્યવાહી કે ન્યાયાલયમાં જવાની વ્યવસ્થા ન હતી. રાજાનું ફરમાન આખરી ફરમાન ગણવામાં આવતું હતું. રાજાની આવક તથા રાજ્યની આવક વચ્ચે કોઇ ભેદ ન હતો. રાજા દ્વારા નક્કી કરવામાં આવતો કર પ્રજાએ ફરજીયાતપણે ચૂકવવાનો રહેતો. રાજા ઉમરાવો, ધર્મગુરુઓને પંપાળતો. સમાજની ત્રીજી એસ્ટેટ એવા ખેડૂતો પ્રત્યે ક્યારેય ધ્યાન આપતા નહી. આ પ્રકારની રાજાશાહી શાસન વ્યવસ્થા ફ્રાન્સમાં લગભગ 200 વર્ષ સુંધી રહી. આ 200 વર્ષ સુધી લૂઈ વંશનાં રાજાઓએ ફ્રાંસ ઉપર રાજ કર્યું હતું.

**ફ્રાંસની અર્થવ્યવસ્થાઃ**

ફ્રાંસની રાજ્ય સત્તાની અનેક મર્યાદાઓને કારણે આર્થિક સ્થિતિ દયનીય હતી. ફ્રાંસમાં ઇતિહાસ તરફ દૃષ્ટિપાત કરીએ તો જાણવા મળે છે કે, ફ્રાંસનાં લૂઇ ચૌદમાંથી માંડીને પછી આવેલા તમામ રાજાઓએ ખૂબ ખર્ચાળ યુદ્ધમાંથી ઉભરવું પડ્યું. રાજાઓનુ ભોગવિલાસપૂર્ણ જીવન તથા યુદ્ધનાં ખર્ચનાં પરિણામે ફ્રાંસ દેશ આર્થિક રીતે સંપૂર્ણ રીતે પાયમાલ થઇ ચૂક્યો હતો. લૂઈ ચૌદમાંનાં મૃત્યુ સુધીમાં તો, ફ્રાંસ એક દેવાળીયુ રાજ્ય બની ચૂક્યુ હતું. લૂઇ 15માં એ આ આર્થિક કટોક્ટીમાંથી બહાર આવવા માટે આર્થિક સુધારા લાવવાનાં બદલે તેમજ ખોટા ખર્ચ ઘટાડવાનાં બદલે શરાફો અને બ્રોકર્સ પાસેથી પૈસા ઉછીનાં લેવાનું ચાલુ જ રાખ્યું. તેમનાં સમયગાળાનું આ વાક્ય જગજાહેર હતું. ‘મારા પછી આફત’. ટૂંકમાં આ સમયગાળામાં ફ્રાંસની

આર્થિક સ્થિતિ દયનીય હતી. લૂઇ 16માને વારસામાં દેવું મળેલું. વળી તે રાજકીય રીતે અને એક શાસક તરીકે નબળો અને બિનઅસરકારક રાજા હતો. તેની પત્ની ખૂબ ખર્ચાળ અને વૈભવી જીવન જીવવાવાળી હતી. આથી ફ્રાંસની આર્થિક સ્થિતિ ખૂબ નબળી હતી. અર્થવ્યવસ્થા સદંતર નિષ્ફળ ગઈ હતી.

**ફ્રાંસનાં બૌદ્ધિક પ્રવાહોઃ**

ફ્રાંસનાં તત્કાલિન સમાજવ્યવસ્થા તરફ દૃષ્ટિપાત કરીએ તો, જાણવા મળે છે કે, 18મી સદીનાં સમયગાળા દરમ્યાન યુરોપનાં અન્ય રાજ્યોની માફક ફ્રાન્સમાં પણ બુદ્ધિવાદ તથા તર્કવાદને પ્રાધાન્ય આપતા હતા. ટૂંકમાં આ સમયગાળામાં ફ્રાન્સમાં બુદ્ધિવાદ તથા તર્કબદ્ધતાને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. સમાજની પ્રત્યેક સાચી બાબતોને તર્કનાં આધારે સાબિત કરી શકાય તેવી માન્યતા પૂર્વેની હતી. ફ્રાંસના આ પ્રકારોનું બૌદ્ધિક વાતાવરણ ઊભું કરવામાં જેણે મહત્ત્વની ભૂમિકા ભજવી તેમાં મોન્ટેસ્ક્યૂ (1689 થી 1755) નું નામ મોખરે છે. તેમનાં પુસ્તક ‘ધી સ્પિરિટ ઓફ લૉમાં એવું મંતવ્ય રજૂ કરવામાં આવ્યું કે, એક જ સ્થાન ઉપર વહીવટી ધારાકીય અને ન્યાયતંત્રીય સત્તાનું કેન્દ્રિકરણ થવું જોઈએ નહીં. તેઓ સત્તાનાં વિકેન્દ્રિકરણમાં તથા વ્યક્તિ સ્વતંત્રતાના હિમાયતી હતા. આવા જ એક તત્ત્વચિંતક લોકે પણ ફ્રાંસનાં બુદ્ધિજીવન પર ઊંડી અસરો પડી હતી. અંગ્રેજ તત્ત્વચિંતક લોકે એ (1632 થી 1704) વ્યક્તિગત અધિકારની હિમાયત કરી હતી. આવા અધિકારમાં જીવન જીવવાનો અધિકાર, મિલકતનો અધિકાર તથા વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારનો સમાવેશ થાય છે. તેમનાં મતે આ અધિકારને રાજસત્તા વ્યક્તિ પાસેથી છીનવી શકે નહીં. એવું જ નહીં વ્યક્તિનાં આ અધિકારનું રક્ષણ કરવું એ રાજસત્તાની ફરજ છે તેવો નિર્દેશ કર્યો હતો. ફ્રાંસનાં દાર્શનિક વૉલ્તેરએ (1694થી 1778) ધાર્મિક સ્વતંત્રતા અને વાણી સ્વાતંત્રતાની હિમાયત કરી. તથા અભિવ્યક્તિની સ્વતંત્રતા ઉપર ભાર મૂક્યો. એવી જ રીતે રસો (1712 થી 1778) એ તેમનાં પુસ્તક ‘સામાજિક કરાર’ નામનાં પુસ્તકમાં લોકોને તેમનાં સાર્વભૌમત્વ ધરાવતા શાશકને પસંદ કરવાનાં અધિકાર પર ભાર મૂક્યો. તેમનાં મતે વ્યક્તિનાં વ્યક્તિત્વનો વિકાસ તેમણે પસંદ કરેલ સરકારનાં શાશનમાં જ ઉત્તમ થાય તેવું જણાવ્યું. ટૂંકમાં આ સમયગાળા દરમ્યાન ફ્રાંસમાં ઉદ્ભવેલા આ નવા બૌદ્ધિક વાતાવરણએ સમાજમાં સ્વતંત્રતા, સમાનતા, વાણી અભિવ્યક્તિ તથા મિલકતનાં અધિકારોનું વાતાવરણ ઊભું કર્યું. જેણે આગળ જતા લોકશાહીનાં નવા મૂલ્યોનું સર્જન કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી તેમ કહી શકાય.

ટૂંકમાં ઉપરોક્ત સમજૂતીનાં આધારે આપણે એમ કહી શકીએ કે, ફ્રાંસની તત્કાલિન સમાજ વ્યવસ્થા, અર્થવ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા, તથા 18મી સદીમાં થયેલ બૌદ્ધિક જાગૃતિએ ફ્રાંસમાં રાજ્યક્રાંતિની મશાલ પ્રગટાવી. ફ્રાંસનાં લોકો સ્વતંત્રતા, સમાનતા અને સમાન અધિકારો માટે જાગૃત થયા. રાજાશાહી શાસન વ્યવસ્થાનો અંત આવ્યો અને લોકશાહી સમાજ વ્યવસ્થાનો પ્રારંભ થયો. ફ્રાંસની આ રાજ્યક્રાંતિએ માત્ર ફ્રાંસની જ નહી પરંતુ સમગ્ર યુરોપની સમાજવ્યવસ્થા અને રજ્યવ્યવસ્થાનું ઢાંચો બદલી નાખ્યો. સામંતશાહી યુગનો અંત આવ્યો. આ નવી સમાજ વ્યવસ્થાએ યુરોપનાં સમાજ જીવનની સંસ્કૃતિને ખૂબ પ્રભાવિત કર્યા. આ ક્રાંતિનાં પરિણામે સમગ્ર યુરોપિયન સમાજમાં આમૂલ પરિવર્તન આવ્યું. જેણે સમાજ વિજ્ઞાનીઓનું ધ્યાન તેના તરફ કેન્દ્રિત કર્યું. જે આગળ જતા સમાજશાસ્ત્રનાં અભ્યાસક્ષેત્રનું કેન્દ્રબિંદુ બન્યું.

## 4.5 ઔદ્યોગિક ક્રાંતિ

વિશ્વમાં વૈજ્ઞાનિક વિકાસ અને નવી શોધખોળનાં પરિણામે યંત્રવિજ્ઞાન અને ટેકનોલોજીનાં ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન આવ્યું. જે આગળ જતા ઔદ્યોગિક ક્રાંતિ તરીકે ઓળખાયું. ફ્રાંસની રાજ્યક્રાંતિની માફક ઔદ્યોગિક ક્રાંતિએ પણ યુરોપમાં સમાજશાસ્ત્રનાં વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. ઔદ્યોગિક ક્રાંતિએ માત્ર ઔદ્યોગિક એકમોનું જ પરિવર્તન દર્શાવતું નથી પરંતુ ઉદ્યોગો સાથે જોડાયેલ અર્થવ્યવસ્થા, સમાજવ્યવસ્થા તથા સામાજિક માળખાને પણ પ્રભાવિત કરે છે. ઈંગ્લેન્ડમાં આશરે 1760માં ઔદ્યોગિક ક્રાંતિનો પ્રારંભ થયો હોવાનું માનવામાં આવે છે. ઈંગ્લેન્ડમાં શરૂ થયેલ આ ઔદ્યોગિક ક્રાંતિએ સૌપ્રથમ ઈંગ્લેન્ડને અને ત્યારબાદ સમાજનાં અન્ય ખંડોને સામાજિક અને આર્થિક રીતે પ્રભાવિત કર્યા હતા. નવી ઉત્પાદન પ્રણાલી, ચીજવસ્તુઓની વધતી જતી માંગ, વ્યાપાર વાણિજ્યનો વિકાસ, નવા જળમાર્ગોની શોધ, તેમજ નવી શાસન વ્યવસ્થાએ ન માત્ર ઈંગ્લેન્ડની સમાજવ્યવસ્થા અને અર્થવ્યવસ્થાને પ્રભાવિત કરી. પરંતુ સમગ્ર માનવ સમાજને પ્રભાવિત કર્યાં. પરંપરાગત સામંતશાહી વ્યવસ્થામાંથી મૂડીવાદી અર્થવ્યવસ્થાનો પ્રારંભ થયો. નવા ઉત્પાદનનાં સાધનોએ ઉત્પાદનની પ્રક્રિયા તથા સામાજિક સબંધોનાં માળખામાં પરિવર્તન નિપજવ્યું. આ ઔદ્યોગિક ક્રાંતિની તત્કાલિન સમાજ વ્યવસ્થા ઉપર સર્વગ્રાહી અસરો જોવા મળી હતી.

**ઔદ્યોગિક ક્રાંતિનો સમાજ પરનો પ્રભાવઃ**

ઔદ્યોગિક ક્રાંતિએ નવી અર્થવ્યવસ્થા ને જન્મ આપ્યો તથા ઉત્પાદન પ્રણાલી અને ઉત્પાદનનાં સબંધોમાં આમૂલ પરિવર્તન નિપજાવ્યું. ઔદ્યોગિકરણનાં કારણે નવા શહેરોનો ઉદ્‌ભવ થયો. ઔદ્યોગિક શહેરોમાં આર્થિક વિષમતા ઝડપભેર વિકસવા લાગી. સાથે સાથે ઔદ્યોગિક કામદારોમાં માર્કસનાં શબ્દોમાં કહીએ તો, સામાજિક વિમુખતા અને અજંપો વધવા લાગ્યો. તે સમયનાં રૂઢિવાદી અને ઉદ્દામવાદી ચિંતકો સ્પષ્ટપણે માનતા હતા કે, આ ઔદ્યોગિક ક્રાંતિનાં પરિણામે સમાજમાં નવી ક્રાંતિ આવશે. ઔદ્યોગિક ક્રાંતિનાં પરિણામે સમાજમાં આવેલ પરિવર્તનો તથા તેમાંથી ઉદ્‌ભવેલાં કેટલાક પાયાનાં પ્રશ્નો પ્રત્યે તે સમયનાં સમાજવિજ્ઞાનીઓનું ધ્યાન ગયું. અને તેમણે આ પ્રશ્નોનો અભ્યાસ સમાજશાસ્ત્રીય અભિગમથી કરવામાં રસ દાખવ્યો. જે મુખ્યત્વે નીચે પ્રમાણે હતા.

1) **મજૂરોની સ્થિતિ :** નવી ઔદ્યોગિક ક્રાંતિનાં કારણે શ્રમિક વર્ગનાં ખેડૂતોનાં સ્થાને નવો મજૂરવર્ગ અસ્તિત્વમાં આવ્યો. જે આ નવા ઔદ્યોગિક એકમોમાં કામ કરીને પોતાની આજીવિકા ચલાવતો હતો. પ્રારંભિક તબક્કે આ નવો શ્રમિક વર્ગ શહેરોમાં ગંદા વસવાટોમાં મર્યાદિત સુવિધાઓમાં પોતાનું જીવન વ્યતિત કરતો હતો. આ વર્ગ તેમની પાયાની અને મૂળભૂત જરૂરિયાતોથી વંચિત હતો. પરંતુ નવીન વ્યવસ્થાનું તે અનિવાર્ય ભાગ હતો.તેમનાં સિવાય ઉદ્યોગોનું અસ્તિત્વ શક્ય ન હતું. આથી તે સમાજનાં એક શક્તિશાળી તરીકે અસ્તિત્વમાં આવ્યું. પરંતું તેની સાથે સાથે કેટલાક પ્રશ્નો પણ અસ્તિત્વમાં આવ્યા. જેમાં ખાસ કરીને સામાજિક વિમુખતા, આર્થિક શોષણ, વર્ગ વિગ્રહ, કામદારોમાં અજંપો, હડતાળો, ગંદા વસવાટો વગેરે આ બધા પ્રશ્નોએ સમાજ વિજ્ઞાનીઓનું ધ્યાન દોર્યું.

   **મિલ્કતનું રૂપાંતર :** ઔદ્યોગિક ક્રાંતિનાં પરિણામે નવી ઉદ્‌ભવેલ ઉત્પાદન પ્રણાલી તથા મૂડીવાદી અર્થવ્યવસ્થાએ મિલ્કતનું સ્વરૂપ અને માલિકીનાં સ્વરૂપમાં નોંધપાત્ર પરિવર્તન નિપજાવ્યું. પરંપરાગત સમાજમાં જમીનની માલિકી મહત્ત્વની હતી. તે હવે

ઘટવા લાગી. તેનું સ્થાન નાણાં અથવા મૂડીએ લીધું. નવી ઔદ્યોગિક વ્યવસ્થામાં રોકાણનું મહત્ત્વ વધવા લાગ્યું. આથી જમીનદારોનું મહત્ત્વ ઘટવા લાગ્યું. અલબત્ત, મોટાભાગનાં રોકાણકારો અને મૂડીપતિઓએ જૂના જમીનદાર જ હતા. ટૂંકમાં, નવી ઔદ્યોગિકરણની પ્રક્રિયાએ જમીનની જગ્યાએ રોકડ રોકાણનું પ્રાધાન્ય આપ્યું. તેણે સમાજશાસ્ત્રીઓનું ધ્યાન આકર્ષિત કર્યું.

2) **નગરવાદનો વિકાસ :** ઔદ્યોગિક વિકાસની સાથે સાથે નગરોનો વિકાસ પણ અનિવાર્યપણે થવા લાગ્યો. બીજી રીતે ક્હીએ તો નગરોનાં વિકાસે ઔદ્યોગિકરણ આડપેદાશ છે. આવા નગરો પરંપરાગત નગરોથી તદ્દન ભિન્ન હતા. પરંપરાગત મહાનગરો જેવાં કે, રોમ, એથેન્સ, વગેરે તેમની સભ્યતા, સંસ્કૃતિ, શિષ્ટાચાર તથા શાંતિ માટે જાણીતા હતા. જ્યાં ઔદ્યોગિકરણના કારણે વિકસેલા મહાનગરોમાં અજંપો, અવ્યવસ્થા, ગુનાખોરી તથા અત્યાચાર અને શોષણ માટે જાણીતા હતા. આ નવી નગર રચના તથા તેનાં કાર્યોએ પ્રારંભિક સમયમાં સમાજશાસ્ત્રીનું ધ્યાન પોતાનાં તરફ દોર્યું.

3) **મોટા ઉદ્યોગોનો વિકાસઃ** ઔદ્યોગિકરણનાં વિકાસની સાથે ગૃહ ઉદ્યોગની પડતી થઈ. ગૃહ ઉદ્યોગનું સ્થાન મોટા ઉદ્યોગોએ લીધું. જેની સીધી અસર સમાજ વ્યવસ્થા ઉપર થઈ. આ નવી વ્યવસ્થાના કારણે શ્રમવિભાજન, કાર્ય દ્વિયીકરણનું સહત્વ વધ્યું. સામાજિક સબંધોનાં સ્વરૂપમાં પરિવર્તન આવ્યું. ગ્રામીણ ક્ષેત્રમાંથી શહેરો તરફનું સ્થળાંતર યંત્રોનાં વિકાસનાં કારણે કામ પર વ્યક્તિનું નહી પરંતુ યંત્રોનું મહત્ત્વ વધવા લાગ્યું. ઉત્પાદન પ્રણાલી તથા વેર્સણપ્રણાલીયાં પરિવર્તન આવ્યું. માર્કસનાં શબ્દોમાં કહીએ તો, કામદારોમાં ઉત્પાદન, વિમુખીકરણ તથા સામાજિક સુખીકરણનું પ્રમાણ વધ્યું. યંત્રોનો માનવ સમાજ પરની અસરોનો ઉલ્લેખ પ્રારંભિક સમાજશાસ્ત્રીઓનાં લખાણમાં નજરે જોવા મળે છે.

## 4.6 સારાંશ

ઉપરોક્ત સમજૂતીનાં આધારે આપણે એમ કહી શકીએ કે, 18મી અને 19મી સદીમાં યુરોપમાં આવેલાં કેટલાક આર્થિક, સામાજિક, રાજકીય અને વૈચારિક પરિવર્તનોએ સમાજશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસ માટે સાનુકૂળ પરિસ્થિતિનું સર્જન કરી આપ્યું. ખાસ કરીને 18મી સદીમાં યુરોપમાં આવેલ વાણિજ્ય ક્રાંતિ તથા વૈજ્ઞાનિક ક્રાંતિએ નવજાગૃતિ માટે યોગ્ય વાતાવરણ ઊભું કરી આપ્યું. નવજાગૃતિનાં સમયમાં સમાજનાં અધ્યયન માટે વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ થયો. આ સસયગાળા દરમ્યાન સામાજિક ચિંતકો અગાઉનાં ચિંતકો કરતા વધારે વ્યવસ્થિત સાતત્યપૂર્ણ અને સુસંગત રીતે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરી માનવ સમાજ અંગે વૈજ્ઞાનિક રીતે વિચારવાનું શરૂ કર્યું. આમ, આ સમયગાળામાં સમાજનાં અધ્યયન પ્રત્યેનું વૈજ્ઞાનિક અભિગમ વિકસ્યો. જેને સમાજશાસ્ત્રીય ઉદ્ભવ અને વિકાસ માટે સાનુકૂળતા સર્જી. આ ઉપરાંત આ જ સમયગાળામાં થયેલ ફ્રાંસની રાજ્યક્રાંતિ અને યુરોપની ઔદ્યોગિક ક્રાંતિએ પણ સમાજશાસ્ત્રનાં ઉદ્ભવ અને વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

## 4.7 ચાવીરૂપ શબ્દોઃ

**લોકશાહીઃ** લોકશાહી એટલે સમાજની એવી વ્યવસ્થા કે જ્યાં લોકોનાં હક્કો અને વિશેષાધિકારોની સમાનતા, રાજકીય- સામાજિક અને કાયદામાં સમાનતાનો સ્વીકાર કરવામાં આવે, જ્યાં લોકોની સર્વોચ્ચ સત્તા સામૂહિક રીતે ગણવામાં આવે તેવું સરકારનું સ્વરૂપ.

**સામંતશાહી :** ખેતી વિષયક જમીન ભાડાપટ્ટાની એવી વ્યવસ્થા જ્યાં અર્ધ ગુલામો જમીન ધરાવતા જમીનદારની સેવા કરતા અને બદલામાં જમીનદાર ગુલામને પોતાની જમીન ખેડવા દેતા તથા પોતાની જમીન ઉપર રહેવા દેતા.

**એસ્ટેટ :** આ એક સામાજિક સ્તરીકરણની વ્યવસ્થા છે. જે 17 મી - 18મી સદીની આસપાસના સમયમાં મધ્યયુગનાં યુરોપનાં સમાજમાં પ્રવર્તતી સ્તરીકરણની વ્યવસ્થા. આ સામાજિક સ્તરીકરણની વ્યવસ્થામાં સમાજ વિભિન્ન કાયદાઓ અને સામાજિક દરજ્જો ધરાવતા ભિન્ન સામાજિક જૂથોમાં વહેંચાયેલો હતો.

**મૂડીપતિ :** ઔદ્યોગિક વ્યવસ્થામાં ઉત્પાદનનાં સાધનોની માલિકી ધરાવતો વર્ગ મૂડીપતિઓ કહેવાય છે. ઉત્પાદનનાં સાધનોમાં તેઓ નાણા, મિલકત, સાધન, ઓજારો અને ઉત્પાદનની માલિકી ધરાવનારા હોય છે.

## 4.8 તમારી પ્રગતિ ચકાસોઃ

**ટૂંકા પ્રશ્નોનાં જવાબ આપો.**

1. યુરોપમાં રાજ્યક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિને કારણે આવેલ પરિવર્તન જણાવો.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

2. યુરોપનાં કયા સમયગાળાને રેનેસાના સમયગાળા તરીકે ઓળખવામાં આવે છે.

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

3. ચાર્લ્સ ડાર્વિને માનવજાતિની ઉત્ક્રાંતિની સમજૂતી કયાં પુસ્તકમાં આપી છે ?

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

4. ત્રીજી એસ્ટેટમાં કયા લોકોનો સમાવેશ થતો હતો ?

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

૫. ફ્રાંસનાં બૌદ્ધિક વિચારકો જણાવો.

.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................
.......................................................................

**મુદ્દાસર જવાબ આપો.**

1. સમાજશાસ્ત્રનાં ઉદ્‌ભવ પાછળ મહત્ત્વનાં પરિબળ તરીકે કઈ ઐતિહાસિક ઘટનાઓને આલેખવામાં આવી છે ?

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

2. સમાજશાસ્ત્રનાં ઉદ્‌ભવ સમયની સામાજિક સ્થિતિ દર્શાવો.

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

......................................................................................................................................

3. ફ્રાંસની રાજ્યક્રાંતિ પહેલા ત્રણ એસ્ટેટની સમજણ દર્શાવો.

4. ઔદ્યોગિક ક્રાંતિનો સમાજ પરનો પ્રભાવ દર્શાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 4.9 સંદર્ભ સૂચિ


- Alex Inkeles : What is sociology ! An introduction to the discipline &profession, Prentice Hall Inc.
- Davis Kingsley : Human Society, Macmillan Co..
- Fairchild (Ed.) : Dictionary of Sociology
- Jobnson Harry M. : Sociology - A Systematic Introduction, Allied Publication Indian Ed.
- Anderson and Parker : An Introduction to Sociology
- Davis Kingsley : Human Society
- Harton and Hunt : Sociology
- Johnson Harry M : Sociology - A Systematic Introduction
- Maciver and Page : Society
- Ogbarn and Nimkoff : A Handbook of Sociology
- UshaKanharse (Trans.) Samajshatra (Gujarati) Guj. Uni.
- V. Joshi (Dr.) 'Paribhashik ShabdaKosh' UniGranthnirman Board,Ahmedabad.


❖ ❖ ❖

એકમ 5

# ભારતમાં સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ વિકાસ

-: રૂપરેખા :-

**5.0** ઉદ્દેશો

**5.1** પ્રસ્તાવના

**5.2** ભારતમાં સામાજિક, ધાર્મિક અને રાજકીય આંદોલન

**5.3** ભારતમાં શિક્ષણ અને સ્વાતંત્ર્ય પહેલા સમાજશાસ્ત્રના શિક્ષણનો પ્રારંભ

**5.4** સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારતમાં સમાજશાસ્ત્રનો વિકાસ

**5.5** સમાજશાસ્ત્રના વિકાસને પ્રાધાન્ય આપતી સંસ્થાઓ

**5.6** ભારતીય સમાજશાસ્ત્રના વિકાસમાં પાયાનું યોગદાન આપનાર સમાજશાસ્ત્રીઓ

- **5.6.1** જી. એ. ઘૂર્યે
  - અભ્યાસો
  - ભારતમાં આદિવાસી અભ્યાસો
  - ભારતમાં ગામ નગરીકરણ
- **5.6.2** રાધાકમલ મુખર્જી
  - સામાજિક પર્યાવરણશાસ્ત્ર
  - મૂલ્યનો સિદ્ધાંત
  - નગરની સામાજિક સમસ્યા પરત્વેનો નિવારણ અભિગમ
  - ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ
- **5.6.3** ડી. પી. મુખર્જી
  - જીવન કવન
  - ડી. પી. મુખર્જીના કેન્દ્રવર્તી વિચારો
  - પરંપરા અને આધુનિકતા વચ્ચેનો દ્વન્દ
  - નવો મધ્યમ વર્ગ

**5.7** ચાવીરૂપ શબ્દો

**5.8** તમારી પ્રગતિ ચકાસો

**5.9** સંદર્ભ સૂચિ

## 5.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, પ્રસ્તુત એકમમાં ભારતમાં સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ અને વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

- ➢ વિદ્યાર્થીઓ ભારતીય સમાજશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસ અંગેની વિસ્તૃત માહિતી મેળવી શકશે.
- ➢ વિદ્યાર્થીઓ સ્વાતંત્ર્ય પહેલા અને ત્યારબાદ સમાજશાસ્ત્રના વિકાસ અંગેની વિસ્તૃત માહિતી મેળવી શકશે.
- ➢ વિદ્યાર્થીઓ ભારતીય સમાજશાસ્ત્રમાં પાયાનું યોગદાન આપનાર સમાજશાસ્ત્રી વિશે માહિતી મેળવી શકશે.

## 5.1 પ્રસ્તાવના :

ભારતમાં સમાજશાસ્ત્ર કે સામાજિક માનવશાસ્ત્રનાં વિકાસ પાછળ બ્રિટિશ સામ્રાજ્યનો એક મહત્ત્વનો ઉદેશ રહ્યો હતો. મૂળભૂત રીતે ભારતીય સમાજ વ્યવસ્થાને, ભારતીય સંસ્કૃતિને, ભારતીય સમાજ સંબંધિત વાસ્તવદર્શીય પરિસ્થિતિને સમજવા માટે સમાજશાસ્ત્ર અને સામાજિક માનવશાસ્ત્રનો ઉદ્ભવ વિકાસ જરૂરી હતો. જેનું કારણ ભારત ઉપર યોગ્ય પ્રશાસન થઈ શકે. બ્રિટિશ શાસન અગાઉ ભારતમાં સમાજશાસ્ત્ર જેવાં વિષયનું અસ્તિત્વ ખાસ જોવા મળતું નથી. એટલે ભારતમાં સમાજશાસ્ત્ર વિષયની ચર્ચા કરવી હોય તો બ્રિટિશ શાસનકાળથી શરૂઆત કરવી પડે. બ્રિટિશર્સએ ભારતીય સમાજવ્યવસ્થા અંગેનું ઊંડાણપૂર્વકનું અધ્યયન કરવું જરૂરી બને છે. તેનું કારણ ભારતીય સભ્યતા અને સંસ્કૃતિની જટિલતા છે. ભારતમાં અનેકવિધ ધર્મોનો સામાજિક પ્રભાવ પણ જોવા મળે છે. હિંદુ ધર્મ ગ્રંથો વેદ, વેદાંત, ઉપનિષદો વગેરેનાં પાઠ અને તેની વૈવિધ્યતા સાથે અન્ય ધર્મનાં પાઠ અને તેની વૈવિધ્યતા એ ભારતીય સમાજવ્યવસ્થાને સમજાવવા માટેની એક જટિલ વાસ્તવિકતા છે.

ભારતમાં જ્ઞાતિ, ધર્મ, પ્રદેશ, ભાષા, બોલી, પહેરવેશ, લોકકલાઓ, લોકરીતી, લોકવિધી, માન્યતાઓ વગેરે જેવી અનેક સાંસ્કૃતિક વૈવિધ્યતા હોવા છતાં સહિષ્ણુતા અને ઉદારતા તેનું મહત્ત્વનું લક્ષણ રહ્યું છે. ભારતમાં જ્યારે સમાજશાસ્ત્રનાં ઉદ્ભવની વાત કરતાં હોય ત્યારે તેનાં મુળમાં જવા બ્રિટિશયુગ પૂર્વેના ભારતીય સમાજ વ્યવસ્થા તરફ દૃષ્ટિપાત કરવો જરૂરી બને છે.

ભારતમાં બ્રિટિશર્સનું આગમન એ એવી ઘટના હતી, જેણે ભારતીય રાજયવ્યવસ્થા, અર્થવ્યવસ્થા, સમાજવ્યવસ્થા અને શિક્ષણ વ્યવસ્થા સુધી પરિવર્તનાત્મક અસરો કરી તેનું સીધું કારણ બ્રિટિશર્સ ભારતમાં એક નવી જ પશ્ચિમની સંસ્કૃતિ લઈને આવ્યા તે હતું. શાસન વ્યવસ્થામાં તેમનો પ્રવેશ એ ભારતીય રાજય વ્યવસ્થાને અસર કરે છે અને ધીમે-ધીમે અર્થવ્યવસ્થાનાં પાયામાં આમૂલ પરિવર્તન લાવે છે. ઔદ્યોગિક ક્રાંતિની અસર અહીં પણ જોવા મળે છે. ગ્રામીણ કક્ષાના ગૃહઉદ્યોગો કે લઘુઉદ્યોગો ધીમે-ધીમે બંધ થાય છે. સામે પક્ષે મોટાં ઔદ્યોગિક એકમોનો પ્રવેશ થાય છે. પરંપરાગત ગ્રામીણ અર્થવ્યવસ્થા કે જે સ્વાવલંબી નિર્વાહલક્ષી અને જજમાની પ્રથા ધરાવતી હતી તે બદલાય છે. પરિવહનને કારણે ઉત્પાદિત ચીજવસ્તુઓનું વિતરણ સરળ બને છે. ઝડપી ઉત્પાદનની સામે ધીમું અને મર્યાદિત ઉત્પાદન કરતાં ઉદ્યોગો ટકી શકતાં નથી. બીજી તરફ ભારતમાં શરૂ થયેલ રેલ્વે, તાર-ટપાલ વગેરેને કારણે સામૂહિક આદાન-પ્રદાનની અનુકુળતા ઉભી થાય છે. ભારતમાં વહીવટી અને ન્યાયતંત્રીય સેવાઓ પણ વિસ્તાર પામે છે. બ્રિટિશકાળમાં આવેલાં વિભિન્ન આધુનિક સુધારાઓ ભારતીય સામાજિક વ્યવસ્થાને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અસર કરે છે.

ભારતમાં બ્રિટિશકાળ દરમિયાન નવાં મધ્યમ વર્ગનો ઉદ્ભવ થાય છે. જમીનદારો કે સામંતો હવે કેન્દ્રસ્થાને રહેતાં નથી. જો કે આ મધ્યમવર્ગ ભારતીય સમાજમાં દરેક ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ

અને પ્રભાવી રહ્યા છે. અહીં મધ્યમ વર્ગ એ આર્થિક અને સાંસ્કૃતિક સંદર્ભે લે છે અને એટલે જ ભારતીય સમાજ વ્યવસ્થામાં આજદિન સુધી મધ્યમ વર્ગનો પ્રભાવ દરેક ક્ષેત્રે વધારી રહ્યાં છે એ સત્તા પરિવર્તન સંબંધિત હોય કે સત્તાદ્રઢ કરવા સંબંધિત હોય કે પછી કેટલાંક સાંસ્કૃતિક ઘટકોને નિર્ધારિત કરવા સંબંધિત હોય તેવી જ રીતે અર્થવ્યવસ્થા સંબંધે પણ આ મધ્યમવર્ગનો ફાળો નોંધનીય રહ્યો છે.

## 5.2 ભારતમાં સામાજિક, ધાર્મિક અને રાજકીય આંદોલન :

ભારતમાં આંદોલન બાબતે સમાજશાસ્ત્રમાં થયેલાં અભ્યાસો ઓછાં નથી. કારણ કે ભારતીય સમાજવ્યવસ્થાથી લઈને અન્ય રાજ્ય વ્યવસ્થા સુધી દરેક ક્ષેત્રે સુધારા પરિવર્તન બ્રિટિશયુગ દરમિયાન આવેલાં છે અને સાંપ્રત વ્યવસ્થાઓને નિર્ધારિત કરવામાં સુધારણા લાવવામાં આધુનિકીકરણ કરવામાં આ બ્રિટિશ યુગનો ફાળો મહત્ત્વનો છે. મોટે ભાગે આવા આંદોલનની સામાજિક, રાજકીય શરૂઆત 19 મી સદીથી શરૂ થઈ જાય છે.

ભારતમાં સુધારણાવાદી આંદોલનો એક નિર્ણાયક તબક્કો છે. જેમાં રાજા રામમોહનરોય, મહાદેવ ગોવિંદ રાનડે, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર વગેરે જેવાં સુધારકો અને દયાનંદ સરસ્વતી કે વિવેકાનંદ જેવાં પુનરૂત્થાનવાદીઓ ભારતીય સમાજ વ્યવસ્થાને અસર કરતી મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

ભારતમાં જે તે સમયની સામાજિક, આર્થિક પરિસ્થિતિમાં કુરિવાજો, કુરીતિઓ, અંધશ્રદ્ધા, જાતિગત સંકુચિતતાઓ, ભેદભાવો વગેરે જેવી અનેક બાબતો ઘર કરી ગઈ હતી. એવા સમયે પુનઃરૂત્થાનવાદીઓએ વેદો તરફ પાછા વળવાનો સંકેત આપ્યો. સ્વામી વિવેકાનંદે સ્થાપેલ 'રામકૃષ્ણમિશન' ભારતમાં શિક્ષિત લોકોને નબળા વર્ગો પરત્વે સભાન બનાવવાનો તેમજ ગરીબી અને સામાજિક પછાતપણું નાબૂદ કરવાનો પ્રયત્ન કર્યો. સાથે-સાથે પશ્ચિમના દેશોમાં વેદાંતનો પ્રચાર કરવાનું કાર્ય આરંભ્યું. તો 'દયાનંદ એંગ્લો વૈદિક કૉલેજ' દ્વારા પણ ઉત્તર ભારતમાં મોટા પાયે શિક્ષણનો ફેલાવો થયો.

19 મી સદીનાં અંતમાં ભારતમાં આઝાદી મેળવવા માટેની રાજકીય ચળવળનો પ્રારંભ થયો. હકીકતે ભારતમાં રાષ્ટ્રીય ચેતનાની અથવા તો એમ કહીએ કે રાષ્ટ્રવાદી ચેતનાની જાગૃતિથી '1885 માં રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના એ. ઓ. હ્યુમ એ કરી હતી.' સામાન્ય રીતે આંદોલનો કે ચળવળનો પ્રારંભ અસંતોષ, ભેદભાવ, શોષણ, અશાંતિ વગેરેમાંથી થતો જોવા મળે છે. ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં પ્રસ્તુત બાબતો એ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મોહનદાસ કરમચંદ ગાંધીનો પ્રવેશ થતા આંદોલનની દિશા બદલાય છે. અહિંસાના પાયા પર આંદોલનો આગળ વધે. આ આંદોલનોમાં શહેરી મધ્યમવર્ગ, એક મોટો ગ્રામીણ સમુદાય, ખેડૂતો, કારીગરો, મિલ મજૂરો બૌદ્ધિકો વગેરે સત્યાગ્રહમાં જોડાય છે અને ભારતમાં અસહકારનું આંદોલન હિંદ છોડો આંદોલન જેવા આંદોલનના અંતે 1947 માં ભારતે આઝાદી પ્રાપ્ત કરી.

ધાર્મિક ચળવળોએ શૈક્ષણિક અને સુધારાત્મક પ્રવૃત્તિઓ દ્વારા રાજકીય આંદોલનમાં પરોક્ષ રીતે પ્રદાન કર્યું. તો બીજી તરફ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને રાજકીય પક્ષોએ પણ આ આંદોલનમાં ભાગ લીધો. મહત્ત્વની બાબત એ છે કે ભારતીય સ્વતંત્રતા સંગ્રામે ભારતીય સમાજને એકસૂત્રતામાં બાંધ્યો. રાષ્ટ્રવાદી ચેતના જાગૃત કરી. ભારતમાં થયેલાં વિભિન્ન પ્રાદેશિક ખેડૂત આંદોલનો, મજૂર આંદોલનોએ ભારતીય પ્રજાને એકસૂત્રતાની નોંધ દર્શાવી છે. આજે પણ આઝાદી પહેલાનાં વિભિન્ન ઘટનાક્રમોનું સમાજશાસ્ત્રીય રાહે વિશ્લેષણ થઈ રહ્યું છે. જેમકે ખેડૂત આંદોલનો કે આદિવાસી આંદોલનની વાત કરીએ તો એ. આર. દેસાઈ,

'ઘનશ્યામ શાહ, ડી. એમ. ધનાગરે જેવા સમાજશાસ્ત્રીઓનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ અતિ ઉપયોગી સાબિત થયું છે.

ટૂંકમાં ભારતના સામાજિક, ધાર્મિક આંદોલનો કે રાજકીય આંદોલનો એ આઝાદી અગાઉના સામાજિક રાજકીય સંરચનાના અને તેમાં પરિવર્તન દર્શાવતી બાબતો અંગે પ્રારંભિક ભારતીય સમાજશાસ્ત્રીઓનું ધ્યાન આકર્ષિત કર્યું.

## 5.3 ભારતમાં શિક્ષણ અને સ્વાતંત્ર્ય પહેલા સમાજશાસ્ત્રના શિક્ષણનો પ્રારંભ :

અગાઉ જોયું તેમ ભારતમાં વિભિન્ન ચળવળો એ બ્રિટિશકાળ દરમિયાન ભારતમાં રાજકીય ચેતના અને રાષ્ટ્રવાદની જાગૃતિ કરી તેમાં કોઇ બે મત નથી. મહત્ત્વની બાબત એ છે કે બ્રિટિશર્સ એ શરૂ કરેલી શિક્ષણ સંસ્થાઓનો ફાળો પણ તેમાં નોંધનીય રહ્યો. તેનું સીધું કારણ તે હતું કે અંગ્રેજી શિક્ષણ લેતા ભારતીયોની સંખ્યામાં વૃદ્ધિ થતા ભારતમાં નવો આધુનિક બૌદ્ધિક વર્ગ અસ્તિત્વમાં આવ્યો. જેણે સામાન્ય પ્રજામાં રાજકીય સ્વતંત્રતા માટે ચેતના જગાવી. મૂળભૂત રીતે આ અંગ્રેજી શિક્ષણ વ્યવસ્થાનો હેતુ અંગ્રેજી વહીવટી તંત્ર માટે વહીવટદારો અને કારકુનો પેદા કરવાનો હતો. પરંતુ સાથે સાથે આ શિક્ષણ વ્યવસ્થા અંગ્રેજી શાસન માટે આગળ જતા પડકારરૂપ સાબિત થઈ. આધુનિક શિક્ષણ આવતા લોકોમાં રાજકીય સ્વતંત્રતા અને પોતાના અધિકારો અંગે જાગૃતિ આવી. જેમણે અંગ્રેજોની દમનકારી નીતિનો વિરોધ કરતાં શીખવ્યું.

19 મી સદીમાં સૌપ્રથમ કલકત્તા મુંબઈ અને મદ્રાસ એમ ત્રણ પ્રાંતોમાં યુનિવર્સિટીની સ્થાપના થઈ. બરોડા, મૈસુર, હૈદરાબાદ જેવા દેશી રજવાડામાં પણ આધુનિક શિક્ષણ સંસ્થા સ્થપાઈ. જેમાં ઉચ્ચ શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં તેમજ પ્રાથમિક શિક્ષણ પ્રાદેશિક ભાષામાં અપાતું હતું. હકીકતે આ શિક્ષણ આપવાનો હેતુ બ્રિટિશ રાજ્ય અમલના સરળ વહીવટી સંચાલન માટેનો હતો. તેમજ વહીવટમાં ભારતીય શિક્ષિતોને નિમ્ન પદો જ આપવામાં આવતા. શિક્ષણમાં વિદ્યાર્થીઓને શિખવવામાં આવતા વિષયો મર્યાદિત હતા. જેમાં શરૂઆતમાં સમાજશાસ્ત્રનો સમાવેશ થતો ન હતો. 20 સદીના પ્રથમ બે દાયકામાં સમાજશાસ્ત્રને મુખ્ય વિષય તરીકે શિખવવાની શરૂઆત કરવામાં આવી. સમાજશાસ્ત્ર અને સામાજિક માનવશાસ્ત્રો વિષય મુખ્યત્વે બ્રિટિશ રાજ્યકર્તાઓને ભારતીય સમાજવ્યવસ્થા, સામાજિક સંરચના ભારતીય સમાજમાં વિભિન્નતા હોવાના નાતે ભારતીય લોકોના રીતરિવાજો શિષ્ટાચાર, સામાજિક સંસ્થાઓ વગેરે બાબતોનો અભ્યાસ કરવાનું જરૂરી જણાયું.

શરૂઆતમાં હર્બટ રિઝલે, વિલ્સન, લેઇલ બેઇન્સ વગેરે બ્રિટિશ વહીવટીકર્તાઓએ તેમની સંસ્કૃતિ, ભારતીય લોકોની સંસ્કૃતિનો નૃવંશશાસ્ત્રિય રીતે અભ્યાસ શરૂ કર્યો. બ્રિટિશ શાસનકાળ દરમિયાન ભારતમાં વિભિન્ન પ્રકારનાં સાહિત્ય સર્જન માટેની તકો ન હોય તે બાબત સ્વાભાવિક છે. તેમ છતાં સમયાંતરે અને પરિવર્તન પ્રક્રિયાને અનુરૂપ વિભિન્ન શાસ્ત્રોનો વિકાસ થયો અને સમાજશાસ્ત્ર એક અલગ વિષય તરીકે સૌ પ્રથમ મુંબઇ યુનિવર્સિટીમાં ભારત સરકારનાં સહયોગથી પ્રારંભ થયો અને 1919 માં પેટ્રિક ગિડ્સ આ વિભાગનાં અધ્યક્ષ પદે નિયુક્ત થયા. 1924 માં જી.એસ. ઘૂર્યે આ વિભાગનાં વડા તરીકે નિયુક્ત થયા.

ભારતીય સમાજશાસ્ત્રનાં વિકાસમાં મુંબઇ યુનિવર્સિટી સમાજશાસ્ત્ર વિભાગનો ફાળો નોંધનીય છે, પેટ્રિક ગિડ્સ અને ધૂર્યે બાદ ડૉ. થુથી, ઇરાવતી કર્વે, એમ. એન. શ્રીનિવાસ, આઇઈ.પી. દેસાઈ, કે. સી. પંચનંદીકર, મજમુદાર વગેરે સમાજશાસ્ત્રની વિકાસયાત્રા વણથંભી રાખી. 1917 માં કલકતા વિશ્વવિદ્યાલયમાં સમાજશાસ્ત્રનો ઔપચારિક પ્રારંભ થયો. જેનાં પાયામાં બી. એન. શીલ હતા.

ઇ.સ. 1921 માં લખનઉ વિશ્વવિદ્યાલયમાં અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનો સંયુક્ત વિભાગ શરૂ થયો. રાધાકમલ મુખર્જી તેના અધ્યક્ષ નિમાયા. ત્યારબાદ ડી. પી. મુખર્જી અને ડી. એન. મજમુદાર તેમના સહયોગી તરીકે નિયુક્ત થયા. 1928માં ઓસમાનીયા યુનિવર્સિટીમાં બી.એ. સુધીનો સમાજશાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો અને 1943 માં તેનો સ્વતંત્ર વિભાગ શરૂ થયો. એસ. સી. દુબેના પ્રયાસોથી ઓસમાનીયા યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિષયની વિકાસયાત્રામાં નોંધપાત્ર કામ થયું. 1930 માં પુના વિશ્વવિદ્યાલયમાં ઇરાવતી કર્વેના અધ્યક્ષ સ્થાને સમાજશાસ્ત્ર વિકાસ શરૂ થયો. આઝાદી પહેલાંની સમાજશાસ્ત્ર વિષયની શરૂઆત અનેક નામી સમાજશાસ્ત્રીના અથાગ પ્રયત્નો અને ભારતીય સમાજવ્યવસ્થા અને સંરચનાનું સ્પષ્ટીકરણ કરતા અથવા તો એમ કહીએ કે ઉજાગર કરવા પ્રયત્ન કર્યો. જેનાં ફળ સ્વરૂપ આજે ભારતની લગભગ મોટી ભાગની તમામ યુનિવર્સિટીઓમાં સમાજશાસ્ત્ર વિષય સ્વતંત્ર ધોરણે કાર્યરત છે. તેમજ અનેક સમાજશાસ્ત્રીઓ ભારતીય સમાજશાસ્ત્રના વિકાસ વિસ્તારમાં મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે.

સમાજશાસ્ત્રના વિકાસ વિસ્તાર થવાની સાથે સાથે સમયાંતરે કેટલાંક સામયિકો, મેગેઝિન પણ શરૂ થયા. 1920 માં 'ઇન્ડિયન જરનલ ઓફ સોશિયોલોજી'ની શરૂ થઈ. ઇ.સ. 1934 માં 'ઇન્ડિયન સોશિયોલોજીકલ રિવ્યુ'ની શરૂઆત થઈ. સ્વતંત્રતા પહેલા સમાજશાસ્ત્રના વિકાસ માટે 'રોયલ એશિયાટિક સોસાયટી ઓફ બંગાળ' 'ગોખલે ઇંસ્ટિટ્યૂટ' વગેરેની શરૂઆત થઈ. વિભિન્ન સામયિકો અને સંસ્થાઓએ સમાજશાસ્ત્રીય વાસ્તવિકતાઓને ઉજાગર કરી.

મહત્ત્વની બાબત એ છે કે ભારતમાં ભારતની મહાન સંસ્કૃતિને સમજવામાં ભારતીય સમાજશાસ્ત્રનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. સમાજશાસ્ત્રની ખાસિયત એવી છે કે તે જે તે પ્રદેશ સમૂહ, સમુદાયના સાંસ્કૃતિક લાક્ષણિક તત્ત્વોને સમજવામાં મદદરૂપ થાય છે. ત્યારે ભારતના સાંસ્કૃતિક વારસાને સમજવા માટે અનેક વિદ્વાનોએ અભ્યાસો કર્યો. આ ભારતીય પ્રાચીન સાંસ્કૃતિક વારસાનો અને તત્ત્વજ્ઞાન વિષયક પરંપરાનું અધ્યયન કરનારા અભ્યાસુઓને ભારતવિદ્યા વૈજ્ઞાનિકો કહેવાયા. ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ એટલે ભારતવિદ્યા અથવા તો 'ઇન્ડોલોજી' 'સર વિલિયમ જહોન્સે 1787 માં' 'એશિયાટિક સોસાયટી ઓફ બંગાળ' ની સ્થાપના કરી. જેમાં તેમણે સંસ્કૃત અને ભારતવિદ્યાનો અભ્યાસ દાખલ કર્યો.

મેક્સમુલર જેવા વિદ્વાનોએ ભારતવિદ્યા ક્ષેત્રે પોતાનું પ્રદાન આપ્યું. 'હેનરી મેન એ પણ વિલેજ કમ્યુનિટી ઇન ઇસ્ટ એન્ડ વેસ્ટ' નામનું પુસ્તક લખ્યું. આર. કે. મુખર્જી, ડી. પી. મુખર્જી, જી. એસ. ઘૂર્યે, કુમાર સ્વામી વગેરે પણ ભારતવિદ્યા ક્ષેત્રે પોતાનું પ્રદાન આપ્યું. તે સમયના સમાજશાસ્ત્રીઓમાં ગ્રામીણ અભ્યાસો, આદિવાસી અભ્યાસો, જ્ઞાતિ આધારિત અભ્યાસો, સાંસ્કૃતિક અભ્યાસો, સગપણા સંબંધિત અભ્યાસો વગેરે અભ્યાસો સમાજશાસ્ત્રનું કેન્દ્રબિંદુ રહ્યા છે. જો કે આજે સમાજશાસ્ત્રીય અભ્યાસોના વિષયવસ્તુમાં અનેકાનેક પરિવર્તનો આવ્યા છે. આમ સ્વતંત્રતા પૂર્વે ભારતમાં સમાજશાસ્ત્રની જે શરૂઆત થઈ તે માત્ર વહીવટી સરળતા માટે થઈ હતી. આથી એક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્ર ભારતમાં આ તબક્કો વિકાસ પામી શક્યું નહી. પરંતુ તે સમાજશાસ્ત્રનાં વિકાસ માટે એક પગદંડી આપી એમ કહીએ તો અસ્થાને નથી.

## 5.4 સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારતમાં સમાજશાસ્ત્રનો વિકાસ :

ભારતમાં સમાજશાસ્ત્રનો વિકાસ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ઘણો ઝડપી બન્યો છે. આ તબક્કે સમાજશાસ્ત્ર વિષયના વિકાસ માટેના વિભિન્ન પરિવર્ત્ય મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. સ્વતંત્રતા બાદનો ભારતીય સમાજ અનેક પરિવર્તનો સાથેની ઓળખ ધરાવતો થયો. આ

સમાજમાં પરંપરાગત સાંસ્કૃતિક તત્ત્વો સાથે પશ્ચિમી આધુનિક તત્ત્વોનું મિશ્રણ થયું. આધુનિક ભૌતિક સુવિધાઓએ ભારતીય સમાજવ્યવસ્થા પર ઘણી ઉંડી અસર કરી. જેનાં પરિણામે ભારતની રાજકીય પરિસ્થિતિમાં મોટા પાયે બદલાવ આવ્યો. નવી નીતિઓ, આયોજનો અને વિકાસ સંબંધિત પરિબળોએ ભારતીય સમાજ વ્યવસ્થાને મહદ અંશે પરિવર્તિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આમ, જોવા જઇએ તો આઝાદી પછીથી આજદિન સુધી સામાજિક વ્યવસ્થા વિકાસની પ્રક્રિયા નિરંતર ચાલતી રહી છે. માત્ર સામાજિક વ્યવસ્થા જ નહિ, પરંતુ સામાજિક સંરચનામાં આવતા પરિવર્તનોએ ભારતીય સમાજશાસ્ત્રીઓનું ધ્યાન તેમનાં તરફ ખેંચ્યું. સાથે-સાથે નીતિઓ, યોજનાઓ, આયોજનો, વિકાસ કાર્યક્રમો વગેરેએ જે ભારતીય સામાજિક, આર્થિક ઢાંચાને અસર કરી તે બાબત સમાજશાસ્ત્રીઓના અભ્યાસનું કેન્દ્રબિંદુ બની.

જ્ઞાતિવ્યવસ્થામાં પરિવર્તન, આદિવાસી સમાજમાં પરિવર્તન, વિભિન્ન સમુદાયોમાં પરિવર્તન અથવા તો એમ કહીએ કે ગ્રામીણ સમુદાયમાં પરિવર્તન શહેરી, સમુદાયમાં પરિવર્તન એમ પરિવર્તન સંબંધિત બાબતોએ સમાજશાસ્ત્રીઓ માટે ધ્યાન આકર્ષિત કર્યું. વૈશ્વિકકરણ અને તેની ભારતીય સમાજ પરની અસરો વિષયે અભ્યાસોનો માર્ગ મોકળો બન્યો. ટૂંકમાં આઝાદી બાદનો તબક્કો એ ભારતીય સમાજશાસ્ત્રના વિકાસ વિસ્તારનો તબક્કો છે. આજે લગભગ મોટાભાગની વિદ્યાશાખાઓમાં સમાજશાસ્ત્રને અથવા તેના કેટલાંક મહત્ત્વના મુદ્દાઓને સમાવિષ્ટ કરી અને ભણાવવામાં આવે છે.

## 5.5 સમાજશાસ્ત્રના વિકાસને પ્રાધાન્ય આપતી સંસ્થાઓ :

આઝાદી બાદ ભારતમાં લગભગ મોટાભાગની વિશ્વવિદ્યાયલોએ સમાજશાસ્ત્ર વિષયને અનુસ્નાતક કક્ષાએ સ્થાન આપ્યું. સાથે સાથે ઘણી મોટી સંખ્યામાં કોલેજિસ સમાજશાસ્ત્ર વિષયને મુખ્ય વિષય તરીકે દાખલ કરીને પ્રાધાન્ય આપ્યું, જેથી કરીને ભારતમાં સમાજશાસ્ત્રીય અભ્યાસોની તકો વધે, અનેક સંશોધનોએ નીતિ-વિષયક અને આયોજનલક્ષી, અમલીકરણમાં માર્ગદર્શન કર્યું.

સમાજશાસ્ત્રીય સંશોધનોમાં સંશોધનોને વધુને વધુ પ્રાધાન્ય મળે અને તેનો વિકાસ થાય તે માટે અનેક સંસ્થા અસ્તિત્વમાં આવી. જેમાં 'કલકતાની ઇન્ડિયન સ્ટેટેસ્ટીકલ ઇન્સ્ટિટ્યૂટ' પુનાની 'ધ ગોખલે ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોલિટીક્સ એન્ડ ઇકોનોમિક્સ' મસુરીની 'ધ્ર સેન્ટરલ ઇન્સ્ટીટયુટ ઓફ સ્ટડી ઇન રિસર્ચ ઇન કોમ્યુનિટી ડેવલોપમેન્ટ' 'સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ-સુરત', 'ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેવલોપમેન્ટ રિસર્ચ', 'સરદાર પટેલ ઇન્સ્ટીટયૂટ ઓફ સોશિયો ઇકોનોમી રિચર્સ', 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ સ્ટડી- સિમલા' વગેરે જેવી સંસ્થાઓએ સમાજશાસ્ત્રીય સંશોધનમાં મહત્ત્વનો ફાળો આપ્યો.

સમાજશાસ્ત્રના વિષયના વિકાસ વિસ્તાર માટે 'ઇન્ડિયન સોશિયોલોજીકલ સોસાયટી'ની સ્થાપના થઈ. 1951 માં સ્થપાયેલ ઇન્ડિયન સોશિયોલોજીકલ સોસાયટીએ રાષ્ટ્રીય કક્ષાએ મહત્ત્વનું સીમાચિન્હ છે. આ સંસ્થાનાં મુખપત્ર તરીકે 'સોશિયોલોજીકલ બુલેટિન' દર વર્ષે બે વખત પ્રકાશીત થાય છે. જેમાં રાષ્ટ્રીય કક્ષાએ કરવામાં આવેલ સંશોધનો અને સમીક્ષાને પ્રકાશીત કરવામાં આવે છે. દર વર્ષે ઓલ ઇન્ડિયા સોશિયોલોજીકલ કોન્ફરન્સનું આયોજન પણ થાય છે. આવી જ રીતે 1556. એટલે 'ઇન્ડિયન સોશિયલ સાયન્સ એસોસિયેશન'ની સ્થાપના કરવામાં આવી. તો બીજી તરફ દરેક રાજ્યોમાં રાજય કક્ષાએ સમાજશાસ્ત્રીય પરિષદની સ્થાપના થઈ. જેમકે ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદ વગેરે આવે છે. આમ, સમાજશાસ્ત્રના વિકાસમાં અનેક સંસ્થાઓ પરિષદો કે સંગઠનો એ મહત્ત્વનો ફાળો આપ્યો છે અને આપી રહ્યા છે.

## 5.6 ભારતીય સમાજશાસ્ત્રનાં વિકાસમાં પાયાનું યોગદાન આપનાર સમાજશાસ્ત્રીઓ :

ભારતીય સમાજશાસ્ત્ર એટલે કે ભારતીય વિભિન્ન સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, સંરચનાત્મક વ્યવસ્થાના ભારતીય દૃષ્ટિકોણથી અભ્યાસ કરતું શાસ્ત્ર છે. આ યાત્રાની શરૂઆત ઘૂર્યે (જી. એસ. ઘૂર્યે)થી થાય છે. જી. એસ. ઘૂર્યે મુંબઇ યુનિવર્સિટીમાં રહી અને રાધાકમલ મુખર્જી તેમજ ડી. પી. મુખર્જી એ લખનઉ યુનિવર્સિટીમાંથી અધ્યાપન અને સંશોધન, માર્ગદર્શક અને લેખક તરીકેની યાત્રાનો આરંભ કર્યો છે. સમાજશાસ્ત્રના આધ્યસ્થાપક તરીકે ઓળખાતા આ ત્રણેય સમાજશાસ્ત્રીઓની ઊંડી અસર ભારતીય સમાજશાસ્ત્રથી આજે પણ જોવા મળે છે.

જી. એસ. ઘૂર્યે, રાધાકમલ મુખર્જી અને ડી. પી. મુખર્જીના ત્રણેયના અભ્યાસના કેન્દ્રબિંદુ અલગ અલગ હતા. જી. એસ. ઘૂર્યે એ આદિવાસી સમૂહો, જ્ઞાતિ સમૂહો, ભારતમાં સામાજિક તંગદિલી, સાંસ્કૃતિક તત્ત્વોના અભ્યાસો જેમ કે, કલા, સ્થાપત્ય, ધાર્મિક માન્યતાઓ ભારતીય સાધના અભ્યાસો વગેરે કેન્દ્ર સ્થાને રહ્યા છે. તો બીજી તરફ ડી. પી. મુખર્જી, મૂળ માર્કસવાદી વિચારધારાથી પ્રભાવિત છે. તેઓ પોતાની ઓળખ માર્કસવાદી તરીકે આપવા કરતાં 'માર્કસશાસ્ત્રી' તરીકે આપવાનું વધારે પસંદ કરે છે અને તેના અભ્યાસના કેન્દ્રમાં ભારતીય સમાજમાં પરંપરા અને આધુનિકતા વચ્ચેનો દ્વન્દ્વ છે. બીજી તરફ આર. કે. મુખર્જીના વિચાર, લખાણ અને અભ્યાસના કેન્દ્રમાં સામાજિક પર્યાવરણશાસ્ત્ર, આંતરવિદ્યાકીય સંશોધનો અને મૂલ્યોની સામાજિક રચના ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા વગેરે વિષયો કેન્દ્રસ્થાને છે. આ સિવાય ભારતીય સમાજશાસ્ત્રના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપનારા વિદ્વાનોમાં આઈ. પી. દેસાઇ, એ. આર. દેસાઈ, નીરા દેસાઇ, એસ. પી. પુનાલેકર, શ્રી નિવાસ, એમ, એસ, ગોરે, ડૉ. થુથી, પંચનંદીકર, ઘનશ્યામ શાહ તો આજદિન સુધીના સમાજશાસ્ત્રીઓમાં ડૉ. વિદ્યુત જોષી, સુજાતા પટેલ, હરિશ દોષી, આર. ઇન્દ્રા વગેરેનો સમાવેશ થાય છે.

અહીં આપણે જી. એસ. ઘૂર્યે; રાધાકમલ મુખર્જી અને ડી. પી. મુખર્જી એમ ત્રણેય ભારતીય સમાજશાસ્ત્રીના પ્રદાન અંગે ટૂંકમાં ચર્ચા કરીશું.

### 5.6.1 જી. એસ. ઘૂર્યે

ઇ.સ. 1924 થી 1959 સુધી મુંબઇ યુનિવર્સિટીમાં વડા તરીકે રહેનાર જી. એસ. ઘૂર્યેને મુંબઇ યુનિવર્સિટીનાં 'એમિનન્ટ પ્રોફેસર' તરીકે બહુમાન મળ્યું હતું. ઘૂર્યેને ભારતમાં સમાજશાસ્ત્રનાં 'ભીષ્મ પિતામહ'નું બિરૂદ આપવામાં આવ્યું છે. ઘૂર્યેના સમગ્ર જીવન અંગેની માહિતી તેમણે લખેલા ગ્રંથ 'I am other exploration' 1973 માંથી મળે છે. મહારાષ્ટ્રના માલવણ નામના ગામમાં 12 ડિસેમ્બર, 1893 માં જન્મેલા જી. એસ. ઘૂર્યેનાં શાળા શિક્ષણનો પ્રારંભ માલવણ ગામમાં થયો હતો. તેમનું પ્રારંભિક શિક્ષણ મરાઠી ભાષામાં થયું. પરંતુ સાથે સાથે તેમનામાં સંસ્કૃત અંગેનું જ્ઞાન પણ પરંપરાગત રીતે વિકસ્યું. તેમણે અંગ્રેજી શીખવાની શરૂઆત કરી તથા આધુનિક શિક્ષણ પ્રાતત કર્યું અને તેઓએ સંસ્કૃત ભાષાનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કર્યો. ત્યારબાદ તેઓ મુંબઇ યુનિવર્સિટીમાં ગયા. 1916 માં તેમણે બી.એ. ની પરિક્ષા આપી. કૉલેજ શિક્ષણમાં સંસ્કૃતમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત થતા તેઓ કૉલેજના 'ફેલો' તરીકે નિમાયા અને એમ.એ.નો અભ્યાસ પુરો કર્યો. એમ.એ.માં અંગ્રેજી, સંસ્કૃત અને પાછળથી પાલી ભાષાના અભ્યાસને પસંદગી આપી હતી. એમ.એ.માં તેઓ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા અને યુનિવર્સિટીમાં તેમનું સન્માન કરવામાં આવ્યું. આગળ જતા ઘૂર્યેને વિદેશમાં અભ્યાસ કરવા માટેની

સ્કોલરશીપ મળી. તેઓ વધુ. અભ્યાસ અર્થે ઇંગ્લેન્ડ ગયા અને ત્યાં એલ.ટી, હોબહાઉસના વિદ્યાર્થી બન્યા. તેઓને ત્યાં રિવર્સ સાથે ઓળખાણ થઈ. તેઓ 'કેમ્બ્રિઝ સ્કુલ ઓફ સાયકોલોજી'ના સ્થાપક હતા. ઘૂર્યે રિવર્સના પ્રભાવ હેઠળ આવ્યા. આ સમય દરમિયાન ઘૂર્યે સમાજશાસ્ત્ર સંબંધિત કેટલાંક લેખો લખ્યા. જે 'જનરલ ઓફ રોયલ એક્રોપોલોજીકલ ઇન્સ્ટીટયુટ' તથા એન્થ્રોપોઝ નામના સામયિકમાં પ્રકાશિત થતા કેમ્બ્રિઝ યુનિવર્સિટીમાં તેઓએ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી. પ્રો. રિવર્સના મૃત્યુ બાદ ઘૂર્યે ભારત પાછા ફર્યા.

1924 માં તેઓ મુંબઇ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રમાં રિડર તરીકે નિમાયા. તે જ વર્ષે તેઓ 'બોમ્બે એશિયાટિક સોસાયટી'ના સભ્ય બન્યા. 1934 માં તેઓ પ્રોફેસર બન્યા ત્યારબાદ 1934 માં 'ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ'ના 'માનવશાસ્ત્ર વિભાગના વડા તરીકે ચૂંટાયા. તેજ વર્ષે 'રોયલ એશિયાટિક સોસાયટી મુંબઇ' શાખાની. વ્યવસ્થાપક શાખાના નોમિની તરીકે ચૂંટાયા. 1942 માં તેઓ 'બોમ્બે એથ્રોપોલોજીકલ સોસાયટીના પ્રેસિડેન્ટ બન્યા. તેમણે પોતાના સમગ્ર કાર્યકાળ દરમિયાન અનેક પુસ્તકો અને લેખો લખ્યા છે, તેના થકી તેઓએ સમાજશાસ્ત્ર વિષયમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. આજેપણ તેમના અનેક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી પરંપરા સતત આગળ વધતી રહી છે, તેમણે કંડારેલી કેડી થકી અનેક સંશોધકો ભારત વિદ્યાશાસ્ત્રીય સંશોધનોને આગળ વધારી રહ્યા છે અને એટલે જ જી. એસ. ઘૂર્યે ભારતીય સમાજશાસ્ત્રના આદ્યસ્થાપકોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને જી. એસ. ઘૂર્યેને ભારતીય સમાજશાસ્ત્રના ભીષ્મ પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે.

- **અભ્યાસો :**

  જી. એસ. ઘૂર્યેનું સમાજશાસ્ત્રના કોઇ એક ક્ષેત્રમાં નહિં પરંતુ વિભિન્ન ક્ષેત્રમાં પ્રદાન છે. જેમાં જ્ઞાતિ, જ્ઞાતિગત અભ્યાસો, આદિવાસી અભ્યાસો, સાંસ્કૃતિક વાસ્તવિકતા સંબંધિત અભ્યાસો, હિંદુ-મુસ્લિમ સબંધો અને સામાજિક તંગદિલી તેમજ ઇન્ડોલોજી સંબંધિત અનેક મહત્ત્વના ગ્રંથો અને લેખો માટે ઘૂર્યેનું સ્થાન અદ્વિતીય છે. ઘૂર્યે જ્ઞાતિ વ્યવસ્થા સંબંધિત લખેલા ગ્રંથમાં 'કાસ્ટ એન્ડ રેસ ઈન ઇન્ડિયા-1930' નામનું પુસ્તક ભારતીય સમાજશાસ્ત્ર સંબંધિત અભ્યાસોના પાયાના પથ્થર સમાન છે. જેમાં તેમણે ભારતીય જ્ઞાતી વ્યવસ્થાનો ઐતિહાસિક તુલનાત્મક અને સુગ્રથનનો તુલનાત્મક પરિપ્રેક્ષ્યથી અભ્યાસ કર્યો છે. તેમણે 'ઇન્ડો-યુરોપિયન સંસ્કૃતિ'માં સગપણ સંબંધિત વ્યવસ્થાનો તુલનાત્મક અભ્યાસ કર્યો છે.

  ઘૂર્યે પોતાના જ્ઞાતિ અને સગપણ સબંધો આધારિત ગ્રંથમાં અન્ય દેશોમાં જોવા મળતી ભારતના સગપણ સંબંધિત જ્ઞાતી ગૂંફનોને સમાંતર એવી વ્યવસ્થા અને સગપણ સમૂહ અને જ્ઞાતિ વ્યવસ્થાની ભારતમાં સુગ્રથનાત્મક માળખાની જોગવાઇ એમ બે બાબતો ઉપર ઘૂર્યે ભાર મુક્યો છે.

ઘૂર્યેશ્રી સગપણ સબંધોમાં લોકોનો દરજ્જો અને તેની કૌટુંબિક વ્યવસ્થા ઉપર ભાર મુક્યો છે. જ્ઞાતિઓમાં પવિત્રતા-અપવિત્રતા, શુદ્ધિ, અશુદ્ધિ અને તેના આધારે જ જ્ઞાતી અને પેટા જ્ઞાતિની ચડતા-ઉતરતા ક્રમમાં ગોઠવણી વગેરે બાબત ઉપર ભાર મુક્યો છે. ઘૂર્યે પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થાના છ લક્ષણો દર્શાવ્યા છે. (1) આંતરજ્ઞાતિય લગ્ન (2) ખાનપાનના નિયમો (3) જ્ઞાતીના કૌટુંબિક દરજ્જાઓ (4) જ્ઞાતિગત વ્યવસાય (૫) સામાજિક-આર્થિક અસમાનતા

વગેરે જેવી બાબતોને તેમણે વણી લીધી છે. ઘૂર્યે નોંધે છે કે ભારતીય જ્ઞાતિઓએ શિક્ષણ અને સુધારાવાદી ધ્યેયો સિદ્ધ કરવા માટે દક્ષિણ ભારતના નાયડુ, રેડી અને સારસ્વત બ્રાહ્મણો સુધારણાવાદી ધ્યેયો સિદ્ધ કરવા માટે ઉત્તર ભારતના વેશ્યો વગેરે ઘણા બધાએ જ્ઞાતિ સંગઠનો સ્થાપ્યા છે. ઘૂર્યે ગર્ભિત રીતે એવું માનતા હતા કે ભવિષ્યમાં આ જ્ઞાતિમંડળો રાજકીય જ્ઞાતિબંધનો આધારિત સભાનતા વિકસાવશે. સાંપ્રત સમયમાં અનેક ભારતીય જ્ઞાતિ સંગઠનો તેમના સભ્યોને રાજકીયક્ષેત્રે દરજ્જો અપાવવા માટે પ્રયત્નશીલ બન્યા છે. આજે જ્ઞાતિનું પરંપરાગત સ્વરૂપ નથી. પરંતુ આધુનિક સ્વરૂપ જોવા મળે છે. જ્ઞાતિ સંગઠનોનું બંધારણ અલગ અને આધુનિક ઢબે જ્ઞાતિ વ્યવસ્થા આજે બહુ એકમોવાળી બની છે. જે સંદર્ભે રાજકીય સ્તરે રાષ્ટ્રીય સંપત્તિમાં પોતાની જ્ઞાતિને વધુ હિંસા અને વિશેષાધિકાર મળે તે માટે અન્ય જ્ઞાતિઓની સ્પર્ધામાં ઉતરી હોય તેવું લાગે છે.

- **ભારતમાં આદિવાસી અભ્યાસો :**

"Problem of the show cold" જેણે પાછળથી શેડ્યુલ ટ્રાઈબ ધારણ કર્યું તે શ્રી ઘૂર્યેનું આદિવાસીઓના એતિહાસિક, વહીવટી અને સામાજિક પાસાની છણાવટ કરતો અભ્યાસ છે. શ્રી ઘૂર્યે એવું માને છે કે આદિવાસી એ મૂળભૂત રીતે પછાત હિંદુ છે. જેનું કારણ તેઓનું હિંદુ સમાજમાં અપૂર્ણ સુગ્રથન છે. શ્રી ઘૂર્યે માને છે કે આદિવાસીઓનો એક ભાગ હિંદુ સમાજમાં વ્યવસ્થિત રીતે સુગ્રથિત થઈ ચૂક્યો છે. જ્યારે ઘણો મોટો ભાગ વ્યવસ્થિત રીતે સુગ્રથિત થઈ શક્યો નથી. આ સંદર્ભે શ્રી ઘૂર્યે તેમને પાછળ રહી ગયેલાં માને છે, જો કે આદિવાસી હિંદુ સમાજના સામાન્ય પ્રવાહમાં આવતા તેમાં ઘણો સુધારો થયો છે. તેમાં કેટલાંક હિંદુ સંગઠનોએ રચનાત્મક ભૂમિકા ભજવી જે અંતર્ગત તેઓમાં દારૂ પીવાનું દુષણ ઓછું થયું. શિક્ષણ લેવાનું શરૂ કર્યું. ખેતીમાં પણ સુધારણા દાખલ કરી.

- **ભારતમાં ગ્રામ નગરીકરણ :**

શ્રી ઘૂર્યેના ગ્રામ નગરીકરણના અભિગમમાં નગરવાદના મૂળતત્ત્વનો સમાવેશ જોવા મળે છે. તેઓ માને છે કે ભારતમાં નગરીકરણની શરૂઆત ગ્રામીણ વિસ્તારમાંથી થઈ છે. શહેરી કેન્દ્રનો વિકાસ થતા અનેક ગ્રામીણ વિસ્તારો શહેરી કેન્દ્રોના સંપર્કમાં આવતા નગરીકરણની પ્રકિયા શરૂ થઈ. સામાન્ય રીતે ઉત્પાદનના બજારીકરણ અથવા તો

કોઈ ઉત્પાદનની બજારમાં આવશ્યકતા ઊભી થતા નગરોનો વિકાસ થયો. જ્યાં વેપાર-વિનિમય. માટેના મહત્ત્વના પ્લેટફોર્મ મળ્યા સાથે-સાથે વહિવટી ન્યાય સંબંધિત અને અન્ય સંસ્થાઓનો પણ વિકાસ થવા લાગ્યો. આમ, ધીરે ધીરે નગરીકરણની પ્રક્રિયાને ગતી મળી. ગ્રામીણ વિસ્તારો મુખ્ય ચીજવસ્તુઓના ઉત્પાદનનું કેન્દ્ર બન્યા. આ કેન્દ્રોમાં ગ્રામીણ વિસ્તારનો કાચો માલ પેટા કરવા માટે ઉપયોગ કરવા લાગ્યા અને ગામડાઓને ઔદ્યોગિક ચીજવસ્તુ વેચવાની બજાર બનાવી નાખ્યું.

મહારાષ્ટ્રના પુના જીલ્લા 'લોણીકાંડ' ગામડાનો અભ્યાસ 1957 માં શ્રી ઘૂર્યે પુના સર્વેક્ષણ સ્વરૂપે કર્યો. જેમાં તેમણે જોયું કે ગામડામાં સુવ્યવસ્થિત રીતે સામાજિક રચનાની ગોઠવણ હતી નહી. પરંતુ ઉલટાનું તેમાં ઘણાં બદલાવો આવ્યા હતા અને આ પરિવર્તન થતા ગામડું એક કાર્યક્ષમ એકમ તરીકે પોતાનું અસ્તિત્વ ટકાવી શક્યું હતું.

ઘૂર્યે એ 1953 માં 'Indian Shadhus' નામનું પુસ્તક લખ્યું. જેમાં તેમણે ભારતીય સંસ્કૃતિમાં સાધુ, સંન્યાસીઓની પરંપરા વિવિધ સંસ્કારો જેમકે સંન્યાસ ધારણ કરતા જ તેમનો. અંત્યેષ્ઠિ સંસ્કાર તેમજ વિભિન્ન સંપ્રદાયોનું વ્યવસ્થા માળખું વગેરે બાબતોનો સમાવેશ કર્યો છે. સાધુઓને બાહ્ય આક્રમણો સામે હિંદુ ધર્મનું રક્ષણ કરનારા સંન્યાસીઓ તરીકે ઓળખાવ્યા છે. શ્રી ઘૂર્યે એ સાધુઓનાં વિભિન્ન સમૂહો અને જમાતોની વિગતવાર સમજાવી છે.

વધુમાં શ્રી ઘૂર્યે એ હિંદુ-મુસ્લિમ સબંધો અંગે પણ તેમના લખાણોમાં સ્થાન આપ્યું છે. તેઓ મુસ્લિમ અને મુસ્લિમી સંસ્કૃતિ અને હિંદુ-હિંદુ સંસ્કૃતિ કરતા તદ્દન ભિન્ન અને આદાન પ્રદાનની નહિવત શક્યતાવાળા સમૂહ ગણે છે. અહીં વારંવાર થતા હિંદુ-મુસ્લિમ સંઘર્ષો અંગે શ્રી ઘૂર્યે વિસ્તારપૂર્વક છણાવટ કરે છે. શ્રી ઘૂર્યે આ બાબતે ભારતમાં સામાજિક તંગદિલીના આધારે વિસ્તારપૂર્વકની ચર્ચા કરી છે. જો કે હકીકતે એવું માનવામાં આવે છે. બ્રિટિશ-શાસન પહેલા આ બંને કોમ વચ્ચે સારો સહકાર પ્રવર્તતો હતો. વધુમાં ભારતમાં વસ્ત્રાભૂષણ અને વસ્ત્રપરિધાન અંગેના પહેરવા-ઓઢવાના રિત-રિવાજો તથા શૈલીઓનું ઐતિહાસિક આલેખન સામાજિક દૃષ્ટિએ 'ઇન્ડિયન કોચ્યુમ-1966'માં સમાજશાસ્ત્રમાં નવા જ ક્ષેત્રમાં અભ્યાસના મંડાણ કર્યો છે. ઘૂર્યેએ સમાજશાસ્ત્રના વિકાસમાં 'ઇન્ડિયન સોશિયોલોજીકલ સોસાયટી' અને તેમનું મુખપત્ર 'સોશિયોલોજીકલ બુલેટિન' એ મહત્ત્વની ભેટ ગણી શકાય. ભારત શ્રી જી. એસ. ઘૂર્યેનું પ્રદાન 'ઈન્ડોલોજી પરિપ્રેક્ષ્ય'થી જોવા જઈએ તો અતિ મહત્ત્વનું અને આવનારી પેઢી માટે મહત્ત્વની કેડી કંડારનારું ગણી શકાય છે.

### 5.6.2 રાધાકમલ મુખર્જી :

મુખ્યત્વે અર્થશાસ્ત્રના નિષ્ણાત એવા રાધાકમલ મુખર્જી સમાજશાસ્ત્રના વિકાસમાં એક આગવું નામ ધરાવે છે. તેઓ લખનઉ યુનિવર્સિટીના

Department of Economics and Sociology ના વડા તરીકે પ્રસિદ્ધિ પામેલા તેમજ અર્થશાસ્ત્ર અને. સમાજશાસ્ત્રના અધ્યયનો માટે પ્રસિદ્ધિ મેળવેલ સમાજશાસ્ત્રીઓમાં તેઓની ગણના થાય છે. ઈ.સ. 1918 થી 1949 સુધીના તેમના લખાણો અને પ્રકાશનો મુખ્યત્વે અર્થશાસ્ત્ર ઉપર હતા. તેમણે ભારતના આર્થિક જીવનના વિભિન્ન પાસાઓ ઉપર એક સરસ શ્રેણી વિકસાવી છે. સાથે-સાથે તે સમયમાં તેઓ સમાજશાસ્ત્રની પ્રાદેશિક શાખાનો પણ અભ્યાસ વિકસાવતા ગયા. સ્વતંત્રતા પછી તેમનું અભ્યાસ કેન્દ્ર સમાજશાસ્ત્ર અને સમાજનું તત્ત્વચિંતન બન્યું.

સમાજશાસ્ત્રમાં તેમણે પર્યાવરણશાસ્ત્ર, આંતરવિદ્યાકીય સંશોધનો અને મૂલ્યોની સામાજિક રચના વગેરે જેવા ક્ષેત્રોમાં પોતાનું સંશોધન વિકસાવ્યું. ઈ.સ. 1889 માં પશ્ચિમ બંગાળના 'બહેરામપુર કસબામાં' બંગાળી બ્રાહ્મણ કુટુંબમાં તેમનો જન્મ થયો અને તેમણે તેમના જીવનના 16 વર્ષ આ કસબામાં વિતાવ્યા, આર. કે. મુખર્જીને શિક્ષણ અને સાહિત્યનો માહોલ પોતાના કુટુંબ પાસેથી મળ્યો હતો. તેમના પિતા વકીલ હતા. તેમના ઘરમાં ઈતિહાસ, સાહિત્ય, કાયદો અને સંસ્કૃત વિષયના પુસ્તકોનો ખજાનો હતો. જેના કારણે એક સમૃદ્ધ વારસો આર, કે. મુખર્જીને મળ્યો અને તેમને વિભિન્ન વિષયોમાં અભ્યાસનો રસ જાગૃત થયો. સાથે-સાથે તેમના ઘરમાં ધાર્મિક વાતાવરણ પણ ઘણું હતું. જેની અસર મુખર્જીના મન ઉપર ઘણો લાંબો સમય સુધી રહી.

સદીની શરૂઆતના વર્ષોમાં મદ્રાસ અને ઓરિસ્સામાં મોટી વસ્તી દુષ્કાળનો ભોગ બનતા ત્યાનાં ભૂખપીડિત મૃત્યુને શરણે જતા 'માનવ હાડપિંજરોના ફોટા' દૈનિક વર્તમાનપત્રમાં છપાતા જોઈને તેઓ ખુબ દુઃખી થતા. દુષ્કાળ, ધાર્મિક ઝુલુસો કે ઉત્સવોની છાપ મુખર્જીના મસ્તિષ્ક ઉપર ઘણી ઊંડી રહી.

મુખર્જીનું શરૂઆતી શિક્ષણ બહેરામપુરમાં થયું. આગળ જતા કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં તેમને સ્કોલરશીપ મળી હતી. જ્યાં તેમણે અંગ્રેજી મુખ્ય અને ગૌણ વિષય ઈતિહાસ સાથે અભ્યાસ કર્યો. તેમણે એચ. એમ. પેરીવાલ, એમ. ઘોષ અને હરિનાથ ડે. ના સંપર્કમાં આવ્યા તેઓએ અહીં કોમ્ટ, સ્પેન્સર, લિસ્ટવાર્ડ, હોબહાઉસ વગેરે જેવા યુરોપ અને અમેરિકાના સમાજશાસ્ત્રીઓના પુસ્તકોનું અધ્યયન કર્યું. આ અરસામાં તેમણે પ્રૌઢ શિક્ષણમાં ઝંપલાવ્યું. 1906 માં કલકત્તાના મચ્છાઉ બજારની ઝુંપડપટ્ટીમાં પ્રૌઢો માટે સાંજની શાળા શરૂ કરી. તેમણે પ્રૌઢ શિક્ષણ માટે સાહું પાઠ્યપુસ્તક લખ્યું. જે હજારોની સંખ્યામાં વહેંચાયું. આ શાળા સામુદાયિક કેન્દ્ર બની અને સ્થાનિક ડૉક્ટર્સએ પણ આ સામાજિક શિક્ષણમાં રસ લીધો. તેમણે ઝુંપડપટ્ટીના પ્રૌઢો અને બાળકોને મફત દવાની વ્યવસ્થા કરી હતી. તેમનું સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર તરફ ધ્યાન કેન્દ્રિત થવાનું મુખ્ય કારણ કલકત્તાની ઝુંપડપટ્ટીમાં વસતા લોકોની કંગાલીયત, ગંદા અને ગાલીચ વિસ્તારોનો સંપર્ક હતો. તેઓ કલકતા યુનિવર્સિટીના અભ્યાસ દરમિયાન બિનોયકુમાર સરકારના ગાઢ સંપર્કમાં આવ્યા. તે વખતે તેઓ બંગાળ નેશનલ કૉલેજમાં પ્રોફેસર હતા.

1910 માં મુખર્જી બહેરામપુરની કૉલેજમાં અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે ફરીથી ગયા. તેઓ જણાવે છે કે આ તેમની જીંદગીનો સૌથી વધુ કામકાજવાળો સમય હતો. તેઓ જાણીતા બંગાળી માસિક પત્રિકા ઉપાસનાના તંત્રી બન્યા અને આ માસીક માટે અનિયમિત લેખો લખીને તૈયાર કરીને પ્રકાશિત કરતા, તેઓ જણાવે છે-કે તેમને સાહિત્યમાં ઊંડો રસ હતો. 1915 ના અરસામાં તેમની પ્રૌઢ શિક્ષણની બધી જ શાળાઓ જપ્ત કરી દેવામાં આવી. અહીં તેમના પર એવો આરોપ હતો કે પ્રૌઢ શિક્ષણના બહાના હેઠળ તેઓ ત્રાસવાદ તરફ સહાનુભૂતિ ધરાવે છે. તેમને 1 (એક) દિવસ માટે જેલમાં પુરવામાં આવ્યા. જોકે વકીલ ભાઈઓના પ્રયાસથી તેઓ જેલમાંથી છૂટ્યા. પંજાબમાં લાહોર કૉલેજમાં ત્યારબાદ તેઓને ત્યાં અધ્યાપક તરીકે બોલાવ્યા અને ત્યાં તે જોડાયા. 1917 માં તેઓ કલકત્તા યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે પાછા ફર્યા.

1921 માં રાધાકમલ પ્રોફેસર તરીકે અને અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વિભાગના વડા તરીકે લખનઉ યુનિવર્સિટીમાં જોડાયા.. આ યુનિવર્સિટીમાં તેમણે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્રના અધ્યાપન અને સંશોધનમાં સંકલિત અભિગમ દાખલ કર્યો.

મુખર્જીના જીવનમાં ત્રણ બૌદ્ધિકોનો ઊંડો પ્રભાવ છે. જેમાં પેટ્રિક ગીડ્સ, બ્રુજેન્દ્રનાથશીલ અને નરેન્દ્રનાથસેન ગુસા સાથે તેમણે ‘ઈન્ટ્રોડક્શન ટુ સોશિયલ સાયકોલોજી માઈન્ડ ઈન સોસાયટી’ પુસ્તક પણ લખ્યું. તેમણે લગભગ 30 વર્ષ સુધી લખનઉ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનું અધ્યયન, અધ્યાપન કર્યું. તેમણે સમાજશાસ્ત્રને અનેક વિવિધતાપુર્ણ ગ્રંથો આપ્યા છે.

- **સામાજિક પર્યાવરણશાસ્ત્ર :**

સામાજિક પર્યાવરણશાસ્ત્ર એ મુખર્જીના રસનો વિષય છે. મુખર્જી સામાજિક પર્યાવરણ શાસ્ત્રને જટિલ સંરચના માને છે. અહીં અનેક સામાજિક વિજ્ઞાનો એક સાથે અનેક સામાજિક આંતરક્રિયાનો સંબંધ ધરાવે છે. જેમાં ભૂસ્તરશાસ્ત્ર, ભૌગોલિક અને જૈવિક પરિબળો એક સાથે કાર્યરત છે અને પર્યાવરણ વિસ્તાર ઉદ્‌ભવ પામે છે. મુખર્જી ઐતિહાસિક સંદર્ભ લે છે. જે અંતર્ગત વસવાટ અને ખેતી માટે પર્યાવરણીય પ્રદેશો ખુલ્લા બને છે. રાજકીય યુદ્ધો દ્વારા પ્રાદેશિક વિભાજન થાય છે અને વિસ્તારો બને છે. પર્યાવરણ અને માનવ સમાજનો આ રીતે એક ઊંડો સંબંધ જોવા મળે છે. જરૂરિયાતો માટે કુદરતી પર્યાવરણીય ક્ષેત્રોનો નાશ કરવો અને જ્યાં અગાઉથી સ્થપાયેલી સામાજિક વ્યવસ્થા છે તેનું અન્ય સ્થળે પુનઃ સ્થાપન કરવું તે પડકારરૂપ ઘટના છે. જો સમગ્ર વ્યવસ્થાને કે વસાહતોને અન્ય સ્થળે ખસેડવામાં આવે તો સામાજિક વ્યવસ્થા માટે પણ જોખમરૂપ બની રહે છે. એટલે મુખર્જી આયોજીત વિસ્થાપન કે પુનઃસ્થાપન પર ભાર મુકે છે.

સામાજિક પર્યાવરણ ક્ષેત્રે મુખરજીનો દષ્ટિકોણ પશ્ચિમી સમાજ વૈજ્ઞાનિકો કરતા ભિન્ન મત ધરાવે છે. જેમકે ઝુંપડપટ્ટીના રહિસોને વસાહતોમાં મોકલી આપવા તેમજ તેમની સ્થિતિ સુધારણાનાં ભૌતિક પ્રયાસ કરવા અને વ્યવસાયની તકો વધુ ઉજળી કરવી. આવા.પ્રયાસોને સ્થાને મુખર્જી સામાજિક પરિસ્થિતિ શાસ્ત્રને વધુ સારો વિકલ્પ ગણે છે. ભારતમાં મૂલ્યોનો સારો સંગ્રહ છે. જેના કારણે ભૌતિક જીવનના પ્રશ્નોના ખ્યાલ કરતા મૂલ્ય આધારિત વિકાસની દિશામાં પ્રયાણો તરફ આયોજન અને દિશા આપવી જોઇએ. મુખર્જી પ્રાદેશિક સમાજશાસ્ત્ર વિકસાવે છે અને રાજકીય વિકાસના પ્રાદેશિક પાસાની સમજણ ઉપર ભાર મુકે છે. તેઓ આર્થિક વૃદ્ધિ, વિકાસ અને પર્યાવરણની યોગ્યતા વચ્ચેની સમતુલા જાળવણીની હિમાયત કરે છે.

- **મૂલ્યનો સિદ્ધાંત :**

રાધાકમલ મુખર્જીને માનવ સમાજ પર મૂલ્યોનો પ્રભાવ જાણવામાં રસ હતો. ભારત ઉપર પશ્ચિમી સમાજશાસ્ત્રના અભ્યાસોમાં પ્રભાવ મૂલ્યથી સ્વતંત્ર એવા અભ્યાસોનું મહત્ત્વ વધી રહ્યું છે તેમ જણાય છે. મુખર્જી માને છે કે તથ્ય અને મૂલ્યને માનવ આંતરક્રિયાથી અલગ પાડી શકાય નહિ. મનુષ્યની અનેક ક્રિયા મૂલ્ય અને ધોરણ નિર્ધારિત છે. એટલે માનવમૂલ્યો અને ધોરણોને આંતરક્રિયાથી અલગ પાડી શકાય નહિ. જયારે પશ્ચિમી વિજ્ઞાન એ તથ્યો અને મૂલ્યોને અલગ પાડવા માંગે છે. મુખર્જી એવું માનતા કે સમાજશાસ્ત્રીય અભ્યાસોને 'પશ્ચિમી વૈજ્ઞાનિક વિશ્લેષણથી' મુક્ત કરવાની આવશ્યક્તા છે.

મૂલ્યોની બાબતમાં તેમણે બે બાબતો ઉપર ભાર મુક્યો છે. મૂલ્યો માત્ર ધર્મ અને નીતિશાસ્ત્ર પુરતા સીમિત નથી. પરંતુ અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર અને કાયદામાં પણ મૂલ્ય ઉદ્ભવે છે. એટલે કે માનવીય કાયદામાં પણ મૂલ્ય ઉદભેવ છે. એટલે કે માનવીય જરૂરિયાતો સામાજિક મૂલ્યોમાં રૂપાંતરિત થાય છે અને સમાજની વ્યક્તિઓના મનમાં આંતરકૃત થાય છે. બીજી તરફ વ્યક્તિ કે મૂલ્યો એ વ્યક્તિલક્ષી કે વૈયક્તિક આકાંક્ષાઓની પેદાશ નથી. પરંતુ માનવજાતિની સામાજિક અપેક્ષાઓ, આંકાક્ષાઓમાં અને ઇચ્છાઓમાં વસ્તુનિષ્ઠ રીતે જોડાયેલી હોય છે. બીજા શબ્દોમાં મૂલ્યો સર્વસામાન્ય હોય છે.. આમ મુખર્જી મૂલ્યોને વસ્તુનિષ્ઠ અને સર્વ-સામાન્ય ગણાવ્યા છે.

- **નગરની સામાજિક સમસ્યા પરત્વેનો નિવારણ અભિગમ :**

મુખર્જીના અભ્યાસનું કેન્દ્રબિંદુ નગરના શ્રમજીવી વર્ગની સમસ્યાને હળવી બનાવવાનો કે તેનું નિવારણ કરવાનો અભિગમ પણ રહ્યો છે. ઔદ્યોગિકરણ એ ભારતીય સમાજના વિભિન્ન સમુદાયના લોકોને મહાનગરોમાં એકત્રિત કર્યા છે. શહેરીકરણની પ્રક્રિયા પણ ઘણાં મોટા પાયે થઈ રહી છે. જે અંતર્ગત શહેરોમાં ઝુંપડપટ્ટી વિસ્તારો મોટા પાયે ઉદ્ભવ્યા છે તેની સાથે-સાથે ભિક્ષાવૃત્તિ, 'ગુનાખોરી, વેશ્યાવૃત્તિ વગેરે

જેવા અનિષ્ઠો પણ ઉદ્‌ભવ્યા. મુખર્જી શ્રમિકોની સ્થિતિ અંગે સુધારાત્મક પ્રયાસોની ચર્ચા કરે છે અને એટલે જ ઉદ્યોગોના પરિણામે શ્રમિકોની વધતી જતી સંખ્યા અને તેમની આર્થિક નૈતિક સ્થિતિ સુધારવા માટે ક્રાંતિકારી પરિવર્તનની હિમાયત કરી છે. જો કે. અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા શ્રમિકોની સ્થિતિમાં કોઇ સુધારાંત્મક પરિવર્તન જોવા મળતું નથી. તેમજ અભાવગ્રસ્ત સ્થિતિમાં રહે છે અને આથી જ મુખર્જીનું ભારતના શ્રમિકો અંગેનું ચિંતન સાંપ્રત સમયમાં ઔદ્યોગિક અવસ્થામાં પણ એટલું જ પ્રસ્તુત બને છે.

- **ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ :**

જેમ ફ્રાન્સના સમાજશાસ્ત્રી લ્યોતારના મતે પૂર્વના વૃત્તાંતોનાં એ મહાન આલેખે છે. તેમ ભારતીય સમાજશાસ્ત્રી મુખર્જી પણ એશિયાના સામાજિક અભ્યાસોને, સંસ્કૃતિ અને ‘સભ્યતાના અભ્યાસ સામાજિક જરૂરિયાતોને કેન્દ્રમાં મુકે છે. મુખર્જી માને છે કે એશિયામાં હજારો વર્ષો સુધી કલા એ સામાજિક અને આધ્યાત્મિક ઉથલપાથલની પથદર્શક રહી છે. પ્રાચીન કલામાં સામુદાયિક ભાવનાઓ વધુ તીવ્ર સ્વરૂપે ગાઢ રીતે ભરેલી છે અને પ્રાચીન સંસ્કૃતિઓના ઐતિહાસિક સાતત્યમાં પણ તે ખૂબ જરૂરી/જવાબદાર છે. (1964) આથી વિરૂદ્ધ પશ્ચિમમાં આવા. કલા વિષયક પ્રયાસો, વ્યક્તિવાદ અથવા તો કલા પોતે જ ધ્યેય છે. એવી ભાવનાના પ્રભાવ હેઠળ વિકસેલી છે અને આ બાબતો સામાજિક એકતા કે આધ્યાત્મિક વિકાસ માટે અનુકૂળ સંજોગ નથી.

મુખર્જી એ સંસ્કૃતિ અને સભ્યતાનો શબ્દનો ઉપયોગ કોઇ ચોક્કસ કે સીમિત અર્થમાં કર્યો નથી. કારણ કે આ બંને માનવ વિકાસના મહત્ત્વના પાસાઓ છે. સંસ્કૃતિ એ સભ્યતાના સર્જનને દિશા આપે છે. જ્યારે સભ્યતા એ સંસ્કૃતિને વ્યક્ત કરે છે અને વહન કરવાનું માધ્યમ બને છે. ટૂંકમાં સભ્યતામાં સંસ્કૃતિ અભિવ્યક્ત થાય છે. બેમાંથી કોઇ એકમાં આવતું પરિવર્તન બીજાને પ્રભાવિત કરે છે. આમ બંને આંતરસંબંધિત છે.

મુખર્જીના મતે સભ્યતાનું દર્શન સૂચવે છે કે વિભિન્ન સામ્રાજ્યોની ચડતી કે પડતીમાં સભ્યતા એ સંસ્કૃતિ દ્વારા તેના સનાતન તત્ત્વોને જાળવી રાખ્યા છે. તેમજ શ્રેષ્ઠ માનવ મૂલ્યો અને પ્રતીકોનું સ્થિર સંયોજન પ્રાપ્ત કર્યું છે. ટૂંકમાં સભ્યતા અને સંસ્કૃતિ એ સંપૂર્ણ રીતે નાશ પામતી નથી. પરંતુ તેમાં બદલાવ કે પરિવર્તનને અવકાશ છે. મહત્ત્વની બાબત એ છે કે મુખર્જી આ તત્ત્વો અને સભ્યતા, સંસ્કૃતિમાં આવેલા બદલાવને કેન્દ્રમાં રાખી અભ્યાસ કરવાનું સૂચવે છે. મુખર્જી સભ્યતાના ત્રણ પરિમાણો દર્શાવે છે. જેમાં (1) જૈવિક પરિમાણ (2) મનોસામાજિક (3) આધ્યાત્મિક પરિમાણ છે. આ ત્રણેય બાબતોમાં કુલ મળીને માનવ ઉત્ક્રાંતિ નિયંત્રણ અને દિશા આપવાનું કાર્ય, મૂલ્યો, મૂલ્યોની અર્થપૂર્ણ અભિમુખતા, માનવ વિકાસ, માનવ સમાજમાં સુગ્રંથન તેમજ તેમાં મૂલ્યોની ભૂમિકા માનીવીની આધ્યાત્મિક

અંતરયાત્રા, તત્ત્વમીમાંસા અને તેના દ્વારા માનવીનું અંતર આત્મા અને શ્રદ્ધાને શોધવાનો પ્રયત્ન વગેરે જેવી બાબતોનો સમાવેશ મુખર્જી તેની સભ્યતાની અભિવ્યક્તિમાં કરે છે.

મુખર્જી માને છે કે સભ્યતાઓમાં વિભિન્નતા હોવા છતા પણ મૂળભૂત રીતે તે એક છે. તેમાં એકતા છે. તેનું કારણ વૈશ્વિક માનવ અંગેના ખ્યાલો, જીવન મૂલ્યો. એ સાર્વત્રિક રીતે સમાન અને એક હોવાના છે. તે માટે મુખર્જી સભ્યતાની એકતાના દ્રષ્ટાંત તરીકે ભારત અને ચીનની સભ્યતાની એકતાનો ખ્યાલ આપે છે. તે જણાવે છે કે આ બંને સભ્યતાઓએ ઇ.સ. પુર્વે પાંચમી-છઠ્ઠી સદીમાં કેળવાયેલા આધ્યાત્મિક ધારણાઓ, પુરાણો અને સાંસ્કૃતિક મૂલ્યોનું જતન કર્યું છે. આ સભ્યતાઓમાં કેટલાંક પુરાણો અને શ્રદ્ધામાંથી મેળવેલા વ્યક્તિના વૈશ્વિક વિચારો છે. અહીં માનવ-જીવના મૂળભૂત મૂલ્યો અને સાધનાત્મક-મૂલ્યો સહેલાઈથી જળવાઈ રહ્યા છે. એટલે ભારત અને ચીનની સભ્યતાઓ વધુ સાતત્યપૂર્ણ રીતે જળવાઈ રહી છે.

આ સિવાય મુખર્જી કળા અને ધર્મ અંગેના અભ્યાસોને કેન્દ્રમાં રાખીને તો સાથે-સાથે ભારત જેવા દેશોમાં આર્થિક અને સામાજિક વળતર વચ્ચેના સબંધોના અભ્યાસને પણ મહત્ત્વ આપે છે. મુખર્જી તેમાં પરંપરાગત સમાજમાં આદાન-પ્રદાનનું ગૂંફન આર્થિક-વિનિમય વચ્ચેનો સબંધ દર્શાવવાનો પ્રયત્ન કરે છે. તે માને છે કે ગ્રામીણ ભારતને સામાજિક આંતર સબંધો એ તેમના માળખાને સમજવું હોય તો આર્થિક મૂલ્યોનું સામાજિક ધોરણના સંદર્ભમાં પૃથક્કરણ કરવું જોઇએ. જો કે આર્થિક-વ્યવહાર વિનિમયને નિયંત્રિત કરવા કે દિશા આપવાનું કામ ધાર્મિક કે નીતિશાસ્ત્ર વિષયક બાબતોએ કર્યું છે. જો કે મુખર્જી એવું પણ માને છે કે રોજીંદા જીવન મૂલ્યો સાથે અનુકૂળ ના હોય સુમેળ ના હોય તેમજ જેણે સામૂહિક રીતે સ્વીકારેલ ના હોય તેવી બાબતોને લોકોને નિશ્ચિત સમુદાયમાં અમુક ચોક્કસ પ્રકારે વર્તન કરવાની ફરજ પાડતા હોય છે. જેમકે રૂઢિચુસ્ત મુસલમાનો અથવા યહુદીઓ ડુક્કરનું માંસ ખાય નહિ, ટૂંકમાં સામૂહિક જીવન તેમાં પ્રવર્તમાન મૂલ્યો, ખ્યાલો કે માન્યતાઓથી અલગ હોય તે રીતે આર્થિક વર્તતનો ખ્યાલ કરવો એ અયોગ્ય છે.

આમ, મુખર્જીએ સમાજ અને સામાજિક વ્યવસ્થા, અર્થવ્યવસ્થા, સામાજિક પર્યાવરણ, જંગલની જાળવણી, નગર, ગ્રામીણ રચના, સભ્યતા અને સંસ્કૃતિ, માનવ મૂલ્યો, ઉત્ક્રાંતિ, જીવનમૂલ્યોના ખ્યાલો, માન્યતાઓ વગેરે જેવી બાબતોને પોતાના અભ્યાસોમાં સ્થાન આપ્યું છે. મુખર્જીએ પોતાના જીવનમાં લખેલાં કેટલાંક મહત્ત્વના પુસ્તકો નીચે મુજબ છે.

(1) The Regional Balance of Man - 1938

(2) Indian Working Class - 1945

(3) Social Structure of Values - 1949

(4) Philosophy of Social Science - 1960

(5) Flowering of Indian Art - 1964

### 5.6.3 ડી. પી. મુખર્જી :

ડી. પી. મુખર્જી (ધુર્જટી પ્રકાશ મુખરજી) જેમના ઉપર માર્કસનો પ્રભાવ ઘણો ઊંડો જોવા મળે છે, એટલે તેમને માર્કસવાદી વિચારક પણ કહે છે. ભારતીય સમાજશાસ્ત્રના પાયામાં કે આદ્યસ્થાપકોમાં ડી. પી. મુખર્જીનું નામ પણ મોખરે છે. તે સમયમાં ભારતીય સમાજશાસ્ત્રીય વિચારકોમાં માર્કસના પ્રભાવ હેઠળ પોતાનું સમાજશાસ્ત્રીય પ્રદાન કરી એક અલગ ચીલો ચીતર્યો છે. તેમણે ભારતીય સમાજનું પૃથક્કરણ દ્વન્દ્વાત્મક ભૌતિકવાદના સંદર્ભમાં કર્યું. અભ્યાસનું કેન્દ્રબિંદુ પરંપરા અને આધુનિકતા, સંસ્થાનવાદ અને રાષ્ટ્રીયતા, વ્યક્તિવાદ અને સમષ્ટિવાદનું દ્વન્દ્વાત્મક વિશ્લેષણ હતું. તેઓએ ભારતીય સમાજને આધુનિકીકરણ અંગેનું વિસ્તૃત વિવરણ આપ્યું છે. ડી. પી. મુખર્જીને માકર્સવાદી વિચારક પણ કહ્યા છે. ડી. પી. પોતાને માર્કસવાદી કહેડાવવા કરતા માર્કસશાસ્ત્રી કહેવડાવવાનું વધુ પસંદ કરે છે.

- **જીવનકવન :**

  ડી. પી. તરીકે જાણીતા થયેલા ડી. પી. મુખર્જીનો જન્મ 1894 માં બંગાળના મધ્યમવર્ગીય બ્રાહ્મણ કુટુંબમાં થયો અને આ એવો સમય હતો જ્યારે બંગાળી સાહિત્યમાં નવજાગૃતિ આવી હતી. બંગાળની બંગવાસી કૉલેજમાંથી તેઓ સ્નાતક થયા. મૂળભૂત રીતે તેઓ ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વિદ્યાર્થી હતા. તેમણે કેટલીક નવલકથાઓ પણ લખી છે. તેમનું પ્રદાન કોઇ ચોક્કસ વિદ્યાશાખા પુરતું મર્યાદિત રહ્યું નથી. એટલે જ તેઓ સમાજશાસ્ત્રમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરે છે. સમાજશાસ્ત્રી તરીકે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ પામેલ ડી. પી. મુખર્જી ઇ.સ. 1922 માં લખનઉ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે જોડાય છે અને 30 વર્ષથી વધુ સમય સુધી શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ પ્રદાન આપે છે. ઇ.સ. 1954 માં સમાજશાસ્ત્રના પ્રોફેસર અને સમાજશાસ્ત્રના અધ્યક્ષ તરીકે નિવૃત્ત થાય છે. વર્ષ 1947 માં તેઓ 'યુપી લેબર ઈન્કવાયરી કમિટી'માં જોડાય છે. નિવૃત્તિ અગાઉના 5 વર્ષ તેઓ 'હગ' ખાતેની સામાજિક વિજ્ઞાનની આંતરરાષ્ટ્રીય સંસ્થામાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે સેવા આપે છે.

  ડી. પી. મુખર્જી ઇન્ડિયન સોશિયોલોજીકલ એસોસિયેસનના સ્થાપક પણ રહ્યા છે. તેમજ 'બ્યૂરો ઓફ ઇકોનોમિક્સ સ્ટેસ્ટિકલ'ના સ્થાપકમાંના એક સભ્ય રહ્યા છે. 1955માં ડી, પી. મુખર્જી ભારતીય સમાજશાસ્ત્રીય પરિષદના પ્રમુખ પદેથી ભારતીય પરંપરા અને સામાજિક પરિવર્તન વિષય પર ઉદ્દ્બોધન કર્યું છે. આ ઉદ્દ્બોધનમાં તેણે જણાવ્યું કે જ્ઞાન દ્વારા પોતાના વ્યક્તિત્વના વિકાસમાં રસ ધરાવતા હોવાના કારણે તેઓ અર્થશાસ્ત્ર અને ઇતિહાસમાંથી સમાજશાસ્ત્રમાં

આવ્યા. યોગેન્દ્રસિંહ જણાવે છે કે ડી. પી. મુખર્જીના લખાણો કરતા તેમના વ્યાખ્યાનો ચર્ચાઓ અને વાર્તાલાપો વધુ મહત્ત્વના હતા. કારણ કે આ દ્વારા તેમણે યુવા માનસનું ઘડતર કર્યું હતું.

ડી. પી. મુખર્જી શરૂઆતમાં માર્કસવાદી સમાજશાસ્ત્રીઓની અસર નીચે હતા અને સમાજ અંગેના દર્શનની દૃષ્ટિએ બ્રિટિશ યુગમાં સર્જાયેલા બ્રિટિશ કેળવણી અને સંસ્કારની અસર તળે ઢળી આવેલા. શિક્ષિત વર્ગ, કલા, સાહિત્ય અને અન્ય સર્જકોની માફક સમાજશાસ્ત્રીય ઢબે કરેલું અન્વેષણ તેમને સમાજશાસ્ત્રના અભ્યાસોમાં ચિરંજીવ કરવા પુરતું છે. આમ, જોવા જઈએ તો ડી. પી.ના લખાણો અને વક્તવ્યમાં માર્કસ સાથે અન્ય અનેક સમાજશાસ્ત્રીઓની અસર જોવા મળી છે. ભારતીય સમાજશાસ્ત્રના આદ્યસ્થાપકો માના એક એવા ડી. પી. મુખર્જી એક વિદ્વાન સમાજશાસ્ત્રી તરીકે પોતાના વિચારનો પડઘો અનેક ભારતીય વાંચક અને લેખક સમાજશાસ્ત્રીય વર્ગ ઉપર પાડયો છે.

1962 માં ડી. પી. મુખર્જી ગળાના કેન્સરના કારણે મૃત્યુ પામે છે. પરંતુ એમ કહી શકાય કે વિદ્વાન સમાજશાસ્ત્રી તરીકે આજે પણ તેઓ તેના પ્રદાન થકી જીવંત છે.

- **ડી. પી. મુખર્જીનાં કેન્દ્રવર્તી વિચારો :**

અગાઉ જયું તેમ ડી. પી. મુખર્જીએ પોતે માર્કસશાસ્ત્રી છે અને તે સબંધે તેમનું વિશ્લેષણ પણ માર્કસવાદી વિશ્લેષણ છે. પરંતુ અહીં તેની તે ભારતીય પરિસ્થિતિને અનુલક્ષિતા જોવા મળે છે. જો કે ડી. પી. પોતાના લખાણોમાં માર્કસવાદીઓની આલોચના કરતા નોંધે છે કે ટ્રોટસ્કી અને લેનીન દ્વારા ઇતિહાસનું ખૂબ દ્રન્દ્રતામાં ખૂબ અધઃપતન થયું છે. જો કે અનેક માર્કસવાદીઓ ડી. પી. ને તેમની ભારતીય સમાજની સમીક્ષા સંદર્ભે માર્કસવાદી ગણતા નથી તો કેટલાંક બીન માર્કસવાદીએ તેમને માર્કસવાદી ગણે છે. ડી. પી. મુખર્જીનો સંગીત ઉપરનો ગ્રંથ 'ઇન્ટ્રોડક્શન ટુ ઇન્ડિયન મ્યુઝિક' એ વિલક્ષણ ગ્રંથ છે. તે સિવાય તેમનો ટાગોર ઉપરનો ગ્રંથ, ભારતીય ઇતિહાસ અંગેની પદ્ધતિ ઉપરનો ગ્રંથ તેમની પુસ્તક 'ડાઈવર્સિટી'એ શ્રેષ્ઠતમ શ્રેષ્ઠ કૃતિમાંની એક છે. 'બ્રોર્ડન ઇન્ડિયન કલ્ચર' આ પુસ્તકમાં તેના વિચારો પ્રગટ થાય છે. તેમના મંતવ્ય મુજબ માકર્સવાદ એ ઐતિહાસિક પ્રમાણોને સારી રીતે સમજવામાં મદદરૂપ બને છે. પરંતુ માનવીય પ્રશ્નોનો સંતોષકારક રીતે ઉકેલ આપી શકતો નથી. આવો ઉકેલ ભારતીય રાષ્ટ્રીય સંસ્કૃતિના પુનઃજીવન અને પુનઃ અર્થઘટન દ્વારા મળી શકે છે.

આધુનિકતા અને તેમનું પશ્ચિમી અને ભારતીય સમાજ વ્યવસ્થા વચ્ચેની તુલનાનું સ્પષ્ટીકરણ અન્ય કરતા અલગ છે. તેઓ દ્રઢ પણે માને છે કે પશ્ચિમી ઔદ્યોગિક સંસ્કૃતિ વ્યક્તિવાદી, સ્વજૂથકેન્દ્રી અને માત્ર ને માત્ર વ્યક્તિની ભૂમિકાઓ અને અધિકારોનો સ્વીકાર કરીને પ્રત્યક્ષવાદી છે. તેણે માનવજાતના સામાજિક મૂળિયા ઉખેડી નાખ્યા છે.

- **પરંપરા અને આધુનિકતા વચ્ચેનો દ્વન્દ્વ :**

મુખર્જીને સામાજિક પરંપરાઓ અને આધુનિકતા વચ્ચેનો દ્વંદ્વતાત્મક સબંધોનો અભ્યાસ કરવામાં રસ હતો. મુખર્જી કોઈપણ રીતે પરંપરાને છોડીને કે સંપુર્ણ ત્યાગ કરીને આધુનિકતાને વિચારો થકી સંવાદિતવાદી ભૂમિકા રજૂ કરે છે. મુખર્જી આધુનિક વલણોને પણ સ્વીકારવામાં કોઈપણ પ્રકારનો ઠોસ અનુભવતા નથી. તેઓ માને છે કે પરંપરા એ સંસ્કૃતિની મુખ્ય ધારા છે. વ્યક્તિઓ પરંપરામાંથી તેમના માટે પોષણ મેળવતી હોય છે. શક્ય છે કે વધુ પડતું પરંપરાગત દ્રઢીકરણ અને આદર્શીકરણ રૂઢિચુસ્તતા જન્માવે એટલે તેમના પરિવર્તનાત્મક પાસાં તરફ પણ દૃષ્ટિકોણ કરવો જોઈએ. ડી. પી. મુખરજીએ આમ, પરંપરાઓ અને પરંપરાના પરિવર્તનના અભ્યાસોને અગ્રતા આપી છે. બીજી તરફ ડી.પી. મુખર્જી એ વૈયક્તિકરણને પ્રોત્સાહન આપવાના સમર્થનમાં છે અને એટલે જ તે માને છે કે ઉત્ક્રાંતિ માટે વૈયક્તિકતા અને સામાજિક સામૂહિકતા વચ્ચે સંતુલન સધાવું જોઈએ અને આમ; પોતાના સંશ્લીષ્ટવાદી (53001116551) વિચારો રજૂ કરે છે.

મુખર્જી આધુનિકીકરણના હિમાયતી હતા તેઓ સ્પષ્ટપણે માનતા કે ભારતીય સમાજનું ઘડતર કે નિર્માણ પશ્ચિમ આધુનિક મૂલ્યો દ્વારા થઈ શકે નહિ. એ આધુનિકતા મૂળભૂત રીતે અનુકરણ કરેલી છે. ત્યારે ડી. પી.નો મત મુળ સાંસ્કૃતિક વારસાને અને પરંપરાગત મૂલ્યોને નકારવાનો પણ નથી. પશ્ચિમના આધારે કરેલું આંધળું અનુકરણ એ ભારતના યથાર્થ આધુનિકીકરણના માર્ગમાં અવરોધરૂપ છે તેઓ તેવું માનતા હતા. ડી. પી. આધુનિકીકરણને એક પ્રક્રિયા તરીકે જુએ છે. જેમાં સમયાંતરે પરિવર્તન આવે છે. જે અંતર્ગત પરંપરાગત મૂલ્યો કે ઢબોનું નિષ્કાતીકરણ નહિ. પરંતુ વિસ્તરણ સમાયેલું છે. જે અંતર્ગત સંસ્કૃતિ ઉન્નત બને છે અને ભવ્યતા પ્રાપ્ત કરે છે. મુખર્જી આ રીતે પોતાના આધુનિકીકરણ અને પરંપરાગતતા અંગેના વિચારોનું સ્પષ્ટીકરણ કરે છે.

- **નવો મધ્યમ વર્ગ :**

ભારતમાં નવા મધ્યમવર્ગનો વિકાસ બ્રિટિશ શાસનકાળ દરમિયાન થયો. તેમ માનવામાં કોઈ બે મત નથી. સામાન્ય રીતે માર્કસવાદી વિચારધારા વર્ગવિહીનતા, વર્ગ સભાનતા અંગેનું સ્પષ્ટીકરણ કરે છે. ડી. પી. ભારતમાં ઉદ્ભવેલાં આ નવા મધ્યમવર્ગનું વિશ્લેષણ કર્યું છે. બ્રિટિશકાળમાં ઘટનાત્મક રીતે એમ બન્યું છે કે જુદી-જુદી જ્ઞાતિઓ અંતર્ગત ભારતના કિશાન અને મજૂરોનું શોષણ થયું છે. ખેડૂતોમાં પણ જમીનદાર, ભાગિયા, ગણોતિયા, ખેત-મજૂર જેવા વર્ગો અસ્તિત્વમાં આવ્યા. ભારતના લઘુ ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા. જેમાં સમગ્ર ગ્રામીણ સમાજવ્યવસ્થાનું અર્થતંત્ર સમાવિષ્ટ હતું. તેને પરંપરાગત ગ્રામીણ અર્થવ્યવસ્થા પણ કહેવામાં આવે છે. આમ જોવા

જઇએ તો પરોક્ષ રીતે ગ્રામીણ અર્થતંત્રને નષ્ટ કરવામાં ઔદ્યોગિક ક્રાંતિ અને પશ્ચિમી આધુનિકતાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પરંપરાગત ગ્રામીણ અર્થતંત્રની નાબૂદીની લાંબી ઘટના ક્રમ બાદ સામાજિક અર્થવ્યવસ્થાના મૂળમાં પરિવર્તન આવ્યું. ખાનગીકરણની નીતિઓએ તેમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જમીન અને વેપાર વાણિજ્યમાં નવા આર્થિક હિતો પેદા થયા.

વ્યવસાયિક ગતિશીલતા એ વેગ પકડયો અને આ નવા પશ્ચિમી આર્થિક ઢાંચાએ એક નવા જ વર્ગનો ઉદ્‌ભવ કર્યો. જેને ડી. પી. મુખર્જી નકલી મધ્યમ વર્ગ તરીકે સંબોધન કર્યું. જેણે પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કર્યું. સમયાંતરે આ વર્ગ વધુને વધુ વિસ્તરતો ગયો. સામાન્ય જન સમુદાયથી અળગો એવો આ વર્ગ પોતાના હિત સ્વાર્થ હેઠળ બ્રિટિશ શાસન અંતર્ગત અથવા તો એમ કહી પણ શકાય. બ્રિટિશ શાસન ખાતર ગણોત મેળવવાનો કે ભાડું મેળવવાનું કાર્ય કરતો રહ્યો. ભારતની સામાજિક, આર્થિક, રાજકીય પદ્ધતિથી ઘણે અંશે સબંધમાં હતો અને તે બ્રિટિશ શાસનના પ્રભાવ હેઠળ પશ્ચિમી ભૌતિકતાને અનુસરતો થયો.

એક એવો પણ મત છે કે આ નવો મધ્યમ વર્ગ બ્રિટિશ શાસનનું એકત્રીકરણ કરવામાં કે સુઘડ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. જો કે અંતે આજ મધ્યમ વર્ગ બ્રિટિશ શાસનને પડકારમાં અગ્રેસર રહ્યો અને મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આજ નકલી, મધ્યમ વર્ગના અસ્તિત્વમાં આવવાના કારણે ભારતના તત્કાલીન અર્થકારણ/ રાજકારણ અને સમાજકારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. ડી. પી. મુખર્જીનો મત હતો કે નવા મધ્યમવર્ગને તેનું પુનઃ ઘડતર કરવાની જરૂર છે અને આ મધ્યમવર્ગની ક્ષમતાના કારણે સ્વતંત્ર ભારતને યથાર્થ આધુનિકીકરણના માર્ગ તરફ દોરી જાય તે પહેલા આ પ્રબુદ્ધ ભદ્રવર્ગ પોતાની જાતનું આધુનિકતા સ્વરૂપનું પુનઃઘડતર કરે. આમ, ડી. પી. મુખર્જી સ્વતંત્ર ભારતમાં નવા મધ્યમવર્ગની ભૂમિકાને લઇને સ્પષ્ટ વિચાર ધરાવતા હતા.

- **ડી. પી. મુખર્જીના મહત્ત્વના લખાણો :**
  - ➢ બેઝિક કન્સેપ્ટ ઇન સોશિયોલોજી - 1932
  - ➢ પર્સનાલિટી એન્ડ સોશિયલ સાઇન્સિસ - 1924
  - ➢ મોડર્ન ઇન્ડિયન કલ્ચર - 1942
  - ➢ પ્રોબ્લેમ્સ ઓફ ઇન્ડિયન યુથ - 1942
  - ➢ ડાયવર્સિટીઝ - 1958

મોડર્ન ઇન્ડિયન કલ્ચર એ મુખ્યત્વે ડી. પી. મુખરજીની શ્રેષ્ઠ કૃતિઓમાંની એક છે. જે 1942 માં પુનઃ પ્રકાશિત થઈ સાથે જે

સમાજશાસ્ત્રમાં ડાયવર્સિટીઝ શ્રેષ્ઠ કૃતિઓમાંની એક છે. જે ડી. પી. મુખર્જીનું મહત્ત્વનું અને આગવું પ્રદાન કહી શકાય તે સિવાય તેમના લખાણોમાં 'ટાગોર એક અધ્યયન-1943' 'ઓન ઈન્ડિયન હિસ્ટ્રી-1943' 'ઈન્ટ્રોક્શન ટુ ઈન્ડિયન મ્યુઝિક-1945' ઉપર્યુક્ત તેમના મહત્ત્વના લખાણો છે. તેમના સંગીત અને સમાજશાસ્ત્ર પરત્વેના શોખ બંને બાબતોનો સમન્વય ' ઈન્ટ્રોડક્શન ડુ ઈન્ડિયન મ્યુઝિકમાં જોવા મળે છે.

## 5.7 ચાવીરૂપ શબ્દોઃ

**(1) પુનરૂત્થાનવાદી આંદોલન :**

પુનરૂત્થાનવાદી આંદોલન એટલે જૂના યુગના સુખમાં પાછા ફરવાનો, જૂનો સુવર્ણયુગ પુનઃસ્થાપિત કરવાનો, સામાજિક જીવનની અગાઉના સમયની શ્રેષ્ઠતા પુનર્જીવિત કરવાનો તથા અગાઉની સામાજિક સદાચારની સ્થિતિને ફરી પ્રચલિત કરવું એ છે.

**(2) પરંપરા :**

પરંપરાનો અર્થ થાય છે પ્રસાર કરવું. સંસ્કૃત શબ્દ પરંપરાનો સામાન્ય અર્થ એક પેઢીથી બીજી પેઢીને હસ્તાન્તરીત કરવું. જેનો આધાર ઈતિહાસ સાથે હોય.

**(3) મૂલ્ય :**

જે આદર્શો મોટાભાગનાં લોકો દ્વારા ઉત્તમ અને ઈચ્છિત ગણવામાં આવતા હોય છે તેને મૂલ્યો કહેવાય.

## 5.8 તમારી પ્રગતિ ચકાસોઃ

- **એક વાક્યમાં જવાબ આપો :**

(1) ભારતમાં સમાજશાસ્ત્રનો અલગ વિભાગ સૌ પ્રથમ ક્યાં, ક્યારે અને કોના અધ્યક્ષપદ હેઠળ શરૂ થયો ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(2) ભારતીય સમાજશાસ્ત્રના ભીષ્મ પિતામહ તરીકે કોને ઓળખવામાં આવે છે ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(3) રાધાકમલ મુખર્જીએ મૂલ્યોને કઇ રીતે પરિભાષિત કર્યા છે ?

..................................................................................

..................................................................................

..........................................................................

..........................................................................

(4) ડી. પી. મુખર્જી પોતાની ઓળખ માર્ક્સવાદી આપવા કરતા કઈ ઓળખ આપવા પસંદ કરે છે ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(૫) ભારતમાં સૌ પ્રથમ ક્યા ત્રણ પ્રાંતોમાં યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

- **મોટા પ્રશ્ન :**

(1) સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારતમાં સમાજશાસ્ત્રનો વિકાસ જણાવો ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(2) જી. એસ. ઘૂર્યેનો ભારતમાં ગામ-નગરીકરણનો અભ્યાસ ટૂંકમાં જણાવો ?

..........................................................................

(3) રાધાકમલ મુખર્જીના મૂલ્યનો સિદ્ધાંત ટૂંકમાં વર્ણવો ?

(4) ડી. પી. મુખર્જીના પરંપરા અને આધુનિકતા વચ્ચેનો દ્વન્દ્વ સમજાવો ?

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 5.9 સંદર્ભ સૂચિ


- Alex Inkeles : What is sociology ! An introduction to the discipline & profession, Prentice Hall Inc.
- Davis Kingsley : Human Society, Macmillan Co..
- Fairchild (Ed.) : Dictionary of Sociology
- Johnson Harry M. : Sociology - A Systematic Introduction, Allied Publication Indian Ed.
- Anderson and Parker : An Introduction to Sociology
- Davis Kingsley : Human Society
- Harton and Hunt : Sociology
- Johnson Harry M: Sociology - A Systematic Introduction
- Maciver and Page : Society
- Ogbarn and Nimkoff : A Handbook of Sociology
- Ushakanharse (Trans.) Samajshatra (Gujarati) Guj. Uni.
- V. Joshi (Dr.) 'Paribhashik ShabdaKosh' UniGranthnirman Board, Ahmedabad.


❖ ❖ ❖

એકમ 6

# ઓગસ્ટ કોમ્ટ

-: રૂપરેખા :-

6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 પ્રત્યક્ષવાદ

6.3 ત્રણ સ્તરનો નિયમ અથવા માનવપ્રગતિનો નિયમ

6.4 વિજ્ઞાનોનું વર્ગીકરણ અથવા વિજ્ઞાનોનો કોટિક્રમ

6.5 સામાજિક સ્થિતિશાસ્ત્ર અને સામાજિક ગતિશાસ્ત્ર

6.6 સારાંશ

6.7 તમારી પ્રગતિ ચકાસો

6.8 સંદર્ભ સૂચિ

6.9 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો

## 6.0 ઉદ્દેશ

વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે, ઓગસ્ટ કોમ્ટનો જીવન પરિચય જાણી શકશો.

ઓગસ્ટ કોમ્ટ અને એના વિવિધ સિદ્ધાંતો જેવા કે પ્રત્યક્ષવાદ, ત્રણ સ્તરનો નિયમ, વિજ્ઞાનોનો કોટિક્રમ અને સામાજિક સ્થિતિશાસ્ત્ર તથા ગતિશાસ્ત્ર વગેરેની સરળ, વૈજ્ઞાનિક અને આધારભૂત માહિતી સમાજશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમ મુજબ વિદ્યાર્થીઓને મળે તે આ પ્રકરણનો મુખ્ય ઉદ્દેશ છે.

## 6.1 પ્રસ્તાવના

ઈ.સ. 1798માં જન્મેલા ઓગસ્ટ કોમ્ટ ફ્રાંસના દાર્શનિક હતા. તેમણે સમાજશાસ્ત્રના ઉદ્દભવ- વિકાસમાં આપેલા યોગદાનને કારણે 'સમાજશાસ્ત્રના પિતા' તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. ફ્રેંચ ક્રાંતિને લીધે જૂની વર્ગપ્રથા બદલાવા લાગી હતી અને રાજ્યની દૈવી સત્તાનો ખ્યાલ દૂર થવા લાગ્યો હતો.એ સમયે સમાજના તમામ ક્ષેત્રોમાં પરિવર્તન આવવા લાગ્યું હતું સાથોસાથ સમાજમાં વિકાસનો ભોગ આપ્યા વિના સામાજિક સ્થિરતાને ટકાવવાની પણ સમસ્યા ઊભી થઈ હતી. સામાજિક સુધારણાના આ તબક્કામાં ઔદ્યોગિક ક્રાંતિના ખરાબ પરિણામ દૂર કરી વિકાસનો માર્ગ મોકળો બને એની શરૂઆત થઈ ચૂકી હતી. ઓગસ્ટ કોમ્ટે સામાજિક સુધારણાની સાથે સામાજિક વ્યવસ્થા જાળવી રાખવાનાર વિચારો રજૂ કરી નોંધપાત્ર પ્રદાન આપ્યું છે.

કોમ્ટેની સામાજિક ક્ષેત્રની સિદ્ધિ વિશેની માહિતી વિદ્યાર્થીઓને એમના 'પોઝિટિવ ફિલોસોફી' ગ્રંથના માધ્યમથી પ્રાપ્ત થાય છે.

આ એકમમાં મુખ્યત્વે પ્રત્યક્ષવાદ, ત્રણ સ્તરનો નિયમ, વિજ્ઞાનોના કોટિક્રમ અને સામાજિક સ્થિતિશાસ્ત્ર તથા ગતિશાસ્ત્રના વિચારોની ચર્ચા કરવામાં આવી છે.

## 6.2 પ્રત્યક્ષવાદ (Positivism)

પ્રત્યક્ષવાદ માનવસમાજને યથાર્થ રીતે સમજવાની એક પદ્ધતિ છે. કોમ્ટેના પ્રત્યક્ષવાદનો એક અર્થ 'વૈજ્ઞાનિક' એવો પણ થાય છે. તેમના મતે વિશ્વનું સંચાલન કરતા વિવિધ નિયમોને

સમજવાથી જ વિશ્વની સાચી માહિતી મેળવી શકાય છે. વિશ્વને યથાર્થ પણે સમજવા વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ જરૂરી છે. કોઇ પણ ઘટનાને સમજવા તેને વૈજ્ઞાનિક રીતે ચકાસવી જોઇએ. માનવસમાજ વિશે જ્ઞાન મેળવવા માટે પણ વૈજ્ઞાનિક પદ્ધતિ અનિવાર્ય છે એવો વિચાર કોમ્ટેએ પ્રત્યક્ષવાદમાં રજૂ કર્યો છે.

**પ્રત્યક્ષવાદનો અર્થ :**

પ્રત્યક્ષવાદ એટલે વિજ્ઞાનવાદ પ્રત્યક્ષવાદ એટલે જ વિજ્ઞાન એમ પણ કહી શકાય. સમગ્ર વિશ્વ જે કુદરતી નિયમ મુજબ વ્યવસ્થિત ચાલે છે તે નિયમોને વૈજ્ઞાનિક રીતે તપાસવા કે ચકાસવા એટલે પ્રત્યક્ષવાદ.

પ્રત્યક્ષવાદ ઘટનાના અભ્યાસ માટે ઘટના સાથે સંકળાયેલા પરિબળો સમજવા પર ભાર મૂકે છે. તેને કલ્પનાઓ સાથે સંબંધ નથી. સમાજને વાસ્તવિક રીતે જાણી અને સમજાવી શકાય તેવી ઘટના એટલે પ્રત્યક્ષવાદ. સાનવસમાજને સાચા સ્વરૂપમાં સસજવા માટે સામાજિક ઘટનાઓનું નિરીક્ષણ, પરીક્ષણ અને વર્ગીકરણ કરવાના કોમ્ટે હિમાયતી છે. કોમ્ટે એ પ્રત્યક્ષવાદને વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે ઓળખાવી તેની ચાર પ્રક્રિયા દર્શાવે છે. એમાં નિરીક્ષણ, પ્રયોગ, તુલના અને ઐતિહાસિક તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયા દ્વારા જ્ઞાનેન્દ્રીયના પ્રત્યક્ષ અનુભવ થકી માનવસમાજનું જ્ઞાન મેળવીએ ત્યારે તેને પ્રત્યક્ષવાદી પદ્ધતિનો ઉપયોગ કર્યો કહેવાય અને આ પ્રકારે મેળવેલા જ્ઞાનને પ્રત્યક્ષવાદી જ્ઞાન (Positive knowledge) કહેવાય.

માનવના બીજા માનવી સાથેના સંબંધોથી રચાયેલ સમાજને કોમ્ટે પ્રકૃતિનો જ એક ભાગ ગણે છે. સામાજિક સમજ અણધારી બનતી નથી. તેની પાછળ ચોક્કસ પરિબળો અને નિયમો કામ કરતાં હોઈ, આ ઘટનાઓમાં એક પ્રકારની નિયમિતતા જોવા મળે છે. આ હકીકતનો સ્વીકાર કરી ઘટનાઓનું નિરીક્ષણ-સામાજિક ઘટનાના વિવિધ તત્ત્વો વચ્ચેનો સંબંધ સમજવો તેને કોમ્ટે પ્રત્યક્ષવાદ તરીકે ઓળખાવે છે.

**માનવતાના ધર્મસ્વરૂપે પ્રત્યક્ષવાદ (Positivism as a religion humanity)**

પ્રત્યક્ષવાદને વૈજ્ઞાનિક પદ્ધતિથી રજૂ કરનાર કોમ્ટે પાછળથી આ વાદને માનવતાના ધર્મ કે સમાજમાં નૈતિક એકતા સાધવાના સાધન તરીકે રજૂ કરે છે. એ પાછળનો એમનો ઉદ્દેશ માનવસમાજના કલ્યાણનો છે. એમને મન સામાજશાસ્ત્રનો ધ્યેય માત્ર જ્ઞાનપ્રાપ્તિનો નથી, પરંતુ મેળવેલા જ્ઞાન થકી સમાજમાં નૈતિક એકતા સ્થાપીને સમાજનો વિકાસ અને કલ્યાણ સાધવાનો છે. માનવજાતિના પરસ્પર પ્રેમના પાયા પર સુવ્યવસ્થા સ્થાપી માનવજાતિનું કલ્યાણ કરવાની હિમાયત પ્રત્યક્ષવાદમાં કરવામાં આવી છે. ઔદ્યોગિક ક્રાંતિને કારણે ફ્રાંસમાં તે સમયે ઉદ્ભવેલા મૂડીવાદની સામાજિક સમસ્યાઓ જેવી કે શોષણ, અન્યાય, હિંસા વગેરેનું નિરાકરણ લાવવા માટે એક નૈતિક સાધન તરીકે તેમણે પ્રત્યક્ષવાદની રજૂઆત કરી. એમણે પોતાનો પ્રત્યક્ષવાદી વિચારધારામાં સામાજિક વિકાસ માટે ભૌતિક શક્તિ, બૌદ્ધિક શક્તિ અને નૈતિક શક્તિના સંયોજનનો માર્ગ સૂચવ્યો છે. મનુષ્યના પરિશ્રમથી સંપત્તિ સ્વરૂપે ભૌતિક શક્તિ પ્રગટે છે. બૌદ્ધિક શક્તિ ચિંતન અને પ્રત્યક્ષવાદી પદ્ધતિના કારણે પ્રાપ્ત થતાં જ્ઞાનમાંથી પ્રગટે છે. સમાજમાં આ બે શક્તિઓ ઉપરાંત લોકોમાં પારસ્પરિક પ્રેમ, સ્નેહ નૈતિક ભાવનાઓ પણ જરૂરી છે. નૈતિક શક્તિ સ્નેહ અને પરોપકારની ભાવનામાંથી પ્રગટે છે. સામાજિક કલ્યાણ માટે આ નૈતિક શક્તિ અનિવાર્ય છે. ઉદારતા, સહકાર, પરોપકાર જેવી ન્યાય અને અહિંસાના નૈતિક ગુણોના પાયા પર રચાયેલી નવી સામાજિક નીતિની મદદથી પ્રત્યક્ષવાદી સમાજની સ્થાપના શક્ય બનશે અને એ માટે સમાજમાં સૌથી મહત્ત્વનું કાર્ય કોમ્ટેના મતે સમાજશાસ્ત્રીઓએ કરવાનું છે. મૂડીપતિ વર્ગ શ્રમજીવી વર્ગનું શોષણ ના કરે તે માટે તેમને તેમની નૈતિક ફરજ સમાજશાસ્ત્રીઓએ કરવાની હિમાયત કોમ્ટેએ કરી છે.

કોમ્ટેના પ્રત્યક્ષવાદનું સ્વરૂપ સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરીને જ્ઞાન પ્રાપ્ત કરવાની એક વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકેનું હતું, પરંતુ પાછળથી પ્રત્યક્ષવાદની વિચારણાને કોમ્ટેએ માનવતાવાદી નીતિ ઘડતાં પરિબળ તરીકે ગણી તેનો ઉપયોગ સામાજિક કલ્યાણના સાધન તરીકે કરવાનો ઉપક્રમ રાખ્યો તેથી એક વૈજ્ઞાનિક વિચારણા તરીકે પ્રત્યક્ષવાદી વિચારધારાનું મહત્ત્વ ઘટી ગયું ને સામાજિક વિજ્ઞાની તરીકે કોમ્ટેને શરૂઆતમાં મળેલી પ્રતિષ્ઠાને ધક્કો પહોંચ્યો.

**પ્રત્યક્ષવાદના લક્ષણો**

**(1) પ્રત્યક્ષવાદ એક વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકેઃ**

કોમ્ટેનો પ્રત્યક્ષવાદ વૈજ્ઞાનિક પદ્ધતિ કે વિજ્ઞાનવાદ તરીકે ઓળખાય છે. સમાજ કે માનવસંબંધોનું અનુભવસિદ્ધ જ્ઞાન મેળવવા વૈજ્ઞાનિક પદ્ધતિની અનિવાર્યતા કોમ્ટેએ સ્વીકારી છે. જ્ઞાનેન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ અનુભવમાંથી ઘટના વિશે માહિતી મેળવવી, મેળવેલી માહિતીને તર્કની કસોટીએ ચડાવીને તેમાંથી હકીકત અલગ તારવવી, હકીકતોને તર્કસંગત અને ક્રમબદ્ધ સ્વરૂપે ગોઠવવી તથા એ હકીકતો વચ્ચેનો સંબંધ સમજાવી શકાય તે રીતે વિધાનના સ્વરૂપમાં રજૂ કરવી- આ પ્રક્રિયાને વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. એમાં નિરીક્ષણ પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ, તુલનાત્મક પદ્ધતિ અને ઐતિહાસિક પદ્ધતિ એવી મુખ્યત્વે ચાર પદ્ધતિનો સમાવેશ થાય છે. આ ચારેય પદ્ધતિને સમજાવતા કોમ્ટે જણાવે છે કે નિરીક્ષણ કોઈ સિદ્ધાંત દ્વારા માર્ગદર્શિત થતું હોય છે. માનવસમાજમાં પ્રયોગ લગભગ અશક્ય હોઇ પ્રયોગનો અર્થ અહીં નિયંત્રિત નિરીક્ષણ એવો સ્વીકાર્યો છે. માનવસમાજ અને પ્રાણીસમાજ તથા એક જ સમાજના જુદા જુદા વર્ગો વચ્ચેની તુલના કરીને થતો અભ્યાસ એટલે તુલનાત્મક પદ્ધતિ. જ્યારે ઐતિહાસિક પદ્ધતિના ઉપયોગથી માનવસમાજમાં થઈ રહેલાં પરિવર્તન પાછળ કામ કરતા નિયમો જાણી શકાય છે.

**(2) ધાર્મિક અને કાલ્પનિક વિચારોથી અળગા રહેવું :**

આ મુદ્દો જ સાબિત કરે છે કે પ્રત્યક્ષવાદ વિજ્ઞાન આધારિત છે. સમાજ કે સમાજની રચના ઈશ્વરની ઇચ્છા કે કોઇ અકળ નિયમોથી ચાલતી નથી. સમાજ એક અનુભવસિદ્ધ-જાણી સમજી શકાય એવી ઘટના છે. સામાજિક સંબંધો વાસ્તવિક અને નિરીક્ષણ કરી શકાય એવી હકીકત હોઇ સમાજ કે સામાજિક ઘટનાને સમજવા માટે તર્કહીન માનસિક કલ્પના કે ધાર્મિક વિચારો ઉપયોગી થતા નથી. આમ કહી કોમ્ટે પરાપૂર્વથી ચાલી આવતી આદર્શવાદી અને દાર્શનિક વિચારસરણીનો વિરોધ કરી પ્રત્યક્ષવાદમાં દાર્શનિક, કાલ્પનિક, આદર્શવાદી અને ધાર્મિક વિચારોથી વેગળા રહી સમાજનો અભ્યાસ કરવાનું કહે છે.

**(3) વાસ્તવિક તથ્યો સાથે સંબંધ :**

પ્રત્યક્ષવાદી પદ્ધતિ વાસ્તવિક સામાજિક તથ્યોનું જ્ઞાન મેળવવાનું જણાવે છે. વાસ્તવિક તથ્યો વિશે જેટલું ઉપયોગી હોય એટલું જ જ્ઞાન મેળવવાનો પ્રત્યક્ષવાદનો હેતુ છે.

**(4) પ્રત્યક્ષવાદ એક ધાર્મિક સ્વરૂપે :**

અગાઉ વૈજ્ઞાનિક પદ્ધતિ રૂપે રજૂ કરવામાં આવેલ પ્રત્યક્ષવાદને કોમ્ટેએ પાછળથી માનવતાના ધર્મનું રૂપ આપી માનવકલ્યાણના સાધન તરીકે રજૂ કર્યો હતો. માત્ર જ્ઞાનથી નહીં, પરંતુ બીજાઓના કલ્યાણમાં મદદરૂપ બને એવી નૈતિક ભાવના વિકસાવીને

સમાજનો વિકાસ કરવામાં પ્રત્યક્ષવાદ ઉપયોગી બની રહે એમ કોમ્ટે સૂચવ્યું. એટલું જ નહીં એમણે એ માટે સામાજિક કલ્યાણ માટે એક યોજના પણ ઘડી આપી. પાછળથી વૈજ્ઞાનિક પદ્ધતિને બદલે ધર્મ કે નૈતિક એકતા ઊભી કરતાં સાધન તરીકે પ્રત્યક્ષવાદનું રૂપ અપાતાં ઘણા વિદ્વાનોએ આ વાદની કડક આલોચના પણ કરી અને પરિણામે વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે પ્રત્યક્ષવાદનું મહત્ત્વ ઘટ્યું. કોમ્ટે માટે એમ પણ કહેવાયું કે પ્રત્યક્ષવાદના જન્મદાતા પોતે જ ઓછા પ્રત્યક્ષવાદી હતા.

## 6.3 ત્રણ સ્તરનો નિયમ અથવા માનવપ્રગતિનો નિયમ

કોમ્ટેના ત્રણ સ્તરના નિયમને બૈદ્ધિક વિકાસના ત્રણ તબક્કાનો નિયમ, માનસિક વિકાસના ત્રણ તબક્કાનો નિયમ, વૈચારિક વિકાસના ત્રણ તબક્કાનો નિયમ, જ્ઞાનના વિકાસના ત્રણ તબક્કાનો નિયમ, માનવચિંતનના ત્રણ તબક્કાનો નિયમ વગેરે નામે ઓળખાવી શકાય.

કોમ્ટે ત્રણ સ્તરનો નિયમ રજૂ કરતાં જણાવે છે કે, 'આજ સુધીમાં સર્વકાળે માનવબુદ્ધિનો વિકાસ જે જે દિશામાં થયો છે એનો અભ્યાસ કરતાં જણાય છે કે તેની પાછળ એક મૂળભૂત નિયમ કામ કરી રહ્યો છે. આ નિયમ- ત્રણ સ્તરનો નિયમ- આ મુજબ છેઃ 'માનવીના તમામ મહત્ત્વના વિચારો કે માનવજ્ઞાન ઉત્તરોઉત્તર ત્રણ સૈદ્ધાંતિક પરિસ્થિતિમાંથી પસાર થયેલ છે ધાર્મિક ઉાલ્પનિક), આધિભૌતિક (અમૂર્ત) અને પ્રત્યક્ષવાદી (વૈજ્ઞાનિક).'

આમ, કોમ્ટેએ માનવબુદ્ધિ, માનવવિચારો કે માનવજ્ઞાનના વિકાસના ત્રણ સ્તર, તબક્કા દર્શાવ્યા છે.

(1) ધાર્મિક સ્તર

(2) આધિભૌતિક સ્તર

(3) પ્રત્યક્ષવાદી સ્તર

કોમ્ટેના મતે આ ત્રણ સ્તરનો નિયમ વ્યક્તિત્વ અને સમાજ વિકાસ- એ બંનેને સમાન રીતે લાગુ પડે છે. સમાજના એકમો જેવા કે કુટુંબ, રાજ્ય, ધર્મ, સાંસ્કૃતિક સંગઠનો માણસના વિચારોની ફળશ્રુતિ છે. તે માણસના વિચારોના પાયા પર ઘડાય છે. આથી માણસના વિચારોમાં પરિવર્તન આવતા સામાજિક માળખાનું સ્વરૂપ પણ બદલાય છે.

### (1) ધાર્મિક સ્તર

માનવીના વિચારો આદિમ કાળમાં ધાર્મિક સ્તરના હતા. આ તબક્કામાં બધી જ ઘટનાનો વિચાર માનવી ઈશ્વર ઈચ્છાની દૃષ્ટિએ કરે છે એટલે કે જગતની પ્રત્યેક ઘટના ઈશ્વર આધીન અને સંચાલિત છે એમ માને છે. પોતાની સમસ્યાનો ખુલાસો ઈશ્વર ઈચ્છા કે લીલાને ગણે છે. આ તબક્કો માનવની બુદ્ધિ, જ્ઞાન અને વિચારોની પછાત અવસ્થા સૂચવે છે. એટલે જ કોમ્ટેના મતે આ કાલ્પનિક તબક્કો છે. આ પ્રથમ તબક્કાના નીચે મુજબ ત્રણ પેટા તબક્કા છે.

અ. જડત્વવાદ

બ. અનેકેશ્વસ્વાદ

ક. એકેશ્વરવાદ

**અ. જડત્વવાદ**

માણસ તમામ ભૌતિક- પ્રાકૃતિક પદાર્થોને સજીવ માનીને પૂજે છે. જડ અને ચેતનને

દેવ ગણે છે. પ્રકૃતિના વિવિધ તત્ત્વોમાં સજીવારોપણ કરી ઊંડી શ્રદ્ધા ધરાવે છે. આ વિચાર એ જડત્વવાદ છે.

**બ. અનેકેશ્વરવાદ**

અનેક અમૂર્ત દેવો વિશ્વનું સંચાલન કરે છે એવો વિચાર અનેકેશ્વરવાદ છે. આદિવાસી અમુક દેવ સર્વોપરી છે તથા અમુક દેવો વધુ અને અમુક દેવો ઓછી શક્તિ ધરાવે છે એવા વિચારોનો વિકાસ અનેકેશ્વરવાદ છે.

**ક. એકેશ્વરવાદ**

માણસ જ્યારે એમ માનવા લાગે કે તસાસ પ્રાકૃતિક ઘટનાઓનું સંચાલન કોઈ એક સર્વોપરીશક્તિ દ્વારા થાય છે જેમાં મનુષ્યની ઇચ્છા અને લાગણીઓનું આરોપણ કરવામાં આવે છે તેવી સર્વોપરી વૈયક્તિક માન્યતા એટલે એકેશ્વરવાદ.

**ધાર્મિક તબક્કામાં સમાજવ્યવસ્થાનું સ્વરૂપઃ**

આ તબકકામાં રાજાની દૈવી શક્તિનો સિદ્ધાંત વિકસે છે. આખા સમાજ પર રાજાનું વર્ચસ્વ અને સત્તા છે. રાજા માત્ર ઈશ્વરને જવાબદાર મનાય છે. રાજાનો દરેક શબ્દ કાયદો છે. આ તબક્કા દરમિયાન રાજ્યનું સામાજિક નિયંત્રણ અત્યંત કઠોર સ્વરૂપનું હોય છે. આ તબકકામાં વ્યક્તિની સામાજિક ક્રિયાઓ બૌદ્ધિક નહીં, પણ ધાર્મિક સત્તાના પાયા પર થતી હોય છે. અહીં સમસ્યાના બુદ્ધિપૂર્વક ઉકેલ લાવવાના વલણને બદલે ઈશ્વર ઇચ્છા માની સ્વીકારી લેવાનું વલણ જોવા મળે છે.

**(2) આધિભૌતિક સ્તર**

કોસ્ટે એ જ્ઞાનની કે વિચારોની ઉત્ક્રાંતિ થતા જે નવા વિચારો વિકસે છે તેને આધિભૌતિક સ્તર તરીકે ઓળખાવે છે. જે એકેશ્વરવાદની અવસ્થા પછી વિકસે છે. આ તબક્કામાં એક વ્યક્તિ તરીકે ઈશ્વરનો વિચાર કરવાને બદલે અમૂર્ત શક્તિ તરીકે તેનો સ્વીકાર કરવામાં આવે છે. દરેક માણસ દેવ-દેવી કે ઈશ્વરનું અમૂર્તિકરણ કરે છે જેમાં બધી સમસ્યાનો ખુલાસો આધિભૌતિક તત્ત્વ દ્વારા આપવામાં આવે છે. આ તબક્કે માણસ ઈશ્વરને સ્થાને કોઈ અમૂર્ત શક્તિને મૂકીને જગતને જોવાનો પ્રયાસ કરે છે. અહીં સૃષ્ટિના સંચાલકબળ તરીકે મૂર્ત દેવ- દેવી નહીં, પણ અમૂર્ત અને અગોચર શક્તિને ગણવામાં આવે છે.

**આધિભૌતિક તબક્કામાં સમાજવ્યવસ્થાનું સ્વરૂપ :**

આ તબકકામાં રાજાની દૈવીશક્તિનો ખ્યાલ દૂર થાય છે અને કાનૂની સત્તાનો તથા લોકોના સાર્વભૌમત્વનો ખ્યાલ વિકસે છે. અહીં સામાજિક વ્યવસ્થા ઘરગથ્થુ મટીને સામૂહિક થાય છે. આમ આ બીજા તબકકામાં પ્રથમ તબક્કાની સરખામણીમાં એક નવા સ્વરૂપની સમાજવ્યવસ્થા વિકસાવવાની શરૂઆત થાય છે. જેને કોમ્ટે પ્રથમ અને તૃતીય તબક્કા વચ્ચેના સંક્રાંતિકાળનો તબક્કો ગણે છે. જેમાં જૂના વિચારો હજી દૂર નથી થયા અને નવા વિચારો હજી સ્વીકારાયેલા હોતા નથી. આવી અરાજકતામાંથી લોકો તૃતીય તબક્કાના પ્રત્યક્ષવાદી વિચારો અપનાવે છે અને તેને પરિણામે સમાજવ્યવસ્થા વ્યવસ્થિત બનવા લાગે છે.

**(3) પ્રત્યક્ષવાદી સ્તર**

આધિભૌતિક સ્તરમાં માનવીના વિચારો કે બુદ્ધિનો વધુ વિકાસ થતાં માનવવિચારનું જે ત્રીજું સ્તર વિકસે છે તેને કોમ્ટે પ્રત્યક્ષ સ્તર કે વૈજ્ઞાનિક સ્તર તરીકે ઓળખાવે છે. પ્રત્યેક ઘટનાને સમજવા માટે એ ઘટના સાથે સંબંધિત તથ્યોની વૈજ્ઞાનિક તપાસ કરવાનું વલણ પ્રત્યક્ષ સ્તરને કારણે વિકસે છે. અહીં નિરીક્ષણ, અનુમાન, પરીક્ષણ, પ્રયોગ, વર્ગીકરણ વગેરે વિજ્ઞાનની પદ્ધતિઓ દ્વારા ઘટનાઓને તેના સાચા સ્વરૂપમાં સમજવાનો પ્રયાસ થાય છે. પ્રત્યક્ષ તબક્કાની શરૂઆતમાં ચોક્કસ તથ્યો વિશે નિયમો શોધવાનો પ્રયાસ થાય છે. સમય જતાં બૌદ્ધિક વિકાસ આગળ વધતાં જાણી શકાય તેવા બધાં જ તથ્યોની સમજૂતી પૂરી પાડી શકે એવો સામાન્ય વૈજ્ઞાનિક નિયમ શોધવામાં આવતા આ તબક્કો પૂર્ણતાએ પહોંચે છે.

**પ્રત્યક્ષ તબક્કામાં સમાજ વ્યવસ્થાનું સ્વરૂપ :**

આ તબક્કામાં માણસની વૈચારિક કે બૌદ્ધિક કક્ષા સંપૂર્ણ બદલાયેલી હોય છે. તે તાર્કિક દૃષ્ટિએ ઘટનાનો વિચાર કરતો થાય છે. સૃષ્ટિને દેવની લીલા કે અગોચર શક્તિના સાધન તરીકે નહી પણ સૃષ્ટિની ઘટનાઓને વૈજ્ઞાનિક રીતે સમજવાનો પ્રયાસ કરે છે. નિરીક્ષણ, અનુમાન, પરીક્ષણ, પ્રયોગ, વર્ગીકરણ વગેરે વિજ્ઞાનની પદ્ધતિઓનો ઉપયોગ કરીને ઘટના વિશેની સાચી સમજ મેળવવાનો પ્રયત્ન કરે છે. આથી આ તબક્કામાં સમાજવ્યવસ્થાનું સ્વરૂપ, સમાજના વિવિધ સંગઠનોની રચના મૂળભૂત રીતે પરિવર્તન પામવા લાગે છે અને ઈશ્વરની મહેરબાનીની રાહ જોયા વિના સામાજિક, આર્થિક, રાજકીય વગેરે ક્ષેત્રોમાં આગળ વધવા- વિકાસ કરવા તેનામાં સક્રિયતા જાગે છે. આ સક્રિયતા બુદ્ધિ અને વિજ્ઞાન દવારા માર્ગદર્શિત થાય છે અને એક નવા પ્રકારની ઔદ્યોગિક- શહેરી સમાજવ્યવસ્થા વિકસવા લાગે છે.

આમ, પ્રત્યક્ષ સ્તરમાં સમાજની ભૌતિક, બૌદ્ધિક અને નૈતિક શક્તિઓનો સમન્વય થાય છે તેથી કોમ્ટેએ આ સ્તરને માનવવિકાસનું સર્વોત્તમ સ્તર કહ્યું છે.

વિવિધ બૌદ્ધિક સ્તરોમાં સમાજનું સ્વરૂપ

| બૌદ્ધિક સ્તર | ભૌતિક કક્ષા | સામાજિક એકમનો પ્રકાર | સામાજિક વ્યવસ્થાનો પ્રકાર | લાગણીનું સ્વરૂપ |
|---|---|---|---|---|
| ધાર્મિક સ્તર | લશ્કરી | કુટુંબ | ઘરગથ્થું | સ્નેહની લાગણી |
| આધિભૌતિક સ્તર | કાનૂની | રાજ્ય | સામૂહિક | આદરભાવ |
| પ્રત્યક્ષ સ્તર | ઔદ્યોગિક | અખિલ માનવ જાતિ | વિશ્વવ્યાપી | પરોપકારની લાગણી |

કોમ્ટેના મતે એક જ વ્યક્તિના મનમાં કે એક જ સમાજમાં એકી સાથે ત્રણેય તબક્કાઓ સહઅસ્તિત્વ ધરાવતા હોય એ સંભાવનાને નકારી શકાય નહીં. એક જ વ્યક્તિ ઘટનાનો વિચાર ધાર્મિક, આધિભૌતિક અને કેટલીક ઘટનાની બાબતમાં પ્રત્યક્ષ કે વૈજ્ઞાનિક સ્વરૂપના વિચારો ધરાવે એવું શક્ય છે.

બોગર્ડસને મતે માનવચિંતનનો ચોથો સ્તર સમાજવાદી ચિંતનનો સ્તર રજૂ કરવામાં કોમ્ટે નિષ્ફળ ગયા છે. આમ છતાં ત્રણ સ્તરોની વિચારણા દ્વારા ચોથા સ્તરના સમાજવાદી ચિંતનનો રસ્તો ખોલવામાં કોમ્ટેના ફાળાની નોંધ લેવી પડે એમ છે.

## 6.4 વિજ્ઞાનોનું વર્ગીકરણ અથવા વિજ્ઞાનોનો કોટિક્રમ (Classification of Sciences or Hierarchy of Sciences)

**પ્રસ્તાવના**

કોમ્ટનો આ સિદ્ધાંત ત્રણ તબક્કાના નિયમ સાથે ગાઢ સંકળાયેલો છે. કોમ્ટેએ વિજ્ઞાનોનો કોટિક્રમ એવી રીતે ગોઠવ્યો છે કે પ્રત્યેક વિજ્ઞાન તેના પુરોગામી ક્રમના વિજ્ઞાનના મુખ્ય સિદ્ધાંત પર રચાયેલું હોય અને તે અનુગામી વિજ્ઞાનના આધાર તરીકે કામ કરતું હોય. વિજ્ઞાનોનું વર્ગીકરણ કરવામાં કોમ્ટેએ બે સિદ્ધાંત અપનાવ્યા છે.

1. વધતા જતાં પરાવલંબનના ક્રમનો સિદ્ધાંત
2. વધતી જતી જટિલતા અને ઘટતી જતી સામાન્યતાના ક્રમનો સિદ્ધાંત ઉપર્યુક્ત સિદ્ધાંતોને અનુલક્ષીને કોમ્ટે એ વિજ્ઞાનોનો કોટિક્રમ નીચે મુજબ દર્શાવે છે.

**(1) ગણિતશાસ્ત્ર**

કોમ્ટના મતે ગણિતશાસ્ત્ર કોઇ વિજ્ઞાન જૂથનો ભાગ નથી પરંતુ તે બધા વિજ્ઞાનનો પાયો છે, આધારસ્તંભ છે. વિજ્ઞાનોના કોટિક્રમમાં તેનું પ્રથમ સ્થાન છે. ગણિતશાસ્ત્ર સામાન્ય કે વિશિષ્ટ એમ બધા પ્રકારના શિક્ષણનું સર્વોત્તમ પ્રારંભબિંદુ અને પૂર્ણ વિજ્ઞાન છે. ગણિતશાસ્ત્ર એવું વિજ્ઞાન છે કે વસ્તુઓ અને વિચારો વચ્ચેના સંબંધોને ચોકસાઈથી માપે છે. સંક્ષેપમાં કહીએ તો-

- ગણિતશાસ્ત્ર બધા વિજ્ઞાનો માટે પાયાનું વિજ્ઞાન છે.
- ગણિતશાસ્ત્ર અન્ય કોઇ વિજ્ઞાન પર આધારિત નથી.
- ગણિતશાસ્ત્રનું વિષયવસ્તુ સૌથી સરળ છે.
- ગણિતશાસ્ત્રના નિયમો સૌથી વધુ સર્વસામાન્ય છે.

કોમ્ટ ગણિતશાસ્ત્રને વર્ગીકરણના એક સાધન તરીકે ઉપયોગમાં લઈને જ જ્ઞાનનું વર્ગીકરણ આગળ ધપાવે છે.

**(2) ખગોળશાસ્ત્ર**

કોમ્ટ બીજા સ્થાને ખગોળશાસ્ત્રને મૂકે છે. તેઓ, બધી પ્રાકૃતિક ઘટનાઓને અકાર્બનિક અને કાર્બનિક એમ બે વિશાળ ભાગમાં વર્ગીકૃત કરે છે. અકાર્બનિક ઘટના એટલે કે નિર્જીવ ઘટના. તેમના મતે અકાર્બનિક એ સર્વસામાન્ય છે. તેમાં ખગોળીય પૃથ્વી અને તેના સૌરમંડળના બીજા એકમો વચ્ચેના સંબંધોનું સ્વરૂપ સમજ્યા વિના કોઇ પણ પાર્થિવ ઘટનાને સમજી શકાય નહીં તેમ માને છે. સંક્ષેપમાં કહીએ તો-

- ખગોળશાસ્ત્રગણિતશાસ્ત્ર પર આધારિત શાસ્ત્ર છે.
- ખગોળશાસ્ત્રનું વિષયવસ્તુ ગણિતશાસ્ત્ર કરતાં વધુ જટિલ છે.
- ખગોળશાસ્ત્રના નિયમો ગણિતશાસ્ત્રના નિયમો કરતાં ઓછા સર્વ સામાન્ય છે.

**(3) ભૌતિકશાસ્ત્ર**

અકાર્બનિક ઘટનાઓમાં ખગોળીય અને પાર્થિવ ઘટનાઓનો સમાવેશ થાય છે. પાર્થિવ ઘટનાઓમાં કોમ્ટે ભૌતિક પદાર્થો અને રસાયણોનો સમાવેશ કરે છે. તેઓ કહે છે કે પાર્થિવ પદાર્થ ભૌતિક અથવા રાસાયણિક સ્વરૂપના હોય છે. ભૌતિક શાસ્ત્ર ભૌતિક સ્વરૂપના પદાર્થોનો અભ્યાસ કરે છે. સંક્ષેપમાં કહીએ તો-

- ભૌતિકશાસ્ત્ર ગણિતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્ર પર આધારિત છે.
- ભૌતિકશાસ્ત્રનું વિષયવસ્તુ ગણિતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્ર કરતાં વધુ જટિલ છે.
- ભૌતિકશાસ્ત્રના નિયમો ગણિતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્ર કરતાં ઓછા સર્વસામાન્ય છે.

**(4) રસાયણશાસ્ત્ર**

રાસાયણિક સ્વરૂપના પાર્થિવ પદાર્થનો અભ્યાસ રસાયણશાસ્ત્ર કરે છે. રસાયણિક ઘટનાઓ ભૌતિક ઘટનાઓ કરતાં ઓછી સર્વસામાન્ય છે અને તે વધુ જટિલ છે. રસાયણિક ઘટનાઓ ભૌતિકશાસ્ત્રના નિયમો પર આધારિત છે. કોઈ પણ રસાયણિક ઘટના વજન, ઉષ્ણતા અને વિદ્યુતના નિયમોથી બદ્ધ છે. આમ રસાયણશાસ્ત્ર ભૌતિકશાસ્ત્ર પર આધારિત છે. સંક્ષેપમાં કહીએ તો-

- રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર પર આધારિત છે.
- રસાયણશાસ્ત્રનું વિષયવસ્તુ ભૌતિકશાસ્ત્ર અને તેના પુરોગામી વિજ્ઞાનોના વિષયવસ્તુ કરતાં વધુ જટિલ છે.
- ભૌતિક ઘટનાઓની તુલનામાં રસાયણિક ઘટનાઓ ઓછી સર્વસામાન્ય હોવાથી રસાયણશાસ્ત્રના નિયમો ભૌતિકશાસ્ત્ર તેમ જ તેના પુરોગામી વિજ્ઞાનોના વિષયવસ્તુ કરતાં ઓછા સર્વસામાન્ય છે.

**(5) જીવવિજ્ઞાન**

અગાઉ જોયું તેમ કોમ્ટે બધી પ્રાકૃતિક ઘટનાઓને અકાર્બનિક અને કાર્બનિક ઘટનાઓ એવા બે ભાગમાં વહેંચે છે. કાર્બનિક ઘટનાઓ એટલે કે સેન્દ્રિય ઘટનાઓ પ્રાણી કે વનસ્પતિના વર્ગમાંથી પેદા થતી ઘટનાઓ અથવા તો તે વર્ગની ઘટનાઓ કહેવાય છે. કોમ્ટે કાર્બનિક ઘટનાઓમાં વ્યક્તિ અને જૂથનો સમાવેશ કરે છે. જીવશાસ્ત્ર બધા જીવોનો અભ્યાસ કરે છે તેમજ જીવના વ્યક્તિગત એકમોને લગતા નિયમો શોધે છે. જીવવિજ્ઞાન રસાયણશાસ્ત્ર ઉપર આધારિત છે કારણકે રસાયણશાસ્ત્રમાં પોષણ અને સ્ત્રાવોને લગતું બધું જ્ઞાન મળે છે. જીવશાસ્ત્ર તેના અગાઉના ક્રમના ચારેય વિજ્ઞાનો ઉપર આધાર રાખે છે. જીવશાસ્ત્રનું વિષયવસ્તુ તેના અગાઉના ક્રમના ચારેય વિજ્ઞાનોના વિષય વસ્તુ કરતાં વધુ જટિલ છે. સંક્ષેપમાં કહીએ તો-

- જીવશાસ્ત્ર તેના અગાઉનાક્રમના ચારેય વિજ્ઞાનો ઉપર આધાર રાખે છે.
- જીવશાસ્ત્રનું વિષયવસ્તુ તેના અગાઉના ક્રમના ચારેય વિજ્ઞાનોના વિષય વસ્તુ કરતાં વધુ જટિલ છે.
- જીવશાસ્ત્રના નિયમો તેના અગાઉના ક્રમના ચારેય વિજ્ઞાનોના નિયમો કરતાં ઓછા સર્વસામાન્ય છે.

**(6) સમાજશાસ્ત્ર**

કોમ્ટએ વિજ્ઞાનોના કોટિક્રમમાં સમાજશાસ્ત્રને ટોચ ઉપર મૂક્યું છે. કારણ કે તે બાકીના બધા વિજ્ઞાનો ઉપર આધારિત છે. વળી, બાકીના વિજ્ઞાનો કરતાં તેનું વિષય વસ્તુ

સૌથી વધુ જટિલ છે, જ્યારે તેના નિયમો સૌથી ઓછા સર્વસામાન્ય છે. વ્યક્તિનો અભ્યાસ જીવશાસ્ત્ર કરે છે અને જૂથનો અભ્યાસ સમાજશાસ્ત્ર કરે છે. કોમ્ટેએ જૂથ જીવનનો અભ્યાસ કરતાં વિજ્ઞાનને સામાજિક ભૌતિકશાસ્ત્ર તરીકે ઓળખાવ્યું છે અને તે માટે તેમણે સમાજશાસ્ત્ર જેવી ખાસ પરિભાષા પ્રયોજી છે. સમાજશાસ્ત્ર બધાંજ વિજ્ઞાનો ઉપર આધારિત છે.

**(1) સમાજશાસ્ત્રની વિશિષ્ટ પદ્ધતિશાસ્ત્રીય લાક્ષણિકતા :**

સમાજશાસ્ત્ર વૈજ્ઞાનિક પદ્ધતિની પૂર્ણતાનો નિર્દેશ કરે છે. સમાજશાસ્ત્રને બધાં વિજ્ઞાનોના સાધનોનો લાભ મળે છે, પરંતુ વધુમાં તે ઐતિહાસિક પદ્ધતિનો ઉપયોગ કરે છે. સમાજશાસ્ત્રની વિશિષ્ટ પદ્ધતિશાસ્ત્રીય લાક્ષણિકતા તેને વિજ્ઞાનોના કોટિક્રમમાં આવતા અન્ય વિજ્ઞાનોથી જુદું પાડે છે. સમાજશાસ્ત્ર બાકીના બધા કોટિક્રમિક વિજ્ઞાનો ઉપર આધારિત છે. એમાંય જીવવિજ્ઞાન ઉપર એ વિશેષ આધારિત હોઇ વિજ્ઞાનોના કોટિકરમમાં જીવશાસ્ત્ર સમાજશાસ્ત્રથી વધુ નજીક છે.

**(2) સમાજશાસ્ત્ર અને જીવશાસ્ત્ર વચ્ચે એક્ય :**

ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર તેના વિષયવસ્તુના તત્ત્વોને અલગ પાડીને અભ્યાસ કરે છે, જ્યારે જીવવિજ્ઞાન સમગ્ર દેહનો અભ્યાસ કરવાનો અભિગમ ધરાવે છે. સમગ્રદર્શી અભિગમની દૃષ્ટિએ સમાજશાસ્ત્ર અને જીવશાસ્ત્ર વચ્ચે એક્ય છે.

**(3) સમાજશાસ્ત્ર અને અકાર્બનિક વિજ્ઞાનો વચ્ચે ભેદ :**

કોમ્ટેના મતે અકાર્બનિક વિજ્ઞાનોમાં સમગ્ર કરતા તેનાં તત્ત્વોને વધુ સારી રીતે સમજી શકાય છે. આવા કિસ્સામાં આપણે સાદા તરફથી જટિલ તરફની સમજ મેળવવા પ્રયાસ કરવો જરૂરી છે. પરંતુ માનવી અને સમાજના અભ્યાસમાં તેનાથી વિરુદ્ધની એટલે કે જટિલ તરફથી સાદાની સમજ મેળવવાની પદ્ધતિ અપનાવવી જરૂરી છે.

**(4) સમાજશાસ્ત્રના અભ્યાસી માટે અન્ય વિજ્ઞાનોનું પાયાનું જ્ઞાન જરૂરી :**

કોઇ પણ વિજ્ઞાન વિશેની સમજ તે જે વિજ્ઞાનો ઉપર આધારિત છે, તે વિજ્ઞાનોના પર્યાપ્ત જ્ઞાન વિના સાર્થક નીવડી શકે નહીં. આથી બધાં વિજ્ઞનોનું સામાન્ય જ્ઞાન હોય તે પૂરતું નથી પરંતુ બધાં વિજ્ઞાનોનો ક્રમશઃ અભ્યાસ કરવો જરૂરી છે. કોમ્ટેએ નોંધ્યું છે કે કોટિક્રમમાં આવતું પ્રત્યેક વિજ્ઞાન એના પુરોગામી વિજ્ઞાન અમુક કક્ષાએ પહોંચ્યા પહેલા આગળ વિકાસ પામી શકતું નથી.

**(5) વિજ્ઞાનોના વિકાસની ગતિ:**

વિજ્ઞાનના વર્ગીકરણમાં દર્શાવેલા છ સામાન્ય વિજ્ઞાનોના ચિંતનના ત્રણેય તબક્કા વટાવી ચૂક્યા છે. ગણિતશાસ્ત્ર અન્ય વિજ્ઞાનની સરખામણીમાં પ્રત્યક્ષ સ્તરમાં સૌથી વધુ વિકાસ પામ્યું છે તેમ છતાં વહેમથી મુક્ત નથી. સમાજશાસ્ત્ર વિકાસના તબકકામાં સૌથી છેલ્લે વિકસેલું વિજ્ઞાન છે. કોમ્ટે પોતાના કાર્ય દ્વારા સમાજશાસ્ત્રને પ્રત્યક્ષ સ્તરની કક્ષાએ પહોંચાડવાની ઈચ્છા ધરાવતા હતા.

## 6.5 સામાજિક સ્થિતિશાસ્ત્ર અને સામાજિક ગતિશાસ્ત્ર

સમાજનું એક પાસું સ્થિરતા કે સ્થિત્યાપક્તા છે જેનો અભ્યાસ સામાજિક સ્થિતિશાસ્ત્ર કરે છે. સમાજનું બીજું પાસું તે ગત્યાત્મકતા. જે સામાજિક પ્રગતિ, વિકાસ, ઉત્ક્રાંતિ અને પરિવર્તનનો નિર્દેશ કરે છે.

### [A] સામાજિક સ્થિતિશાસ્ત્ર

ઓગસ્ટ કોમ્ટે સામાજિક ગતિશીલતા અને સામાજિક સ્થિતિશાસ્ત્ર વિષે ઊંડાણપૂર્વકની સમજ આપી છે. તેઓ મુજબ, સમાજ સ્થિર અને ગતિશીલ હોઈ શકે છે. સામાજિક સ્થિતિશાસ્ત્ર એ સામાજિક પ્રણાલી, સામાજિક પ્રથાઓ, સામાજિક ઘટનાઓ, સામાજિક રચનાઓના જુદા-જુદા ભાગોની પરસ્પર ક્રિયાપ્રતિક્રિયા કરવાની રીતો તથા સમગ્ર સામાજિક વ્યવસ્થા વચ્ચેના કાર્યાત્મક સંબંધો સાથે સંબંધિત છે. સમાજનું કોઈપણ એક માળખું ઘણા બધા ભાગો ધરાવે છે, બધા જ સામાજિક માળખા, તેમજ તેના ભાગોનો વ્યવસ્થિત અભ્યાસ સામાજિક સ્થિતિશાસ્ત્ર સાથે સંકળાયેલું છે. આ ભાગોમાં જોવા મળતી ભૌતિક એકરૂપતા શોધવાના પ્રયત્નો કરવામાં આવે છે. આ એકતા ભૌતિક, બૌદ્ધિક અને નૈતિક એમ ત્રણ સ્વરૂપે સ્વીકારવામાં આવી છે, તે સમાજમાં સ્થિરતા બનાવે છે અને આ સ્થિતિ સામાજિક વ્યવસ્થાનો આધાર છે.

ઈ. એસ. બોગાર્ડસ (૧.૫. ૮બટ્રકપપડ) ના મતે, ‘‘સામાજિક સ્થિતિ વિજ્ઞાન એ સામાજિક વ્યવસ્થાના વિવિધ ભાગોની ક્રિયાના નિયમો અને પ્રતિક્રિયાઓનો અભ્યાસ છે.’’

એમ. ડબ્લ્યુ, વાઈન મુજબ, ‘‘સામાજિક પરિસ્થિતિગત વિજ્ઞાન એ સમાજશાસ્ત્રની તે શાખા છે જે સમગ્ર સમાજના વિવિધ ભાગોનો અભ્યાસ કરે છે.’’

કોમ્ટ અનુસાર, સામાજિક સ્થિતિનું વિજ્ઞાન, સામાજિક જીવતંત્રની સર્વસંમતિ સાથે સંબંધિત છે, જેનો અર્થ પરસ્પર નિર્ભર ભાગોમાં સંવાદિતા છે. સમાજના બધા જ ભાગો એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોવાની સાથે સાથે એકબીજા સાથે સંવાદિતા ધરાવે છે. સમાજની જુદી જુદી સંસ્થાઓ જેવી કે, રાજકીય સંસ્થાઓ, સામાજિક પ્રથાઓ અને વિચારો એકબીજા સાથે સંકળાયેલા હોવાની સાથે સાથે મનુષ્યની બૌદ્ધિક, નૈતિક અને શારીરિક પ્રવૃત્તિઓમાં પણ યોગ્ય સંવાદિતા હોવી જોઈએ. સામાજિક સ્થિતિવિજ્ઞાનનો ઉદ્દેશ્ય સામાજિક વાતાવરણની એકતા શોધવાનો અને સામાજિક સ્થિરતાની પરિસ્થિતિઓને શોધવાનો છે. કોમ્ટે માને છે કે સામાજિક અસંતુલિત સમાજમાં માનવી આજે જીવન જીવી રહ્યો છે, તેથી આ સામાજિક સંતુલન પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી પરિસ્થિતિઓનો અભ્યાસ કરવો એ સામાજિક સ્થિતિ વિજ્ઞાન અગત્યનું છે.

ઓગસ્ટ કોમ્ટે સામાજિક સ્થિતિશાસ્ત્રમાં ત્રણ તત્વોનો સમાવેશ કર્યો છે :-

૧. વ્યક્તિઓ - સમાજમાં વ્યક્તિનું મહત્વનું સ્થાન છે. વ્યક્તિઓના સમૂહ દ્વારા જ સમાજ અને કુટુંબની રચના શક્ય બને છે. આમ સમાજમાં વ્યક્તિનું સ્થાન કેન્દ્રિય છે.

૨. કુટુંબ - કુટુંબ એ સમાજનું મૂળભૂત અને પાયાનું એકમ છે. વ્યક્તિનો જન્મ કુટુંબમાં જ થાય છે અને કુટુંબ દ્વારા જ નવા સભ્યોને ભરતી થાય છે. જે નવા પરિવારનું

નિર્માણ, વિકાસ અને ઉછેર કરે છે. ઓગસ્ટ કોમ્ટે કુટુંબમાં જાતીય સંબંધો અને માતાપિતાના સંબંધો એમ બે તત્વોનો સમાવેશ કર્યો છે.

૩. સમાજ - વ્યક્તિઓ અને કુટુંબ દ્વારા સમાજ અસ્તિત્વ ધરાવે છે. એ સંદર્ભમાં વ્યક્તિ અને કુટુંબનાં સંમિલનથી સમાજની રચના થાય છે. સામાજિક સ્થિતિશાસ્ત્રમાં, વ્યક્તિ અને કુટુંબ પછી સમાજ આવે છે.

આમ, સામાજિક સ્થિતિશાસ્ત્ર કોઈ ચોક્કસ ક્ષેત્ર, સમય કે ચોક્કસ પ્રકારની ઘટના અને જુદા-જુદા માળખાઓ વચ્ચેની એકરૂપતાના અભ્યાસ સુધી સીમિત નથી, તે 'સામાજિક વાતાવરણ માટે યોગ્ય મૂળભૂત એકતા' સાથે પણ સંબંધિત છે.

**[B] સામાજિક ગતિશાસ્ત્ર**

**(1) સામાજિક ગતિશાસ્ત્રનો અર્થ :**

કોમ્ટના મતે સામાજિક ગતિશાસ્ત્ર સામાજિક પ્રગતિનો નિયમ શોધે છે. તે એક પછી એક એમ ક્રમશઃ બનતી ઘટનાઓનો અભ્યાસ કરી સામાજિક પરિવર્તનનો નિયમ તપાસે છે. રેમંડ એરોન નોંધે છે તેમ માનવી વિકાસના જે તબક્કામાંથી પસાર થાય છે તે ક્રમિક તબક્કાઓનો અભ્યાસ સામાજિક ગતિશાસ્ત્ર કરે છે. જો કે ઈતિહાસની માફક ઐતિહાસિક કાળક્રમમાં ભૂતકાલીન સમાજનો અભ્યાસ કરતું નથી, પરંતુ તે માનવસમાજોના વિકાસના ક્રમિક અને જરૂરી તબક્કાઓના મૂળ સુધીનો અભ્યાસ કરે છે.

**(2) સામાજિક ગતિશાસ્ત્રનું કાર્ય :**

માનવસમાજનો ક્રમિક વિકાસ, પ્રગતિ કે પરિવર્તન સામાજિક ગતિશાસ્ત્રનું મુખ્ય કાર્ય. માનવવિકાસ અને પ્રગતિનો અભ્યાસ એ સામાજિક ગતિશાસ્ત્ર શક્ય બનાવતા નિશ્ચિત નિયમની શોધ કરવી તે સામાજિક ગતિશાસ્ત્રનું મુખ્ય કાર્ય છે સામાજિક પ્રગતિના વાસ્તવિક સિદ્ધાંતનું પ્રતિપાદન કરવાનું છે કોમ્ટના મતે સમાજમાં આપોઆપ સ્વંય રીતે ચોક્કસ ક્રમમાં પરિવર્તન આવ્યું છે. આ ક્રમ સંપૂર્ણ ના હોવા છતાં પણ પરિવર્તનના આવશ્યક ક્રમને શોધી શકાય છે. વળી અવસ્થાઓના વિકાસમાં સાતત્ય હોય છે. સમાજમાં ક્રમિક પરિવર્તન, સમાજની અવસ્થાઓ, તેનો વિકાસ અને તેના સાતત્યનો અભ્યાસ કરવો તે સામાજિક ગતિશાસ્ત્રનું કાર્ય છે.

**(3) સામાજિક ગતિશાસ્ત્રનો મૂળભૂત સિદ્ધાંત :**

વર્તમાન સામાજિક સ્થિતિને તેની પુરોગામી સ્થિતિના આવશ્યક પરિણામ સ્વરૂપે ગણે છે તથા અનુગામી સ્થિતિને આવશ્યક ચાલકબળ સ્વરૂપે ગણવું એ કોમ્ટેના મતે સામાજિક ગતિશાસ્ત્રનો મૂળભૂત સિદ્ધાંત છે. આથી સામાજિક ગતિશાસ્ત્રનો હેતુ સમાજના સાતત્યનો નિર્દેશ કરતા હોય અને માનવવિકાસની દિશા નિર્ધારિત કરતા હોય તેવા નિયમો શોધવાનું છે.

**(4) સામાજિક ગતિશાસ્ત્રનું સ્થિતિશાસ્ત્ર ઉપર અવલંબન :**

કોમ્ટના મતે દરેક સમાજોને તેની મૂળભૂત વ્યવસ્થા હોય છે. આ મૂળભૂત વ્યવસ્થા અને તેના રચનાતંત્રનો અભ્યાસ સામાજિક સ્થિતિશાસ્ત્ર કરે છે. આવા અભ્યાસના આધારે જ વિકાસના ક્રમિક તબક્કાનો અભ્યાસ શક્ય બને છે. આમ, સામાજિક ગતિશાસ્ત્ર સ્થિતિશાસ્ત્ર ઉપર અવલંબિત છે. આથી રેમંડ એરોન સ્થિતિશાસ્ત્ર અને ગતિશાસ્ત્ર

જેવી પરિભાષાને બદલે અનુક્રમે વ્યવસ્થા અને પ્રગતિ શબ્દ પ્રયોજવાની હિમાયત કરે છે.

**(5) સામાજિક ગતિશાસ્ત્રનું ઈતિહાસ ઉપર અવલંબન :**

કોમ્ટના મતે સામાજિક ગતિશાસ્ત્ર ઇતિહાસ પાસેથી પોતાના તથ્યોનું સંકલન કરે છે. આથી તે 'ઈતિહાસનું વિજ્ઞાન' (Science of history) છે. સામાજિક ઉદ્ભવના સંદર્ભમાં તે ઈતિહાસથી આરંભ કરે છે અને ભૂતકાલીન અને વર્તમાનકાલીન સમાજના અભ્યાસ દ્વારા ભવિષ્ય કથન પણ કરે છે.

**(6) વૈજ્ઞાનિક સમાજની સ્થાપનાનું ધ્યેય :**

કોમ્ટનું ધ્યેય વ્યવસ્થા અને સુમેળ પ્રવર્તતા હોય તેવો વૈજ્ઞાનિક સમાજ સ્થાપવાનું હતું. સામાજિક નિયંત્રણની સમસ્યા સફળતાપૂર્વક હલ કરવાની નિષ્ફળતામાંથી અનેક સમસ્યાઓ પેદા થઈ છે એવું કોમ્ટે માનતા હતા.તેથી પ્રગતિ કરતાં સમાજમાં બુદ્ધિ અને વૈજ્ઞાનિક જ્ઞાનના માર્ગદર્શન દ્વારા સામાજિક નિયંત્રણ લાવી શકાય એવી કોમ્ટેની માન્યતા હતી. પ્રગતિનું અંતિમ લક્ષ્ય સામાજિક સુધારણા છે. સામાજિક વિજ્ઞાનીનું કાર્ય માનવપ્રકૃતિ ઉપર નિયંત્રણ લાવનાર સાધનોને શોધવાનું છે. આ માટે ગૂઢ ધર્મને બદલે માનવતાના ધર્મને સ્થાપિત કરવાથી માનવપ્રકૃતિ ઉપર અસરકારક નિયંત્રણ લાવી શકાય એવું સૂચન કોમ્ટેએ કર્યું છે. કોમ્ટનો અભિગમ આદર્શવાદી અને તેઓની દૃષ્ટિએ પ્રગતિ મૂળભૂત રીતે બૌદ્ધિક, નૈતિક અને ધાર્મિક છે.

**(7) સામાજિક સ્થિતિશાસ્ત્ર અને ગતિશાસ્ત્ર વચ્ચે ભેદ :**

સામાજિક સ્થિતિશાસ્ત્ર દરેક માનવસમાજની મૂળભૂત વ્યવસ્થાનું વર્ણન અને વિશ્લેષણ કરે છે, જ્યારે સામાજિક ગતિશાસ્ત્ર મૂળભૂત વ્યવસ્થા આખરી પ્રત્યક્ષ તબક્કે પહોંચ્યા પહેલાં જે જે તબક્કામાંથી પસાર થયેલ છે તેને અનુલક્ષીને મૂળભૂત વ્યવસ્થામાં આવેલાં પરિવર્તનો તપાસે છે.

કોમ્ટના મતે સામાજિક સ્થિતિશાસ્ત્રનો અભ્યાસ સામાજિક ગતિશાસ્ત્રના અભ્યાસ સાથે અનિવાર્ય રીતે સંકળાયેલો છે. તેઓએ સામાજિક ગતિશાસ્ત્રને સામાજિક ઉત્ક્રાંતિ અને પ્રગતિના અભ્યાસ સાથે તો સામાજિક સ્થિતિશાસ્ત્રને સામાજિક વ્યવસ્થાના અભ્યાસ સાથે સરખાવ્યા છે. જો કે હકીકતે કોમ્ટ સ્થિતિશાસ્ત્ર અને ગતિશાસ્ત્રનું આવું જોડાણ કરી શક્યા ન હતા. આમ છતાં કોઝર લેવિસ નોંધે છે તેમ સ્થિતિશાસ્ત્ર અને ગતિશાસ્ત્ર અનુભવજન્ય વાસ્તવિકતા તરીકે સહસંબંધિત છે, પણ પદ્ધતિશાસ્ત્રીય દૃષ્ટિએ એમની આગળ સંશોધન કરવા સાટે ઉત્તેજન પૂરું પાડવાના હેતુથી સ્થિતિશાસ્ત્ર અને ગતિશાસ્ત્રના અભ્યાસને એકબીજાથી અલગ કરવું ઇચ્છનીય છે.

રેમંડ એરોન સ્થિતિશાસ્ત્ર અને ગતિશાસ્ત્ર વચ્ચે ભેદ દર્શાવતા નોંધે છે કે સ્થિતિશાસ્ત્ર સહસ્તિત્વનો તો ગતિશાસ્ત્ર વિકાસના ક્રમિક તબક્કાનો અભ્યાસ કરે છે. સામાજિક સ્થિતિશાસ્ત્ર મૂળભૂત સામાજિક વ્યવસ્થાનો જ્યારે ગતિશાસ્ત્ર તેના રૂપાંતરોનો તેમ જ તેની સિદ્ધિનો એટલે કે પરિવર્તન અને પ્રગતિનો અભ્યાસ કરે જ.

સમાજની ગત્યાત્મકતાને કારણે જ માનવ સભ્યતાનો વિકાસ શક્ય બન્યો છે. માનવસભ્યતા જ્ઞાનના વિકાસના ત્રણ તબક્કામાંથી પસાર થયેલ છે. માનવસમાજની પ્રગતિ માનવજ્ઞાનની પ્રગતિની સમાંતરે થતી રહી છે. સમાજની બૌદ્ધિક અને નૈતિક પ્રગતિ માનવજાતની વિશિષ્ટતા છે.

કોમ્ટ માનતા હતા કે સમાજની ભૌતિક પ્રગતિ માટે બૌદ્ધિક અને નૈતિક પ્રગતિ અનિવાર્ય છે. બૌદ્ધિક અને નૈતિક પ્રગતિના અભાવમાં ભૌતિક પ્રગતિનું બહુ મહત્ત્વ રહેતું નથી. બૌદ્ધિક અને નૈતિક વિકાસ સામાજિક પ્રગતિને ખરા અર્થમાં મહત્ત્વ પ્રદાન કરે છે. બૌદ્ધિક પ્રગતિ દ્વારા જ અંધશ્રદ્ધા અને ખોટી માન્યતાઓમાંથી મુક્ત થઈ શકાય છે. પ્રગતિ પ્રાકૃતિક નિયમની અનિવાર્ય કામગીરીની અભિવ્યક્તિ છે, જે સમાજમાં બૌદ્ધિક અને નૈતિક વિકાસ દ્વારા જ શક્ય બને છે.

## 6.6 સારાંશઃ

વિદ્યાર્થી મિત્રો, સમગ્ર એકમમાં અભ્યાસના હેતુને ધ્યાને રાખીને દરેક મુદ્દાને વિસ્તૃત સમજાવવામાં આવ્યો છે. કોમ્ટેએ સમાજશાસ્ત્રના પિતા તરીકેની ઓળખ સાર્થક કરી છે. તેમના પ્રત્યક્ષવાદ, ત્રણ સ્તરનો નિયમ, વિજ્ઞાનોનો કોટિક્રમ અને સામાજિક સ્થિતિશાસ્ત્ર અને ગતિશાસ્ત્ર જેવા સૈદ્ધાંતિક વિચારોને સમજાવવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને કોમ્ટેના વિચારોને સમજાવવાનો પ્રયાસ થયો છે.

## 6.7 તમારી પ્રગતિ ચકાસોઃ

1. પ્રત્યક્ષવાદ એટલે શું ?

....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................
....................................................................................

2. કોમ્ટના ત્રણ સ્તરનો નિયમ સમજાવો.

3. કોમ્ટએ દર્શાવેલા વિજ્ઞાનના ત્રણ સ્તરને વિગતે સમજાવો.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

4. સામાજિક સ્થિતિશાસ્ત્ર અને ગતિશાસ્ત્ર.

..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................
..............................................................................

**બહુવૈકલ્પિક પ્રશ્નો :**

1. ______ ને સમાજશાસ્ત્રના પિતા તરીકે ઓળખવામાં આવે છે. (કોમ્ટ, વેબર, માર્કસ)
2. કોમ્ટનો જન્મ______ સાલમાં થયો હતો. (1799, 1798,1795)

3. પોઝિટિવ ફિલોસોફીના લેખક ______ હતા. (વેબર કાર્લ માર્ક્સ, કોમ્ટ)
4. કોમ્ટએ માનવવિજ્ઞાનના વિકાસના ______ સ્તર જણાવ્યા છે. (બે, ત્રણ, પાંચ)
5. આધિભૌતિક સ્તરનું સામાજિક સ્વરૂપ ______ છે. (કાનૂન, કુટુંબ, લાગણી)
6. જડત્વવાદ ______ સ્તરનો ભાગ છે. (ધાર્મિક, આધિભૌતિક, પ્રત્યક્ષ)
7. કોસ્ટના મતે ______ બધા વિજ્ઞાનોનું પાયાનું વિજ્ઞાન છે. (ખગોળશાસ્ત્ર, જીવશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર)
8. સામાજિક સંગઠનનો અભ્યાસ એટલે ______ (સ્થિતિશાસ્ત્ર, ગતિશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર)
9. સામાજિક પ્રગતિનો અભ્યાસ એટલે ______ (સ્થિતિશાસ્ત્ર, ગતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર)
10. ______ એ સામાજિક ગતિશાસ્ત્રનો ખ્યાલ આપ્યો. (ઓગસ્ટ કોમ્ટે, વેબર, આર્નોલ્ડ એરોન)

## 6.8 સંદર્ભ સૂચિ

कोम्ट के समाजशास्त्र का भाग, समाजकार्य शिक्षा, https://www.samajkaryshiksha.com/2022/05/part-of-comtes-sociology.html

## 6.8 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો

1. કોમ્ટ
2. 1798
3. કોમ્ટ
4. ત્રણ
5. કાનૂની
6. ધાર્મિક
7. ગણિતશાસ્ત્ર

❖ ❖ ❖

એકમ 7

# ઈમાઈલ દુર્ખિમ

-: રૂપરેખા :-

**7.0** ઉદ્દેશો

**7.1** પ્રસ્તાવના

**7.2** જીવન પરિચય, સંશોધનો અને પુસ્તકો

**7.3** સામાજિક તથ્યોનો ખ્યાલ

**7.4** શ્રમવિભાજન અને સામાજિક એકતા

**7.5** આત્મહત્યાનો સિદ્ધાંત

**7.6** તમારી પ્રગતિ ચકાસો

**7.7** સારાંશ

**7.8** ઉપયોગી પ્રશ્નો

**7.9** સંદર્ભ-સૂચિ

## 7.0 ઉદ્દેશો

વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- ઈમાઈલ દુર્ખિમનો જીવન પરિચય જાણી શકશો.
- ઈમાઈલ દુર્ખિમને આપેલાં સામાજિક તથ્યોનો ખ્યાલ મેળવી શકશો.
- શ્રમ વિભાજન અને સામાજિક એકતા વિશેની માહિતી મેળવી શકશો.
- આત્મહત્યાના સિદ્ધાંતની માહિતી મેળવી શકશો.

## 7.1 પ્રસ્તાવના

ઈમાઈલ દુર્ખિમ એ ઓગસ્ટ કોમ્ટ પછીના ફ્રાંસના એક મહત્ત્વના સમાજશાસ્ત્રી હતા, જેમણે સામાજિક તથ્યોનો ખ્યાલ આપ્યો. તેમના સમગ્ર વિચારોના કેન્દ્રબિંદુમાં સામાજિક તથ્યોની શોધ રહેતી. સામાજિક વ્યવસ્થાને સમજવાના તેમના પરિપ્રેક્ષ્યમાં સંશોધનના માધ્યમથી સામાજિક તથ્યોનો મહત્ત્વનો ખ્યાલ રહ્યો છે. દુર્ખિમે શ્રમવિભાજન, સામાજિક એકતા તેમજ આત્મહત્યાના સિદ્ધાંતમાં સામાજિક તથ્યોની વૈજ્ઞાનિક શોધ રજૂ કરી છે. દુર્ખિમને ઓગસ્ટ કોમ્ટના ઉતરાધિકારી તરીકે પણ ઓળખવામાં આવે છે. દુર્ખિમ ખ્યાતનામ સંશોધક અને અધ્યાપક તરીકે એક આગવી છાપ ધરાવે છે. તેઓ સામાજિક દર્શનશાસ્ત્રના વિશ્લેષક હતા. દુર્ખિમના તમામ ચિંતનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ તેમને અન્ય સમાજશાસ્ત્રીઓ કરતા જુદા તારવે છે. અમેરિકન સમાજશાસ્ત્રમાં દુર્ખિમનું સ્થાન ઘણું ઊંચું હતું. તેમના સામાજિક તથ્યો સંબંધિત સિદ્ધાંતિક વિચારોને કારણે તેઓ આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પામ્યા હતા. તેઓ સામાજિક કલ્પનાઓને આધારે થતા સંશોધનો કરતા વાસ્તવિક ઘટનાઓના અભ્યાસને આધારે સિદ્ધાંતની રચનાના હિમાયતી હતા. દુર્ખિમના મતે સમાજશાસ્ત્રીઓનું કાર્ય વાસ્તવિક સંશોધનો અને પ્રયોગો કરવાનું છે. સામાજિક જીવનના વિવિધ પાસાઓનો સંશોધનના માધ્યમથી ખૂબ જ ચીવટપૂર્વક અભ્યાસ કરવામાં માનતા હતા. સમાજશાસ્ત્રને એક વિજ્ઞાન તરીકે સ્થાપિત કરવામાં દુર્ખિમનું પ્રદાન ખૂબ જ મહત્ત્વનું રહ્યું છે.

આમ દુર્ખિમને આધુનિક સમાજશાસ્ત્ર વિષયના સંસ્થાપકમાના એક માનવામાં આવે છે, જેઓએ સમાજશાસ્ત્રને એક સામાજિક વિજ્ઞાનનો અભ્યાસ વિષય બનાવ્યો. દુર્ખિમે સમાજશાસ્ત્રના વિષયવસ્તુને સ્પષ્ટ કરી સમાજશાસ્ત્રને એક સ્વતંત્ર વિષય સ્થાપિત કરવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. આમ ફ્રાંસ અને વિશ્વમાં સમાજશાસ્ત્ર વિષયને સ્થાન આપવવામાં દુર્ખિમનું પ્રદાન ઘણું મહત્ત્વનું રહ્યું છે.

## 7.2 જીવન પરિચય, સંશોધનો અને પુસ્તકો

દુર્ખિમનો જન્મ ફ્રાંસમાં લૉરેન પ્રાંતના એપિનલ નામના સ્થળે થયો હતો. તેઓનો ધર્મ યહૂદી હતો. યહૂદી ધર્મના હોવાને કારણે બાળપણથીજ તેમને યહૂદી ધર્મ અને હિબ્રુ ભાષાનો પરિચય હતો. તેમના કુટુંબીજનો યહૂદીઓના પુરોહિત તરીકેનું કાર્ય કરતા, પરંતુ દુર્ખિમને અધ્યાપક બનવાની ઈચ્છાને કારણે તેઓને પુરોહિત તરીકેનું કાર્ય અસ્વીકાર્ય હતું. તેઓનો ઉચ્ચ અભ્યાસ 'ઈકોલે નોર્મલ સુપેરીવ્રે ડે પેરીસ' જેવી ખ્યાતનામ સંસ્થામાં કર્યો હતો. અભ્યાસ દરમ્યાન તેઓ ખૂબ જ તેજસ્વી અને મહેનતુ વિદ્યાર્થી તરીકે નામના મેળવી હતી. 1882માં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પેરીસની લીસેસમાં અધ્યાપક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. અભ્યાસ અર્થે તેઓ એક વર્ષ માટે જર્મની ગયા, જ્યાં તેમને અનેક વિદ્યાવાન સમાજ વિજ્ઞાનીઓ સાથે સંબંધો બન્યા. 1887માં તેમની નિમણૂક બોર્ડેક્ષ યુનિવર્સીટીની એક પ્રખ્યાત સંસ્થામાં પ્રોફેસર તરીકે થઈ. જ્યાં તેઓ ફ્રાંસમાં સમાજશાસ્ત્રના પ્રથમ અધ્યાપક તરીકે જાણીતા બન્યા. તેમને પોતાની ડોકટરેટ 'ધ ડિવિઝન ઓફ લેબર ઈન સોસાયટી' જેવા જગ-વિખ્યાત સંશોધના દ્વારા પ્રાપ્ત કરી હતી. તેમણે પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન યુદ્ધને વ્યાજબી ગણતા જર્મન બુદ્ધિજીવીઓનો વિરોધ કર્યો હતો. તેમની મહત્ત્વની પુસ્તકોમાં ધ ડિવિઝન ઓફ લેબર ઈન સોસાયટી (1893), ધ રૂલ્સ ઓફ સોશિયોલોજીકલ મેથડ (1895), સુસાઈડ (1897), ધ એલિમેન્ટરી ફોમ્સ ઓફ ધ રિલેજીયસ લાઈફ (1912). તેમના મૃત્યું બાદ પ્રકાશિત થયેલ પુસ્તકોમાં એજ્યુકેશન એન્ડ સોસાયટી (1922), સોશિયોલોજી એન્ડ ફિલોસોફી (1924), મોરલ એજ્યુકેશન (1925) અને પ્રોફેશનલ એથિક્સ એન્ડ સિવિક મોરલ્સ (1950) વગેરે હતી. દુર્ખિમના વિચારો અને લખાણો પર ઓગસ્ટ કોમ્ટ, સેન્ટ સિમોન, અને હર્બર્ટ સ્પેસરનો પ્રભાવ રહ્યો હતો. કોમ્ટના પ્રત્યક્ષવાદ તેમના પર ઘણી ઊંડી અસર થઈ હતી. તેમને સમાજજીવનના ચિંતન અને સંશોધનોમાં સામાજિક તથ્યોનો ખ્યાલ આપ્યો હતો. તેઓ વાસ્તવિક સામાજિક ઘટનાઓને તથ્યોના માધ્યમથી વ્યાખ્યાબદ્ધ કરતા. સમાજશાસ્ત્રમાં તથ્યોનો ખ્યાલ દુર્ખિમે આપ્યો હતો. દુર્ખિમ ઓગસ્ટ કોમ્ટના વિચારોમાંથી પ્રત્યક્ષવાદ, સેન્ટ સીમોનના વિચારોમાંથી નૈતિક વિચારો અને સુવ્યવસ્થિત સમાજ અને હર્બર્ટ સ્પેન્સરના વિચારોમાંથી સામાજિક ઉત્ક્રાંતિથી પ્રભાવિત થઈ પોતાન સમગ્ર જીવનકાળ દરમ્યાન સામાજિક તથ્યોની શોધ કરતા રહ્યા. દુર્ખિમે શુદ્ધ, વસ્તુલક્ષી અને વૈજ્ઞાનિક પદ્ધતિશાસ્ત્રની રચના કરીને સમાજશાસ્ત્રને એક સ્વતંત્ર સામાજિક વિજ્ઞાન તરીકે સ્થાપિત કર્યું. દુર્ખિમે એમ સાબિત કર્યું કે, વ્યક્તિઓથી પર સમાજનું એક અસ્તિત્વ છે. સામાજિક ઘટનાઓના સંશોધનના મૂળ સ્વયં સમાજમાં જ છે, અન્ય પરિબળોમાં નહિ. આમ દુર્ખિમનું સમાજશાસ્ત્રમાં બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે.

## 7.3 સામાજિક તથ્યોનો ખ્યાલ

દુર્ખિમના મતે સમાજશસ્ત્રનો હેતુ સામાજિક તથ્યોનો અભ્યાસ કરવાનો છે. વાસ્તવમાં બનેલ સામાજિક ઘટનાઓને તપાસી વાસ્તવિક તથ્યો પ્રકાશમાં લાવવાનું કાર્ય સમાજશાસ્ત્ર કરે છે. દુર્ખિમના સામાજિક તથ્યા ખ્યાલને તેના પદ્ધતિશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે.

સમાજશાસ્ત્રને એક સ્વતંત્ર સામાજિક વિજ્ઞાન તરીકે સ્થાપવા માટે 1895માં 'સમાજશાસ્ત્રીય પદ્ધતિના નિયમો' પુસ્તક લખ્યું. આ પુસ્તકમાં સર્વપ્રથમ સ્પષ્ટ કરવામાં આવ્યું કે, સમાજશાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર વ્યક્તિ નહિ, સમાજ છે. સમાજશાસ્ત્ર સામાજિક તથ્યોનો અભ્યાસ કરવાવાળું એવું વિજ્ઞાન છે, જે અમૂર્ત સિદ્ધાંતો કરતા અવલોકનો પર સવિશેષ ભાર મુકે છે. દુર્ખિમના મતે સમાજને પોતાનું અસ્તિત્વ છે, જેને વ્યક્તિઓના વહેવારો અને ઉદેશ માત્રથી બદલી શકાતી નથી. વ્યક્તિઓનું નિર્માણ જે તે સામાજિક વ્યવસ્થામાં સામાજિકરણની ઢબ દ્વારા થાય છે. સામાજિક વ્યવસ્થાના નિયમો અને ધોરણો દ્વારા વ્યક્તિની નિર્માણ અને ઘડતર થાય છે. સામાજિક માળખાના નિયંત્રણ વ્યક્તિ પર પ્રભાવ પાડે છે, જેનાથી વ્યક્તિ નિયંત્રિત અને સંચાલિત થાય છે.

દુર્ખિમના મતે સમાજશાસ્ત્રના અભ્યાસવસ્તુમાં નિયમો અને પદ્ધતિની સાથેસાથે સામાજિક તથ્યોની પ્રકૃતિનો અભ્યાસ કરવો મહત્ત્વનો બની રહે છે. સામાજિક તથ્યોને મનોવિજ્ઞાનિક તથ્યોથી અલગ કરવા માટે દુર્ખિમે સામાજિક તથ્યોની બે વિશેષતા આપી છે, એક બધ્યતા અને બાધ્યતા. તેમના મતે સામાજિક તથ્યોનું અસ્તિત્વ વ્યક્તિથી બહાર હોય છે, જેને ભૂલથી જૈવીકીય માની લેવામાં આવે છે. સામાજિક તથ્યોનું જીવન ઘણું લાંબુ હોય છે. જયારે વ્યક્તિનું જીવન ઘણું ટૂંકું હોય છે. સામાજિક તથ્યોનો વ્યક્તિના જીવનપર બાધક પ્રભાવ રહે છે. જેનો વ્યક્તિને ભય કે સભાનતા હોય છે.

સામાજિક તથ્યોની વ્યાખ્યા આપતા દુર્ખિમ લખે છે કે, 'સામાજિક તથ્યો વિચારવાની, અનુભવ કરવાની અને વ્યવહાર કરવાની એવી રીતો છે, જે વ્યક્તિના અસ્તિત્વથી પરે હોય છે તથા જેમાં બાધ્યતા કે દબાવની શક્તિ હોય છે, જેના માધ્યમથી વ્યક્તિપર નિયંત્રણ સ્થાપિત કરાય છે.' (રાવત હરિકૃષ્ણ:2007:123) સામાજિક તથ્યો વ્યક્તિ પર ત્યારે પ્રભાવી હોય છે જયારે તેનું આંતરીકરણ કરી લેવામાં આવે છે. બંધનનો અર્થ માત્ર બાહ્ય નિયંત્રણ નથી, પરંતુ વ્યક્તિ માટે એક નૈતિક ફરજ પણ છે, જેમાં સમાજના નિયમો અને નિષેધોનું પાલન કરવામાં આવે છે. દુર્ખિમના માટે સમાજશાસ્ત્રનું કેન્દ્ર વિષયવસ્તુ સામાજિક તથ્ય છે, જેના અભ્યાસ માટે અવલોકન, પરીક્ષણ અને તુલાન કરવાની પદ્ધતિઓનો ઉપયોગ કરવા સૂચન કર્યું છે.

તથ્ય એટલે વાસ્તવમાં બનેલી ઘટના કે જેને અનુભવને આધારે તેના પ્રમાણની શોધ કરી, સંશોધન પરીક્ષણ કરી સાબિત કરી શકાય. સામાજિક ઘટનાઓના સંબંધમાં એવા કથનોજ તથ્ય કહેવાય જેને અનુભવના આધારપર સંશોધન કરી શકાય. 'એક સામાજિક તથ્ય વ્યવહાર (વિચારવું-સમજવું,અનુભવ કરવું અને ક્રિયા કરવી)નો એક ભાગ છે. જે પ્રેક્ષકની દૃષ્ટિએ વસ્તુપરક છે તથા જેની પ્રકૃતિ બાધ્યમુલક હોય છે.'(રાવત હરિકૃષ્ણ:સમાજશાસ્ત્ર કોશ:1986:50:) સામાજિક સંબંધન અને તેને નિયંત્રિત કરવા વળી પ્રક્રિયા, પ્રથાઓ, પરંપરાઓ, કાનૂનો, ધાર્મિક વિશ્વાસ, વ્યવસાયિક માન્યતાઓ વગેરેની વ્યાખ્યા દુર્ખિમએ સામાજિક તથ્યોના સ્વરૂપમાં કરી છે, દુર્ખિમના મતે આ તમામ ઘટનાઓની ઉત્પત્તિ માનવીના મસ્તિકથી સ્વતંત્રરૂપે થઈ છે, જેનો વ્યક્તિ પર ભયાનક અને બાધ્ય પ્રભાવ પડે છે. સામાજિક તથ્યો વસ્તુઓની જેમ પ્રેક્ષકથી બાહ્ય હોય છે. આની ઉત્પત્તિ પ્રેક્ષકના મસ્તિકથી સ્વતંત્ર છે.

'દુર્ખિમ સામાજિક તથ્યોની લાક્ષણિકતાઓનું વર્ણન કરે છે. આ વર્ણન કરતા તે જણાવે છે કે તમામ માનવ વર્તણૂક એ સામાજિક તથ્યો છે. સામાજિક રીતે, સામાજિક દૃષ્ટિએ આને સમજાવી શકાય. વ્યક્તિની આ સામાજિક વર્તણૂક, તેનો આધાર તેના વાતાવરણથી ઘડાય છે. અર્થાત, જેવું વ્યક્તિનું સામાજિક વાતાવરણ તેવી તેની વર્તણૂક, એટલે કે જેવો સમાજ તેવી

વ્યક્તિ. આનું સ્પષ્ટ કારણ એ છે કે સમાજથી અલગ માનવ રહી શકતો નથી, રહી શકે તેવી કલ્પના પણ શક્ય નથી. આને લીધે પરિસ્થિતિ એ થાય છે કે આપણે જો વ્યક્તિનો સાચો પરિચય મેળવવો હોય તો તે વ્યક્તિમાંથી ન મળી શકે, વ્યક્તિને જાણવા-ઓળખવા માટે વ્યક્તિ જે સમાજનો સભ્ય હોય, જે સમાજની વાસ્તવિકતાથી ઘડાઈ હોય, તે સમાજને જાણવો અનિવાર્ય બને છે. બીજી રીતે કહીએ તો સમાજને જાણવાથી જ વ્યક્તિને જાણી શકાય, સમાજ વ્યક્તિ દ્વારા ન ઓળખી શકાય, પરંતુ વ્યક્તિ સમાજ દ્વારા જાણી શકાય, અને સમાજ એટલે તેની વાસ્તવિકતા, તેનાં સામાજિક તથ્યો તે તો આપણને દુર્ખિમે કહ્યું જ છે.'(રાવ મહેન્દ્ર અને બેટાઈ જયાબહેન : સમાજશાસ્ત્રીય વિચારકો:1977:67). આમ દુર્ખિમના તમામ અભ્યાસોમાં સામાજિક તથ્યોનો ખ્યાલ કેન્દ્રમ રહ્યો છે.

## 7.4 શ્રમવિભાજન અને સામાજિક એકતા

'ડિવિઝન ઓફ લેબર ઈન સોસાયટી' મહાશોધ નિબંધમાં શ્રમવિભાજન સિદ્ધાંતના માધ્યમથી દુર્ખિમે યાંત્રિક અને સાવયાવી એકતાનું વિશ્લેષણ કર્યું છે. આદિકાળથી વ્યક્તિ કોઈને કોઈ આર્થિક પ્રવૃત્તિ કરતો આવ્યો છે. આદિમ સમાજથી સભ્ય સમાજ સુધીની સફરમાં શ્રમવિભાજને મહત્ત્વની ભૂમિકા ભજવી છે. દુર્ખિમના માટે સમાજમાં શ્રમવિભાજનને કારણે સામાજિક એકતામાં વધારો થાય છે, પરંતુ તેને માટે નૈતિકતા અનિવાર્ય છે. શ્રમ માનવી એકલો કરતો નથી, તે અન્ય વ્યક્તિઓની સાથે મળી શ્રમ કરતો હોય છે, આ રીતે શ્રમનું વિભાજન થાય છે અને માનવ સંબંધો પર આ શ્રમ વિભાજનની અસર થાય છે. શરૂઆતમાં શ્રમવિભાજન પ્રમાણમાં ઓછું અને લિંગ આધારિત હતું, પરંતુ સમય જતા શ્રમવિભાજન જટિલ બનતું ગયું. આદિમ સમાજ, કૃષક સમાજ અને ત્યાર બાદ ઔદ્યોગિક સમાજમાં શ્રમવિભાજન જટિલ અને વિશેષતાઓવાળું બનતું ગયું. આધુનિક સમાજમાં શ્રમવિભાજન નિષ્ણાતીકરણ પર વધારે ભાર મૂકતું બન્યું છે. કોમ્ટ અને કાર્લ માકર્સના મતે વધારે પડતું શ્રમવિભાજન સમાજ માટે નુકસાનકારક પરિણામો લાવે છે, જયારે દુર્ખિમના મતે શ્રમવિભાજનમાં નૈતિક મૂલ્યો હોયતો તે સામાજિક એકતાનું ઉપયોગી પરિણામ લાવે છે. ઓદ્યોગીકરણ વધવાને કારણે શ્રમવિભાજન અને નિષ્ણાતીકરણ વધશે, તેની સાથેસાથે માનવ. સમૂહો વચ્ચે પરસ્પર સહકાર અને પરસ્પરાશ્રેયતા વધવાથી સામાજિક એકતામાં વધારો થશે. દુર્ખિમના મતે સમાજજીવનમાં એકતા જાળવવા માટે નૈતિક એકતા અનિવાર્ય છે. આધુનિક સમયમાં સામાજિક એકતા જાળવવા ક્રાંતિની જરૂર નથી, તેને માટે સમાજમાં યોગ્ય નૈતિક સંસ્થાઓની જરૂરિયાત છે. આમ દુર્ખિમનું શ્રમવિભાજનનું વિશ્લેષણ આર્થિક અને શ્રમવિભાજનને ઉપયોગી બનાવનાર છે. દુર્ખિમે સ્પેન્સરના વિચારોને થોડા અંશે શ્રમવિભાજનના વિચારોમાં ઝીલ્યા છે.

'દુર્ખિમની દલીલ મુજબ શ્રમ વિભાજન અને વિશિષ્ટકરણના વધારાની સાથે સમાજના માનવીઓ અને સમૂહો વચ્ચે પરસ્પરાવલંબન વધે છે. આ નવા પ્રકારના પરસ્પરાવલંબનને પરિણામે નવા તથા ઉચ્ચ પ્રકારની એકતા સ્થપાય છે, જેને તે જૈવિક એકતા તરીકે ઓળખે છે. તેની માન્યતા મુજબ પરસ્પરાવલંબન અને સહકારથી જૈવિક એકતા વધે છે.' (ડૉ. વાય.એ.પરમાર:2002:89)

દુર્ખિમે આદિમ સમાજોમાં જોવા મળતી સામાજિક વ્યવસ્થાને યાંત્રિક એકતા અને આધુનિક ઔદ્યોગિક સામાજિક વ્યવસ્થાને 'સવાયવિક' એકતા તરીકે ઓળખાવે છે. આદિમ સમાજ વ્યવસ્થામાં યાંત્રિક એકતા સામૂહિક ચેતનામાં સમાવિષ્ટ સમાન વિશ્વાસ અને સર્વસંમતિ પર આધારિત હતી. આ પ્રકારની સામાજિક વ્યવસ્થામાં દરેક વ્યક્તિ યંત્રના એક ભાગ તરીકે

પોતાની જવાબદારી સમજી કાર્ય કરતી હતી. આ પ્રકારના યાંત્રિક એકતા વાળા સમાજોમાં કાનુન દમનકારી હતો. જેમજેમ સમાજ ઔદ્યોગિક અને શહેરીકરણ વધતું ગયું, તેમતેમ સામાજિક વ્યવસ્થા જટિલ બનતી ગઈ. જટિલ સામાજિક વ્યવસ્થા વધતી ગઈ તેમતેમ શ્રમવિભાજન વધારે જટિલ થતું ગયું, જેને કારણે એકતા અને સુદઢતા ખતમ થતી ગઈ, અને સામાજિક વ્યવસ્થા સમસ્યાત્મક બની ગઈ. આધુનિક સમાજમાં અનેક તણાવો કાર્યરત છે અને આ શક્તિ તેને પૂર્ણ સામાજિક વિઘટનથી રોકવા માટેનું મુખ્ય કારણ છે. દુર્ખિમને વિશ્વાસ હતો કે, સવાયવિક એકતાને આધાર ઉપર એક નવાજ પ્રકારની વ્યવસ્થાનો વિકાસ થશે. આ સવાયવિક વ્યવસ્થા યાંત્રિક એકતા અને ભિન્નતા ઉપર પર આધારિત હોય છે. વ્યક્તિની સ્વતંત્ર ઈચ્છા હોવા છતાં તેની પસાથે કાનૂન પાલનની અપેક્ષા રાખવામાં આવે છે, જેથી સામાજિક વ્યવસ્થા ટકી રહે. કાનુનનું સ્વરૂપ આવા સમાજમાં ક્ષતિ પૂર્તિનું હોય છે. આ નવીન વ્યવસ્થા આધુનિક અર્થતંત્રમાં વિશેષીકરણ અને વિભેદીકરણથી પેદા થતા આર્થિક સંબંધોની પારસ્પરિકતાની ભાવના દ્વારા ઉત્તપન નૈતિક મૂલ્યોથી નિર્માણ પામશે.

'કોઈ સામાજિક વ્યવસ્થામાં વ્યક્તિઓ વચ્ચે વાસ્તવમાં કાર્ય સંપાદિત કરે છે, સંપન કરેલ કર્યો અને સેવાઓનું વિતરણ અને વિભેદીકરણની પ્રક્રિયાને શ્રમવિભાજન કહેવામાં આવે છે. શ્રમવિભાજનમાં વિભાજિત કરેલ કાર્યભારને કોઈ વ્યક્તિ કે વ્યક્તિના સમૂહ દ્વાર કરવામાં આવે છે.' (રાવત હરિકૃષ્ણઃસમાજ શાસ્ત્ર કોશઃ1986:38) ઉદાહરણ તરીકે જોઈએ તો કોઈ કારખાનામાં મોટરકાર બનાવવાનું કાર્ય થતું હોય, ત્યાં જુદાજુદા વિભાગો કે વ્યક્તિઓ દ્વારા જુદાજુદા કર્યો કરી મોટરકાર તૈયાર કરવામાં આવે છે, જેમકે કલરકામ, ટાયર ફિટિંગ, લાઈટ ફિટિંગ તેમજ મોટરકારના જુદાજુદા સ્પેરપાર્ટસ જુદાજુદા નિષ્ણાત વ્યક્તિઓ દ્વાર લગાવી એક મોટરકાર તૈયાર કરવામાં આવે છે. આ જુદાજુદા કાર્યને શ્રમવિભાજન તરીકે ઓળખવામાં આવે છે.

'વિકસિત સભ્ય સમાજોમાં ઝીણવટભર્યું શ્રમવિભાજન અને નિષ્ણાતીકરણ જરૂરી બને છે.વળી કાર્યોની વિભિન્નતાથી એકબીજાથી જુદાં પડતા માનવ-વ્યક્તિત્વો અને વૈયક્તિકતા પણ વિકસે છે એ વાત દુર્ખિમ સ્વીકારે છે. તે છતાં સભ્ય સમાજોમાં પરસ્પરાશ્રયીતા અને એકતા જેને દુર્ખિમ સાવયવી એકતા કહે છે તે વધે છે એવું તેનું સ્પષ્ટ કથન છે. આ બંને વિધાનો પહેલી દષ્ટિએ વિરોધાભાસી લાગે છે. પરંતુ વૈયક્તિકતાનો અર્થ તેણે સંકુલ સમાજના શ્રમવિભાજન દ્વારા વ્યક્તિઓ પર મુકવામાં આવેલ નૈતિક ફરજ છે. એવો કર્યો છે. તેથી વ્યક્તિઓ સમાજ દ્વારા જે કૌશલ પ્રાપ્ત કરે તેનો ઉપયોગ સમાજ માટે જ કરે છે. પરિણામે સાવયવી એકતા જળવાય છે એવી દુર્ખિમની રજૂઆત અસંગત લાગતી નથી.'(રાવ મહેન્દ્ર અને બેટાઈ જયાબહેનઃસમાજશાસ્ત્રીય વિચારકોઃ :1977:60)

દુર્ખિમએ સામાજિક જીવનના ત્રણ મહત્ત્વના પાસાઓ રજૂ કરે છે, એક સામાજિક એકતા, બીજું શ્રમવિભાજન અને ત્રીજું સામાજિક ઉત્ક્રાંતિ. આ ત્રણે પાસાઓ પરસ્પર એકબીજા સાથે અવલંબિત અને સંકળાયેલ છે. સમાજની એકતા માટે સમાનતા અને ભિન્નતા બંને મહત્ત્વની બાબતો છે. સામાજિક એકતાના બન્ની પ્રકારો યાંત્રિક એકતા અને સવાયવી એકતાના માધ્યમથી સામાજિક વ્યવસ્થામાં શ્રમવિભાજનનું મહત્ત્વ બતાવ્યું છે. યાંત્રિક એકતાનો આધાર એકરૂપતા છે, જયારે સવાયવી એકતાનો આધાર ભિન્નતા છે.

'શ્રમવિભાજન એક પરીવર્તીય છે અને સામાજિક ઘટનાઓ એનું પરિણામ છે. દુર્ખિમના અનુસાર માનવ સભ્યતાનો વિકાસ શ્રમવિભાજનની ગતિશીલાતાને આધારે સમજી શકાય છે. સૃષ્ટિના પ્રારંભથી જ સમાજમાં શ્રમવિભાજન રહ્યું છે. કુટુંબની ઉત્પત્તિ સ્ત્રી પુરુષના વિભાજીત વિશિષ્ટ કાર્યોનું જ પરિણામ રહ્યું છે. શ્રમવિભાજન જટિલ થવાથી સમાજનું સ્વરૂપ

પણ બદલાય છે અને સમાજમાં આ પરિવર્તન યાંત્રિક સમાજથી સાવયવી સમાજની દિશામાં થાય છે. વિશિષ્ટ મનુષ્યોના દ્વારા વિશિષ્ટ સામાજિક કાર્યોને સંપન્ન કરવાની વ્યવસ્થા જ શ્રમવિભાજન છે.' (ડૉ. હર્ષિદાબેન દવે:2006:92) આમ દુર્ખિમે શ્રમવિભાજનના માધ્યમથી સામાજિક એકતા અને પરિવર્તનને સમજવાનો દૃષ્ટિકોણ આપ્યો છે.

## 7.5 આત્મહત્યાનો સિદ્ધાંત

દુર્ખિમે આત્મહત્યાનો સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી અભ્યાસ કરી ફ્રેન્ચ ભાષામાં પોતાનું પુસ્તક 1897માં પ્રગટ કર્યું. તેનો અંગ્રેજીમાં અનુવાદ 1951માં થયો. વ્યક્તિની આત્મહત્યા પાછળ સામાજિક કારણો કે પાસાઓ જવાબદાર હોય છે, તેની ચર્ચા દુર્ખિમે આત્મહત્યાના સિદ્ધાંતના માધ્યમથી કરી છે. આત્મહત્યાનો સહુથી પહેલો સામાજિક અભ્યાસ દુર્ખિમે કર્યો છે. આત્મહત્યા એક વ્યક્તિગત બાબત છે, પાપ છે તેવા વિચારોનું ખંડન કરી દુર્ખિમ દ્વારા આત્મહત્યાને એક સામાજિક ઘટનાના પરિપ્રેક્ષ્યમાં તપાસી છે. આત્મહત્યાના કારણો સુખ્યત્વે સામાજિક જ હોય છે તેવું દુર્ખિમે આત્મહત્યાના સિદ્ધાંત દ્વારા સાબિત કરી બતાવ્યું. આત્મહત્યા માટે સામાજિક ઘટનાઓ કે પરિસ્થિતિ જ જવાબદાર હોય છે, તેવું સમજાવતો સિદ્ધાંત એટલે આત્મહત્યાનો સિદ્ધાંત. સામાજિક પરિસ્થિતિ વ્યક્તિને આત્મહત્યા કરવા પ્રેરે છે તેવું દુર્ખિમે સાબિત કર્યું. સામાજિક અનુકૂલનની ખામી વ્યક્તિ સામે અનેક પ્રશ્નો ઊભા કરે છે, જેમાંથી બહાર આવવાનો વ્યક્તિને રસ્તો ન મળે ત્યારે વ્યક્તિ આત્મહત્યા કરવાનું વિચારે છે. આત્મહત્યાનો એક વ્યવસ્થિત વૈજ્ઞાનિક અભ્યાસ દુર્ખિમનું સમાજશાસ્ત્રમાં મોટું પ્રદાન છે. દુર્ખિમ દ્વારા આત્મહત્યાને સામાજિક તથ્ય ઘણી વાસ્તવિક જીવનમાં આત્મહત્યાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

દુર્ખિમે આત્મહત્યાના વ્યક્તિગત કારણો કરતા આત્મહત્યાના દરને સમજવા પર ભાર મુક્યો છે. આત્મહત્યા એક સામાજિક તથ્ય છે, તેથી તેના કારણો શોધવા માટે સામાજિક રચનાતંત્ર તેમજ સમૂહના તત્ત્વો તપાસવા પડે. આમ આત્મહત્યાની તપાસ સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી કરી શકાય. સમાજની જુદીજુદી પરિસ્થિતિઓ વ્યક્તિ પર આંતરિક પ્રભાવ પાડે છે, વ્યક્તિની જીવવાની કે મારવાની ઈચ્છા આ પરિસ્થિતિ પ્રત્યેના દૃષ્ટિકોણ પર આધાર રાખે છે. આમ આત્મહત્યા એક સામાજિક હકીકત છે, જે વ્યક્તિ પર સામાજિક બાહ્ય પરિબળોના પ્રભાવથી પ્રેરિત હોય છે. સમાજ કે સમૂહ દ્વારા એવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવે છે કે વ્યક્તિ તેને વિવશ થઈ આત્મહત્યા કરે છે. ટૂંકમાં આત્મહત્યા વ્યક્તિ પર સમાજનું અસ્વસ્થ દબાણ છે.

'દુર્ખિમના મતાનુસાર આત્મહત્યા ત્રણ પ્રકારની હોય છે (1) અહંવાદી (2) અપ્રાકૃતિક અને (3) પરાર્થવાદી કે પરાર્થી. અહંવાદી આત્મહત્યાની અંદર વ્યક્તિ સામજિક અલગતા અને તેમાં વૃદ્ધને લીધે પોતાનો આત્મવિનાશ કરવાને માટે તૈયાર થાય છે. અપ્રાકૃતિક આત્મહત્યા જે આકસ્મિક સામાજિક પરિબળના ઉપસ્થિત થઈ જવાથી થાય છે. જયારે પરાર્થી અથવા પરોપકારી આત્મહત્યામાં વ્યક્તિ આત્મબલિદાનની ભાવનાથી એચ્છીક સ્વરૂપથી આત્મહત્યા કરવાને તૈયાર થઈ જાય છે.' (સમાજશાસ્ત્રીય નિબંધમાળા:1970:389) પરાર્થવાદી આત્મહત્યામાં વ્યક્તિ પોતના સમાજ જે સમુદાયમાં એટલો ઓતપ્રોત થઈ જાય છે કે પોતાના સમુદાયના હિતો માટે તે પોતાની જાતને ખતમ કરી નાખે છે, જેમકે દેશની રક્ષા માટે સૈનિક પોતાની જાન આપી દે છે. અહંવાદી આત્માહત્યામાં કઠોર સામાજિક નિયમો, નબળું સામાજિક એકીકરણ તથા વ્યક્તિગત જવાબદારીની ભાવનાથી પ્રેરાઈને વ્યક્તિ આત્મહત્યા કરી લે છે. જેમકે વિધુર-વિધવા, અવિવાહિત વગેરે વ્યક્તિઓ દ્વાર થતી આત્મહત્યા. આ પ્રકારની

આત્મહત્યા સમાજ કે સમૂહમાં નબળી એકતા કે એકીકરણને કારણે થતી હોય છે. વ્યક્તિનું મૃત્યુ કુદરતી કારણોથી થાય તો તે સામાજિક ગણવામાં આવે છે, પરંતુ કોઈ સામાજિક કારણોસર વ્યક્તિ પોતાની જાતને ખતમ કરી નાખે તેને અપ્રાકૃતિક આત્મહત્યા કહેવામાં આવે છે. કોઈ વ્યક્તિ દ્વારા પોતાની જાતને ખતમ કરવાની ક્રિયાને આત્મહત્યા કહેવામાં આવે છે. એવા મૃત્યુ કે જે જાણી-જોઇને સભાનતાપૂર્વક કરવામાં આવે, જેના પરિણામો વિશે વ્યક્તિ પહેલેથીજ જાણતી હોય તો તેને આત્મહત્યા તરીકે પારિભાષિત કરવામાં આવે છે. સમાજમાં કે જૂથમાં રહેતી વ્યક્તિ જૂથ સાથેના જીવન અને સંબંધોમાં પોતાના જીવનને પસાર કરતી હોય છે. વ્યક્તિને જયારે આ જૂથ કે સમાજ પ્રત્યે અનુકૂલન સાધવામાં મુશ્કેલીઓ ઉભી થાય છે ત્યારે તે પોતાની જાતને એકલો અટૂલો માનવા લાગે છે, આ પ્રકારની પરિસ્થિતિમાં વ્યક્તિ એવું માની બેસે છે કે આ સંસારમાં તેનું કોઈ નથી અને તે આત્મહત્યા કરવા પ્રેરાય છે. આમ આત્મહત્યા માટે સમાજ કે સામાજિક પરિસ્થિતિ જવાબદાર છે તેવું સમજાવતો સિદ્ધાંત એટલે દુર્ખિમનો આત્મહત્યાનો સિદ્ધાંત.

## 7.6 તમારી પ્રગતિ ચકાસો

(1) સામાજિક તથ્યની વ્યાખ્યા કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(2) શ્રમવિભાજન કોને કહેવાય ? એક ઉદાહરણ આપો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(3) દુર્ખિમનો જન્મ ક્યાં અને કઈ સાલમાં થયો હતો ?

.................................................................
.................................................................
.................................................................
.................................................................

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(4) દુર્ખિમના કોઈપણ બે પુસ્તકોના નામ જણાવો

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

(5) આત્મહત્યા એટલે શું ?

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

## 7.7 સારાંશ

આમ, સમાજશાસ્ત્રમાં પાયાનું યોગદાન આપનાર ઈમાઈલ દુર્ખિમે સામાજિક તથ્યોનો ખ્યાલ, શ્રમવિભાજન, સામાજિક એકતા અને આત્મહત્યાનો સિદ્ધાંત આપેલ છે.

## 7.8 ઉપયોગી પ્રશ્નો

(1) દુર્ખિમનો જીવન-પરિચય આપી, સામાજિક તથ્યો વિશે સવિસ્તાર સમજાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(2) દુર્ખિમના પુસ્તકોનો પરિચય આપી, દુર્ખિમનો શ્રમવિભાજનનો સિદ્ધાંત સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(3) આત્મહત્યાના પ્રકારો જણાવી, દુર્ખિમનો આત્મહત્યાનો સિદ્ધાંત ચર્ચો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 7.9 સંદર્ભ-સૂચી


(1) Scott John and Gordon Marshall (2009) A Dictionary of Sociology, OXFORD UNIERSITY PRESS, New York.

(2) Ritzer George (2011) Sociological Theory, Tata McGraw Hill Education Private Limited, New Delhi.

(3) Doshi S.L. (2009) Modernity, Post modernity and New-Sociological Theories, Rawat Publication. Jaipur.

(4) Rawat H.K. (2007) SOCIOLOGY Basic Concepts, Rawat Publication. Jaipur.

(5) જોનસન હેરી એમ. (1970) સમાજશાસ્ત્ર એક વિધિવત વિવેચન, કલ્યાણી પબ્લિકેશન, દિલ્લી, (હિન્દી અનુવાદ યોગેશ અટલ)

(6) રાવત હરિકૃષ્ણ (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન,જયપુર (હિન્દી)

(7) તોમર રામબિહારીસિંહ (1971) સમાજિક સંરચના અને સામાજિક ગતિકી, શ્રીરામ મહેરા એન્ડ કમ્પની, આગાર (હિન્દી)

(8) રાવત હરિકૃષ્ણ (1986) સમાજશાસ્ત્ર કોશ, રાવત પબ્લિકેશન, જયપુર.(હિન્દી)

(9) રાવ મહેન્દ્ર એફ અને બેટાઈ જયાબહેન (1977) સમાજશાસ્ત્રીય વિચારકો, સી. જમનાદાસની કંપની, રિલીફ રોડ, અમદાવાદ.

(10) ડૉ. દવે હર્ષિદાબેન(2007) સમાજશાસ્ત્રીય વિચારધારાના આધારો, વિક્રમ બી શાહ, ક્રિએટીવ પ્રકાશન, વેરાવળ, સોમનાથ.

(11) રાવ સહેન્દ્ર, રાઠોડ એલ.બી., ભટ્ટ સુશીલાબેન, વૈશ્નવ ભવેન્દ્ર(1970) સમાજશાસ્ત્રીય નિબંધમાળા, અખિલ હિન્દ પ્રકાશન, રતનપોળ, અમદાવાદ.

(12) પરમાર વાય. એ.(2002) સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, આમદાવાદ.

(13) કાન્હેરે ઉષા શશિકાંત (1967) સમાજશાસ્ત્ર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.


❖ ❖ ❖

એકમ 8

# કાર્લ માર્ક્સ

-: રૂપરેખા :-

**8.0 ઉદ્દેશો**

**8.1 પ્રસ્તાવના**

**8.2 જીવન-પરિચય, સંશોધનો અને પુસ્તકો**

**8.3 વર્ગસંઘર્ષનો સિદ્ધાંત**

**8.4 અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત**

**8.5 વિમુખતાનો સિદ્ધાંત**

**8.6 સામાજિક પરિવર્તન**

**8.7 તમારી પ્રગતિ ચકાશો.**

**8.8 મોટા પ્રશ્નો**

**8.9 સંદર્ભ સૂચી**

## 8.0 ઉદ્દેશો

વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- કાર્લ માર્ક્સનાં જીવન વિશે માહિતી મેળવી શકશો.
- વર્ગ સંઘર્ષનો સિદ્ધાંત જાણી શકશો.
- કાર્લ માર્ક્સે આપેલાં અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત સમજી શકશો.
- વિમુખતાનો સિદ્ધાંત સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજી શકશો.
- કાર્લ માર્ક્સે આપેલ સામાજિક પરિવર્તનનો ખ્યાલ સમજી શકશો.

## 8.1 પ્રસ્તાવના

કાર્લ માર્ક્સ સમાજવાદી વિચારોના સ્થાપક અને વ્યવસ્થાપક હતા. કાર્લ માર્ક્સના મુખ્ય લખાણો આર્થિક અને રાજકીય દર્શનને પ્રસ્તુત કરે છે. રાજકીય તત્ત્વજ્ઞાન અને આર્થિક તત્ત્વજ્ઞાનને કે કેન્દ્રમાં રાખીને કાર્લ માર્ક્સે સામાજિક વ્યવસ્થાને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. રાજકીય અને આર્થિક તત્ત્વજ્ઞાનના મૂળ વ્યક્તિ અને તેના સામાજિક જીવનમાં પડેલા છે, આ બાબતને કાર્લ માર્ક્સે પોતાના સૈદ્ધાંતિક વિચારોના માધ્યમથી રજૂ કર્યા હતા. સામાજિક વ્યવસ્થાને ર સમજવા માટે કાર્લ માર્ક્સે આર્થિક સંસ્થાને મહત્ત્વની ઘણી સામાજિક રચનાતંત્રની અન્ય સંસ્થાઓને સાંકળવાનો પ્રયત્ન કર્યો છે. આર્થિકસંસ્થા સમાજની પાયાની સંસ્થા જયારે સમાજની અન્ય સંસ્થાઓ ગૌણ ઘણી સામાજિક વ્યવસ્થાને સમજવાનો પ્રયત્ન કાર્લ માર્ક્સના વિચારોનું મુખ્ય પ્રદાન છે. આર્થિક અને રાજકીય તત્ત્વજ્ઞાનના સંદર્ભમાં એક મહત્ત્વના દાર્શનિક તરીકે સ્થાન મેળવ્યું છે. સમાજવાદી વિચારધારા ઘણી જૂની છે, છતાં તેના પર ચિંતન 19મી સદીમાં શરૂ થયું અને તેનો પ્રભાવ વિશ્વના જુદાજુદા દેશોમાં તેમાય ખાસ કરીને યુરોપના

રાજકીય અને સામાજિક જીવનપર સવિશેષ જોવા મળ્યો. સમાજના જુદાજુદા વર્ગો વચ્ચે આર્થિક, સામાજિક અને રાજકીય વિસંવાદિતા ઉભી થવાથી યુરોપમાં અશાંતિનું માહોલ સર્જાયું હતું. આ પરિસ્થિતિએ સમાજવાદી વિચારોને જન્મ આપ્યો. ફ્રાન્સની રાજ્યક્રાંતિ તેમજ ઇંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાંતિએ સમાજમાં અનેક સમસ્યાઓ સર્જી હતી, જેને કારણે સમાનતાના વિચારો સાથે સમાજવાદ વિશે ચિંતાનો શરુ થયા તેમાંથી સમાજવાદી વિચારોને વેગ મળ્યો. જુદાજુદા દેશોમાં જુદાજુદા ચિંતકો દ્વારા સમાજવાદના જુદાજુદા ખ્યાલો ઉપસવા લાગ્યા. આ સમયગાળા દરમ્યાન જર્મનીમાં કાર્લ માર્કસના ચિંતન તેમજ નેતૃત્વના વિચારો અને પ્રભાવ સમગ્ર યુરોપમાં વ્યાપી ગયા હતા. આવા પ્રખર દાર્શનિક કાર્લ માર્કસનો જીવન પરિચય, લખાણો અને સિદ્ધાંતો નીચે મુજબ છે.

## 8.2 જીવન-પરિચય, સંશોધનો અને પુસ્તકો

કાર્લ માર્કસનો જન્મ 1818માં પાંચમી મેના રોજ જર્મનીના રાઈન પ્રદેશના ટ્રીયર નગરમાં થયો હતો. તેમનું કુટુંબ યહુદી ધર્મમાં માનતું હતું. કાર્લ માર્કસના પિતા વકીલ હતા. કાર્લ માર્કસના જન્મ પછી તેમના પિતાએ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો. વકીલ પિતાના નિડર વિચારોએ કાર્લ માર્કસના જીવન ઘડતરપર વિશેષ પ્રભાવ પાડ્યો હતો. શાળા શિક્ષણ 'જિમનેઝિયમ' સ્કૂલમાં જયારે 17 વર્ષની વયે કાયદાના અભ્યાસ માટે 'બોન' યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો હતો. કાયદાના અભ્યાસ દરમ્યાન તેઓ પ્રસિદ્ધ દાર્શનિક હેગલના ચિંતનનાં તથા હેગલવાદીઓના સંપર્કમાં આવ્યા. કાર્લ માર્કસના ચિંતન પર હેગલના વિચારોનો ઘણો ઊંડો પ્રભાવ હતો. કાયદાના શિક્ષકો કરતા ડાબેરી હેગલવાદીઓના વિચારોથી વધારે પ્રભાવિત થઈ કાયદાનું શિક્ષણ છોડી દર્શનશાસ્ત્રના અભ્યાસ તરફ વળ્યા. 1841માં જેના યુનિવર્સિટીમાં પોતાનો મહાનિબંધ "On the Difference Between the Natural Philosophy of Democritus and Epicurus" પ્રસ્તુત કર્યો જે ઘણો પ્રશંસાપાત્ર રહ્યો. તેમને વર્ષ 1842માં 'રાઈનિશે ઝિટૂંગ' નામની પત્રિકામાં નિયમિત લેખનકાર્ય શરૂ કર્યું. પ્રવર્તમાન વિષયો પર આ પત્રિકામાં ઘણા લેખો લખ્યા. સમાજના સળગતા પ્રશ્નો જેવાં કે, ગરીબી, શોષણ, બેકારી, કચડાયેલ, દીનહીન, પ્રવર્તમાન રાજકીય-ધાર્મિક જુલમો વગેરે મુદ્દાઓને રજૂ કરતા જેને કારણે તે તે પત્રિકા બંધ કરવી પડી. તેઓ સામાન્ય મજૂર માણસોના અવાજને વાચા આપવાનું કાર્ય કરતા. જર્મનીમાં પોતાના લખાણો અને વિચોરો માટે યોગ્ય વાતાવરણ ન મળતા તેઓ વિરોધને કારણે પેરિસમાં વસવાટ કરવા લાગ્યા. પેરિસમાં યુરોપભરના પ્રગતિશીલ ક્રાંતિકારી વિચારકો ભેગા થયા. આ વિચારકોના સંપર્કમાં કાર્લ માર્કસ આવ્યા. અહિયાં તેમને અનેક ગ્રંથોની વાંચન અને આલોચના કરી. એડમ સ્મિથથી લઇ રિકાર્ડો સુધીના વિદ્વાનોના સિદ્ધાંતના પરિચયમાં આવ્યા. તેમણે 'France German Year Book' નું સંપાદન શરૂ કર્યું. 1845માં ફ્રાન્સની સરકારે ઉદ્દામવાદી વિચારો ધરાવતા ચિંતકોને દેશનિકાલ કર્યો અને કાર્લ માર્કસ બ્રેસેલ્સ જઈ વસ્યા. બ્રેસેલ્સમાં કાર્લ માર્કસ 'The Communist Manifesto' લખ્યું, જે લંડનથી પેરિસની ક્રાંતિના થોડા અઠવાડિયા પૂર્વે 1848માં પ્રગટ થયું. આ ઘોપણાપત્રમાં સાથે માર્કસનું સમાજવાદી ચિંતન સ્પષ્ટ થઈ ગયું હતું. કાર્લ માર્કસે પોતાના જીવનકાળ દરમ્યાન અનેક સંશોધનો અને પુસ્તકો જગત સમક્ષ મુક્યા છે, જેમાં 'Das Capital', 'The Class Struggles in France' અને 'The Eighteenth Brumaire of Bonaparte' ગ્રંથો જગત સમક્ષ મુક્યા. તેમની મુખ્ય કૃતિઓમાં Holy Family (1845), The Poverty of Philosophy (1847), Communist Manifesto (1848), Das Kapital (1867 પ્રથમ ભાગ અને 1883માં બાકીના ત્રણ ભાગ) હતી. ઐતિહાસિક ભૌતિકવાદ અંગેનો ખ્યાલ કાર્લ માર્કસે પોતાન જર્મન વિચારોમાં

પ્રસ્તુત કર્યા હતા. જે વિચારોએ જગતમાં ઐતિહાસિક ક્રાંતિ લાવી હતી.ભોતિક બાબતો ઐતિહાસિક મડ નિયમન અને સંચાલન કરે છે. ભૌતિકવાદના માધ્યમ થકી સામાજિક ચેતનાનો ખ્યાલ કાર્લ માર્કસના લખાણોનું કેન્દ્ર છે. કાર્લ માર્કસના માટે દરેક સમાજનો પાયો આર્થિક પદ્ધતિ પર આધાર રાખે છે. આર્થિક સંસ્થા માર્કસના વિચારોનું કેન્દ્રબિંદુ રહ્યું છે. સમાજના બોદ્ધિક જીવનનો પાયો આર્થિકસંસ્થા અને આર્થિક સંબંધો પર નિર્ભર કરે છે.

'માર્કસ પોતના વિચારો જર્મન તત્ત્વજ્ઞાની હેગલના દ્વન્દ્વવાદમાંથી (સામાજિક પરિવર્તનનો નિયમ, ક્રાંતિ), ફ્રાંસના સમાજવાદીઓના સમાજવાદી સિદ્ધાંતમાંથી (વર્ગ સંઘર્ષ) અને ઈંગ્લેન્ડના અર્થશાસ્ત્રીઓમાંથી મૂલ્યનો શ્રમ સિદ્ધાંત (ધન અને શોષણ) માંથી લઈને, અને આ ત્રણે વિચારસરણીઓને મેળવીને નવું દર્શન ઉપસ્થિત કરે છે.(સમાજશાસ્ત્રીય નિબંધમાળાઃ1970:209)

## 8.3 વર્ગસંઘર્ષનો સિદ્ધાંત

સમાજ અનેક પેટા વ્યવસ્થાનું રચાનાતંત્રીય માળખું છે, જેમાં કોટિક્રમ અને વર્ગવિભાજન જોવા મળે છે. કાર્લ માર્કસના વિચારોમાં સામાજિકવર્ગમાં મૂડીપતિવર્ગ અને મજૂરવર્ગને સામાજિક વ્યવસ્થાનું મહત્ત્વનું અંગ માનવામાં આવ્યું છે. આર્થીક સંસ્થામાં ઉત્પાદન અને નફાની અસમાન વહેંચણીને કારણે બે વર્ગો ઊભા થયા છે જેમાં ઉત્પાદનનો મહતમ લાભ મેળવનાર માલિક વર્ગ અને શોપિત વર્ગ જેને મજૂરવર્ગ તરીકે પારિભાષિત કરવામાં આવ્યો છે. માલિક વર્ગ દ્વારા ઉત્પાદનના સંબંધોના માળખામાં મજૂરવર્ગનું શોષણ કરવામાં આવે છે જેને કારણે મજૂર અને માલિકો વચ્ચે સંઘર્ષ થાય છે જેને કાર્લ માર્કસ વર્ગસંઘર્ષના સિદ્ધાંત થકી પારિભાષિત. કર્યો છે. ઉત્પાદનના સંબંધોમાં માલિક અને મજૂરવર્ગના હિતો ભિન્ન હોવાને કારણે પરસ્પર સંઘર્ષની લાગણી જન્મે છે, જેમાંથી સંઘર્ષો અને આંદોલનો જન્મે છે. આ બાબતને સમજાવતો સિદ્ધાંત એટલે વર્ગ સંઘર્ષનો સિદ્ધાંત છે.

'મૂડીવાદી સમાજની અંદર ખાનગી મિલકતને કારણે વિરોધાભાસ ઉદ્‌ભવે છે. પરિણામે ઉત્પાદનના સાધનો માલિકો જેઓ બુઝવા-ભદ્રવર્ગ અથવા તો મૂડીદાર વર્ગ તરીકે ઓળખાય છે અને શ્રમજીવીઓ જેઓ ઉત્પાદનના સાધનોની માલિકી નહી ધરાવતા હોવાથી મિલકત પણ ધરાવતા નથી અને તેથી તેમના શ્રમનું વિચાણ કરીને તેઓ તેમનું જીવન પસાર કરે છે. તેઓ શ્રમજીવી વર્ગ તરીકે ઓળખાય છે. તેમની સ્થિતિ તો ખરેખર પગારદાર ગુલામ જેવી હોય છે.(રાજકીય વિચારધારાઓઃ2014:69)

આર્થિક ઉત્પાદનના દરેક સામાજિક ઐતિહાસિક તબક્કે સમાજમાં મુખ્ય બે વર્ગો ઊભા થાય, જેમકે પ્રાચીન યુગમાં સ્વામી અને ગુલામો, સામંતશાહી યુગમાં સામંતો અને ખેત મજૂરો, જયારે આધુનિક યુગમાં પૂંજીપતિ અને મજૂરવર્ગ. આર્થિક ઉત્પાદનના સાધનો પર માલિકોનું નિયંત્રણ હોવાથી ઉત્પાદનના નફાનો મોટો હિસ્સો માલિકો પાસે જતો જયારે મજૂર પાસે માત્ર જીવનનિર્વાહ પુરતો આર્થિક મજૂરીનો ભાગ આવતો. આ વ્યવસ્થાને કારણે માલિક વર્ગ વધુને વધુ મૂડીપતિ બન્યા જયારે મજૂરો શોપિત વર્ગમાં સ્થાન પામ્યા. કારખાનાના માલિકો મજૂરોનો શારીરિકશ્રમ ખરીદી તેમના વળતરરૂપે માત્ર જીવનનિર્વાહ જેટલું વેતન આપતા. માલિકો પોતે મોટો નફો લઇ જતા અને મજૂરવર્ગ શોષિતવર્ગમાં જ રહેતા. કારખાનામાં કામ કરતા મજૂરોને તેમની મજૂરીની તુલનામાં ખુબ ઓછુ વળતર ચૂકવી તેમનું શોષણ થતું. આમ શોષિતવર્ગમાં જન્મેલ અસંતોષ માલિકો અને મજૂરો વચ્ચે સંઘર્ષને જન્મ આપતો. આ બાબતને સમજાવતો સિદ્ધાંત એટલે વર્ગસંઘર્ષનો સિદ્ધાંત.

### વર્ગ અને ઉત્પાદન-વ્યવસ્થા વચ્ચેનો સંબંધ

માર્કસના મતે માનવો પાસે ઉત્પાદનના સાધનોની માલિકી હોય તેઓ વર્ગ પ્રભુત્વ ધરાવતો. તેમજ સાધનો અને મૂડી વગરના વર્ગનું સ્થાન સમાજમાં ગૌણ રહેતું. આર્થિક ઉત્પાદનની વ્યવસ્થા બે વર્ગોમાં વિભાજિત જોવા મળે છે એક માલિક અને બીજો મજુર..કારખાનાનો માલિક ઉત્પાદનના મોટાભાગના સાધનો પર પોતાનો માલિકી હક્ક ધરાવતો જયારે મજૂર માત્ર પોતાના શ્રમના સંદર્ભમાં નજીવો પગાર મેળવી જીવનનિર્વાહ ચલાવતો. કારખાનમાં થતા નફાનો મોટો હિસ્સો માલિક મેળવી મૂડીપતિ થતો જયારે મજૂરો શોષિત થતા. આમ ઉત્પાદનની વ્યવસ્થામાં સહુથી વધારે શ્રમ મજૂરોનો વપરાતો અને સહુથી ઓછો પગાર કે વળતર તેમને મળતા. આ પ્રકની ઉત્પાદન વ્યવસ્થાને કારણે મજૂર અને માલિક એવા બે વર્ગો જોવા મળતા. આમ તેને કારણે આધુનિક યુગમાં શ્રમિકો, પૂંજીપતિઓ અને જમીનદારો જેવા વર્ગો ઊભા થાય છે.

કાર્લ માર્કસના ઉચ્ચસ્તરીય માળખામાં સરકાર, કુટુંબ, કાયદાઓ, રાજકીય પક્ષો તેમજ કેળવણી જેવી અનેક સંસ્થાઓ જોવા મળે છે. સત્તા રાજ્ય સાથે સંકળાયેલી છે. રાજ્ય સમાજની આંતરીક વિકાસની પેદાશ છે. ભૌતિક ઉત્પાદનમાં પરિવર્તન આવે છે ત્યારે રાજ્યમાં પણ પરિવર્તન આવે છે. સમાજમાં આર્થિકરીતે વર્ચસ્વ ધરાવતો વર્ગ રાજ્યોની રચના કરી પીડિતો અને શોષિતોને નિયંત્રણમાં રાખે છે. શોષકવર્ગ રાજ્ય દ્વારા કામદારવર્ગ ઉપર જુલમ ગુજારે છે; કારણ તેમની પાસે ઉત્પાદનના સાધનોનો ઈજારો છે.(સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોઃ વાય.એ.પરમાર:1994:130)

### વર્ગસંઘર્ષનો સિદ્ધાંત

કાર્લ માર્કસના મતે અત્યાર સુધીના બધા સમાજોનો ઈતિહાસ એ વર્ગ સંઘર્ષનો ઈતિહાસ છે.માનવ સમાજ આદિમા અવસ્થામાં માનવ પોતાના જીવનનિર્વાહ માટે જરૂરી વસ્તુઓ પ્રકૃતિ પાસેથી મેળવી લેતો, ત્યારે સમાજ પ્રમાણમાં ઓછો વિભક્ત હતો. સમય જતા માનવ સમાજે સુખ સગવડો પ્રાપ્ત કરવા માટે ભૌતિક ઉત્પાદનના નવાનવા સાધનો અને રીતો વિકસાવી, વધુને વધુ ઉત્પાદન મેળવવા માટે નવીનવી રીતો શોધી. જેના ફળસ્વરૂપ ઉત્પાદનના સ્વરૂપમાં પરિવર્તન આવ્યું. તેમાંથી કાળક્રમે વર્ગો ઊભા થયા. આમ સમાજની વ્યવસ્થા આર્થિક ઉત્પાદનની રીતો પર આધારિત હોય છે. આર્થિક ઉત્પાદનમાં દરેક સામાજિક વ્યવસ્થામાં બે વર્ગો જોવા મળે છે, એક સાધનો ધરાવતો માલિક વર્ગ અને બીજો સાધન વિહીન મજૂરવર્ગ. માલિક અને મજૂરવર્ગ બન્નેના હિતો ભિન હોવાને કારણે તેમના વચ્ચે થતા સંઘર્ષને વર્ગ સંઘર્ષ કહેવામાં આવે છે. આમ માર્કસના મતે મૂડીપતિઓનો વ્યક્તિગત સ્વાર્થ તેમના માટે હાનીકારક સાબિત થાય છે. મૂડીપતિઓનો વ્યક્તિગત સ્વાર્થ તેમના અંત માટે કારણરૂપ બને છે. આમ માર્કસના માટે મૂડીપતિ અને મજૂરવર્ગ વચ્ચે ભિન્ન હિતોને કારણે સંઘર્ષ થાય છે જેમાં મજૂરવર્ગ વિજય થવાથી વર્ગ વિહીન સામાજિક વ્યવસ્થાની આગાહી માર્કસ દ્વારા કરવામાં આવે છે. જોકે ઔદ્યોગિક દેશોમાં કામદાર સંગઠનો રચાવાને કારણે તેમના વિવિધ હિતોનું રક્ષણ થતા લોકશાહીને કારણે મજૂર ક્રાંતિની માર્કસની આગાહી સાચી પડતી નથી.

## 8.4 અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત

માર્કસના મતે સમાજમાં ઉત્પાદનના સંબંધોમાં બે પ્રકારની વર્ગ વ્યવસ્થાનું નિર્માણ થયું છે, એક માલિક કે મૂડીપતિ વર્ગ અને બીજો દાસ કે મજૂરવર્ગ. આ બંને વર્ગોના હિતો ભિન્ન હોવાને કારણે તેમના વચ્ચે હિતોનો ટકરાવ રહી છે. કાળક્રમે સમાન હિતો ધરાવતો મજૂરવર્ગ

સંગઠિત બને છે અને મૂડીપતિઓ સામે બળવો કે કાંતિ ઊભી થાય છે જેમાંથી વર્ગ સંઘર્ષ થાય છે. માર્કસે વર્ગ સંઘર્ષ માટે અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત રજૂ કર્યો છે. માર્કસના ચિંતનમાં મુખ્ય ઔદ્યોગિક મૂડીવાદી સમાજ વ્યવસ્થામાં માલિક વર્ગ અને મજૂરવર્ગ વચ્ચેની અસમાનતા તેમના વચ્ચેના હિતોની ભિન્નતા વિરોધને જન્મ આપે છે. માર્કસનો અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત મૂલ્યના શ્રમ સિદ્ધાંત પર નિર્ભર છે.

**અતિરિકત મૂલ્યનો અર્થ**

'મૂડીવાદી સમાજ વ્યવસ્થામાં મજદૂરને શ્રમ કર્યા વિના આજીવિકા મળતી નથી. તેથી તે ઔદ્યોગિક ક્ષેત્રમા શ્રમ કરવા જાય છે. પરંતુ તેના શ્રમથી જે મૂલ્ય ઉત્પન થાય છે તેના કરતા ઘણું ઓછું મૂલ્ય તેને વેતન રૂપે આપવામાં આવે છે. આમ વધુ શ્રમ કરીને મજદૂર જે ચીજનું ઉત્પાદન કરે છે તે ચીજને ઉત્પાદક બજારમાં વેચીને જે મૂલ્ય મેળવે છે અને મજદૂરને જે મૂલ્ય આપે છે તેના વચ્ચે ઘણો તફાવત રહે છે. માર્કસ આ રકમને અધિશેપ કે અતિરિક્ત (Surplus Value) કહે છે. મૂડીવાદી અર્થતંત્રમાં મૂડીપતિઓ વધુમાં વધુ નફો પ્રાપ્ત કરવાનું ધ્યયે ધરાવતા હોય છે તેથી તેઓ મજૂરોને ઓછા વેતનથી કામ કરવા રાખે છે અને વધુ નફો મેળવે છે. આ વધુ નફો અધિશેષ કે અતિરિક્ત મૂલ્ય છે.(સમાજશાસ્ત્રીય વિચારકઃ1977:33)

'મૂડીપતિઓનો લાભ વધારેને-વધારે શ્રમિકોના શોષણ ઉપર આધાર રાખે છે. માલિકો ખૂબ જ ચાલાકીપૂર્વક શ્રમિકોને તેમના શ્રમની તુલનામાં ન્યાય સંગત પગાર આપતા નથી, જેઓ વાસ્તવિક શ્રમ મૂલ્યના હકદાર છે. કોઈ વસ્તુના ઉત્પનામાંથી મેળવેલ વાસ્તવિક નફા કરતા માલિકો શ્રમિકને ઘણો ઓછો પગાર ચૂકવી મોટાભાગનું ધન માલિકો હડપી જાય છે, આ બચેલા ધનને અતિરિક્ત મૂલ્ય કહેવામાં આવે છે. પૂંજીપતિ આ અતિરિક્ત મૂલ્ય દ્વારા મેળવેલ ધનને પોતાની પાસે રાખી એને અન્ય રોકાણો કરે છે, આ વિચારધારા પૂંજીપતિ વર્ગના ચાલકબળનો મુખ્ય આધાર છે.(સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર 2007:313)

જેમકે કોઈ મજૂર કારખાનામાં દસ કલાક કામ કરી કોઈ દસ રૂપિયાની વસ્તુનું ઉત્પાદન કરે છે કારખાનાનો માલિક તે વસ્તુ બજારમાં દસ રૂપિયામાં વહેચે છે. જેમાંથી માલિક આઠ રૂપિયા કમાય છે. અને મજૂર માત્ર બે રૂપિયા આમ નફાની આ અસમાન વહેંચણી અતિરિક્ત મૂલ્ય કહેવાય. મજૂર પોતાના વેતન માટે બે કલાક કામ કરે છે જયારે બાકીના આઠ કલાક તે માલિક માટે શ્રમ કરે છે, જેને અધિશેષ મૂલ્ય કહેવામાં આવે છે. બે કલાકનો શ્રમ પગાર માટેનો જરૂરી શ્રમ છે અને આઠ કલાકનો શ્રમ એ વધારાનો કે શેષ શ્રમ છે જેનું વળતર કારખાનાના માલિકને મળે છે. આમ ઉત્પાદનના તમામ ખર્ચમાં મજૂરની મહેનત વધારે હોવા છતાં તેનો મોટો હિસ્સો નફાના સ્વરૂપમાં માલિક લઈ જાય છે. જેમાં મજૂરોનું શોષણ થાય છે. વધારે નફો લઈજવાથી માલિક વધારે મૂડી ભેગી કરી સુડીપતિ બને છે જયારે મજૂર શોષિત વર્ગ બને છે. આધુનિક સમયમાં ઔદ્યોગિક ક્રાંતિ થવાને કારણે મશીનો વધતા ગયા જેથી શ્રમિકો બેકાર બન્યા અને સસ્તા ભાવે પોતાનો શ્રમ ઉત્પાદનના સાધનો ધરાવનાર મૂડીપતિ વર્ગને વહેચવા લાગ્યા. શ્રમિક પોતાનો શ્રમ સસ્તામાં વહેચવા મજબુર બન્યો. આને કારણે અધિશેષ મૂલ્યમાં વધારો થયો અને મૂડીપતિ વધારે મૂડી ધરાવતા થયા. શ્રમિક ગરીબ થયો અને માલિકો મૂડીપતિ થયા. ઉત્પાદનનો કુલ ખર્ચ શ્રમ સાથે આઠ રૂપિયા હોયતો માલિક તેમાંથી છ રૂપિયા અને મજૂર માત્ર બે રૂપિયા કમાયો જેનાથી માલિકો પાસે વધુમાં વધુ ધન સંચય થયો જયારે મજૂર માત્ર જીવનનિર્વાહ અને આજીવિકા રડી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ અધિશેષ કે અતિરિક્ત મૂલ્યને કારણે થયું. આ બાબત સમજાવતો સિદ્ધાંત એટલે માકર્સનો અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત. આ રીતે કાર્લ માર્કસે અતિરિક્તમૂલ્યનો સિદ્ધાંત આપીને મૂડીવાદી

અર્થતંત્રમાં માલિકો કેવી રીતે મજૂરોનું શોષણ કરે છે તેનો ખ્યાલ સ્પષ્ટ કર્યો છે. અતિરિક્ત મૂલ્ય દ્વારા માલિકો મજૂરોનું શોષણ કરે છે, તે સમજાવતો સિદ્ધાંત એટલે અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત. 'દાસ કે ગુલામ લોકોને હંમેશા વસ્તુઓ અને સંપત્તિના અધિકારના રૂપમાં જોવામાં આવે છે, જેમને ખરીદી-વહેચી શકાય.'(સમાજશાસ્ત્ર એક વિધિવત વિવેચન, હેરી એમ જોનસનઃ1960ઃ219ઃઅનુવાદ યોગેશ અટલ)

## 8.5 વિમુખતાનો સિદ્ધાંત

વિમુખતાનો ખ્યાલ સર્વપ્રથમ પ્રસિદ્ધ દાર્શનિક હેગલના લખાણોમાં જોવા મળે છે. કાર્લ માર્કસ પર રૂસોના વિચારોનો પ્રભાવ રહ્યો હતો. આ વિચાનોના મૂળમાં વિમુખતાનો સિદ્ધાંત રહેલો છે. માર્કસના મતે આધુનિક યુગને કારણે ઉત્પાદન કાર્યમાં વ્યક્તિગત અને સામાજિક જીવનમાં વ્યક્તિ જે અલગપણાનો અનુભવ કરે છે તેની ચર્ચા વિમુખતાના વિચારો કે સિદ્ધાંતના માધ્યમથી કરી છે. વિમુખુતા વ્યક્તિની મનો-સામાજિક સ્થિતિનું વર્ણન કરે છે. સમાજની વચ્ચે રેહેવા છતાં વ્યક્તિ સામાજિક અને માનસિક એકલતાનો અનુભવ કરે છે, આ સ્થિતિને વિમુખતાના સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે.

'પૂંજીવાદી વ્યવસ્થામાં કામકાજની સામાજિક દશાઓએ કામદારને પોતાના કામથી એવી રીતે દૂર કરી દેવામાં આવ્યો છે કે, તેને કારણે કામદારને એવા અવસર પ્રદાન કરવામાં નથી આવતા કેતે રચનાત્મકા અને અર્થપૂર્ણ બની શકે. આવી પરિસ્થિતિમાં કામદારને પોતાના કાર્યથી નથી સંતોષ મળતો કે નથી પુરતું વેતન મળતું. આ પરિસ્થિતિમાં કામદાર વિમુખતાની સ્થિતિમાં મુકાયા છે.(સમાજશાસ્ત્ર કોશ અને અવધારણાઓ, હરિકૃષ્ણ રાવતઃ1986ઃ03)

### વિમુખતાનો ખ્યાલ

માનવ સમાજના ઈતિહાસના જુદાજુદા તબક્કાઓમાં માનવી શરૂઆતમાં પોતાના જીવનનિર્વાહ સાટે કુદરત પર નિર્ભર હતો કાળક્રમે વ્યક્તિ કુદરત ઉપર સતા અને વધુને વધુ નિયંત્રણ મેળવતો થયો. ભૌતિક વિકાસના આ તબક્કાઓમાં ઔદ્યોગિક ક્રાંતિ અને નવી-નવી વૈજ્ઞાનિક શોધોને કારણે ઉત્પાદનના નવા-નવા સાધનો અને મશીનો શોધાયા જે ધીમેધીમે વ્યક્તિ પર નિયંત્રણ ધરાવવા લાગ્યા. આ નિયંત્રણની અસર વ્યક્તિના સામાજિક અને માનસિક જીવન પર પડવા લાગી. માનવ સર્જિત આ સાધનો પર માનવીની સતા કે નિયંત્રણ રહેતું નથી. કાળક્રમે એવી સ્થિતિનું નિર્માણ થાય છે, કે આ સાધનો માનવ ઉપર પ્રભુત્વ ધરાવે છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિ જે માનસીક અને સામાજિક એકલતાનો ભાવ અનુભવે છે તેને કાર્લ માર્કસ વિમુખતાની સ્થિતિ કહે છે. આર્થિક સંસ્થામાં અલગતાના. ભાવની સ્થિતિ અન્ય સામાજિક સંસ્થાઓ ધર્મ, રાજ્ય, રાજકીય અર્થવ્યવસ્થા વગેરેમાં અલગતાની સ્થિતિ અનુભાવાય છે. આમ માનવોએ સર્જેલી બધી સંસ્થાઓમાં અલગપણાની સ્થિતિ કે ભાવ પેદા કરે છે. માર્કસના મતે સમાજની દરેક સંસ્થાનો પાયો આર્થીક સંસ્થા કે વ્યવસ્થામાં રહેલો છે. સમાજમાં માર્કસના મતે આર્થિક સંસ્થા મુખ્ય છે જયારે અન્ય સંસ્થાઓ અધિરચના કે ગૌણ છે. આર્થીક પાયા પર ધર્મ, કુટુંબ, રાજ્ય, સંસ્કૃતિ વગેરેની અધિસંરચના રચાય છે. આ કેન્દ્રવર્તી વિચારોને કારણે માર્કસના મતે વ્યક્તિના કાર્યસ્થળે અનુભવાતી અલગતા સૌથી વધુ ધ્યાનકર્ષક છે. આર્થિક સ્થળે વ્યક્તિ જે અલગપણું અનુભવે છે તેની અસર તેના અન્ય સામાજિક જીવનપર પ્રભાવ પાડે છે. અલગતાની સ્થિતિના અનુભવમાં વ્યક્તિ સમાજની અન્ય સંસ્થાઓ અને સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિ અને વાતાવરણમાં પણ અલગતાના ભાવનો અનુભવ કરે છે. આ અલગતાની સ્થિતિ વ્યક્તિને માનસિક રીતે એકલો પાડી દે છે. આ એકલતા પણામાં

વ્યક્તિ ઘણીવાર આત્મહત્યાનો વિચાર પણ કરે છે. આર્થિક સ્થળની અલગતા વ્યક્તિને સામાજિક અલગતા તરફ ધકેલે છે. આ અલગતાની સ્થિતિ વ્યક્તિની અંગત મનો-સામાજિક સ્થિતિ હોય છે.

### વિમુખતાની સ્થિતિ અને પાસાઓ

મૂડીવાદી અર્થતંત્રમાં વ્યક્તિ મૂડીપતિ પાસે માત્ર શ્રમ વહેચનાર એક મશીન બની જાય છે. કારખાનાઓમાં મશીનો સાથે એકજ પ્રકારનું સતત કામ કરવાને કારણે કામદારની પોતાની સૂઝ કે કુશળતાને વાપરવાની સ્વતંત્રતા રહેતી નથી. પરિણામે કામદારની બુદ્ધિ, કુશળતા, કોશલ્ય, અને સૂઝનો વિકાસ કરી શકતો નથી જેથી કામદાર વ્યક્તિ પોતાની જાતને કામ કરતી વખતે અલગતાનો અનુભવ કરતો હોય છે. આ પ્રકારની સ્થિતિનો પ્રભાવ કામદારના સામાજિક, કૌટુંબિક જીવનપર પડતો હોય છે. જેને કાર્લ માર્કસે વિમુખતાની પરિસ્થિતિ તરીકે વર્ણવી છે.

'માર્કસના મંતવ્ય અનુસાર મૂડીવાદી સમાજરચનામાં વ્યક્તિ(તેમના મતે મજદૂર) જે અલગપણાની સ્થિતિમાં મુકાય છે તેના ચાર વિવિધ પાસાઓ છે (સમાજશાસ્ત્રીય વિચારકઃ1977:19-20)

(1) વ્યક્તિ જે વસ્તુનું ઉત્પાદન કરે છે તેનાથી અલગ પડે છે.

(2) ઉત્પાદનની પ્રક્રિયાથી અલગ પડે છે.

(3) તે પોતાની જાતથી પણ અલગ પડે છે.

(4) પોતાના સાથીઓ સમુદાયથી અલગ પડે છે.'

મૂડીવાદી અર્થ વ્યવસ્થામાં મજદૂર વસ્તુનું ઉત્પાદન, તેની પ્રક્રિયા પોતાની જાત અને છેલ્લે પોતાના કુટંબ અને સમાજથી અલગતા અનુભવે છે. પોતાના કામ અને પોતાની જાતથી અલગપણાની સ્થિતિ અનુભવતો કામદાર પોતાના સમુદાય અને કુટંબથી અલગપણાનો ભાવ અનુભવે છે.

આમ કાર્લ માર્કસે મૂડીવાદી સમાજમાં કામદાર વ્યક્તિગત અને કુટુંબીઓ, પોતાનું જૂથ-સમુદાય અને સામાજિક રીતે અલગતા-એકલતા અનુભવે છે તેનું પૃથક્કરણ કરતો પરિપ્રેક્ષ્ય એટલે વિમુખતાનો સિદ્ધાંત.

## 8.6 સામાજિક પરિવર્તન

કાર્લ માર્કસે સામજિક પરિવર્તનના મુખ્ય પરિબળ તરીકે ઉત્પાદનની પદ્ધતિ રજૂ કરી છે. સામાજિક પરિવર્તનના જુદાજુદા તબક્કાઓમાં બદલાતી ઉત્પાદનની રીતો જવાબદાર છે તેવું કાર્લ માર્કસનું માનવું હતું. સામાજિક પરિવર્તન માટે કોઈ ઈશ્વરીય અમૂર્ત શક્તિઓ જવાબદાર નથી. વ્યક્તિઓએ કાળક્રમે પોતાની આર્થિક સંસ્થામાં ઉત્પાદન તરાહો અને રીતોમાં જરૂરિયાત મુજબ જે પરિવર્તનો કર્યા તેનો પ્રભાવ સમાજની અન્ય સંસ્થાઓ પર પરિવર્તન સ્વરૂપે પડ્યો. આમ માનવ પોતે સામાજિક પરિવર્તન માટે જવાબદાર છે. માનવ સમાજના ઈતિહાસમાં જોઈએ તો માનવ પોતાનું જીવન ટકાવી રાખવા માટે કુદરતના અને પરિબળો પર નિયંત્રણ પ્રાપ્ત કરવાનું શરૂ કર્યું. કાળક્રમે ઉત્પાદનની નવીનવી રીતો કે સ્વરૂપો અસ્તિત્વ પામ્યા અને સામાજિક પરિવર્તનો માટે જવાબદાર બન્યા.

### માર્કસના વિચારોમાં સામાજિક પરિવર્તન

સામાજિક પરિવર્તન એટલે સમાજની રચના અને કાર્યમાં આવતો બદલાવ. સમાજ સામાજિક વ્યવસ્થાની જુદીજુદી રચનાઓ, સંસ્થાઓ અને જૂથોનો બનેલો છે, આ રચનાઓ અને સંસ્થાઓ વચ્ચે પારસ્પરિક આંતરક્રિયાના માધ્યમથી સમાજનું સર્વાંગી માળખું નિર્માણ પામે છે. સમાજ રચનાની કોઈપણ એક સંસ્થામાં આવતું પરિવર્તન સમાજની અન્ય સંસ્થાઓ પર પ્રભાવ પાડે છે. કાર્લ માર્કસના મતે સમાજ વ્યવસ્થાનો પાયો ઉત્પાદનનું માળખું કે આર્થિક સંસ્થા છે, આમ આર્થિક સંસ્થામાં આવતા પરિવર્તનો અન્ય સામાજિક સંસ્થાઓમાં પરિવર્તન લાવે છે. અર્થવ્યવસ્થામાં ઉત્પાદનની રીતોમાં આવતા પરિવર્તનો સમાજની અન્ય સંસ્થાઓમાં પરિવર્તન લાવે છે. આમ માર્કસના મતે સામાજિક પરિવર્તનનું મૂળ ઉત્પાદનની રીતો કે આર્થિક સંસ્થામાં રહેલું છે.

### સામાજિક પરિવર્તનનો સિદ્ધાંત

કાર્લ માર્કસના મતે આર્થિક ઉત્પાદન પ્રણાલી મુજબ સામાજિક ઈતિહાસને જુદાજુદા તબક્કાઓમાં તપાસી શકાય છે, જેમકે આદિમ સમાજ, દાસ યુગ, સામંતશાહી સમય, મૂડીવાદી યુગ અને સમાજવાદી યુગ. આમ દરકે યુગ પરિવર્તિત માટે માર્કસ આર્થિક સંસ્થાને કેન્દ્રમાં રાખી પોતાના વિચારો સામાજિક પરિવર્તનના સિદ્ધાંતમાં આપ્યા છે. આદમી સમયમાં માનવી કુદરતના સંશાધનો પર આધારિત કુદરત સાથે તાલમેલ વાળું જીવન જીવતો. આ સમયગાળામાં માનવીમાં વર્ગ સભાનતા કે ઉત્પાદનનો ખ્યાલ નહોતો વિકાસ પામ્યો. જ્યારથી માનવ સમાજમાં ઉત્પાદન, ખેતી, ખેત ઓજારો વગેર ધરાવતા યુગમાં પ્રવેશ કરે છે, ત્યારથી દાસયુગ શરુ થાય છે. દાસયુગમાં બે પ્રકારના વર્ગોનો જન્મ થાય છેં એક જમીન ધરાવનાર જમીદાર વર્ગ અને ભૂમિ વિહીન દાસવર્ગ કે ખેત મજૂરવર્ગ. સામંતશાહી યુગમાં ખેતીનું મહત્ત્વ વધતા જમીન માલિક અને ખેત-મજૂરવર્ગનું સ્વરૂપ વધારે સ્પષ્ટ થતું ગયું. દાસ અને સામંતશાહી બંને સમયમાં માલિક અને મજૂરવર્ગના હિતોમાં ભિન્નતા હોવાને કારણે સંઘર્ષ થતો. જેમજેમ મૂડીવાદી યુગ આવતો ગયો તેમતેમ નવીનવી ઉત્પાદનની રીતો, સાધનો અને મશીનો શોધાયા, આ મૂડીવાદી સમાજમાં પણ બે વર્ગો માલિક કે મૂડીપતિવર્ગ અને મજૂરવર્ગ ઊભા થયા, જેમાં ભિન્ન-ભિન્ન હિતોને કારણે સંઘર્ષો થયા. આમ સામાજિક પરિવર્તનના જુદાજુદા તબક્કાઓમાં ઉત્પાદન વ્યવસ્થા, ઉત્પાદનની રીતો, આર્થિક હિતો, આર્થિક ઉત્પાદન પદ્ધતિ અને ઉત્પાદનના સાધનો વગેરેમાં આવેલ પરિવર્તનો સામાજિક સંબંધોમાં પરિવર્તન માટેનું જવાબદાર પરિબળ છે. જેમજેમ ઉત્પાદનની પદ્ધતિઓ અને અર્થવ્યવસ્થામાં બદલાવ આવતો ગયો તેમતેમ સમાજની અન્ય સંસ્થાઓ અને સામાજિક સંબંધોમાં પરિવર્તનો આવતા ગયા. આમ આર્થિકસંસ્થામાં આવેલ પરિવર્તન સમાજની અન્ય સંસ્થાઓમાં રચનાત્મક અને કર્યાત્મક અસરો ઉપજાવે છે. જેથી સામાજિક પરિવર્તન આર્થિક સંસ્થાને આભારી છે તેવું કાર્લ માર્કસ માનતા હતા.

### 8.7 તમારી પ્રગતિ ચકાશો.

(1) કાર્લ માર્કસનો જન્મ ક્યાં અને કયારે થયો હતો ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(2) કાર્લ માર્કસના કોઈપણ ત્રણ મહત્ત્વના પુસ્તકો લખો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(3) વર્ગસંઘર્ષ એટલે શું ?

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(4) અતિરિક્તમૂલ્ય કોને કહેવાય ?

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(૫) કાર્લ માર્કસના મતે વિમુખતા એટલે શું ?

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

(6) કાર્લ માર્કસના મતે સામાજિક પરિવર્તન માટે કઈ બાબત જવાબદાર છે ?

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

## 8.8 મોટા પ્રશ્નો

(1) કાર્લ માર્ક્સનો જીવન પરિચય આપી, વર્ગસંઘર્ષનો સિદ્ધાંત સમજાવો.

..................................................................

(2) કાર્લ માર્ક્સના પુસ્તકો જણાવી, અતિરિક્તમૂલ્યનો સિદ્ધાંત ઉદાહરણ સહિત સમજાવો.

..................................................................

(3) માર્ક્સના મતે વિમુખાતાનો અર્થ અને સિદ્ધાંત ચર્ચો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

(4) કાર્લ માર્ક્સના સામાજિક પરિવર્તન સંબંધિત વિચારો રજૂ કરો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

## 8.8 સંદર્ભ સૂચી


(1) Scott John and Gordon Marshall (2009) A Dictionary of Sociology, OXFORD UNIERSITY PRESS, New York.

(2) Ritzer George (2011) Sociological Theory, Tata McGraw Hill Education Private Limited, New Delhi.

(3) Doshi S.L. (2009) Modernity, Post modernity and New-Sociological Theories, Rawat Publication. Jaipur.

(4) Rawat H.K. (2007) SOCIOLOGY Basic Concepts, Rawat Publication. Jaipur.

(5) જોનસન હેરી એમ. (1970) સમાજશાસ્ત્ર એક વિધિવત વિવેચન, કલ્યાણી પબ્લિકેશન, દિલ્લી, (હિન્દી અનુવાદ યોગેશ અટલ)

(6) રાવત હરિકૃષ્ણ (2007) સમાજશાસ્ત્રીય ચિંતક અને સિદ્ધાંતકાર, રાવત પબ્લિકેશન,જયપુર (હિન્દી)

(7) તોમર રાસબિહારીસિંહ (1971) સમાજિક સંરચના અને સામાજિક ગતીકી, શ્રીરામ મહેરા એન્ડ કમ્પની, આગાર (હિન્દી)

(8) રાવત હરિકૃષ્ણ (1986) સમાજશાસ્ત્ર કોશ, રાવત પબ્લિકેશન, જયપુર.(હિન્દી)

(9) રાવ મહેન્દ્ર એફ અને બેટાઈ જયાબહેન (1977) સમાજશાસ્ત્રીય વિચારકો, સી. જમનાદાસની કંપની, રિલીફ રોડ, અમદાવાદ.

(10) ડૉ. દવે હર્ષિદાબેન(2007) સમાજશાસ્ત્રીય વિચારધારાના આધારો, વિક્રમ બી શાહ, ક્રિએટીવ પ્રકાશન, વેરાવળ, સોમનાથ.

(11) રાવ મહેન્દ્ર, રાઠોડ એલ.બી., ભટ્ટ સુશીલાબેન, વૈશ્નવ ભવેન્દ્ર(1970) સમાજશાસ્ત્રીય નિબંધમાળા, અખિલ હિન્દ પ્રકાશન, રતનપોળ, અમદાવાદ.

(12) પરમાર વાય. એ.(2002) સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, આમદાવાદ.

(13) કાન્હેરે ઉષા શશિકાંત (1967) સમાજશાસ્ત્ર, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ.

(14) બ્રેસાન જાન (1987) મૂડીવાદી ઉત્પાદન અને ગ્રામ મજૂરોનું પરિભ્રમણ, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત (ગુજરાતી અનુવાદઃ દેસાઈ બાબુભાઈ)

(15) ડૉ. ઝાલા ડી. ડી. (2014) રાજકીય વિચારધારાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.


❖ ❖ ❖

એકમ 9

# વિલ્ફ્રેડ પેરેટોનો : અગ્રવર્ગનો સિદ્ધાંત

-: રૂપરેખા :-


**9.0** ઉદ્દેશો

**9.1** પરિચય

**9.2** અગ્રવર્ગનો અર્થ

**9.3** અગ્રવર્ગનો ખ્યાલ

1) લોહ સમૂહોના બે સ્તર

(1) નિમ્ન સ્તર

(2) ઉચ્ચ સ્તર

2) અગ્રવર્ગનાં ભાગ

(1) શાસક અગ્રવર્ગ

(2) બિનશાસક અગ્રવર્ગ

**9.4** સારાંશ

**9.5** તમારી પ્રગતિ ચકાસો.

**9.6** સંદર્ભ સૂચી


## 9.0 ઉદ્દેશો

વિદ્યાર્થીમિત્રો, આ એકમનું અધ્યયન કર્યા બાદ તમે -

- અગ્રવર્ગનો અર્થ સમજી શકશો.
- અગ્રવર્ગનાં વિભાગો સમજી શકશો.
- અગ્રવર્ગની ધારતા સમજી શકશો.
- ભારતીય સમાજમાં જોવા મળતા મુખ્ય વર્ગો વિશે સમજી શકશો.

## 9.1 પરિચય

વિલ્ફ્રેડ પેરેટોનો જન્મ ફ્રાન્સનાં પેરિસમાં થયો હતો. આધુનિક વિચારધારામાં વિલ્ફ્રેડ પેરેટોનું નામ મહત્ત્વનું છે. 1848માં જન્મેલા પેરોટો ઈટાલીના નિવાસી હતાં. મૂળ તેઓ એન્જીનિયર હતાં પણ પાછળથી તેઓ અર્થશાસ્ત્રી અને સમાજશાસ્ત્રી બન્યાં હતા અને સમાજશાસ્ત્રનાં ક્ષેત્રમાં એમણે અદ્વિતીય પ્રદાન આપ્યું છે.

## 9.2 અગ્રવર્ગનો અર્થ

'ઉચ્ચ વર્ગ એવો વર્ગ છે. કે જેની પાસે સત્તા છે અને તે સમાજનાં શાસક માનવામાં આવે છે. આ દૃષ્ટિકોણથી તે વર્ગ પ્રભાવશાળી વર્ગ ભદ્ર વર્ગ તરીકે ઓળખવામાં આવે છે. જેના સભ્ય વધુ કુશળ બુદ્ધિમાન અને સમર્થ માનવામાં આવે છે. આવા પ્રકારનાં પ્રભાવશાળી ગુણોનાં કારણે સામાજિક સ્તર રચવામાં તેઓ ઉચ્ચ વર્ગ તરીકે ઓળખાય છે અને સત્તાનું સંચાલન તેમનાં હાથમાં હોય છે. પેરેટો આ પ્રકારના વર્ગને અગ્રવર્ગ તરીકે ઓળખાવે છે.

## 9.3 અગ્રવર્ગનો ખ્યાલ

પેરેટોને અગ્રવર્ગની ધારણાનો મુખ્ય પ્રવર્તક માનવામાં આવે છે. પેરેટોના મતે, અગ્રવર્ગની અવધારણા સામાજિક સ્તરીકરણનાં સિદ્ધાંત સાથે સંબંધિત છે. તેમના મતે સમાજમાં સામાજિક અસમાનતા અને સામાજિક સ્તરીકરણ જોવા મળે છે. કોઈપણ સમાજ એવો નથી કે જ્યાં અસમાનતા ન જોવા મળે, પછી ભલે તે આદિમ સમાજ હોય કે આધુનિક, પરંતુ જુદા-જુદા આધારો પર સમાજ હોય કે આધુનિક, પરંતુ જુદા-જુદા આધારો પર સમાજની વ્યક્તિઓમાં સ્તરીકરણ જોવા મળે છે. તેમના મતે દરેક સમાજમાં વ્યક્તિઓને બે વર્ગમાં વહેંચી શકાય. એક ઉચ્ચ વર્ગ અને બીજો નિમ્ન વર્ગ.


આ વર્ગો શારીરિક, માનસિક અને નૈતિક ગુણોનાં આધાર પર એકબીજાથી અલગ-અલગ છે. દરેક માણસમાં માનવીય ક્રિયા અંગેની વ્યક્તિની યોગ્યતા અને ક્ષમતા સમાન હોતી નથી. ક્ષમતા અને યોગ્યતાના અંતરના આધાર પર સમાજજીવનનાં વિશિષ્ટ ક્ષેત્રોમાં કાર્ય કરવાવાળી વ્યક્તિઓને જો માર્કસ (ગુણ) આપવામાં આવે તો સૌથી વધારે માર્કસ (ગુણ) પ્રાપ્ત કરવાવાળી વ્યક્તિઓને અગ્રવર્ગમાં ગણવામાં આવે છે. આ પ્રકારે સામાજિક જીવનનાં જુદા-જુદા ક્ષેત્રોમાં બે વર્ગ બની જાય છે. એક અગ્રવર્ગ અને બીજો બિન-અગ્રવર્ગ. અગ્રવર્ગ સમાજનું સંચાલન કરે છે. એમનાં હાથમાં સત્તા હોય છે. તેમનામાં બૌદ્ધિકતા, કુશળતા, ક્ષમતા, ચારિત્ર્યનાં ગુણો વિશેષ હોય છે. નિમ્ન વર્ગમાં તે ગુણોનો અભાવ હોય છે.

પેરેટોનાં મતે અગ્રવર્ગ પણ બે ભાગોમાં વહેંચાયેલ છે. પ્રથમ ભાગમાં અગ્રવર્ગ આવે છે. તે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે શાસનમાં ભાગ લે છે. અગ્રવર્ગના ઉપવર્ગને શાસકવર્ગ કહ્યો છે. અગ્રવર્ગનો બીજો ઉપવર્ગ એ છે. કે જેમાં વ્યાપારિક નેતા, વૈજ્ઞાનિક, પ્રાધ્યાપક, કલાકાર, વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપવર્ગ શાસનમાં ભાગ લેતો નથી. પરંતુ વિશિષ્ટ ક્ષેત્રોમાં તેમની ક્ષમતા અને ગુણોનાં આધારે એમની સ્થિતિ અન્ય લોકો કરતા ઊંચી હોય છે. તેને પેરેટોએ બિનશાસક અગ્રવર્ગ કહ્યો છે. પેરેટોનાના મતે અગ્રવર્ગ માનવજીવનના વિભિન્ન ક્ષેત્રોમાં હોય છે અને ધન, સંપત્તિ અગ્રવર્ગના મુખ્ય માપદંડ છે. જો માનવીની બૌદ્ધિક ક્ષમતાને નૈતિક ચારિત્ર્ય, અભિરૂચિ વગેરેના આધારે વિભાજિત કરવામાં આવે અથવા રાજકીય અથવા સામાજિક પ્રભાવના આધાર પર એમના સ્તર નિર્ધારિત કરવામાં આવે તો એવી સ્થિતિ પ્રાપ્ત થાય જે સ્થિતિ એમના આર્થિક સ્તરીકરણમાં હોય છે. આ પ્રકારે પેરેટોના મતે અગ્રવર્ગ ખૂબ જ ધનિક હોય છે. પેરેટોનાએ 'The Mind and Society' નામના પુસ્તકમાં લખ્યું છે. કે લોહસમૂહોનાં સ્તરો (1) નિમ્ન સ્તર (2) ઉચ્ચ સ્તર

જે બે ભાગોમાં વિભાજિત થાય છે (1) શાસક અગ્રવર્ગ (2) બિનશાસક અગ્રવર્ગ.

પેરેટોનાં મતે અગ્રવર્ગ કેટલાક વિશિષ્ટ લોકોનાં સમૂહની બને છે. જેને Aristocracies કહેવામાં આવે છે. આ વર્ગોમાં સેના, ધાર્મિક સંગઠન અને વ્યાપારિક ક્ષેત્રોના ઉચ્ચ સમૂહોનો સમાવેશ થાય છે.

પેરેટોના મતે અગ્રવર્ગ આ પ્રમાણે છે :



**(A) અગ્રવર્ગ**

તેમની સામાજિક સ્થિતિ ઉચ્ચ હોય છે. તે વિશિષ્ટ ગુણોથી સંપન્ન હોય છે. તેને પેરેટોના બે ભાગમાં વહેંચે છે.

**(1) અગ્રવર્ગ :**

તેમાં એ વ્યક્તિ આવે છે. જે દેશની શાસન વ્યવસ્થામાં ભાગ લે છે અને તેને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષરૂપ પ્રભાવિત કરે છે.

**(2) બિનશાસકીય અગ્રવર્ગ :**

તેમાં એ વ્યક્તિ આવે છે. જે વહીવટી કાર્યોમાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે હિસ્સેદાર ન હોય.

**(B) બિન અગ્રવર્ગ (નિમ્નવર્ગ) :**

આ વર્ગમાં એ વ્યક્તિ આવે છે. જેમનું સ્થાન સમાજમાં નિમ્ન હોય છે. તે વ્યક્તિમાં વિશિષ્ટ ગુણોનો અભાવ હોય છે.

**અગ્રવર્ગનું પરિભ્રમણ :**

પેરેટોના મતે અગ્રવર્ગ અને સામાન્ય લોકોના સાર્વભૌમિક રૂપમાં અંતર જોવા મળે છે. તેમના મતે અગ્રવર્ગ સ્થાયી હોતો નથી. સમાજ એક મુક્ત વ્યવસ્થા છે. જેમાં આવશ્યક ગુણોનો સંચય કરી લેવાથી નિમ્નવર્ગનાં લોકો અગ્રવર્ગમાં પ્રવેશ કરે છે અને આ પ્રકારે અગ્રવર્ગનાં લોકો નિમ્નવર્ગમાં પ્રવેશ કરે છે. અગ્રવર્ગનાં લોકોની સંખ્યા ઓછી થતી જાય છે. કુશળ અને બુદ્ધિશાળી વ્યક્તિઓ બંને વર્ગમાં હોય છે. એટલા માટે નિમ્ન વર્ગના કુશળ અને યોગ્ય વ્યક્તિઓ અગ્રવર્ગમાં પ્રવેશ કરે છે. આ પ્રકારે પેરેટોએ અગ્રવર્ગના પરિભ્રમણનો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે.

પેરેટોના ઉપર્યુક્ત વાક્ય અગ્રવર્ગના પરિભ્રમણની આવશ્યકતાને સ્પષ્ટ કરે છે. અગ્રવર્ગના સિદ્ધાંતોમાં સમાજનું બે અસમાન વર્ગોમાં વિભાજન આવશ્યક માનવામાં આવે છે. ઉત્તમ ગુણોથી સંપન્ન કુલીન (અગ્રવર્ગ) વ્યક્તિઓનો એક વર્ગ હોય છે. જે સમાજ પર શાસક કરે છે. બીજો વર્ગ આ ગુણોથી વંચિત હોય છે. શોષિત હોય છે. પરંતુ ગુણો તો પરિવર્તિત થયા કરે છે. અગ્રવર્ગના અનેક લોકોમાં ઉત્તમ ગુણોનો અભાવ થવા લાગે છે અને નિમ્ન વર્ગના કેટલાક લોકો ગુણ પ્રાપ્ત કરતા રહે છે. આથી બને એવું કે આજે જે અગ્રવર્ગ સમાજ પર શાસક કરી રહ્યો છે તે ધીરે ધીરે ગુણહીન થાય છે અને તે ગુણો નિમ્નવર્ગમાં આવી જાય છે. આ નિમ્નવર્ગની વ્યક્તિ ઉચ્ચ ગુણોથી સંપન્ન થઈ ધીરે ધીરે સમાજનું શાસન સંભાળી અગ્રવર્ગમાં ભળી જાય છે. આ ક્રમ સતત ચાલતો રહે છે અને આ રીતે અગ્રવર્ગ હંમેશા બદલાતો રહે છે. એટલે કે પ્રત્યેક સમાજમાં એક અગ્રવર્ગનું પતન અને બીજા અગ્રવર્ગનો ઉદ્ભવ થાય છે. આ કારણથી અગ્રવર્ગના સિદ્ધાંતના મુખ્ય પ્રણેતા પેરેટોએ ઈતિહાસને અગ્રવર્ગનું કબ્રસ્તાન કહ્યું છે. જેનો મુખ્ય નિષ્કર્ષ એ છે કે અગ્રવર્ગનું સતત પરિભ્રમણ થયા કરે છે. કારણ કે એમની સહાયતાથી શાસકવર્ગ પોતાને સત્તામાં જાળવી રાખવામાં સફળ થાય છે. મિશ્રિત તત્ત્વોનો (combinations)નો અભિપ્રાય એટલે ચાલાકી અને સમુચ્ચય, સાતત્ય (persistence)નો અભિપ્રાય એટલે બળપ્રયોગ. પેરેટોનાએ અગ્રવર્ગના આ બે વર્ગોની તુલના સટોડિયા (speculators) તથા વ્યાજ પર જીવનારા (Rentiers) થી કરી છે. જે ક્રમશઃ ચાલાકી અને બળપ્રયોગને કામમાં લાવે છે.

પેરેટોના મતે દરેક સમાજમાં માનવીય અસમાનતા જોવા મળે છે. મનુષ્યોના શારીરિક, માનસિક અને નૈતિક ગુણોના આધારે અસમાનતા જોવા મળે છે. આ ગુણાત્મક અસમાનતા દરેક સમાજને બે ભાગમાં વિભાજીત કરે છે. વિશિષ્ટ ગુણોથી સંપન્ન વ્યક્તિઓને પેરેટોએ અગ્રવર્ગ કહ્યો છે. જ્યારે ગુણોવિહીન વ્યક્તિઓને નિમ્નવર્ગ અથવા બિન અગ્રવર્ગ કહ્યો છે.

માનવ વ્યવહારને સંચાલિત કરવાવાળા અવશેષોને પેરેટોએ છ ભાગમાં કે વર્ગમાં ઉલ્લેખ કર્યો છે.

(1) વ્યક્તિગત સંગઠનના અવશેષો

(2) કામવાસના સંબંધી અવશેષો

(3) સામાજિકતા સાથે સંબંધિત અવશેષો

(4) સંયોજનના અવશેષો


(5) સમૂહના સ્થાયિત્વના અવશેષો

(6) બ્રાહ્ય ક્રિયાઓ દ્વારા અભિવ્યક્તિના અવશેષો

ઉપરોક્ત છ અવશેષોમાંથી બે પ્રકારનાં અવશેષોને પેરેટોએ પોતાના સિદ્ધાંતમાં મુખ્ય ગણ્યા છે. જેમા એક સંયોજનના અવશેષો અને બીજા સ્થાયિત્વના અવશેષો.

જે વ્યક્તિઓમાં સંયોજનના અવશેષો પ્રબળ વધારે હોય એમને પેરેટોના સટ્ટાબાજ (speculators) કહે છે અને જે વ્યક્તિઓ સ્થાયિત્વના અવશેષોથી સંચાલિત થાય એમને પેરેટોના કટ્ટરપંથી - કહે છે. સટ્ટાબાજ અવસરવાદી હોય છે. સમય અને પરિસ્થિતિ મુજબ જુદા-જુદા ગુણોનું તે સંયોજન કરી લે છે. તેઓ આવિષ્કાર કરવાવાળા, લપસણી પ્રવૃત્તિવાળા, યોજના બનાવવાવાળા અને નવું કાર્ય કરવાવાળા લોકો હોય છે. તે સુધારણાવાદી અને ભાવુક હોય છે. તેઓ ચાલાક અને ભ્રષ્ટ પણ હોય છે. પ્રજાને મૂર્ખ બનાવવામાં ચતુર હોય છે. તેઓ રૂઢિવાદી અને સંકીર્ણતાવાદી તથા કર્તવ્યપરાયણ અને દ્દઢનિશ્ચયી હોય છે. ઉપરોક્ત બંને પ્રકારની વ્યક્તિઓને વહીવટી અગ્રવર્ગમાં વારંવાર સ્થાન પ્રાપ્ત થાય છે. પેરેટોના મતે કુશળ અને બુદ્ધિશાળી વ્યક્તિઓ બંને વર્ગોમાં હોય છે. તેમના મતે સમાજમાં ઉચ્ચવર્ગનું પ્રભુત્વ હોય છે. પરંતુ ધીરેધીરે અગ્રવર્ગના લોકોમાં વિશિષ્ટ ગુણોનો અભાવ થવા લાગે છે. તે નિમ્નવર્ગમાં સામેલ થઈ જાય છે અને એમન સ્થાન પર નિમ્નવર્ગની કુશળ તથા યોગ્ય વ્યક્તિઓ આવી જાય છે. ઉચ્ચવર્ગનો લોકો સતત એ પ્રયત્ન કરે છે. કે નિમ્નવર્ગની વ્યક્તિ અગ્રવર્ગમાં પ્રવેશ ન કરે. છતાં સત્તા એમને ભ્રષ્ટ કરી દે છે. તે અનુચિત સાધનો દ્વારા સમાજ પર પ્રભુત્વ જમાવવાની કોશિશ કરે છે. પરંતુ પેરેટોના મતે કોઈપણ અગ્રવર્ગ વધારે દિવસો સુધી ટકી શકતો નથી અને ધીમેધીમે વિશિષ્ટ ગુણોના પતનના કારણે એમને નિમ્નવર્ગમાં આવવું પડે છે. અને વિશેષ ગુણો પ્રાપ્ત કરી નિમ્નવર્ગના લોકો એક નવો અગ્રવર્ગ સ્થાપિત કરી સમાજ પર શાસન કરે છે. આ ક્રમ ઈતિહાસની ગતિની સાથે સતત ચાલતો રહે છે. વારંવાર એક અગ્રવર્ગનું મૃત્યુ થાય છે અને એક નવો અગ્રવર્ગ તેનું સ્થાન લે છે. આ ક્રમિક પરિવર્તનને પેરેટોએ અગ્રવર્ગનું પરિભ્રમણ કહ્યું છે.


ઉદાહરણ-1



પેરેટોનાએ સટ્ટેબાજ શાસકોના પ્રથમ વર્ગને શિયાળ - કહ્યું છે. જે જુઠાણાથી પોતાનું પ્રભુત્વ જમાવી રાખે છે. એમની સંખ્યા અને શક્તિ વધવા લાગે છે. જ્યારે રેન્ટિયર (વ્યાજ પર જીવનારા લોકો) આદર્શવાદી હોય છે. એમને પેરેટોનાએ સિંહ - કહ્યા છે. પેરેટોનાના મતે સટ્ટેબાજ અગ્રવર્ગ ભ્રષ્ટાચારી માર્ગોના કારણે અસફળ થાય છે અને રેન્ટિયર શક્તિનાં કારણે શાસક બદલી હોય છે. આ પ્રકારે સિંહ શિયાળને ગાદી પરથી ઉતારી દે છે. આ રીતે સ્થાયિત્વના અવશેષોમાં સંચાલિત આદર્શવાદી અને કર્તવ્યનિષ્ઠ રેન્ટિયર શાસન સુત્ર સાંભળી લે છે. એમને સંચાલિત કરવાવાળા અવશેષો બદલવા લાગે છે. અગ્રવર્ગનાં લોકો ફરી નિમ્નવર્ગનાં આવવા લાગે છે. સિંહ શિયાળોમાં બદલાઈ જાય છે. તે એકબીજાના વિરોધી વર્ગ હોય છે. પેરેટોએ સિંહ અને શિયાળના ગુણોનું સંતુલન અગ્રવર્ગમાં કહ્યું છે. આ શિયાળો શક્તિ પ્રાપ્ત કરી સત્તા પર અધિકાર જમાવી લે છે. આ ક્રમ પ્રત્યેક સમાજમાં સતત ચાલુ રહે છે. ભલે તે લોકશાહી હોય કે રાજ્યતંત્ર વ્યવસ્થા હોય.

સંક્ષેપમાં આ અગ્રવર્ગ પરિભ્રમણને સિંહ અને શિયાળોના સંદર્ભમાં નીચે મુજબ પણ સમજી શકાય.

ઉદાહરણ-2




ટૂંકમાં દરેક સમાજમાં એવી વ્યક્તિઓ હોય છે. કે જેમાં બુદ્ધિ, કુશળતા, ચારિત્ર્ય અને નૈતિક ગુણો હોય છે. તે વર્ગ અગ્રવર્ગમાં હોય છે. તે શાસન કરે છે. પરંતુ ધીમે ધીમે આ ગુણોનું પતન થતા અગ્રવર્ગ પોતાની શક્તિ ગુમાવી બેસે છે અને નિમ્નવર્ગ તેનું સ્થાન લે છે. આ અગ્રવર્ગના પરિભ્રમણની પ્રક્રિયા સતત ચાલુ રહે છે. પરિભ્રમણનું આ ચક્ર રાજકીય, આર્થિક, નૈતિક તથા બૌદ્ધિક અને ધાર્મિક ક્ષેત્રોમાં પણ ચાલુ રહે છે.

## 9.4 સારાંશ

ટોમ બોટોમોરના મતે પેરેટોનો સિદ્ધાંત એટલો પ્રભાવશાળી નથી જેટલો એમની શૈલી છે. તેમના સિદ્ધાંતોના અગ્રવર્ગના પરિભ્રમણની ચર્ચા કરી છે. પરિભ્રમણ એક પ્રક્રિયા છે. જેમાં વ્યક્તિ શ્રેષ્ઠવર્ગ અને નિમ્નવર્ગમાં ફર્યા કરે છે. પેરેટોએ પ્રથમ પ્રક્રિયા રૂપમાં અગ્રવર્ગના પરિભ્રમણને વધારે સ્પષ્ટ કર્યું છે. તે જણાવે છે. કે નિમ્નવર્ગની વ્યક્તિ અગ્રવર્ગમાં પ્રવેશ કરે છે. તે નવા અગ્રવર્ગની ઉત્પત્તિની ચર્ચા કરે છે પણ કરે છે. બોટોમરના મતે પેરેટો નિશ્ચિત રૂપથી સ્પષ્ટ નથી કરી શકતા કે વાસ્તવમાં અગ્રવર્ગના પરિભ્રમણની પ્રક્રિયા કેવી છે. એમના અભાવમાં સત્તાસાળી વર્ગમાં દુર્ગુણોની તથા શોષિત વર્ગોના લોકોમાં ઉત્તમ ગુણોની વૃદ્ધિ થઈ જાય છે. જેને કારણે સામાજિક સંતુલન સ્થાપિત કરે છે અને પેરેટોની શિષ્યા કોલાબિન્સકાએ પણ ત્રણ પ્રકારના પરિભ્રમણની વ્યાખ્યા કરી છે. પ્રથમ પ્રકારનું પરિભ્રમણ એ છે કે

(1) જ્યારે શાસક અગ્રવર્ગની વિભિન્ન શ્રેણીઓમાં જ પરસ્પર પરિભ્રમણ થાય છે.

(2) પરિભ્રમણમાં નિમ્નવર્ગની કેટલીક વ્યક્તિ સ્વયં પોતાનો એક અગ્રવર્ગ સ્થાપિત કરીને વિદ્યમાન અગ્રવર્ગો સાથે સંઘર્ષ કરે છે.

(3) પેરેટોએ સિદ્ધ કરવાનો યોગ્ય પ્રયત્ન નથી કર્યો કે શ્રેષ્ઠવર્ગનું પરિભ્રમણ નિયમિત રૂપથી થાય છે. એમનો સંબંધ ભાવનાઓનાં પરિવર્તન સાથે છે. બોટોમોરે પેરેટોના સિદ્ધાંતની એક અન્ય મર્યાદા પર ધ્યાન આપ્યું છે. પેરેટોનાએ અગ્રવર્ગના પરિભ્રમણની બે પ્રકારની

વ્યાખ્યા કરી છે. એક તરફ તો વ્યક્તિઓનું ઉત્થાન અને પતન હોય છે અને બીજી તરફ સામાજિક સમૂહોનું પેરેટોનાના મતે ક્રાંતિઓના અભ્યાસ એ સિદ્ધ નથી થતું કે ભારતની જ્ઞાતિ વ્યવસ્થામાં નિમ્ન વર્ગનું અગ્રવર્ગમાં કોઈ પરિભ્રમણ થતું નથી અને એવી કોઈ ક્રાંતિ પણ થઈ નથી. કે જેમના ફળસ્વરૂપે નિમ્નવર્ગનું અગ્રવર્ગમાં અને અગ્રવર્ગનું નિમ્નવર્ગમાં પરિભ્રમણ થયું હોય. એમણે ભારતની જ્ઞાતિ વ્યવસ્થાનું પ્રમાણ આપીને પેરેટોનાના સિદ્ધાંતની આલોચના કરી છે.

## 9.5 તમારી પ્રગતિ ચકાસો.

(1) અર્ગવર્ગનો ખ્યાલ સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(2) લોહ સમૂહોનાં સ્તર સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

(3) અગ્રવર્ગનાં ભાગ સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

.............................................................
.............................................................
.............................................................
.............................................................

## 9.6 સંદર્ભ સૂચી


| | | |
|---|---|---|
| (1) | ''સમાજશાસ્ત્રની પ્રશિષ્ટ પરંપરાઓ'' | પ્રા. સ્ટેનલી પ્રભાત,<br>પ્રથમ આવૃત્તિ-2006, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,<br>રાજકોટ |
| (2) | રાજકીય સમાજશાસ્ત્ર | ડૉ. આર.એસ.મકવાણા<br>પાર્શ્વ પબ્લિકેશન, આવૃત્તિ-2005 |
| (3) | સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો | વાય. એ. પરમાર<br>યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોડ,<br>અમદાવાદ, આવૃત્તિ-1999 |


❖ ❖ ❖

**સંપાદક:**


| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય** | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, કુલપતિ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. સંજય પટેલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. પરેશ ચૌહાણ** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| **ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| **ડૉ. જયેશ પરમાર** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |


**વિષય સમિતિ:**


| | |
|---|---|
| **ડૉ. સંજય પટેલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ. |
| **પ્રો. (ડૉ.) ચંદ્રિકા રાવલ** | (નિવૃત્ત) પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| **પ્રો. (ડૉ.) મહેશ ગામિત** | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ આશ્રમ રોડ, અમદાવાદ |


**પરામર્શન (વિષય):**


| | |
|---|---|
| **પ્રો. (ડૉ.) જે. સી. પટેલ** | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| **પ્રો. (ડૉ.) મહેશ ગામિત** | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજ માનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |


**લેખન:**


| | |
|---|---|
| **ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, એમ. પી. આર્ટ્સ એન્ડ એમ. એચ. કોમર્સ મહિલા કોલેજ, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ. |
| **ડૉ. ઋષિરાજ ઉપાધ્યાય** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ |
| **ડૉ. બાબુલાલ પંચાલ** | એસોસિએટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, શ્રીમતી એલ. સી. મહેતા આર્ટ્સ કોલેજ, એલિસબ્રિજ, અમદાવાદ |
| **પ્રો. (ડૉ.) જે. સી. પટેલ** | પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| **ડૉ. સુભાષ પાંડર** | એસોસિએટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, ઈન્કમટેક્ષ ઓફીસ, આશ્રમ રોડ, અમદાવાદ |
| **ડૉ. સંદીપ સાંચલા** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કડોલી, હિંમતનગર, સાબરકાંઠા |
| **ડૉ. ભાનુબેન કાપડિયા** | એસોસિએટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, એલિસબ્રિજ, અમદાવાદ |
| **ડૉ. પંકજ સોલંકી** | એસોસિએટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, એલિસબ્રિજ, અમદાવાદ |

**પરામર્શન (ભાષા)**

પ્રિ.ઘનશ્યામ કે. ગઢવી નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા.

**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ**

પુનઃ મુદ્રણ – 2025

**ISBN NO: 978-93-5598-258-2**

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

બી.એ./બી.એ. (ઓનર્સ) સમાજશાસ્ત્ર
**SOCM-306 / SOMJ-301**

# વિભાગ - 2 'પાશ્ચાત્ય અને ભારતીય વિચારકો' વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, સમાજશાસ્ત્ર સિદ્ધાંતો દ્વારા જ માનવ સમાજ, સામાજિક સંબંધો અને સામાજિક વર્તણૂંક વિશે જાણી શકીએ છીએ. સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ સિદ્ધાંત વિશે શીખવવાથી સમાજશાસ્ત્રના ભૂતકાળ, વર્તમાન અને ભાવિની ઊંડી, સમૃદ્ધ અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવી શકશો. સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો વિશેની સંપૂર્ણ સમજ આપણે સમાજશાસ્ત્રના આ પાઠ્યક્રમ - 306 'સમાજશાસ્ત્રીય વિચારકો' દ્વારા મેળવીશું. આ પાઠ્યક્રમને મુખ્ય બે ભાગોમાં વિભાજિત કરેલ છે, જેમાં પ્રથમ ભાગમાં એક થી નવ એકમોમાં સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો અને સંશોધન તથા સમાજશાસ્ત્રનાં ઉદ્ભવ-વિકાસની વિસ્તૃત સમજ મેળવી. હવે પછીનાં આ બીજા ભાગમાં એકમ-10 થી એકમ-17 'પાશ્ચાત્ય અને ભારતીય વિચારકો વિશે વિગતવાર ચર્ચા કરીશું, જેમાં એકમ-10માં પ્રતિકાત્મક આંતરક્રિયાવાદમાં અમેરિકન સમાજશાસ્ત્રી જી.એચ.મીડના 'સ્વ' અંગેના ખ્યાલો, 'સ્વ' વિકાસના તબક્કા અને પ્રતિકાત્મકનો અર્થ સમજીશું. ઉપરાંત એચ. બ્લૂમરના પ્રતિકાત્મક આંતરક્રિયાવાદમાં અર્થઘટન, આધારવિધાન, રચનાતંત્રની પ્રક્રિયાઓ અને બ્લૂમરની પાયાની કલ્પનાઓની ચર્ચા કરીશું, સમાજશાસ્ત્રનાં ખેડાણમાં હર્બટ સ્પેન્સરનું પ્રદાન અગ્રગણ્ય છે. સ્પેન્સરના જીવન અને કાર્ય, ઉત્ક્રાંતિવાદ અંગેના વિચારો અને સાંપ્રત સમાજશાસ્ત્રનું મહત્વ એકમ-11માં જોઈશું. આધુનિક સમાજશાસ્ત્રના સ્થાપક રોબર્ટ કિંગ મર્ટને 'કાર્ય' શબ્દ અંગેના વિચારો, એનોમીનો સિદ્ધાંત અને સંદર્ભજૂથનો સિદ્ધાંત રજૂ કર્યો છે, તેમણે આપેલા સિદ્ધાંતો અને તેમના સમગ્ર જીવન પરિચયની ચર્ચા એકમ-12માં કરીશું. સમગ્ર સમાજના સંબંધમાં સામાજિક સંસ્થાઓ કેવી રીતે કાર્ય કરે છે તેના પર ભાર મુકનાર માનવશાસ્ત્રી મેલિનોવસ્કીના જીવન પરિચય ઉપરાંત તેમને આપેલી સંસ્કૃતિ અને કાર્યની વિભાવનાની સમજૂતી એકમ-13માં મેળવીશું.

વિદ્યાર્થીમિત્રો, સામાજિક માનવશાસ્ત્રી એ. આર. રેડક્લિફ બ્રાઉને માળખાકીય કાર્યાત્મકતા અને સહઅનુકૂલનનો સિદ્ધાંત વિકસાવ્યો, જે સમાજશાસ્ત્રમાં મહત્ત્વનું પ્રદાન ગણાય છે. આથી એકમ-14માં રેડક્લિફ બ્રાઉનનાં જીવન પરિચય તથા તેમને આપેલા સામાજિક રચના અને કાર્યની વિભાવનાની ચર્ચા કરીશું. જર્મન સમાજશાસ્ત્રી મેક્સ વેબરે સંસ્કૃતિ અને અર્થતંત્ર વચ્ચેના સંબંધની રચના; લોકો અને સંસ્થાઓ કેવી સત્તા ધરાવે છે ? તે વિષયક સંશોધનો હાથ ધર્યા છે. તેમના સમગ્ર જીવન પરિચય તથા સત્તા અંગેના વિચારો. પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રની વિગતવાર ચર્ચા એકમ-15માં કરવામાં આવશે. ભારતીય સમાજશાસ્ત્રી જી. એસ. ઘુર્યે ભારતમાં સમાજશાસ્ત્ર વિષયના પદ્ધતિસરના અધ્યયન અને અધ્યાપનનો પાયો નાંખ્યો છે. તેમણે ભારતની જ્ઞાતિ, આદિવાસી સમાજ, સગપણ સંબંધો, કુટુંબ, સંસ્કૃતિ, ધર્મ, રાષ્ટ્રીય એકતા અને સુગ્રથન વિષે સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી અભ્યાસો કર્યા છે. જેની સંપૂર્ણ સમજૂતી એકમ-16માં મેળવીશું. આ ઉપરાંત અન્ય ભારતીય સમાજશાસ્ત્રી એમ.એન.શ્રીનિવાસ દક્ષિણ ભારતના કુર્ગ જાતિના લોકોનો અભ્યાસ કરીને સમાજશાસ્ત્ર ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. તેમનાં જીવન અને કાર્યની સમજૂતી મેળવી લીધા બાદ તેમને આપેલા વર્ણ અને જ્ઞાતિ અંગેના વિચારોની વિગતવાર સમજૂતી એકમ-17માં મેળવીશું.

BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**બી.એ./બી.એ. (ઓનર્સ) સમાજશાસ્ત્ર**

**સમાજશાસ્ત્રીય વિચારકો**

**(મુખ્ય વિષય)**

**(SOCM-306 / SOMJ-301)**

વિભાગ

# 2

## સમાજશાસ્ત્રીય વિચારકો


એકમ : 10 — 1-25
પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં જી.એચ.મીડ અને એચ. બ્લૂમરના વિચારો

એકમ : 11 — 26-35
હર્બટ સ્પેન્સર : જીવન અને કાર્ય, ઉત્ક્રાંતિ અંગેનાં વિચારો

એકમ : 12 — 36-57
રોબર્ટ કિંગ મર્ટન

એકમ : 13 — 58-69
બ્રોનિસ્લાવ કાસ્પર મેલિનોવસ્કી (1884-1942)

એકમ : 14 — 70-85
એ. આર. રેડક્લિફ બ્રાઉનઃ જીવન પરિચય, સામાજિક રચના અને કાર્યની વિભાવના

એકમ : 15 — 86-99
મેક્સ વેબર

એકમ : 16 — 100-117
જી. એસ. ઘૂર્યે

એકમ : 17 — 118-129
એમ. એન. શ્રીનિવાસ

એકમ 10

# પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં જી.એચ.મીડ અને એચ. બ્લૂમરના વિચારો

-: રૂપરેખા :-

**10.0** ઉદ્દેશો

**10.1 પ્રસ્તાવના**

**10.2 પ્રતીકાત્મક આંતરક્રિયાવાદનો અર્થ-વ્યાખ્યા**

**10.3 પ્રતીકાત્મક આંતરક્રિયાવાદની ઐતિહાસિક પૃષ્ઠ ભૂમિ અને બૌદ્ધિક સ્રોત**

**10.4 પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં જ્યોર્જ હર્બટ મીડનું પ્રદાન**

**10.5 પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં હર્બટ બ્લુમરના વિચારો**

**10.6 સારાંશ**

**10.7 ચાવીરૂપ શબ્દો**

**10.8 કેટલાક ઉપયોગી પુસ્તકો**

**10.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

## 10.0 ઉદ્દેશો

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે.

(1) વ્યક્તિ અને સમાજ ઘડતરમાં સામાજિક આંતરક્રિયા અને તેમા પ્રતીકોનું મહત્ત્વ શું છે. તે જાણી શકશો.

(2) સમાજ વ્યવસ્થા અને વ્યક્તિના વર્તનો સ્પષ્ટ સમજવા સક્ષમ બનશો.

(3) રોજિંદી ઘટનાઓનાં વિવિધ સંદર્ભોની તપાસ અને વિશ્લેષણ કરવા સક્ષમ બનશો.

(4) સામાજિક નીતિ ઘડતરમાં સહાયક બની વ્યક્તિ-સમાજની સમસ્યા ઉકેલવામાં મદદરૂપ બની શકશો.

## 10.1 પ્રસ્તાવના

સમાજશાસ્ત્ર સામાજિક ઘટનાઓનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતું શાસ્ત્ર છે. સમાજમાં બનતી ઘટનાઓના અભ્યાસ કરવા કે તપાસવા માટેના સાધનો જેવા કે સિદ્ધાંતો ખ્યાલો અને પદ્ધતિશાસ્ત્ર છે. એટલે કે આપણી બે આંખોમાંથી જે જગતને જોઈએ તે જ રીતે સમાજશાસ્ત્રની પણ બે આંખો એટલે સિદ્ધાંત અને સંશોધન દ્વારા જગતમાં બનતી ઘટનાનું નિરીક્ષણ કરે છે અને ચકાસે છે. તે રીતે સમાજશાસ્ત્ર સમાજનો અભ્યાસ કરે છે.

સિદ્ધાંતો, અભિગમો અને વિષયવસ્તુને આધારે સમાજશાસ્ત્રની બે શાખા જોવા મળે છે. જે એકબીજાની વિરુદ્ધ નથી પરંતુ પરસ્પરપુરક પુસ્તક છે. જેમાં (1) બૃહદ સમાજશાસ્ત્ર (Micro Sociology) જેમાં કાર્યાત્મકવાદ, સંઘર્ષવાદ સિદ્ધાંતોનો, દુર્ખિમ, માર્કસ, વેબર, મર્ટન, પારસન્સ જેવા સમાજશાસ્ત્રીઓનો સમાવેશ થાય છે. નિગમન અભિગમથી (deductive) એટલે કે સમગ્ર પરથી એકમ પર અથવા સમાજની વ્યક્તિ પર અસર ને જુએ

છે. સમાજને પ્રભાવી ગણે છે. (2) સૂક્ષ્મ સમાજશાસ્ત્ર (Micro Socilogy) આમાં પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ, એથ્નોમેથડોલોજી, ઘટનાવાદ જેવા સિદ્ધાંતો તેમજ હર્બટમીડ, બ્લુમર, ગ્રાફિન્કલ, કુલે, બ્લાઉ, શુટઝ જેવા વિદ્વાનોનો સમાવેશ થાય છે. Inductive અભિગમથી એટલે કે એકમ પરથી સમગ્રને લાગુ પાડવું અથવા વ્યક્તિની સમાજ પર શું અસર થાય છે. તે જુએ છે.

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ પણ સૂક્ષ્મ અભ્યાસ પર ભાર મૂકે છે.

સમાજશાસ્ત્રીય ચિંતકોમાં વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધો શરૂઆતથી જ કેન્દ્ર સ્થાને રહ્યા છે. આ સંબંધો કેવી રીતે એકબીજાને અસર કરે છે. સમાજ કેવી રીતે વ્યક્તિઓનું ઘડતર કરે છે ? તો વ્યક્તિ સર્જન-જાળવણી અને પરિવર્તન કેવી રીતે કરે છે ? કઈ પ્રક્રિયાઓ એકબીજાને સાંકળે છે. આ બધા સવાલોનો જવાબ મેળવવા સામાજિક ક્રિયા આંતરક્રિયાનો અભ્યાસ જરૂર બને છે. કારણ કે તે વ્યક્તિ અને સમાજ પર ગાઢ અસર પાડે છે.

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ સમાજશાસ્ત્રનું એક એવું સૈદ્ધાંતિક દષ્ટિબિંદુ (Perspetive) છે. જે સામાજિક આંતરક્રિયા પર ભાર મૂકે છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ સામાજિક વર્તનવાદની શાખા છે. તેના પર ઘટનાવાદ (Phenomenology) ની અસર છે. આ દષ્ટિબિંદુનો વિકાસ (objective) ભાવનિષ્ઠ અને Subjective (વસ્તુનિષ્ઠ) એમ બન્નેના માર્ગ તરીકે થયો છે.

19મી સદીના અંતમાં સમાજશાસ્ત્રીય ચિંતકો સિદ્ધાંતકારોની રૂચિમાં બદલાવ આવ્યો અને તેઓએ બૃહદ સામાજિક રચનાતંત્ર અને સામાજિક પ્રક્રિયાને બદલે નાના પાયા પરના અભ્યાસો પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ સમાજ અને વ્યક્તિ દ્વારા સમાજનું ઘડતર થાય છે, તે દર્શાવે છે. ઉપરાંત વ્યક્તિ પોતાના સામાજિક જગતનું કેવી રીતે અર્થઘટન કરે છે. તેને કેવો અર્થ આપે છે. તેનો અભ્યાસ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ કરે છે.

## 10.2 પ્રતીકાત્મક આંતરક્રિયાવાદનો અર્થ-વ્યાખ્યા

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ મૂળભૂત રીતે એક સમાજ મનો-વૈજ્ઞાનિક અભિગમ છે. આ અભિગમ 'સામાજિક'ની વ્યાખ્યા વર્તનને ધ્યાનમાં રાખીને કરે છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ સામૂહિક ઘટના કે અમૂર્ત સામાજિક સંરચનાઓને બદલે માનવીય વ્યવહારોના મૂળ સ્વરૂપો સામાજિક ક્રિયા-આંતરક્રિયા અને સામાજિક સંબંધોના ગત્યાત્મક પાસા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમાં માનવીની આંતરક્રિયાને અભ્યાસના એકમ તરીકે અપનાવે છે. અને વ્યક્તિની મનોવૃત્તિઓને આંતરક્રિયાની પૃષ્ઠભૂમિના રૂપમાં જુએ છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદીઓ માનવી અને સામાજિક સંરચનાને વધારે જટિલ અને ક્રિયાશીલ માને છે.

પરંપરાગત સમાજશાસ્ત્રીઓના મતે વ્યક્તિ બાહ્ય ઉદ્દીપન પ્રત્યે પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરે છે. એટલે કે સમાજના નિયમો મુજબ વર્તન કરે છે. જ્યારે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદી માને છે, કે સમાજનું નિર્માણ આંતરક્રિયા કરતા વ્યક્તિઓથી થાય છે. જે માત્ર બાહ્ય ઉદ્દીપન પ્રત્યે પોતાની પ્રતિક્રિયા વ્યક્ત નથી કરતા પરંતુ તેનો અર્થ કરે છે. અનુભવ કરે છે, સમજે છે, અને વ્યાખ્યા પણ કરે છે. આવો અર્થ બીજા સાથેના પ્રત્યાયનથી કરે છે. એટલે કે પ્રત્યાયન (Communication) પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં પાયાની બાબત છે. પરંપરાગત સમાજશાસ્ત્રીઓ વ્યક્તિને વલણોનો સમૂહ માને છે. જ્યારે આંતરક્રિયાવાદીઓ વ્યક્તિને સક્રિય અને પરિવર્તનશીલ કરતા તરીકે જુએ છે. વ્યક્તિનું વર્તન સતત ચાલતી પ્રક્રિયા છે.

કોઈ પૂર્વનિર્મિત તત્ત્વ નથી. આ અભિગમના મતે માનવી ક્યારેય પૂર્ણ અવસ્થા સુધી નથી પહોંચતો. પરંતુ હંમેશા વિકાસની પ્રક્રિયામાં જ રહે છે. સામાજિકરણની પ્રક્રિયા દ્વારા વ્યક્તિ અન્ય વ્યક્તિઓ અને સમાજ વિશે કંઈને કંઈક શીખતી રહે છે. ટૂંકમાં સમાજમાં છે તે વ્યક્તિ પોતાનામાં કેવી રીતે સમજાવે છે ? તે સમજાવતો અભિગમ એટલે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ

### 10.2.1 અર્થ

હર્બટમીડે સૌપ્રથમ Symbol શબ્દ પ્રયોજ્યો હતો. ત્યારબાદ 1937માં હર્બટ બ્લુમરે પ્રતિકાત્મક આંતરક્રિયાવાદ શબ્દ પ્રયોજ્યો હતો. તેમણે માનવ બાળના વિકાસમાં પુખ્તવયની વ્યક્તિઓ દ્વારા થતી આંતરક્રિયા કેવો અગત્યનો ભાગ ભજવે છે. તે દર્શાવવા આ શબ્દ રજૂ કર્યો હતો.

આ અભિગમનું મુખ્ય વિષયવસ્તુ સામાજિક આંતરક્રિયાની પ્રક્રિયા છે. તેના પરિણામો કે કારણો નહીં. અને આંતરક્રિયાની પ્રક્રિયામાં કેવા પ્રતીકો વપરાય છે.તે તપાસે છે. એટલે જ તે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદથી ઓળખાય છે.

બ્લુમરે બાળકની સક્રિય પ્રકૃતિ પર ભાર મૂક્યો છે તે જણાવે છે કે શરૂઆતમાં બાળક અન્ય પર આધારિત હોય છે. તેથી આંતરક્રિયા મહત્ત્વનો ભાગ ભજવે છે. જેમાં પ્રતીકોના અર્થ કરતો થાય છે. અપનાવતો થાય છે. પ્રતીકાત્મક આંતરક્રિયા એટલે ‘સ્વના વિકાસમાં આંતરક્રિયા અને પ્રતીકોનું મહત્ત્વ દર્શાવતું તેમજ જગતનું અર્થઘટન કરતા તેમજ તેને અર્થ આપે છે. તે જોવાનું દૃષ્ટિબિંદુ’.

ટૂંકમાં આંતરક્રિયાના અભ્યાસનું મહત્ત્વ અને બાળકોના વિકાસમાં પ્રતીકોનું મહત્ત્વ દર્શાવતો અભિગમ એટલે જ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ.

વ્યક્તિ ઘટના કે વસ્તુ પ્રત્યેનો/પ્રતિભાવ અર્થઘટન કરીને આપે છે. અને અર્થઘટનમાં ભાષા, પ્રતિકો, સંકેત, ચેષ્ટા, ઈશારા વગેરે મહત્ત્વના છે. પ્રતીકોની અભિવ્યક્તિ ભાષા, કલા અને અન્ય માધ્યમથી થાય છે.

આંતરક્રિયાવાદીઓના મતે આંતરક્રિયાની સંપૂર્ણ પ્રક્રિયા પ્રતીકાત્મક છે. સંકેત અથવા પ્રતીકોના માધ્યમથી જ વ્યક્તિ પરસ્પર આંતરક્રિયા કરે છે. પ્રતીકોનું નિર્માણ પણ સમાજની વ્યક્તિઓ દ્વારા થાય છે. અને તેઓ જ પ્રતીકોના વિશેષ અર્થ નક્કી કરે છે.

ભાષા અને શબ્દ પ્રતીકોની જ વ્યવસ્થા છે. કયા શબ્દોનો કયો અર્થ થશે તે સમાજ નક્કી કરે છે. આંતરક્રિયા દરમિયાન પ્રતીકોનું નિર્માણ થાય છે. અને પ્રતીકો જ આંતરક્રિયા શક્ય બનાવે છે આ રીતે બંને પરસ્પર એકબીજાના પૂરક છે. આંતરક્રિયાવાદના સબંધ વ્યક્તિઓ વચ્ચેના સામાજિક વિનિમય સાથે પણ છે. સામાજિક વિનિમય પ્રતીકો દ્વારા થાય છે. અને પ્રતીકો સંસ્કૃતિ પાસેથી પ્રાપ્ત થાય છે. એટલા માટે જ સમાજ અને સંસ્કૃતિ માન્ય હોય તેવા પ્રતીકોથી જ વ્યક્તિ પોતાની મનોવૃત્તિ અભિવ્યક્ત કરે છે. અને આંતરક્રિયા કરે છે.

### 10.2.2 પ્રતીકાત્મક આંતરક્રિયાવાદની વ્યાખ્યા

1) હર્બટ બ્લુમરના મતે : પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ માનવીઓમાં જોવા મળતી વિચિત્ર અને વિશિષ્ટ વિશેષતાવાળી આંતરક્રિયાનો અભ્યાસ કરે છે.

2) એચ.એલ. વોરાના મતે : આંતરક્રિયાવાદનો સંબંધ આંતરક્રિયા, ભાષા, અભિવૃત્તિ અને આત્મા સાથે છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ એક એવો અભિગમ છે. જે ભાષાને કેન્દ્રમાં રાખે છે. ભાષાને જ આંતરક્રિયાનો પર્યાય માને છે. અને એક એવી સામાજિક પ્રક્રિયા માને છે. જેમાં મન, આત્મા અને ભૂમિકા ગ્રહણનો ઉદ્‌ભવ થાય છે

3) ફ્રાંસિસ અબ્રાહમના મતે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ આંતરક્રિયાની પ્રકૃતિ સામાજિક ક્રિયા અને સામાજિક સંબંધના ગતિશીલ પ્રતિમાનો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમાં આંતરક્રિયાને અધ્યયનના એકમના રૂપમાં ગ્રહણ કરવામાં આવે છે.

## 10.3 પ્રતીકાત્મક આંતરક્રિયાવાદની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને બૌદ્ધિક સ્ત્રોત

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ અમેરિકન સમાજશાસ્ત્રની એક શાખા છે. તેનો વિકાસ અમેરિકન દાર્શનિકોના એક સમુહ દ્વારા થયો જેમાં જહૉન, ડ્યુઈ, ડબલ્યુ થોમસ, ચાર્લ્સ, હર્ટન કુલે, વિલિયમ જેમ્સ, બોલ્ડવીન અને જ્યોર્જ હર્બટ મીડ મુખ્ય છે. મીડ પછી હર્બટ બ્લુમર, ગલફીલ્ડ, ટર્નર, ગોફમેન, જ્યોર્જ સ્ટીન, ફ્રેડ ડેવિસ વગેરે વિદ્વાનોએ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદને સાતત્ય પ્રદાન કર્યું. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદનો ઉદ્‌ભવ અને વિકાસ અમેરિકાની શિકાગો યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં થયો હતો એટલા માટે તેને સમાજશાસ્ત્રની શિકાગો શાખા તરીકે ઓળખવામાં આવે છે.

ઉપરાંત પ્રતીકાત્મક આંતરક્રિયાવાદના વિકાસમાં નીચેના વિદ્વાનો અને બૌદ્ધિક સ્ત્રોતનું પણ મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

### 10.3.1 જ્યોર્જ સિમેલ

યુરોપમાં આ સિદ્ધાંતમાં વિશ્વાસ કરવાવાળા અનેક વિદ્વાનો છે જેમાં જ્યોર્જ સિમેલ સૌ પ્રથમ એવો સમાજશાસ્ત્રી છે. જેણે માનવીના સામાજિક જીવનના ક્ષેત્રમાં રૂચિ દર્શાવી. તેમના મતે સમાજ એટલે ''આંતરક્રિયાની વ્યવસ્થા'' સમાજ નાના જૂથો અને અગણિત વ્યક્તિઓની ક્રિયાઓના આદાન-પ્રદાનથી રચાય છે તેમના મતે વ્યક્તિના નિર્ણયો રાષ્ટ્ર માટે મહત્ત્વના બને છે. (દા.ત. ગાંધીજીની દાંડીકૂચને નિર્ણય) કારણ કે વ્યક્તિ ઘટના કે પરિસ્થિતિનો અર્થઘટન કરી નિર્ણય લે છે. આ મુદ્દો પ્રતીકાત્મક આંતરક્રિયાનો અગત્યનો સ્ત્રોત છે.

### 10.3.2 મેક્સ વેબર

યુરોપિયન સમાજશાસ્ત્રી વેબરે આપેલી સામાજિક ક્રિયાની સમજૂતી પ્રતીકાત્મક આંતરક્રિયાનો બૌદ્ધિક સ્ત્રોત છે. વેબરે સમાજશાસ્ત્રની વ્યાખ્યા કરીને જણાવ્યું કે 'ક્રિયાને અર્થઘટનાત્મક સમજૂતી આપતું વિજ્ઞાન' આ ઉપરાંત તેમણે સામાજિક ક્રિયાની વ્યાખ્યા આપતા કહ્યું કે 'આત્મલક્ષી અર્થઘટન ધરાવતી અન્ય વર્તનને ધ્યાનમાં રાખી થતી ક્રિયા' તેમના મતે સામાજિક ક્રિયા પાછળ કોઈને કોઈ ધ્યેય હોય છે. આમ આ બાબત પણ અગત્યનો બૌદ્ધિક સ્ત્રોત બને છે. અને આ અભિગમના વિકાસમાં સમર્થન આપ્યું છે.

### 10.3.3 વિલિયમ જેમ્સ

તેમણે વ્યક્તિ અને સમાજના સંબંધોની વ્યાખ્યાને એક નવું સ્વરૂપ પ્રદાન કર્યું છે. તેમનું મહત્ત્વનું પ્રદાન 'સ્વ' અંગેનો ખ્યાલ છે તેમણે 'સ્વ'ના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે. (1) ભૌતિક સ્વ (2) સામાજિક સ્વ (3) આત્મીય સ્વ. પરંતુ આપણા માટે તેમનો સામાજિક સ્વ મહત્ત્વનો છે. જે આંતરક્રિયામાંથી ઉદ્‌ભવે છે તેમના મતે વ્યક્તિનું વર્તન સહજવૃત્તિથી નહીં પરંતુ સામાજિક ક્રિયા આંતરક્રિયા અને પ્રતીકો વડે, ધ્યેયો, મૂલ્યો અને અપેક્ષા મુજબ થાય છે દાખલા તરીકે આપણી પોશાક પહેરવાની ટેવ જમવાની ટેવ.

### 10.3.4 ચાર્લ્સ કુલે

તેમનો દર્પણ 'સ્વ'નો ખ્યાલ ખૂબ મહત્ત્વનો છે. તેમના મતે આપણે કેવા છીએ ? તે સમાજરૂપી દર્પણથી નક્કી થાય છે. એટલે કે 'સ્વ'નું ઘડતર સમાજ કરે છે. 'સ્વ' સામાજિક આંતરક્રિયાની નીપજ છે. બ્લુમરે પ્રયોજેલો સ્વયં આંતરક્રિયાનો ખ્યાલ કુલેનો પર્યાય છે. આમ આ ખ્યાલ મહત્ત્વનો સ્ત્રોત બની આ અભિગમને વિકસાવ્યો છે.

### 10.3.5 વિલિયમ થોમસ

તેમણે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદને એક નવી દિશા આપી. તેમના મતે માનવ વર્તનને સમજવું હોય તો માનવીના માનસિક દૃષ્ટિબિંદુ ને જાણવું પડે. જે બાહ્ય જગતનું વિશેષ અર્થઘટન કરે છે થોમસ માનવ વર્તનને સમજવા માટે મનોવૃત્તિ અને સામાજિક મૂલ્યોને અગત્યના ગણે છે. મનોવૃત્તિ વ્યક્તિની વ્યક્તિગત ચેતનાને અભિવ્યક્તિ કરે છે. જેના આધારે તે સામાજિક ક્રિયા કરે છે. થોમસના મતે વ્યક્તિનું સંપૂર્ણ સામાજિક જીવન તેની મનો વૃત્તિઓનું નિર્માણ કરે છે. અને તેના આધારે વ્યક્તિનું પોતાનું ઘડતર થાય છે.

ટૂંકમાં પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ વિચારધારા સાથે સંબંધિત વિદ્વાનોની લાંબી યાદી છે. પરંતુ જયોર્જ હર્બટ મીડ જે આ સિદ્ધાંતના અગ્રેસર છે. તેમના વિશે અને તેમના વિદ્યાર્થી હર્બટ બ્લુમરે જેમણે આ સિદ્ધાંત વિકસાવ્યો છે. તેમના વિચારો વિશે વિગતે જોઈશું.

### (ક) તમારી પ્રગતિ ચકાસો

**નોંધ : (1) નીચે ખાલી જગ્યામાં તમારો જવાબ લખો. (2) એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબ સરખાવો.**

(1) પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ એટલે શું ? પાંચ વાક્યમાં જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(2) **જવાબ પર ✓/✗ ની નિશાની કરો : (સાચા કે ખોટા જણાવો)**

(1) ''પ્રત્યાયન'' (Communication) પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં પાયાની બાબત છે. ☐

(2) ''પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ'' શબ્દ સૌ પ્રથમ હર્બટ મીડે પ્રયોજ્યો હતો. ☐

(3) જ્યોર્જ સિમેલના મતે સમાજ એટલે ''આંતરક્રિયાઓની વ્યવસ્થા.'' ☐

(4) ''દર્પણ સ્વ''નો ખ્યાલ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદનો અગત્યનો બૌદ્ધિક સ્ત્રોત છે. ☐

## 10.4 પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં જ્યોર્જ હર્બટ મીડનું પ્રદાન

### 10.4.1 જીવનકાર્ય

અમેરિકન સમાજશાસ્ત્રી હર્બટ મીડનો જન્મ 27મી ફેબ્રુઆરી 1863ના રોજ અમેરિકાના દક્ષિણ હેડલી નામના સ્થળે થયો હતો તેમણે 1888માં ખાવડ વિશ્વવિદ્યાલયમાંથી સ્નાતકની પદવી મેળવી હતી. તેમણે મિશિગન યુનિવર્સિટીમાં ઈન્સ્ટ્રક્ટર તરીકે પણ કાર્ય કર્યું હતું જો હું એના આમંત્રણને સ્વીકારી તેવું 1994માં શિકાગો વિશ્વ વિદ્યાલય ખાતે ગયા અને ત્યાં જ તેમણે પોતાનું અંતિમ જીવન પસાર કર્યું 26મી એપ્રિલ 1931ના રોજ તેમનું અવસાન થયું.

હર્બટ મીડે એક પણ પુસ્તક લખ્યું નથી પરંતુ કેટલાક લેખો લખ્યા હતા. તેમના મૃત્યુ બાદ તેમના વિદ્યાર્થીઓએ તેમણે આપેલા વ્યાખ્યાનો અને લેખોનું સંકલન કરી ચાર પુસ્તકો રૂપે પ્રકાશિત કર્યા. જે નીચે મુજબ છે.

(1) The Philosophy of Present 1932.

(2) Mind, Self and Society 1934.

(3) Movements of Thought in 19th Century 1936.

(4) The philosophy of the Act, 1938.

20મી સદીના પ્રારંભમાં મીડે પોતાના અધ્યાપન કાર્યની શરૂઆત કરી ત્યારે મોટાભાગના સમાજશાસ્ત્રીઓ સામાજિક સંગઠન તેની સંરચનાઓ અને કાર્યોમાં વિશેષ રસ ધરાવતા હતા પરંતુ મીડે આંતરક્રિયાઓના નાના પાયા પરના એકમોના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. મીડે પોતાના સમાજશાસ્ત્રને સામાજિક મનોવિજ્ઞાન તરીકે ઓળખાવ્યું હતું જેનું મુખ્ય કાર્ય વ્યક્તિ અને સમાજના સંબંધોનો અભ્યાસ કરવાનું છે. મીડ તત્ત્વજ્ઞાન અને સમાજ મનોવિજ્ઞાનના અભ્યાસુ હતા તેઓ દાર્શનિક મનોવિજ્ઞાનના વધુ સમાજશાસ્ત્રીઓ હતા તેવું કહી શકાય.

### 10.4.2 મીડનો પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ સમજવા નીચેના ખ્યાલની સમજૂતી મેળવવી પડશે.

#### 10.4.2.1 મીડના 'સ્વ' અંગેના વિચારો :

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં મીડ 'સ્વ'ના વિકાસને મહત્ત્વપૂર્ણ માને છે કે આ સંદર્ભમાં 'સ્વ' શું છે ? અને તેનો વિકાસ કઈ રીતે થાય છે. તે જાણવું ખૂબ જરૂરી છે.

**સ્વ એટલે શું :**

મીડની ‘સ્વ’ની વ્યાખ્યા Self is “A person’s self consists of his own thoughts about the unified goal of his or her body emotions thoughts and Action.”

મીડ જણાવે છે કે ‘સ્વ’ ન તો મનોવૈજ્ઞાનિક અવયવ છે કે ન તો પ્રાણી શાસ્ત્રીય એકમ, તે મૂળભૂત રીતે એક પ્રક્રિયા છે. જેનો ઉદ્‌ભવ સામાજિક આંતરક્રિયા, વિનિમય અને જૂથ પ્રક્રિયાઓ જ ‘સ્વ’ની શરૂઆત કરે છે. જેમાં વ્યક્તિ પોતાના બધા જ અનુભવોને સંગઠિત કરે છે.

ટૂંકમાં ‘સ્વ’એ ક્રિયા કરનાર છે. જેને તે વિશિષ્ટ પ્રકારનો કર્તા બનાવે છે. ‘સ્વ’ એ વસ્તુ કે વ્યક્તિનો ગુણ નથી. પણ પ્રક્રિયા છે. આવો ‘સ્વ’ સ્વયં આંતરક્રિયાની પ્રક્રિયા છે. એટલે કે ‘સ્વ’ સ્વયં આંતર ક્રિયાનું સાધન છે. ‘સ્વ’ ઘડતરમાં સ્વયં આંતરક્રિયા મહત્ત્વનો ફાળો આપે છે.

કેટલાક સમાજશાસ્ત્રીઓ ‘સ્વ’ ને રચનાતંત્ર સાથે તો કેટલાક અહમ સાથે કેટલાક પ્રેરણા અથવા વલણ સંગઠન તરીકે જુએ છે. પરંતુ મેળો તેને એક પ્રક્રિયા તરીકે જુએ છે, ‘સ્વ’ અને ક્રિયાશીલ સજીવતંત્ર તરીકે જુએ છે.

મીડના મતે ‘સ્વ’ સામાજિક, સાંસ્કૃતિક, મનોવૈજ્ઞાનિક પરિવર્ત્યેથી નક્કી થતો નથી. ‘સ્વ’ સર્જનશીલ છે. એટલે કે વ્યક્તિ પોતાના વાતાવરણમાં ક્રિયા કરે છે. અને તેમ કરવામાં વસ્તુઓનું સર્જન કરે છે. દા.ત. ટામેટુ, ઈંડું, ‘સ્વ’ શોધક છે. નવા વિચારોની પહેલ કરે છે. હોમાન્સ અને પારસન્સ વ્યક્તિને નિષ્ક્રિય ગણે છે. જ્યારે મીડ ‘સ્વ’ વ્યક્તિ માટે સક્રિયકર્તા સર્જનાત્મક ગણે છે.

### 10.4.2.2 સ્વનું ઘડતર

સ્વ એ જન્મ સમયે જૈવિક હોય છે. જે સહજ વૃત્તિ અને ક્રિયા કરે છે. પરંતુ તેનું સામાજિકરણ થતા સામાજિક છે. જેમ કે હિન્દુ-મુસ્લિમ પટેલ બ્રાહ્મણ વગેરે સૂવાનું ઘડતર કરવામાં આંતરક્રિયા અને ભૂમિકા (Role playing) મહત્ત્વની છે. જેને વિગતે જોઈશું.

### 10.4.2.3 સ્વયં આંતરક્રિયા (Self Interaction)

મીડની દૃષ્ટિએ વ્યક્તિ માત્ર બીજા સાથે જ આંતરક્રિયા કરે છે. તેવું નથી પોતાની જાત સાથે પણ આંતરક્રિયા કરે છે. એટલે કે સ્વયં આંતરક્રિયાની પ્રક્રિયા છે.

વ્યક્તિની પોતાની જાત સાથેની વાતચીત (Self-Talk) (સ્વ-વાતચીત) મહત્ત્વનો મુદ્દો છે. તેમના મતે સ્વ વાતચીત સ્વનું ઘડતર થાય છે. સ્વ વાતચીતમાં તે ભૂમિકા ગ્રહણ (Role taking) કરે છે. જે પાયાની બાબત છે. તે કર્તા બેવડી ભૂમિકા ભજવે છે. એક જેના પ્રત્યે ઉત્તેજીત થયો હોય તેની (ઇન્ટરવ્યૂ લેનારની) બીજા પોતાને જવાબ આપનારની

સ્વયં આંતરક્રિયા દૈનિક બાબત છે. અને તે ક્રિયા માટે રિહર્સલ છે. દા.ત. પ્રિયજનને મળવા જવાનું નક્કી કર્યું હોય અને મોડું થાય તો કેવા જવાબ આપવા તેનો રિહર્સલ મનમાં થાય છે. આમ બેવડી ભૂમિકા 'સ્વ' ભજવે છે.

ટૂંકમાં સ્વનો ઉદ્ભવ (ઉત્પત્તિ) અને વિકાસ ભૂમિકા-ગ્રહણથી જ થાય છે. બીજુ વ્યક્તિનું બેકગ્રાઉન્ડ, ઉંમર, અનુભવ વગેરેને લીધે ભૂમિકા ભજવણીમાં તફાવત આવે છે. તે ખાસ ધ્યાનમાં લેવું પડે.

**ભૂમિકાનો ખ્યાલ સાપેક્ષ - ગત્યાત્મક છે :**

તે દરજ્જાનું વર્તનાત્મક પાસું છે. દરજ્જાની સાથે ધોરણો, મૂલ્યો સંકળાયેલા છે. જ્યારે ભૂમિકા સાથે અપેક્ષા સંકળાયેલા છે. અને અપેક્ષાનો આધાર સંસ્કૃતિ પર છે.

ટૂંકમાં પ્રતીકાત્મક આંતરક્રિયાવાદીઓ ભૂમિકાને પ્રક્રિયાની રૂપમાં જુએ છે.

મીડ ત્રણ બાબત દ્વારા ઉપરોક્ત ખ્યાલને સમજાવવા પ્રયત્ન કરે છે.

(ક) સંકેત

જેને સંસ્કૃતિના ચિન્હો, વિચારો, મનમાં રહેલા ભાવો, તે સંકેત દ્વારા દર્શાવે છે. દા.ત. રાષ્ટ્રધ્વજ, મંદિર, હાવભાવ-ચેષ્ટા દ્વારા વ્યક્ત થાય છે. દા.ત. પગે લાગવું.

(ખ) પદાર્થ

શબ્દો એ પદાર્થ છે. શબ્દો દ્વારા ભેદ સમજાવવામાં આવે છે. ભાષા એ વર્તન વ્યવહારનું પ્રતીક છે.

(ગ) વિચાર

વિચાર મનમાંથી ઉદ્ભવે છે. 'અર્થ' કરે છે. અર્થગ્રહણ કરી પછી પ્રક્રિયા કરે છે. એકસાથે પ્રક્રિયાને આધારે નિર્ણય લે છે.

### 10.4.2.4 સામાન્યીકૃત અન્ય

આ તબક્કામાં મૂલ્યો ધોરણ ભૂમિકા શીખવા પ્રસ્તુત બીજા (સામાન્યીકૃત અન્ય)નું મહત્ત્વ છે.

''સામાન્યીકૃત અન્ય એટલે સમગ્ર સમુદાયના સંગઠિત વલણો'' વ્યક્તિને વિવિધ અનુભવ થતા વ્યક્તિના મૂલ્યાંકનમાં સર્વ સામાન્ય બાબત જુએ છે. તેમાંથી કેટલીક સર્વ સામાન્ય તારવી પોતાના વર્તનનું મૂલ્યાંકન કરી નિર્ણય લે છે. આ મૂલ્યાંકનના આધારે વ્યક્તિ પોતાની ઈમેજ બનાવે છે. તે મુજબ વ્યક્તિ વર્તન કરતી હોય છે.

બાળકમાં જ્યારે 'સામાન્યીકૃત અન્ય' આંતરીકૃત થાય ત્યારે 'સ્વ' પુખ્ત બને છે. બીજી રીતે કહીએ તો તે 'સ્વ' બન્યો તેમ કહેવાય. વ્યક્તિમાં સામાન્યીકૃત અન્ય વધુ વિકસે ત્યારે લેવાતા નિર્ણયો પુખ્ત પરિપક્વ હોય છે. બીજી રીતે કહીએ તો તે સામાજિક હોય છે. મીડ

કહે છે કે વ્યક્તિને બીજાના વિચારોની પ્રતિક્રિયાની સમજ પ્રતીકો ને લીધે થાય છે.

### 10.4.2.5 મહત્ત્વપૂર્ણ અન્ય

ઘણી વખત સામાજિકરણમાં કોઈ એક વ્યક્તિનો પ્રભાવ વધુ પડતો હોય છે. એટલે કે તે વ્યક્તિને બાળક વધુ ધ્યાનમાં લે છે. અને તેના જેવું વર્તન કરે છે. જેના માટે નોંધપાત્ર બીજા, મહત્ત્વપૂર્ણ અન્ય (Significant others) શબ્દ વાપર્યો છે. દા.ત. બાળક, માતા-પિતા, શિક્ષકની જેમ વર્તન કરે છે.

મીડના મતે MEના ઘડતરમાં મહત્ત્વપૂર્ણ બીજાના પરિણામે જ વ્યક્તિઓ વર્તનમાં જુદા પડે છે તેમજ અનુભવ અલગ જોવા મળે છે.

### 10.4.2.6 સ્વનાં પ્રકાર

સ્વના કોઈ વસ્તુ છે વ્યક્તિનો ગુણ ‘સ્વ’ એક પ્રક્રિયા છે. જે સતત બે વિશ્લેષણાત્મક તબક્કામાં જોવા મળે છે. (1) I (હું), (2) ME (મને)

(ક) I હું છે તે જૈવિક શુદ્ધ સ્વ છે તે સામાજિકરણ વિનાનો છે. I નું વર્તન સહજવૃત્તિવાળુ આવેગ યુક્ત હોય છે. દાત. કોઈનું અવસાન થતા ઘરમાં બધા હોય પરંતુ બાળક ખિલખિલાટ હસે છે. આ તબક્કામાં ‘સ્વ’ માટે સમાજના ધોરણો, નિયમો, મૂલ્યો અર્થહીન બને છે. એટલે કે તેના પાલનની અપેક્ષા નથી.

મીડે I પ્રક્રિયા સ્વરૂપે તપાસવા પ્રયત્ન કર્યો છે. જેના ચાર તબક્કા દર્શાવ્યા છે.

(1) વ્યક્તિ કોઈપણ વસ્તુ કે પદાર્થને જુએ છે.

(2) શું કરવું તે વિચારે છે.

(3) કયા સાધનોનો ઉપયોગ કરવો તે નક્કી કરે છે.

(4) ક્રિયા કરવા માટે પ્રવૃત્ત થાય છે.

આમ, બાળક આ રીતે ક્રિયા કરે છે.

**(ખ) ME (મને) તબક્કો**

ME એ બીજાના વલણોનો સંગઠિત સંકુલન છે જે એ બીજાની વસ્તુઓ મૂલ્યો ભૂમિકા ધોરણોને પોતાના બનાવે છે. દા.ત. પુખ્ત સામાજિક વ્યક્તિ જે સમાજ સંસ્કૃતિ મુજબ વર્તે છે ME નું નિર્માણ બીજાઓની ‘સ્વ’ પ્રત્યેની કલ્પના ધારણાથી થતું હોય છે. લોકો તેમને હોશિયાર કાર્યદક્ષ કહે છે. એટલે તમે એ રીતે વર્તો છો. એટલે કે વ્યક્તિના વર્તન પર અન્ય લોકોનો પ્રભાવ પડે છે. જેને આપણે સામાન્યીકૃત અન્ય કહીએ છીએ.

‘સ્વ’ વૈકલ્પિક ક્રિયા કરવાની શક્તિ ધરાવે છે. જ્યારે સ્વ સંસ્થા સમાજને અવગણે ત્યારે સમાજમાં પરિવર્તન આવે છે. ટૂંકમાં જ્યારે હું (I) ME (સામાજિક સ્વની વાતનો) (સામા-અપેક્ષા-

મૂલ્યો)નો અસ્વીકાર કરે ત્યારે નવીનીકરણને સ્થાન મળે છે. બદલાવ આવે છે. દા.ત. રાજાશાહી માંથી લોકશાહી અને સ્ત્રીઓનું બદલાયેલું સ્થાન.

#### 10.4.2.7 Real self (વાસ્તવિક સ્વ) અને formal self ઔપચારિક સ્વ

મીડ આ અંગે ચર્ચા કરતાં કહે છે કે formal self (ઔપચારિક સ્વ) પ્રસંગ અનુસાર વર્તન કરે છે એટલે કે 'સ્વ' નાટક કરી શકે છે. દા.ત. એક વ્યક્તિ સવારે 10 વાગે શોક સમારંભમાં દુઃખી હોવાનું અને તે જ વ્યક્તિ બાર વાગે લગ્નમાં ખુશ-આનંદિત થવાનું વર્તન કરે છે.

મીડ વધુમાં જણાવે છે કે 'સ્વ' માત્ર પ્રસ્તુત જ થતો નથી તેણે અભિવ્યક્તિ પણ કરવી પડે છે. તેણે તેની ખાસિયત ચરિત્ર બતાવવું પડે છે. દા.ત. ભીખ માંગતો યુવક વધુ દયા તેના પર આવે અને ભીખ વધુ મળે તેવી રીતે રજૂઆત કરે છે.

#### 10.4.2.8 આંતરક્રિયાના કાર્યો

(1) આંતરિક વાતચીત માટેનું સાધન છે. ભૂમિકા ગ્રહણ કરે છે.

(2) સંવાહન દ્વારા બીજાની ભૂમિકા, વલણો, ધારણ કરે છે. જે સ્વયં આંતરક્રિયા વિના શક્ય નથી.

(3) કર્તા અને પોતાની જાતનું સંચાલન કરવા સક્ષમ બનાવે છે.

### 10.4.3 મીડે સ્વના વિકાસના ત્રણ તબક્કા દર્શાવ્યા છે

#### 10.4.3.1 રમત પૂર્વેનો તબક્કો

આ તબક્કો 0 થી બે વર્ષના બાળકનો હોય છે. આમા બાળક પોતાના માતા-પિતા, ભાઈ-બહેન અને અન્ય લોકો કે જે નજીકના સંપર્કમાં આવે છે. તેનું અનુકરણ કરે છે. આમાં બાળકની ક્રિયાઓ અર્થહીન હોય છે. કારણકે અર્થ અનુભવમાંથી ઉદ્ભવે છે. વ્યક્તિ જયારે વસ્તુ પ્રત્યે પ્રતિક્રિયા કરવામાં બીજાના વલણને લક્ષમાં લેતી થાય ત્યારે વસ્તુના અર્થ ઉદ્ભવે છે. દા.ત. થેન્ક્યું, ગુલાબ આથી બે વર્ષનું બાળક અર્થ કરી શકતું નથી. તેમાં સામાજિક વિકાસ થાય પછી પ્રેમ કરી શકે.

#### 10.4.3.2 રમતનો તબક્કો Play stage નાટકનું સ્તર

આ તબક્કો ત્રીજા વર્ષથી શરૂ થાય છે. રામ ધર્મસ્થળમાં સ્તરમાં બાળકે રેપ ભૂમિકા ભજવવાનું શીખે છે. જે જે તેની પોતાની નથી. દા.ત. માતા-પિતા, ભાઈ-બહેન શિક્ષક, ડૉક્ટર વગેરેની ભૂમિકાઓ ભજવે છે. આવું કરતી વખતે તે બાબત પ્રત્યે સભાન હોય છે. કે તેની પોતાની ભૂમિકા તથા તે તેની ભૂમિકા ભજવી રહ્યો છે તે બંનેમાં તફાવત છે. બાળક ભૂમિકા ભજવતા જોવાનો વિકાસ કરે છે આમ આ તબક્કામાં પ્રતીકો અને ભાષાનો અર્થ સમજવા લાગે છે. રમતના નિયમો દ્વારા જીવન વ્યવહાર ગોઠવી નિયમપાલન શીખે છે. જે બાળકના વિકાસમાં મહત્ત્વનો છે. આ બે તબક્કા સ્વ ઉદ્ભવના છે. આ દરમિયાન બાળક સામાજિક વાસ્તવિકતાથી પરિચિત થાય છે. આ તબક્કામાં મહત્ત્વપૂર્ણ

અન્યનો પ્રભાવ વધુ હોય છે. એટલે કે શિક્ષકના માતા પિતાનો પ્રભાવ વધુ હોય છે. તેમની દરેક બાબત ને અનુસરે છે.

#### 10.4.3.3 રમત-ગમતનો તબક્કો (Game Stage)

આ ત્રીજો અને અંતિમ તબક્કામાં બાળકની ચેતનાનો વિકાસ થાય છે. તે સામાન્યીકૃત અને ભૂમિકાને ગ્રહણ કરે છે. આ તબક્કામાં તે કોઈ એક જ વ્યક્તિની મનોવૃત્તિને નહીં પરંતુ અનેક લોકોની મનોવૃત્તિ કે જે તેના સામાજિક સમૂહમાં સમાયેલી છે. તેને એક સાથે એકજ સમયે ધારણ કરી લે છે. તે સહયોગી અને વિરોધી એમ બધા જ પ્રકારના વ્યવહારોને એક સાથે કાલ્પનિક રીતે ગ્રહણ કરી લે છે. જેમ કે કુટુંબમાં માતા-પિતા અને અન્ય સભ્યોના સહકાર અને સંઘર્ષ એકસાથે ગ્રહણ કરી લે છે. સામાજિક જીવન માટે પણ આ બાબત અગત્યની છે. આમાંથી સ્વની ભાવના ઉદ્ભવે છે. આ તબક્કામાં સામાન્યીકૃત અન્ય મહત્ત્વ હોય છે.

### 10.4.4 પ્રતીકાત્મક અર્થ

હર્બટ મીડના મતે માનવીનું વર્તન-વ્યવહાર, વિચારો અને અનુભવ બધું જ સામાજિક છે.

માનવીના વર્તન વ્યવહાર વિચારો અને અનુભવને સમજવા હોય તો માત્ર પ્રતીકો દ્વારા જ સમજી શકાય છે. કારણ કે માનવીની આંતરક્રિયા પ્રતીકો દ્વારા જ શક્ય બને છે.

પ્રતીક એક જાતનો સંકેત છે. જે શારીરિક હાવભાવથી થતો હોય છે. દાખલા તરીકે નૃત્ય પ્રતીક એ સમાજ સર્જિત કોઈ પણ શબ્દ ક્રિયા કે વસ્તુ છે જે ચોક્કસ મર્યાદિત અથવા વિસ્તૃત અર્થ ધરાવે છે.. દા.ત. પતિ-પત્ની, ગામ-શહેર વગેરે શબ્દો પ્રતીકો છે. તેવી જ રીતે રડવું, હસવું, હાથ મિલાવવું જેવી ક્રિયાઓ પ્રતીકો છે. ટૂંકમાં શબ્દો ક્રિયાઓ અને વસ્તુઓ પ્રતીકો છે. જે ચોક્કસ અર્થ ધરાવે છે.

બધા જ પ્રકારના પ્રતીકોમાં ભાષા અગત્યનું પૃષ્ઠ છે. તેથી આંતરક્રિયાવાદીઓ માટે ભાષાનો અભ્યાસ વધારે મહત્ત્વપૂર્ણ છે. મીડના મતે અંતર ક્રિયામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાષા મહત્ત્વનો ફાળો આપે છે. સમાજનું સંચાલન ચેષ્ટા ને બદલે ભાષાથી થાય છે. ભાષાએ ચેષ્ટા, હાવભાવનું વિશિષ્ટ રૂપાંતર છે.

પ્રતીક કોઈ વસ્તુ કે ઘટનાની આંતરિક પ્રકૃતિને માત્ર વ્યક્ત નથી કરતા પરંતુ તેને વ્યાખ્યાબદ્ધ પણ કરે છે. અને તેનો ઉત્તર પણ આપે છે. પ્રતીક માનવ વિજ્ઞાનની બાહ્ય અભિવ્યક્તિ છે. મીડે પોતાના આ મુદ્દાને સમજાવવા માટે એક ખુશીનું પ્રતીક વસ્તુઓના વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. તેની વ્યાખ્યા પણ કરે છે અને સાથે સાથે તે ક્રિયા કરવા એટલે કે બેસવા માટેનો સંકેત પણ આપે છે.

પ્રતીક વસ્તુઓનું કેટલીક ઘટનાઓ વખતે વ્યક્તિ વિશેષાર્થનું આરોપણ કરે છે. અને આવું કરતી વખતે બીજા સંભવિત અર્થોથી અલગ કરે છે.

અમુક પરિસ્થિતિમાં વ્યક્તિ પ્રતીકોનો અર્થ પ્રચલિત અર્થ કરતાં જુદો કરી તેનો વ્યવહારમાં ઉપયોગ કરે છે. જેમ કે ખુરશી બેસવાની વસ્તુ તરીકે અર્થ ધરાવે છે.

તેને બદલે માણીએ થી સામાન ઉતારવાના ટેબલ તરીકે ઉપયોગ કરીએ છીએ. તો ક્યારેક શાસ્ત્ર તરીકે ઉપયોગ કરીએ છીએ. આમ ખુરશીના પ્રતીકના જુદા જુદા અર્થ કરી બધા જ ઉપયોગ ક્રિયા દરમિયાન કરી શકાય છે.

ટૂંકમાં અર્થ આપવાની પ્રક્રિયા એ જ આંતરક્રિયાવાદીઓ માટે વિશ્લેષણનું વિષયવસ્તુ છે.

- મીડ કહે છે. કે પ્રતીકો વિના માનવીની આંતરક્રિયા અને સમજ શક્ય નથી. પ્રતીકો દ્વારા જ માનવી પોતાના પ્રાકૃતિક સામાજિક પરિવેશ સાથે આંતરક્રિયા કરે છે. આવા પ્રતીકો માનવ સર્જિત હોય છે. માનવીના અસ્તિત્વ માટે જરૂરી છે. આવશ્યક છે. તે પ્રતીકોનું સર્જન કરે છે. તેને વિશિષ્ટ અર્થ આપે છે. પ્રતીકોની આ દુનિયામાં જીવે છે. અર્થો અને પ્રતીકોની આ માનવ નિર્મિત દુનિયાના આધારે સંપૂર્ણ આંતરક્રિયા અને સંપૂર્ણ સમાજ વ્યવસ્થા ટકી રહે છે.
- સામાજિક જીવનનું સાતત્ય ત્યારે જ શક્ય બને છે. જ્યારે સમાજના મોટાભાગના સભ્યો તે પુસ્તકોનો સમાન રીતે અર્થ કરે સમજે એટલે કે સમાજના એક એક સભ્ય દ્વારા પ્રયોજાયેલા પ્રતીકોનો અર્થ સમાજના અન્ય સભ્યો પણ એ જ રૂપમાં એ જ અર્થમાં કરે તે જરૂરી છે. દાખલા તરીકે ગાય દરેક હિંદુ માટે પવિત્ર પ્રાણી છે. જો આવું ન થાય તો અર્થપૂર્ણ વિનિમય શક્ય બનશે નહીં. દાખલા તરીકે 'નવરો' ગુજરાતીમાં કામ વગરનો, મરાઠીમાં 'પતિ' અર્થ થાય છે પ્રતીકોના ઉપયોગથી જ માનવીય આંતરક્રિયા પૂર્ણ બને છે.
- આંતર ક્રિયા કરવા માટે જોડાયેલા લોકોના ઈરાદાઓના અર્થને સમજવા પડે તથા તેની વ્યાખ્યા કરવી પડે છે. આવું સમાન પ્રતીકો હોય તો જ સંભવ બને છે. આમાં ભૂમિકા ગ્રહણની પ્રક્રિયા મહત્ત્વની છે. ભૂમિકા ગ્રહણ દરમ્યાન એક વ્યક્તિ કે જે અન્ય વ્યક્તિ સાથે આંતરક્રિયા કરવા ઈચ્છે છે. તે જ વ્યક્તિના પદ પર પોતાને કાલ્પનિક રૂપે મૂકી કાલ્પનિક ભૂમિકા ભજવે છે. આમ કરીને તે પ્રતીકોના ઉપયોગ કરવા વાળા વ્યક્તિની મનોદશા ને સમજે છે. તથા તેના દ્વારા પ્રયોજાયેલા પ્રતીકોનો અર્થ પણ જાણવા પ્રયત્ન કરે છે.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

(1) 'સ્વ' એટલે શું ? બે લીટીમાં જવાબ આપો.

.....................................................

.....................................................

.....................................................

.....................................................

(2) સ્વયં આંતરક્રિયા એટલે શું ? ત્રણ લીટીમાં જણાવો.

.....................................................

.....................................................

..................................................

..................................................

(3) રમતનો તબક્કો એટલે શું ? ચાર લીટીમાં જણાવો.

..................................................

..................................................

..................................................

..................................................

(4) 'પ્રતીક' એટલે શું ? બે લીટીમાં જણાવો.

..................................................

..................................................

..................................................

..................................................

## 10.5 પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં હર્બલ બ્લુમરના વિચારો

બ્લુમર જ્યોર્જ હર્બટ મીડના વિદ્યાર્થી હતા. બ્લુમરે શિકાગો વિશ્વ વિદ્યાલયમાં મીડ પાસેથી શિક્ષણ મેળવ્યું હતું. ત્યારબાદ તેઓ કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં વધુ અભ્યાસ માટે ગયા હતા. વ્યક્તિઓની આંતરક્રિયાને કારણે સમાજ સતત બદલાતો રહે છે. એવા મીડના ખ્યાલ સાથે તેઓ સહમત હતા. બ્લુમર કાર્યાત્મકવાદીઓના એ ખ્યાલે સ્વીકારતા નથી. કે સમાજ એક સંરચના છે જેના કેટલાક નિશ્ચિત કાર્યો છે. બ્લુમરના મતે સમાજની એક ગતિશીલ પ્રક્રિયા છે એટલું જ નહીં સમાજ લોકો વચ્ચેની આંતરક્રિયાનો પરિણામ છે. બ્લુમર ના મતે સમાજનો અભ્યાસ સંયુક્ત ક્રિયા (જોઇન્ટ એકશન)નો અભ્યાસ હોવો જોઈએ. સમૂહ કે સમાજનું અસ્તિત્વ ક્રિયામાં હોય છે. તેથી તે સંદર્ભમાં તેને જોઈ શકાય.

'પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ' શબ્દનો સૌપ્રથમ પ્રયોગ તેમણે મેન એન્ડ સોસાયટી નામના પુસ્તક માટે લખેલા એક લેખમાં કર્યો હતો. બ્લુમરે આ અભિગમની વિસ્તારથી ચર્ચા (Symbolic, Interactionism. Perspectives and Method (1969)માં વિગતે સમજાવ્યો છે. બ્લુમરે એ જાણવામાં રસ હતો કે કઈ રીતે એક વ્યક્તિનો સામાજિક વ્યક્તિના રૂપમાં વિકાસ થાય છે. આ માટે તેમણે એક નવજાત શિશુનો વિકાસક્રમ જાણવા પ્રયત્ન કર્યો. અને જણાવ્યું કે શિશુનો સમાજ સાથે જે પણ સંબંધ છે તે પ્રતીકોના માધ્યમથી જ છે. જુદા જુદા પ્રતીકોના માધ્યમથી બાળકો અને સમાજ એકબીજાને સમજે છે. ટૂંકમાં બાળકોનો વિકાસ પ્રતીકાત્મક આંતરક્રિયાથી જ થાય છે. તેઓ દૃઢ પણે માને છે.

હર્બટ બ્લુમરનાં વિચારો જાણવા માટે તેઓનું સિદ્ધાંતમાં પ્રદાન અને પદ્ધતિશાસ્ત્રમાં પ્રદાન જાણવું પડે. જે નીચે મુજબ છે.

### 10.5.1 સિદ્ધાંતમાં પ્રદાન

બ્લુમરે આપેલા સિદ્ધાંતમાં અર્થઘટન પર ખૂબ ભાર મૂક્યો છે. મીડના સિદ્ધાંતને તાર્કિક રીતે પ્રસ્તુત કર્યો છે. તે તેમની વિશેષતા છે. બ્લુમર માનતા કે માનવીની આંતરક્રિયાની સમજૂતીમાં બાહ્ય વર્તન ઉપરાંત આત્મલક્ષી અનુભવને સમજૂતી પણ આપવી જોઈએ. આંતરક્રિયા બુદ્ધિથી પ્રભાવિતથી થાય છે. તેવી હોમાન્સની વાતોનો બ્લુમરે અસ્વીકાર કર્યો છે.

બ્લુમર માનવ સમાજનું નિર્માણ વ્યક્તિઓ દ્વારા થાય છે. જેમાં 'સ્વ' મહત્ત્વનો છે. સ્વ દ્વારા જ વ્યક્તિ પોતાની આસપાસના જગતનું જ્ઞાન મેળવી શકે છે. અન્યની ક્રિયાઓની વ્યાખ્યા કરે છે અર્થઘટન કરે છે અને પોતાની ક્રિયાને નિર્દેશિત કરે છે. ટૂંકમાં તેમણે સ્થાપિત કર્યું કે કોઈ પણ ક્રિયામાં વ્યક્તિ નિર્ણાયક છે. કઈ પરિસ્થિતિમાં કેવું વર્તન કરવું એ સ્વ વ્યક્તિ નક્કી કરે છે. સ્વની બહારની દુનિયાને સ્વયં પસંદ કરે છે. સમજ મેળવે છે પછી ક્રિયા કરે છે તેવા મીડના તર્કને બ્લુમરે સ્થાપિત કર્યો છે. ટૂંકમાં બ્લુમરના પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ સિદ્ધાંતનું આધાર વાક્ય અર્થઘટન છે.

**(1) અર્થઘટન**

10.5.1.2 બ્લુમર ના મતે માનવીય આંતર ક્રિયાઓનો સ્ત્રોત તેની આંતરિક પ્રેરણા અને બાહ્ય બુદ્ધિ પર નથી. પરંતુ માનવ જે પ્રતીકોના આધારે આંતરક્રિયા કરે છે જેને તે વિશિષ્ટ અર્થ પ્રદાન કરે છે તે કેન્દ્ર સ્થાને છે.

બ્લુમર કહે છે સમજ સીધી હોય છે. પરંતુ કર્તા તેનો તુરંત પ્રતિભાવ આપતો નથી. પરંતુ અર્થઘટન કરીને આપે છે. ટૂંકમાં કરતા અને ઉડી પણ વચ્ચે વિવાદ ચાલે છે કે મારે આ કરવું કે નહીં ? દા.ત. સાડીનો સેલ લાગ્યો હોય સસ્તી સાડી મળતી હોય તો સ્ત્રી વિચારશે કે ખરેખર મારે જરૂર છે તો ખરીદવી કે નહીં પછી સેલમાં જશે. ટૂંકમાં બ્લુમરે પણ અર્થઘટન પ્રતિભાવના તબક્કા દર્શાવ્યા છે.

**(2) અર્થઘટનની પ્રક્રિયા**

10.5.1.3 'સ્વ' નિર્દેશની પ્રક્રિયા અર્થઘટન માટે મહત્ત્વની છે. સુમર અર્થઘટનની પ્રક્રિયાને 'સ્વ' નિર્દેશનની પ્રક્રિયા કહે છે. વ્યક્તિઓ સામાજિક પ્રક્રિયામાં ઉદ્દીપક કોને ધ્યાનમાં લે છે. તેમનો દેખાવ કે અભિવ્યક્તિનું અર્થઘટન કરે છે. જોકે આવા અર્થઘટનો સામાજિક સંદર્ભમાં જ થાય છે. નામ બીજી રીતે કહીએ તો કોઈપણ વસ્તુનો અર્થ નથી હોતો પરંતુ સામાજિક આંતર ક્રિયા દરમિયાન અર્થનું નિર્માણ થાય છે અને તેનો વિકાસ થાય છે. અર્થ જ સમાજમાં સ્થાપિત થાય છે. સ્વીકૃતિ બને છે. અને પુનઃ આંતરક્રિયા માટે સમાજના સભ્યો દ્વારા આ જ અર્થ પ્રયોજાય છે. બધા જ પ્રતીકાત્મક અર્થથી સમાજમાં ચાલતી અર્થ ઘટનાત્મક પ્રક્રિયાનો પરિણામ છે. કર્તા દ્વારા કરવામાં આવેલી આંતરક્રિયાને અને અર્થઘટનનો સમાજ અને જરૂરિયાત મુજબ નિર્માણ થાય છે અને તેમાં બદલાવ આવતો હોય છે. ઘટનાની પ્રક્રિયામાં અંગ ચેષ્ટા સંકેતો પ્રતીકો મહત્ત્વના છે.

બ્લુમર મીડ જેવી જ વાત કરે છે કે સામાજિક આંતરક્રિયા માટે પ્રતીક મહત્ત્વનો છે. આ અંગે ચેષ્ટા એ ક્રિયાનો ભાગ છે જે ક્રિયાને સૂચિત કરે છે. પ્રતિભાવ આપે વ્યક્તિ અંગે ચેષ્ટાના

અર્થ મુજબ વર્તે છે. ચેષ્ટાનો અર્થ જ્યારે બંને પક્ષ માટે સમાન હોય ત્યારે એકબીજાને સમજણ પડે છે. સરખા અર્થ કરે છે.

વસ્તુના અર્થમાં સુધારા વધારા અર્થ ઘટનાત્મક પ્રક્રિયાથી થાય છે અર્થ સમજવા માટે એકબીજાની ભૂમિકા ધારણ કરવી જરૂરી બને છે. એકબીજાની ક્રિયાનું પ્રતીકોના આધારે અર્થઘટન કરે છે. સેલ્ફ બુદ્ધિ પણ અર્થઘટન પ્રતિભાવ મુજબ ક્રિયા થાય છે.

જોકે ભાષાનું જ્ઞાન ન હોય તો પ્રતીકો અર્થ કરી શકતા નથી. દાખલા તરીકે આપણા ક્લાસમાં તેલુગુ ભાષામાં સૂચના આપી એ તો કોઈને સમજાય નહીં. બ્લુમર કહે છે વ્યક્તિ ક્રિયાનો અર્થઘટન ન કરી શકે તેવી ક્રિયા, બિન પ્રતીકાત્મક છે. જેમાં અર્થઘટન કર્યું ન હોય તેવી દાખલા તરીકે ગુસ્સામાં બોલેલા શબ્દો વાક્યો.

આ બાબતને આધારે આંતરક્રિયાના બે પ્રકાર પાડે છે :

(1) પ્રતીકાત્મક આંતરક્રિયા (2) બિન પ્રતીકાત્મક આંતરક્રિયા

**10.5.1.4 (ખ) પ્રતીકાત્મક અર્થઘટનમાં ત્રણ પાયાના આધાર વિધાન -**

ત્રણ પાયાના વિધાનો છે જે તેમના સિદ્ધાંતમાં કેન્દ્રવર્તી છે. જેને તેમણે આંતરક્રિયા ને સમજવાનું સાધન કહ્યું છે. જેને ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ.

(1) વસ્તુનો જે અર્થ કરે છે તેના અર્થના આધારે ક્રિયા કરે છે. (મનુષ્યની ક્રિયામાં અર્થનું મહત્ત્વ)

પ્રતીકોનો અર્થ બહુ મહત્ત્વનો છે. કારણ કે વ્યક્તિ અર્થ મુજબ વર્તન કરે છે અર્થ કરવામાં ચાવીરૂપ તત્ત્વ છે. એટલે સભાન રીતે અર્થ કરીને વર્તન કરે છે. દા.ત. થિયેટરમાં ફિલ્મ જોવા જતા જે હળવાશ છે, તેટલી શીખતી વખતે ન રાખી શકાય.

બ્લુમરનાં મતે વ્યક્તિનું વર્તન શરીરના આંતરિક સ્ત્રાવ કે સમાજના પરિબળોથી નહીં પરંતુ વ્યક્તિ વસ્તુઓના જે અર્થ કરે છે તેનાથી થાય છે એટલે કે વસ્તુઓનો અર્થ એજ વર્તનમાં પાયાનું છે ટૂંકમાં વર્તનમાં અર્થ અને ભૂમિકા મહત્ત્વની છે.

(2) વસ્તુઓના અર્થ સામાજિક આંતરક્રિયામાંથી ઉદ્ભવે છે. (વસ્તુઓના અર્થ સામાજિક પેદાશ છે.)

વસ્તુ નિષ્ક્રિય પદાર્થ છે, વસ્તુમાં અર્થ નિહિત હોતાં નથી. પરંતુ લોકો વચ્ચેની આંતરક્રિયામાંથી ઉદ્ભવે છે. દાખલા તરીકે લાલ રંગ શુભ છે, કાળો શોક દર્શાવે છે. એક સમાજમાં જે અર્થ હોય, તે બીજા સમાજમાં અર્થહીન હોય છે. દાખલા તરીકે આદિવાસી સમાજમાં બેડમિન્ટન

ભારતીય સ્ત્રી માટેનું સિંદૂર, મંગળસૂત્ર. આમ બ્લુમર કહે છે કે વ્યક્તિ પોતાનામાંથી સહયોગી વિરોધી સામે જ આંતરક્રિયા કરે છે. તેમાંથી અર્થ કાઢે છે, જેમ કે કોઈએ આપણને મદદ કરી હોય ત્યારે આપણે મદદ કરીએ છીએ.

(3) વસ્તુઓના અર્થમાં સુધારા-વધારા અર્થ ઘટનાત્મક પ્રક્રિયા દ્વારા થાય છે.

માનવીઓ સભાન રીતે પ્રક્રિયા કરનાર કર્તાઓ છે. તેઓ સતત પોતાની જાત સાથે વાતચીત કરતાં રહે છે તે દ્વારા વ્યક્તિ અર્થનું સંચાલન કરે છે. એક સમયે એક પરિસ્થિતિમાં વસ્તુઓનો એક અર્થ કરે છે. બીજી પરિસ્થિતિમાં એ જ વસ્તુઓનો બીજો અર્થ કરે છે. દા.ત. પેન્સિલ રાખવાનું સાધન છે. જે ગુસ્સામાં મારવા માટેનું સાધન બને છે વસ્તુના અર્થમાં સુધારા વધારા કરે છે. અનુભવના અનુસંધાનમાં સ્વયં આંતરક્રિયાની પ્રક્રિયા દ્વારા વસ્તુના અર્થ સુધારા-વધારા પામે છે. ટૂંકમાં વ્યક્તિ પોતે અર્થ નક્કી કરે છે. તેને યોગ્ય લાગે તે તેના માટે સાચું લાગે છે. કર્તા વસ્તુ પ્રસંગ ઘટનાની વ્યાખ્યા કરે છે, તે પછી અર્થઘટનમાં સુધારા વધારા કરી તે પ્રમાણે વર્તન કરે છે.

### 10.5.1.5 (ગ) રચનાતંત્ર અને પ્રક્રિયાઓ

બ્લુમર માને છે કે સમાજને અભ્યાસ સંયુક્ત ક્રિયાઓનો અભ્યાસ હોવો જોઈએ. કાર્યાત્મકપૂર્વક શરતી તેના માટે મહત્ત્વની નથી. સમાજે સામાજિક આંતરક્રિયાનું પરિણામ છે. બ્લુમર લોકોને હંમેશા સક્રિય હંમેશા ઝંખના કરતાં અને હંમેશા અનુકૂલન સાધતી વ્યક્તિ તરીકે જુએ છે. આ સંદર્ભમાં તે રચનાતંત્ર નુ મર્યાદિત મહત્ત્વ રાખે છે. બ્લુમર રચનાતંત્ર ને બદલે આંતર ક્રિયાને અગ્રીમતા આપે છે પણ તે જણાવે છે કે જૂથ જીવનની સામાજિક પ્રક્રિયા નિયમોનું સર્જન કરે છે. અને તેને જાળવી રાખે છે. પરંતુ નિયમો જૂથ જીવનું સર્જન અને જાળવણી કરતા નથી. કાર્યાત્મકવાદી માને છે કે લોકો પોતપોતાની સમાજની પેદાશ છે. જ્યારે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદી સામાજિક રચનાતંત્રને અને વ્યક્તિઓ વચ્ચેની આંતરક્રિયાના પરિણામ તરીકે જુએ છે.

મીડ અને બ્લુમરે સમાજ અને રચનાતંત્રમાં તફાવત દર્શાવ્યો છે. જે નીચેના વિચારોથી સ્પષ્ટ થશે.

બ્લુમર સમાજમાં સંસ્થા દરજ્જો નોકરશાહી સત્તાસંબંધો જેવા રચનાતંત્ર અને સામાજિક ક્રિયા માટે નિર્ણાયક ગણતા નથી. માત્ર તેનું અર્થઘટનની પ્રક્રિયા પૂરતું સીમિત આવે છે. એટલે અર્થઘટનમાં જેટલા અંગ છે ધ્યાનમાં રહે તેટલું જ મહત્ત્વ રચનાતંત્રનું સંસ્થાઓનું બતાવે છે.

બ્લુમર રચનાતંત્રના વ્યક્તિત્વ અને મહત્ત્વનો સ્વીકાર કરતા નથી. કારણ કે તેને લોકોની આંતરક્રિયા માટે જવાબદાર પરિબળ ગણાતા નથી. કારણ કે વ્યક્તિ સ્વયં આંતરક્રિયા કરે છે. અન્ય સાથે ક્રિયા આંતરક્રિયા કરે છે. જેમાં બીજાના પ્રતીકોને ધ્યાનમાં લઈ અર્થઘટન કરી ક્રિયા કરે છે. એટલે કે એમાં લોકોની સર્જનાત્મક ભૌતિકતા વ્યક્ત થાય છે. ટૂંકમાં વ્યક્તિ પરિસ્થિતિમાંથી મળતા નિર્દેશ મુજબ પોતાની ક્રિયા કરે છે.

રચનાતંત્રની ભૂમિકાઓ બ્લુમર સ્વીકાર કરે છે. પરંતુ તેને જોવાનો દૃષ્ટિકોણ જુદો છે. તેમના મતે સામાજિક ભૂમિકા અને આંતર ક્રિયાત્મક ભૂમિકામાં તફાવત છે. આંતર ક્રિયાત્મક ભૂમિકા એટલે વ્યક્તિ પોતાના અનુભવના આધારે કરે તે. બ્લુમર રચનાતંત્રમાં આંતર ક્રિયાત્મક ભૂમિકા અને અગત્યની ગણે છે.

સામાજિક ભૂમિકા એ લોકો વચ્ચેની આંતરક્રિયા છે.

ક્રિયાઓ ભૂમિકાની પેદાશ નથી પરંતુ તે લોકોના અર્થઘટનની પેદાશ છે.

કાર્યાત્મકવાદીઓ ધોરણો મૂલ્યો પર વધુ ભાર મૂકે છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદી વસ્તુ કે પદાર્થના અર્થ પર ભાર મૂકી વ્યક્તિની ક્રિયા ને મહત્ત્વ આપે છે.

### 10.5.1.6 (ગ) બ્લુમરની પાયાની કલ્પના

હર્બર્ટ બ્લુમરે પ્રતીકાત્મક આંતરક્રિયાની કેટલીક પાયાની કલ્પના રજૂ કરી છે. જે તેમનું માનવ સમાજ અને વર્તન અંગેનું દૃષ્ટિબિંદુ રજૂ કરે છે.

બ્લુમર સંશોધન અને વિશ્લેષણ માટે એક પ્રકારની રૂપરેખા પૂરી પાડે છે.

(1) સમાજ આંતરક્રિયાથી અસ્તિત્વમાં આવે છે. આંતરક્રિયા બે પ્રકારની છે. એક વ્યક્તિગત અને બે, સામૂહિક.

સમાજ અને સમૂહનું અસ્તિત્વ ક્રિયામાં હોય છે અને તેને તે સંદર્ભમાં જોવી જોઈએ.

માનવ સમાજ સતત ક્રિયાનો બનેલો છે આ બધી ક્રિયાઓ સંયુક્ત રીતે જોડાયેલી છે. સંયુક્ત ક્રિયા સંગઠનમાં છે. સંગઠનમાંથી રચનાતંત્ર અસ્તિત્વમાં આવે છે. સમાજ ક્રિયાઓમાં રોકાયેલી વ્યક્તિઓનો બનેલો છે.

(2) કર્તા વચ્ચેની આંતરક્રિયા વાતચીત ચેષ્ટા હાવભાવ પ્રતીકોમાં વ્યક્ત થાય છે. એટલે બ્લુમરના મતે આંતરક્રિયા પ્રતીકાત્મક અને બિન પ્રતીકાત્મક હોય છે.

અર્થઘટન સિવાય પ્રતિભાવો એ બિન પ્રતીકાત્મક ક્રિયા છે. જે ક્રિયાનો અર્થઘટન કરીને કહે છે તે પ્રતીકાત્મક આંતરક્રિયા છે.

ટૂંકમાં વ્યક્તિનું ઘડતર સતત આંતરક્રિયાની પ્રક્રિયા દ્વારા જ થાય છે. તેમાં ભાષાનું યોગદાન મહત્ત્વનું છે. કારણકે આંતરક્રિયા કરવા ભાષા મહત્ત્વનું પ્રતીક છે.

(3) પદાર્થ પોતાના અંતર્ગત હોતા નથી. આવા પદાર્થ પ્રતીકાત્મક આંતરક્રિયાનું પરિણામ છે.

'પદાર્થ એટલે જેનો અર્થ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો હોય.' આવા પદાર્થો ત્રણ પ્રકારના છે.

(1) ભૌતિક પદાર્થો : ખુરશી, મોબાઈલ, સ્કૂટર

(2) અમુક પદાર્થો : નૈતિક નિયમો, મૂલ્યો, વિચાર, અન્યાય, શોષણ

(3) સામાજિક પદાર્થ : શિક્ષણ, વિદ્યાર્થી, ધર્મ, ગુરુ, મિત્ર, માતા-પિતા

પ્રતીકાત્મક આંતરક્રિયા દ્વારા પદાર્થ જગતનો સર્જન તેમજ રૂપાંતર પણ કરવામાં આવે છે. પદાર્થે સામાજિક સર્જન છે. જેનો અર્થ ઘટનાથી થાય છે. અર્થનું ઘડતર બાળકોને શીખવવામાં આવે છે. જે પછી પ્રસરણ થાય છે અને પદાર્થ અને અર્થ આપતા આપતા આખું જગત ઊભું થાય છે દાખલા તરીકે ગંગા નદીનો ખ્યાલ.

(4) વ્યક્તિ પોતાની જાતને પદાર્થ તરીકે જુએ છે. સ્વ સાથે આંતરક્રિયા કરે છે અને સતત પોતાના વર્તનનું મૂલ્યાંકન કરે છે માનવી એક સજીવ તંત્ર છે જે પોતાની જાતને સામાજિક આંતરક્રિયામાં વ્યક્તિ બીજાની સાથે આંતરક્રિયા કરે છે. ત્યારે સ્વયં આંતરક્રિયા પણ કરે છે. એટલું જ નહીં પોતાના વર્તનનું મૂલ્યાંકન કરે છે. વર્તન કરતી વખતે બીજાઓના અર્થની ખાતરી કરી પોતાની ક્રિયાનો નકશો તૈયાર કરે છે. ક્રિયા કરતી વખતે ઈચ્છા મૂલ્યો જરૂરિયાત સાધનો જેવા અનેક બાબત ધ્યાનમાં રાખવી પડે છે.

(5) જૂથ જીવન જૂથના સભ્યોની પરસ્પરની ક્રિયા જોડાણોનું બનેલું છે વ્યક્તિ એકલી આંતરક્રિયા કરી શકતી નથી. સંયુક્ત ક્રિયાઓથી જૂથ જીવન ઊભો થાય છે. આમ સમાજને જુદી જુદી આંતરક્રિયાના જોડા થી બને છે.

### 10.5.2 બ્લુમરનું પદ્ધતિશાસ્ત્ર

બ્લુમરના પદ્ધતિશાસ્ત્રમાં ઊંડું ચિંતન અને વિદ્વતા જોવા મળે છે. બ્લુમર મીડની સંશોધન પદ્ધતિથી વાકેફ હતા. તેઓ માનતા કે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં તત્ત્વજ્ઞાનની માન્યતા નહીં પણ અનુભવ જન્ય જગત મહત્ત્વનું છે. તેઓ માનતા કે માનવીનું વર્તન અને જૂથ જીવન વિશેનું જ્ઞાન ચકાસી લેવું જોઈએ. બ્લુમર સંશોધન પદ્ધતિમાં આંકડાકીય પ્રયુક્તિના વધુ

પડતા ઉપયોગની ટીકા કરે છે, કે વર્તન, સીધું અનુભવજન્ય વળવું જોઈએ. બ્લુમરના અનુભવજન્ય વિજ્ઞાનના સંશોધનના નિયમો નીચે મુજબ દર્શાવ્યા છે.

બ્લુમર માનવીની આંતરક્રિયાના અભ્યાસ માટે એક વિશિષ્ટ પદ્ધતિને વિકસાવવા માંગતા હતા. જે માટે તેમણે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદનું પદ્ધતિશાસ્ત્ર કેવું હોવું જોઈએ, તે અંગે વિચાર રજૂ કર્યો છે. તેઓ માનવ વ્યવહારોને સમજવા વ્યાપ્તિ પદ્ધતિને સૌથી વધારે યોગ્ય માનતા. તેઓ કાર્યાત્મકવાદીઓની નિગમનાત્મક પદ્ધતિને સ્વીકારતા નથી. બ્લુમર પ્રાકૃતિક વિજ્ઞાનોની અભ્યાસ પદ્ધતિનો પ્રયોગ, સામાજિક વિજ્ઞાનોમાં ન કરવાનું સૂચન કરે છે. બ્લુમર કહે છે કે, કેટલાક સમાજશાસ્ત્રીઓ જીવન વિશેના પોતાના જ્ઞાનના આધારે જ અન્વેષણ કરે છે. અને પ્રાકૃતિક વિજ્ઞાનની નકલ કરે છે. આનું પરિણામ એ આવે છે કે તેઓ કામ ચલાઉ પરિભાષાઓ ને સામાજિક જગત પર લાવી દે છે. જેનો તેની સાથે કોઈ સંબંધ નથી.

સામાજિક વાસ્તવિકતાઓ વિશેના કર્તાના દૃષ્ટિકોણને સમજ્યા વિના જ તેને પૂર્વ પરિભાષિત શ્રેણીઓ અને ખ્યાલો ઢાળી દેવામાં આવે છે. જે યોગ્ય નથી. સાચી રીત એ છે કે સમાજશાસ્ત્રીઓ વ્યક્તિના અનુભવની પાર્શ્વભૂમિમાં પ્રવેશે તે વધારે ઉપયોગી બનશે.

બ્લુમર સામાજિક જીવનની જટિલતાઓને ઓછી કરી તેને વૈજ્ઞાનિક પરિવર્તનોના રૂપમાં પ્રગટ કરવાનો પણ વિરોધ કરે છે. બ્લુમર વિવિધ પરિવર્તન વચ્ચેની સહસબંધ દર્શાવીને તારણ પર પહોંચવાનો પણ વિરોધ કરે છે. કારણ કે આવું કરવાથી અર્થઘટનાત્મક (વ્યાખ્યાત્મક) અવગણના થાય છે જેનું સામાજિક જીવનમાં ખૂબ મહત્ત્વનું છે.

**હલ્બર્ટ બ્લુમરનું પદ્ધતિશાસ્ત્રમાં પ્રદાન**

### 10.5.2.1 (1) માહિતી એકત્રીકરણની પ્રયુક્તિ

બ્લુમરના મતે વ્યક્તિના આંતરિક અને અંગત અનુભવનું ચિત્ર મેળવવા તેમજ વ્યક્તિના જીવન અને તેની કાલ્પનિક પ્રક્રિયા પર પ્રકાશ પાડવા માટે માહિતી કરવાની વિવિધ પ્રયુક્તિ ઉપયોગમાં લેવા માટે, જીવન ઈતિહાસ, વ્યક્તિગત તપાસ, આત્મકથા, ડાયરી, પત્રો, નિરીક્ષણ પત્રો વગેરેનું સૂચન કરે છે.

### 10.5.2.2 (2) અભ્યાસ માટેનો આગમનાત્મક અભિગમ

બ્લુમરના મતે માનવ વર્તનની સમજૂતી મેળવવામાં આગમનાત્મક (વ્યાપ્તિ) અભિગમ, સૌથી વધુ ઉપયોગી બને છે. અને તેઓ તેને વળગી રહ્યા છે. તેમના મતે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ વ્યાપ્તિ અભિગમ છે. જે માનવીના વર્તનની સમજૂતી મેળવવા પ્રયાસ કરે છે. અભિગમ અનુભવજન્ય સામાજિક જગતની શરૂઆત કરે, તેને તપાસી સ્પષ્ટતા કરે છે. વ્યક્તિઓની દૈનિક પ્રવૃત્તિઓના જગતમાં પ્રાથમિક નિરીક્ષણ

અને સહભાગીદારી દ્વારા પ્રત્યક્ષ તપાસ કરવા પર તેઓ ભાર મૂકે છે.

આ અભિગમમાં, સંશોધક જે માહિતીથી પરિચિત હોય તે માહિતી ઉપરથી સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. તે વિશિષ્ટ બાબત પરથી સર્વ સામાન્ય નિયમ તારવવાની એક તાર્કિક પદ્ધતિ છે. બીજી રીતથી કહીએ તો વ્યક્તિ પરથી સમૂહ ને લાગુ કરવાની રીત છે. વ્યક્તિ પોતાની દુનિયા ને કઈ રીતે પરિભાષિત કરે છે. તેમજ બહારની દુનિયાને કઈ રીતે જુએ છે તે બંને ને તપાસવામાં આવે છે.

### 10.5.2.3 (3) તપાસ પદ્ધતિ

બ્લુમરે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદી પરિપ્રેક્ષ્યથી સામાજિક ઘટનાની માહિતી મેળવવાની તપાસ પદ્ધતિ સૂચવી છે. આ માટે તેમણે બે રીતો કે તબક્કા દર્શાવ્યા છે. બ્લુમર આ પદ્ધતિને અનુભવજન્ય સામાજિક જગતની પ્રત્યક્ષ પ્રાકૃતિક તપાસ તરીકે ઓળખાવે છે. જે નીચે મુજબ છે. (1) પ્રારંભિક શોધનો તબક્કો (2) નિરીક્ષણ ઘનિષ્ઠ તપાસનો તબક્કો.

(1) પ્રારંભિક શોધનો તબક્કો

સંશોધકને અનુભવ જન્ય સામાજિક જગતની નજીક લઈ જવા સક્ષમ બનાવતી રીત એટલે પ્રારંભિક શોધનો તબક્કો. આ તબક્કાના બે હેતુ રહેલા છે.

(A) સંશોધક જે સામાજિક જીવનથી પરિચિત છે. તેની નજીક લાવવો અને વિસ્તૃત પરિચય કરાવવો.

(B) સંશોધકની તપાસ વિકસાવવી, અભ્યાસ હેઠળની ઘટના ઉપર ધ્યાન કે કેન્દ્રિત કરવું તેમજ તપાસને અસરકારક બનાવવી.

બ્લુમર તપાસ પદ્ધતિના આ તબક્કાને લવચીક કાર્યપ્રણાલી તરીકે ઓળખાવે છે. કારણકે સંશોધકની જરૂરિયાત મુજબ તેમાં ફેરફાર કરી શકાય છે. સંશોધક અનુભવ, માહિતી તેમજ સમજણને આધારે ફેરફાર કરી શકે છે. એટલે કે શરૂઆતમાં તપાસનો બિંદુ વિશાળ હોય, આગળ જતાં તે વધુ તીક્ષ્ણ બનતું જાય છે.

તપાસના આ તબક્કે નીચેની વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

(1) પ્રત્યક્ષ નિરીક્ષણ (2) મુલાકાત (3) વાતચીત સાંભળવી, રેડિયો પરની વાતચીત સાંભળવી, ટી.વી.ના દ્રશ્યો જોવા, સંવાદો સાંભળવા. સ્થાનિક છાપા મેગેઝિન વાંચવા, જીવન ઈતિહાસનો અહેવાલ તપાસવો. પત્રો, ડાયરી વાંચવા, જાહેર દસ્તાવેજો તપાસવા, ઉપરાંત બ્લુમર ગ્રુપ ડિસ્કસસન ગોઠવવા પર ભાર મુકતા કહે છે કે, તે વધુ ફળદાયક નીવડે છે.

(2) ઘનિષ્ઠ તપાસનો તબક્કો

આ તબક્કામાં સંશોધક ઘટનાની ઊંડાણથી જાણકારી મેળવી લેતો હોય છે. બ્લુમર કહે છે કે, પ્રારંભિક શોધમાં અભ્યાસ ઘટનાનું વિસ્તૃત અને ચોક્કસ ચિત્ર મળે પછી, ઘનિષ્ઠ તપાસના તબક્કામાંથી પ્રવેશાય છે. આ તબક્કામાં સંશોધક સંવેદના સર્જક ઉપભાવનાનો ઉપયોગ કરે છે. આવી વિભાવના સામાન્ય સંદર્ભ પૂરો પાડી સંશોધકે શું જોવું જોઈએ તે દિશાનું સૂચન કરે છે.

બ્લુમરના મતે સમાજશાસ્ત્રીય સિદ્ધાંત ઉપયોગમાં લેવાની વિભાવના અનુભવી રીતે નબળી કારણકે અનુભવ જગતની પ્રક્રિયા પ્રતીકો સતત બદલાતા રહે છે. તેથી સમાજશાસ્ત્રી વિભાવનામાં બદલવાતી પરિસ્થિતિ પ્રતીકોનો સમાવેશ થતો નથી. સંવેદના સર્જક વિભાવના 'સ્વ' સાથે સંકળાયેલ છે જે અનુભવ જન્ય જગતનું અર્થઘટન કરે છે. અને તે ભાવે પ્રતિભાવ આપે છે. અને આ પ્રતિભાવ જ વ્યાપ્તિ નિયમ બનાવે છે.

### 10.5.2.4 ગુણાત્મક વિશ્લેષણ

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદીઓ ગુણાત્મક વિશ્લેષણનો ઉપયોગ કરે છે. બ્લુમરની ગુણાત્મક વિશ્લેષણની પ્રાકૃતિક પદ્ધતિ નીચેની બાબતો પર ભાર મૂકે છે.

(1) અભ્યાસ હેઠળના જીવન ક્ષેત્ર સાથે સંપૂર્ણ પરિચય કેળવવા અને નીકળતા સ્થાપવી.

(2) અભ્યાસ હેઠળ પરિસ્થિતિમાં સમાવિષ્ટ થતાં લોકો સાથે નિકટતા કેળવવી..

(3) અભ્યાસ હેઠળના લોકોની સમસ્યા, નોંધવી.

(4) અભ્યાસ હેઠળના લોકો પોતાની સમસ્યાનો નિવારણ કઈ રીતે લાવે છે. તેનું નિરીક્ષણ કરવું.

(5) અભ્યાસ હેઠળના લોકો પરિસ્થિતિને પહોંચી વળવા પ્રયત્ન કરતા હોય તેને જોવી.

(6) અભ્યાસ હેઠળના લોકોની વાતચીતમાં સહભાગી બનવું.

(7) અભ્યાસ હેઠળના લોકો પોતાનું જીવન જે રીતે જીવતા હોય તેનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવું.

બ્લુમર આ રીતે તપાસ દ્વારા નક્કર ગુણાત્મક માહિતી મેળવવા પર ભાર મૂકે છે. ઉપર છલ્લી માહિતી નહીં. જે સંખ્યાત્મક વિશ્લેષણમાં જોવા મળે છે. આટલું કર્યા પછી ગુણાત્મક વિશ્લેષણમાં વિવિધ મોડેલનો ઉપયોગ કરવા પર પણ બ્લુમર જણાવે છે.

બ્લુમરનો ગુણાત્મક વિશ્લેષણ ફળદાયી ઉપકલ્પના વિકસાવવી

નવા ક્ષેત્રે પણ ખોલી આપે છે તેમજ સંખ્યાત્મક સંશોધનમાં પણ ફાળો આપી શકે છે.

**(ગ) તમારી પ્રગતિ ચકાસો**

નોંધ - નીચે આપેલી ખાલી જગ્યામાં જવાબ લખો.

- એકમને અંતે આપેલા જવાબો સાથે તમારા જવાબો સરખાવો.

**(1) અર્થઘટન પ્રક્રિયા એટલે શું ? ચાર લીટીમાં જણાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**(2) ખાલી જગ્યા પૂરો.**

(1) બ્લુમરનાં મતે સમાજ લોકો વચ્ચેની ________ નું પરિણામ છે. (આંતરક્રિયા, પ્રક્રિયા, સમજ)

(2) માનવીની આંતરક્રિયાનો સ્ત્રોત ________ છે. (પ્રેરણા, બાહ્ય ઉદ્દીપન, પ્રતીકો)

(3) વસ્તુઓનો અર્થ ________ પેદાશ છે. (સામાજિક, ધાર્મિક, આર્થિક)

(4) બ્લુમરના મતે સમાજનો અભ્યાસ ________ નો હોવો જોઈએ. (સંયુક્ત ક્રિયાનો, વ્યક્તિગત ક્રિયાનો, પ્રક્રિયાનો)

(5) બ્લુમર માનવ વર્તનની સમજૂતી માટે ________ અભિગમને સૌથી વધુ ઉપયોગી માને છે. (વ્યાપ્તિ, નિગમન, સમગ્રલક્ષી)

(6) પ્રતીકાત્મક આંતરક્રિયાવાદીઓ ________ વિશ્લેષણનો ઉપયોગ કરે છે. (ગુણાત્મક, સંખ્યાત્મક, પદાર્થ)

## 10.6 સારાંશ

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ સમાજશાસ્ત્રનું સમાજ-મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો દષ્ટિબિંદુ છે. જે સામાજિક આંતરક્રિયા પર ભાર મૂકે છે. સમાજ અને વ્યક્તિનું ઘડતર આંતરક્રિયાથી થાય છે. જેમાં પ્રતીકોનો ઉપયોગ થાય છે. જેમાં પ્રત્યાયન પાયાની બાબત છે. આંતરક્રિયાની સંપૂર્ણ પ્રક્રિયા પ્રતીકાત્મક છે. પ્રતીકોનું નિર્માણ પણ સમાજની વ્યક્તિઓ દ્વારા નક્કી થાય છે. તેઓ જ પ્રતીકોનો વિશેષ અર્થ કરે છે.

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં મીડ 'સ્વ'ના વિકાસને મહત્ત્વપૂર્ણ માને છે. 'સ્વ'એ ક્રિયા કરનાર છે. સ્વ સ્વયં આંતરક્રિયાનું સાધન છે. સ્વ ના વિકાસમાં સ્વયં આંતરક્રિયા મહત્ત્વની છે. જેમાં ભૂમિકા ગ્રહણથી સ્વનું ઘડતર થાય છે. સ્વના વિકાસમાં રમતનો ગમતનું મહત્ત્વનો છે જેમાં સામાન્યીકૃત અન્ય સ્વને સામાજિક બનાવે છે. મીડ માને છે કે માનવીનું વર્તન વ્યવહાર વિચારો અને અનુભવને સમજવા હોય તો માત્ર પ્રતીકો દ્વારા જ સમજી શકાય છે કારણ કે માનવીની આંતરક્રિયા પ્રતીકો દ્વારા જ શક્ય બને છે.

બ્લુમરે સૌ પ્રથમ પ્રતીકાત્મક આંતરક્રિયા બાદ શબ્દ પ્રયોજયો. બ્લુમર અર્થઘટન પર ભાર મૂકતા કહે છે કે વ્યક્તિ અર્થઘટન કરીને જ પ્રતિભાવ આપે છે. તે અર્થઘટનની પ્રક્રિયાને સ્વ નિર્દેશની પ્રક્રિયા પણ કહે છે. વધુમાં જણાવે છે કે માનવીની ક્રિયામાં અર્થ મહત્ત્વનો છે જે સામાજિક પેદાશ છે અને અર્થ સાથે કરેલી ક્રિયા જ પ્રતીકાત્મક આંતરક્રિયા છે તેમણે વ્યાપ્તિ અભિગમની હિમાયત કરી તપાસ પદ્ધતિ અને ગુણાત્મક વિશ્લેષણ દ્વારા અભ્યાસ કરવાનું જણાવ્યું છે.

## 10.7 ચાવીરૂપ શબ્દો

**(1) પ્રતીકાત્મક આંતરક્રિયા વાદઃ (Symbolic Interactionism)**

વ્યક્તિ અને સમાજના ઘડતરમાં આંતરક્રિયાની અનિવાર્યતા અને અંતર ક્રિયામાં પ્રતીકોનો ઉપયોગનું મહત્ત્વ દર્શાવતો અભિગમ એટલે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ

**(2) સ્વ-વિકાસ (Self-Development)**

બાળક (જૈવિક સ્વ-માંથી) આંતરક્રિયા દ્વારા વિવિધ તબક્કામાંથી પસાર થઈ પુખ્ત સામાજિક સ્વ બને તે પ્રક્રિયા.

**(3) સામાન્યીકૃત અન્ય (Generalized Others)**

સમગ્ર સમુદાયના સંગઠિત વલણો બીજી રીતે કહીએ તો I ને ME બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતી વ્યક્તિઓ બાબતો.

**(4) મહત્ત્વપૂર્ણ અન્ય (Significant Others)**

'સ્વ' વિકાસના તબક્કામાં જે વ્યક્તિ કે ઘટનાનો વધુ પ્રભાવ હોય તેને મહત્ત્વપૂર્ણ અન્ય કહેવાય.

**(5) ઔપચારિક 'સ્વ' (Formal Self)**

પ્રસંગ પરિસ્થિતિ મુજબ વર્તન કરતો 'સ્વ'.

**(6) પ્રતીક (Symbol)**

પ્રતીકએ સમાજ સર્જિત કોઈ પણ શબ્દ ક્રિયા કે વસ્તુ જે ચોક્કસ અને મર્યાદિત અથવા વિસ્તૃત વ્યાપક અર્થ ધરાવે છે જેનો વ્યક્તિ અર્થઘટન કરી વ્યક્તિ પ્રતિભાવ આપે છે.

**(7) પ્રતીકાત્મક આંતરક્રિયા (Symbolic Interaction)**

સભાનપણે પ્રતીકોના અર્થઘટન સાથે કરેલી ક્રિયા.

**(8) બિન પ્રતીકાત્મક આંતરક્રિયા (Non Symbolic Interaction)**

પ્રતીકોના અર્થને ધ્યાનમાં લીધા વિના કરેલી ક્રિયા.

**(9) નિગમનાત્મક અભિગમ (Deductic Approach)**

સર્વ સામાન્ય બાબત પરથી વિશિષ્ટ બાબત અથવા સમગ્ર પરથી એકમને લાગુ કરવાની તાર્કિક વ્યવસ્થા.

**(10) વ્યાપતી (આગ્મનાત્મક) અભિગમ (Inductive Approach)**

વિશિષ્ટ બાબતને આધારે સર્વ સામાન્યને લાગુ કરવા અથવા એકમ પરથી સમગ્રને લાગુ કરવાની તાર્કિક વ્યવસ્થા.

## 10.8 કેટલાક ઉપયોગી પુસ્તકો


(1) Blumer, Herbert (1969): Symbolic Interactionism Perspective and practice' Prentice Hall, Inc . Englewood. cliffs. New Jersey

(2) Douglas Jack. D & A'dier. Patrica A.etal (1980): Introduction to Sociology of everyday life 'Allyn & bacon, In, Boston & London'.

(3) Turner Jonathan H.(1978): The Structure of Sociological Theory. The Dorsey press, Homewood, Illinois.

(4) Wallace Ruth A & Wolf Alison (1980): 'Contemporary Sociological Theory' Prentice Hall. Inc. Englewood, cliffs New Jersey.

(5) પરમાર.વાય.એ. (1981)

"સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો "યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત રાજ્ય.


## 10.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) સમાજશાસ્ત્રનો સમાજ-મનોવૈજ્ઞાનિક અભિગમ જે સમાજમાં છે તે વ્યક્તિ પોતાનામાં કેવી રીતે સમાવે છે તે દર્શાવે છે, તેમજ સમાજ અને વ્યક્તિના ઘડતરમાં આંતરક્રિયાનું અને તેમાં વપરાતા પ્રતીકોનું મહત્ત્વ દર્શાવી વ્યક્તિ સર્જનશીલ હોવાનું ભારપૂર્વક દર્શાવતો ખ્યાલ એટલે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) 'સ્વ'એ ક્રિયા કરનાર કર્તા છે, 'સ્વ' સ્વયં આંતરક્રિયાની પ્રક્રિયા છે, સ્વયં આંતરક્રિયાનું સાધન છે, 'સ્વ' સર્જનશીલ છે.

(2) વ્યક્તિ પોતાની જાત સાથે વાતચીત કરે તેમજ તે સમયે અન્યની ભૂમિકા ગ્રહણ કરે છે તેને સ્વયં આંતરક્રિયા કહેવાય. સ્વયં આંતરક્રિયા દૈનિક બાબત છે અને તે ભાવિ ક્રિયા માટેનું રિહર્સલ છે.

(3) રમતનો તબક્કો બાળકના ત્રીજા વર્ષથી શરૂ થાય છે. જેમાં બાળક એવી ભૂમિકા ભજવવાનું શીખે છે. જે તેની પોતાની નથી. રમતના નિયમો દ્વારા જીવનવ્યવહાર ગોઠવી નિયમ પાલન શીખતો આ તબક્કો બાળકના વિકાસમાં મહત્ત્વનો છે. આ તબક્કા દરમ્યાન બાળક વાસ્તવિક પરિસ્થિતિથી પરિચિત થાય છે.

(4) પ્રતીક એ સમાજ સર્જિત કોઈપણ ક્રિયા, શબ્દ, વસ્તુ છે, જે ચોક્કસ મર્યાદિત અથવા વિસ્તૃત અર્થ ધરાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ)**

(1) વ્યક્તિ આંતરક્રિયા દરમ્યાન ઉદ્દીપકોને ધ્યાનમાં લઈ તેમના દેખાવ કે અભિવ્યક્તિનું અર્થઘટન કરે છે, જે સામાજિક સંદર્ભમાં થાય છે જેને અર્થઘટનની પ્રક્રિયા કહેવાય. બધા જ પ્રતીકાત્મક અર્થો સમાજમાં ચાલતી અર્થઘટનાત્મક પ્રક્રિયાનું પરિણામ છે, બ્લુમર અર્થઘટનની પ્રક્રિયાને સ્વ-નિર્દેશનની પ્રક્રિયા પણ કહે છે.

(2) (1) આંતરક્રિયા

(2) પ્રતીકો

(3) સામાજિક

(4) સંયુક્ત ક્રિયાનો

(5) વ્યાપ્તિ

(6) ગુણાત્મક

❖ ❖ ❖

# એકમ 11 હર્બટ સ્પેન્સર : જીવન અને કાર્ય, ઉત્ક્રાંતિ અંગેનાં વિચારો

-: રૂપરેખા :-


11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 હર્બટ સ્પેન્સરનું જીવન અને કાર્ય

11.3 હર્બટ સ્પેન્સરનાં કેન્દ્રવર્તી વિચારો

11.4 ઉત્ક્રાંતિનો સિદ્ધાંતો

11.5 સાંપ્રત સમાજશાસ્ત્રમાં મહત્ત્વ

11.6 સારાંશ

11.7 ચાવીરૂપ શબ્દો

11.8 એક લીટીમાં જવાબ આપો

11.9 તમારી પ્રગતિ ચકાસો

11.10 સંદર્ભ ગ્રંથ

11.11 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો


## 11.0 ઉદ્દેશો

વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસબાદ તમે :

- હર્બટ સ્પેન્સરનાં જીવન અને કાર્ય વિશે માહિતગાર થઈ શકશો.
- હર્બટ સ્પેન્સરનાં વૈચારિક કેન્દ્રબિંદુની વિગતે ચર્ચા કરી શકશો.
- હર્બટ સ્પેન્સરએ દર્શાવેલા ઉક્રાંતિનાં વિભિન્ન તબક્કાઓ અંગે માહિતી મેળવી શકશો.
- તેમજ હર્બટ સ્પેન્સરની વર્તમાન સમાજશાસ્ત્ર માટેની પ્રસ્તુતા અને તેનું મહત્ત્વ દર્શાવી શકશો.

## 11.1 પ્રસ્તાવના

સમાજશાસ્ત્રના આદ્ય-સંસ્થાપકોમાં હર્બટ સ્પેન્સરનું નામ ઓગસ્ટ કોમ્ટની માફક ગણનાપાત્ર છે. સ્પેન્સરનાં વિચારો વ્યક્તિવાદી, ઉદ્દાતવિકાસવાદી અને સાવયવવાદી છે. તેના અર્થતંત્રના વિચારોમાં તે ખાનગી ઉદ્યોગો અને સ્પર્ધાને પ્રોત્સાહન આપવાનું જણાવે છે. સ્પેન્સરનાં વિચારોને એક રીતે જોતાં, તે સંરક્ષણવાદી અને યોજનાબદ્ધ વિચારોનાં વિરોધી જણાય છે.ઉત્ક્રાંતિવાદને સમાજશાસ્ત્રીય સંદર્ભમાં સ્પષ્ટ કરનાર વિચારક તરીકે હર્બટ સ્પેન્સરનું નામ મોખરે છે. સ્પેન્સર વિશે એમ કહેવું ઘટે કે, તેમણે ચાર્લ્સ ડાર્વિનથી ઘણા સમય અગાઉ 'યોગ્યતમનાં અસ્તિત્વ' (Survival of the Fittest) ની અવધારણા પ્રસ્તુત કરી. સ્પેન્સર વ્યક્તિત્વવાદ, સામાજિક બિનહસ્તક્ષેપ અને યોગ્યતમનાં અસ્તિત્વનાં વૈચારિક સમર્થક રહ્યાં છે. એક તરફ સ્પેન્સરે રાજ્ય અને સરકાર અંગે પણ પોતાનાં વિચારો રજૂ કર્યા છે તો બીજી

તરફ તેઓએ સમાજનાં પ્રકાર તરીકે સૈન્યસમાજ અને ઔદ્યોગિક સમાજની અવધારણા પણ રજૂ કરી છે. આમ જોવા જઈએ તો સ્પેન્સરનાં વિચારોમાં રેખિકતા નહીં પરંતુ ચઢાવ-ઉતાર વધુ જોવા મળે છે. અત્રે આપણે હર્બટ સ્પેન્સરનું જીવન ઝરમર, તેનું કાર્ય અને તેનાં વિચારોનું આલેખન કરીશું.

## 11.2 હર્બટ સ્પેન્સરનું જીવન અને કાર્ય

સ્પેન્સરનો જન્મ 27 એપ્રિલ, 1820નાં રોજ ઇંગ્લેન્ડના ડર્બી શહેરમાં થયો. તેમનાં પિતા જ્યોર્જ સ્પેન્સર શાળામાં શિક્ષક હતા તેમજ પરિવારની આર્થિક સ્થિતિ કોઇ વિશેષ નહીં એટલે કે, મધ્યમવર્ગીય હતી. વ્યક્તિવાદી અભિગમ ધરાવનાર સ્પેન્સરનું કુટુંબ બિનરૂઢિવાદી હતું. હર્બટ સ્પેન્સરનાં શિક્ષણનો સ્ત્રોત તેમના પિતા અને કાકા હતા. કારણ કે, તેમણે ઔપચારિક શિક્ષણ મેળવ્યું ન હતું. તેઓ પ્રાણીશાસ્ત્ર અને ઈજનેરીનાં અભ્યાસમાં વિશેષરૂચિ રાખતા પરંતુ તેમણે પ્રાકૃતિક વિજ્ઞાન કે સાહિત્ય જેવા વિષયો અંગેનું પદ્ધતિસરનું જ્ઞાન મેળવેલ હતું નહીં. તેઓ પ્રસિદ્ધ વિદ્વાન જોહન સ્ટુઅર્ટ મિલનાં વિચારોથી વધુ પ્રભાવિત થયા હતા. તેઓની ઈ.સ.1837માં લંડન અને બરમિંગહમરેલરોડનાં ઈજનેર ક્ષેત્રમાં ઈજનેર તરીકે નિયુક્તિ થઈ. ઈ.સ. 1941માં રેલવે રોડની કામગીરી પૂર્ણ થતાની સાથે તેઓ તેમનાં જન્મસ્થળ ડર્બીમાં પરત ફર્યા. સમયાંતરે હર્બટ સ્પેન્સરને સામાજિક અને રાજનૈતિક બાબતોમાં રસ રૂચિ વધવા લાગી. તેને અનુસરતા ઈ.સ. 1842માં Non Conformist (નોન કન્ફોર્મિસ્ટ) નામની પત્રિકામાં તેમનો સૌ પ્રથમ લેખ પ્રકાશિત થયો. તે સમયનાં તેમનાં લખાણોમાં તેઓએ રાજ્યની સત્તાને મર્યાદિત કરવાનો મત રજૂ કરેલ છે. જે કદાચ આજની સ્થિતિમાં વધુ રૂઢિવાદી લાગે, પરંતુ તે સમયે આ પ્રકારના વિચારો વધું ઉદ્દામવાદી ગણાતા. 1848માં તેઓ લંડનનાં ‘Economist’ નામનાં જાણીતા અંગ્રેજી પ્રકાશનમાં ઉપ-સંપાદક તરીકે જોડાયા, જે દરમ્યાન તેઓ ઘણા જાણીતા વિદ્વાનોનાં સંપર્કમાં આવ્યા. તેમણે ઈ.સ. 1850માં તેમનું પ્રથમ પુસ્તક Social Statics (સામાજિક સ્થિતિશાસ્ત્ર) પ્રકાશિત કર્યું, જેમાં તેમણે પ્રથમ વખત ઉત્ક્રાંતિના વિચારને પ્રતિપાદિત કર્યા. હર્બટ સ્પેન્સરનો મૂળ ઉદ્દેશ Synthetic Philosophy લખવાનો હતો, જે યોજના અંતગર્ત 1862માં Fist principles પ્રકાશિત થઈ. ફર્સ્ટ પ્રિન્સિપાલ પુસ્તકમાં તેમણે વિજ્ઞાન અને નૈતિકતા એમ બે બાબતોનો એક પ્રાથમિક સિદ્ધાંતો અંતર્ગત એકીકરણ કરવાનો પ્રયત્ન કર્યો. Principle of Psychologi-I અને Principle of Psychologi-II વર્ષ 1870 અને 1872માં ક્રમશઃ પ્રકાશિત થઈ. તેમણે The study of Sociology પુસ્તક વર્ષ 1873 માં પ્રકાશિત થઈ જે ખૂબ ખ્યાતિ પામી. તેમજ ઈ.સ. 1876થી 1896 દરમ્યાન Principles of Sociology વિભિન્ન ત્રણ ખંડોમાં પ્રકાશિત થઈ. ત્યારબાદ Principles of Ethics નામના પુસ્તક ભાગ-1 અને ભાગ-2 એમ બે ખંડોમાં પ્રકાશિત થઈ. સ્પેન્સરે તેમનું સમગ્ર જીવન લેખન વાચનની પ્રવૃત્તિમાં પસાર કર્યું. સરેરાશ જોવા જઈએ તો લગભગ 21 વર્ષનું જીવનકાર્ય માત્ર સમાજશાસ્ત્ર વિષયનાં વિકાસને સમર્પિત કર્યું. સ્પેન્સર તેમના સમગ્ર જીવન દરમિયાન અતિપરિશ્રમી રહ્યા તેઓએ આજીવન લગ્ન કર્યા નહીં. તેમનું જીવન આમ જોવા જઈએ તો કોઈ ખાસ અતિ સંઘર્ષમય રહ્યું નથી, પરંતુ સીધા પ્રવાહનું રહ્યું છે. ઈ.સ.1993માં 83 વર્ષની ઉંમરે તેમનું નિધન થયું.

## 11.3 હર્બટ સ્પેન્સરનાં કેન્દ્રવર્તી વિચાર

સ્પેન્સરનું સોશિયલ સ્ટેટિક્સ(1850) હોય કે ધી સ્ટડી ઓફ સોશ્યોલોજી (1873), તેમનાં લખાણનું કેન્દ્રબિંદુ ઉત્ક્રાંતિ રહ્યું છે. સ્પેન્સરનાં વિચારો ઉપર માલ્થસ, ચાર્લ્સ ડાર્વિન, જે.એલ.મિલ, વિલીયમ હેમિલ્ટન, વૉન બેયર, અને થોમસ હક્સલે જેવા વિચારકોનો પ્રભાવ

હતો. જોકે, સ્પેન્સર ચાર્લ્સ ડાર્વિનની પુસ્તક 'ધી ઓરિજીન ઓફ સ્પિસીઝ' (1859)થી વધુ પ્રભાવિત થયા છે. એવું માનવવામાં આવે છે કે, સ્પેન્સરે ડાર્વિનના વિચારોમાંથી ઘણા બધા વિચારોને પોતાના વિચારો અને લખાણોમાં સ્થાન આપ્યું છે. પરંતુ તેનાથી ઊલટું 'યોગ્યત્તમનાં અસ્તિત્વ' (Survival of fittest) ની અવધારણ ડાર્વિનની પહેલાં સ્પેન્સરે સ્વયમ રજૂકરેલ છે. સ્પેન્સર 'લેઝે - ફેર' (Laissez-faire) અથવા સ્વતંત્ર સિદ્ધાંતના હિમાયતી હતા. સ્પેન્સરે તેમનાં સમગ્ર બૌદ્ધિકજીવન દરમિયાન સમાજ - સામાજિક સંરચના અને સમાજશાસ્ત્રની ધારણા, સામાજિક કાર્યોનું વિવરણ, સામાજિક સંસ્થાઓ અને સામાજિક જીવનનાં વિભિન્ન પાસાઓની ચર્ચા કરી છે. સ્પેન્સરનાં અભ્યાસની રૂચિ અપ્રત્યક્ષરૂપથી સામાજિક પરિવર્તનની રહી પરંતુ સામાજિક પરિવર્તનને તેઓ સ્વાભાવિક અને પ્રાકૃતિક રીતે જોતા. એટલે કે ઉત્ક્રાંતિની પ્રક્રિયા દ્વારા સામાજિક પરિવર્તન પ્રાકૃતિક રીતે થયા કરે છે તેમાં કોઈપણ પ્રકારનાં હસ્તક્ષેપની જરૂર નથી. સ્પેન્સરનું માનવું હતું કે, સમાજશાસ્ત્રીઓ કે સમાજ સેવકોએ સમાજ સાથે કોઈપણ પ્રકારની છેડછાડ કરવી જોઈએ નહીં. ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં સામાજિક પરિવર્તન સ્વાભાવિક સ્વરૂપે થયા કરે છે. સ્પેન્સર સામાજિક જીવનમાં રાજયના હસ્તક્ષેપને પણ અવગણે છે. બીજી રીતે જોઈએ તો, 'યોગ્યત્તમનું અસ્તિત્વ' અને 'બિનહસ્તક્ષેપ'નો ખ્યાલ એકબીજા સાથે સંલગ્ન છે. જેનું બૌદ્ધિક સ્તર સામાન્ય કરતા ઉપર છે, જે સમય સાથે તાલમેલ કરી શકે છે, જે વિષમ પરિસ્થિતિઓમાં પોતાની જાતને ઢાળી શકે છે, જે પરિવર્તન પામતી વ્યવસ્થામાં પણ અનુકૂલન સાધી શકે છે, જે જીવન માટે પ્રયાસરત રહે છે અને યોગ્યતા કેળવી લે છે, તે ટકી રહે છે બાકી બધા સમાપ્ત થઈ જાય છે. આવી સામાન્ય ધારણા પર જ ભાર મૂકીએ તો સ્પેન્સરનાં મતે રાજયનો હસ્તક્ષેપ ઉત્ક્રાંતિક પ્રક્રિયામાં વિક્ષેપ ઉભો કરે છે. ટૂંકમાં સ્પેન્સરનો વિચાર સમાજ વ્યવસ્થાની સ્વાભાવિક અને પ્રાકૃતિક ઉત્ક્રાંત પામતી પ્રક્રિયામાં હસ્તક્ષેપ ઊભો કરવાનો નથી. સમાજશાસ્ત્રમાં સ્પેન્સરનું યોગદાન મહત્ત્વનું છે. તેમની પુસ્તક 'સ્ટડી ઓફ સોશ્યોલોજી'માં જણાવે છે કે, સમાજશાસ્ત્ર માનવ સમાજનું વર્ણન તેમજ તેના ઐતિહાસિક વિકાસની ચર્ચા કરે છે. ટર્નર જોનાથન, બીગ્લેય લીઓનાર્ડ અને ચાર્લ્સ પી. તેના પુસ્તક 'ધી ઇમરજન્સ ઓફ સોશ્યોલોજીકલ થીયરી'માં જણાવે છે કે, સ્પેન્સરની ધી સ્ટડી ઓફ સોશ્યોલોજીએ સમાજશાસ્ત્રના વિજ્ઞાન સામે પદ્ધતિશાસ્ત્રીય સમસ્યાની ચર્ચા કરે છે. સમાજશાસ્ત્રીય અભ્યાસની વસ્તુનિષ્ઠતા જળવાઈ રહે તે માટેની સ્પેન્સરે વિશદ ચર્ચા કરી છે. કારણ કે, સમાજ કે સામાજિક ઘટનાઓનો અભ્યાસ કરનાર સંશોધક મૂળભૂત રીતે તો તે સમાજનું અંગ છે જેથી સંશોધકનાં વ્યક્તિગત દૃષ્ટિકોણ કે વ્યક્તિલક્ષીતાનો પ્રવેશ શક્ય બને છે. સ્પેન્સરનાં વિચારોમાં વ્યક્તિવાદ અને વ્યક્તિગત સ્વતંત્રતા પણ કેન્દ્રસ્થાને છે. તેનું સીધું કારણ વ્યક્તિગત સ્વતંત્રતા વ્યક્તિને સંઘર્ષ કરવા, અનુકૂલન સાધવા અને ટકવા માટેનું ઉદ્દીપન પૂરું પાડે છે. જેનાથી સ્વાભાવિક ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં અડચણ ઊભી થતી નથી. આમ, તેમનું કેન્દ્રિય વિચારબિંદુ ઉત્ક્રાંતિનો સિદ્ધાંત છે. અહીં આપણે ઉત્ક્રાંતિનો સિદ્ધાંત સવિસ્તાર જોઈશું.

## 11.4 ઉત્ક્રાંતિનો સિદ્ધાંત

મૂળ લેટિન ભાષાનો શબ્દ 'Evolvere' માંથી અંગ્રેજી શબ્દ 'Evolution'નો ઉદ્ભવ થયો જેને આપણે ઉત્ક્રાંતિ કે ઉદવિકાસ કહીએ છીએ. મૂળભૂત રીતે ઉત્ક્રાંતિએ સમગ્ર જીવસૃષ્ટિનું વિભિન્ન તબક્કા કે સ્તરોમાં આવેલ પરિવર્તન છે. જો કે, સ્પેન્સરનું માનવું હતું કે, 'બ્રહ્માંડનાં દરેક તત્ત્વો એ પછી સજીવ હોય કે નિર્જીવ હોય, સામાજિક હોય કે બિનસામાજિક હોય તે બધા જ ઉત્ક્રાંતિના નિયમ ઉપર ચાલે છે. આ ઉત્ક્રાંતિનો નિયમ એ સંદર્ભમાં કે, પરિવર્તનની પ્રક્રિયા સાર્વત્રિક સમાન હોય છે માત્ર પરિવર્તન કે રૂપાંતરની તરાહોમાં ભિન્નતા હોય છે'. ઉત્ક્રાંતિનો મૂળ નિયમ વિભેદીકરણ અને એકીકરણ છે. ઉત્ક્રાંતિ એ સહજ અને શાશ્વતપ્રક્રિયા

છે. જ્યાં ગતિશીલતા છે ત્યાં ઉત્ક્રાંતિ છે. ચાર્લ્સ ડાર્વિનને જૈવિક ઉત્ક્રાંતિવાદનો જનક માનવામાં આવે છે. ડાર્વિને તેના પુસ્તક 'The origin of Species' (1859)માં જૈવિક ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો. તેમનું માનવું હતું કે, વિભિન્નીકરણની પ્રક્રિયા (Process of Differntiation) જૈવિક ઉત્ક્રાંતિનું મૂળ છે. જેમ જેમ પ્રાણીઓમાં ભિન્નતા (diffrtrntiation)નો વિકાસ થતો જશે તેમ તેમ ઉત્ક્રાંતિની આગળ વધતી પ્રક્રિયા અંતર્ગત જીવમાં જટિલતા વધતી જશે અને તેનું સ્વરૂપ સ્પષ્ટ થશે. એટલે કે, સરળતામાંથી જટિલતામાં તેમજ અસ્પષ્ટતામાંથી સ્પષ્ટતામાં પરિવર્તન પામવું. જેમ,કે એક બીજમાંથી વૃક્ષનો ઉદ્‌ભવ અને વિકાસ. ડાર્વિને આપેલાં પ્રસ્તુત જૈવિક ઉત્ક્રાંતિના સિદ્ધાંત બાદ સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્રમાં માનવસમાજની ઉત્ક્રાંતિના સંદર્ભમાં અભ્યાસો વધ્યા. હર્બટ સ્પેન્સર સિવાય હેન્રી મેઈન, હેનરી મોર્ગન, ઇ.બી.ટાયલર, જેમ્સ ફ્રેઝર, ફર્ગ્યુશન, ઓગસ્ટ કોમ્ટ, ફર્ડિનાન્ડ ટોનિઝ, સોરોકિન, લુઇસ મોર્ગન, સમફોર્ડ, દુર્ખિમ વગેરે માનસશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ ઉત્ક્રાંતિવાદનાં સમર્થકો છે.

જૈવિક ઉત્ક્રાંતિની માફક સમાજમાં પણ ઉત્ક્રાંતિ થાય છે તેવી ધારણા સૌપ્રથમ હર્બટ સ્પન્સરે રજૂ કરી. તે સંદર્ભમાં કહીએ તો સ્પેન્સરનાં સામાજિક ઉત્ક્રાંતિવાદ સિદ્ધાંતની રજૂઆત પાછળનો બૌધિક સ્ત્રોત ડાર્વિનનો જૈવિક ઉત્ક્રાંતિવાદ હતો તેમ કહી શકાય.અહીં તેમણે જૈવિક ઉત્ક્રાંતિ અને સામાજિક ઉત્ક્રાંતિમાં સમાનતાઓને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. સામાજિક ઉત્ક્રાંતિને સ્પેન્સર વિભેદીકરણ અને એકીકરણની પ્રક્રિયાનાં માધ્યમથી જુએ છે. ઉત્ક્રાંતિનાં કારણે સમાજનાં વિભિન્ન ભાગોની રચનાં અને કાર્યોમાં પરિવર્તન આવતું જાય છે. જેમ જેમ તેમાં વિસ્તાર અને વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ વિભેદીકરણ વધતું જાય છે, નવા સમૂહો જોડાતા જાય છે, સંરચના જટિલ બનતી જાય છે અને એકીકરણ વધતું જાય છે. સ્પેન્સર સામાજિક સંરચના અને કાર્યોના વિલેહીકરણને એકીકરણનું કારણ માને છે. સામાજિક સંકલન કે એકીકરણ એ આ વિભેદીકરણમાંથી ઉદ્‌ભવે છે. શરૂઆતી કક્ષાએ વિભિન્ન અંગોમાં સમાનતા હોય છે, પરંતુ જેમ જેમ તેનો વિકાસ અને વિસ્તાર થતો જાય તેમ તેમ તેમાંથી વિભેદીકરણ ઉદ્‌ભવે છે. જે સમાજને વધુને વધુ જટિલ બનાવે છે, આ જટિલતા જ એકરૂપતાનું નિર્માણ કરે છે તેનું કારણ વિભિન્ન અંગો વચ્ચે અંતર્નિભરતા પરસ્પરાવલંબન વધતું જાય છે. દેખીતી રીતે સામાજિક સંરચનાની જટિલતા વિકાસ અને વિભેદીકરણ દ્વારા વધે છે, પરંતુ કાર્યોની વિભિન્નતા એકરૂપતા અને અતંરનિર્ભરતામાં ફાળો આપે છે. સ્પેન્સર સામાજિક જટિલતાનાં આધારે સમજાવે છે. તેમનાં મતે પ્રારંભિક કાળમાં સમાજ સરળ હોય છે અને સમયાંતરે તેમાં જટિલતા વધતી જાય છે. આ જટિલતાને સ્વાભાવિક ઉત્ક્રાંતિક પ્રક્રિયા તરીકે જુએ છે. ટૂંકમાં, ઉત્ક્રાંતિ એ વિકાસ અને પરિવર્તનનું જ એક સ્વરૂપ છે.

સ્પેન્સરે ઉત્ક્રાંતિની પ્રકિયા માટે આદિમ સમાજથી ઔદ્યોગિક સમાજ તરફનાં રૂપાંતર દ્વારા સમજાવી છે. આદિમ સમાજ એ અતિ સરળ સમાજ હતો. ત્યારબાદ સાદો સમાજ વધુ સંકુલ બન્યો અને તેથી આરંભિક ઔદ્યોગિક સમાજ તેથી પણ વધુ બેગણો સંકુલ બન્યો અને તેથી પણ આગળ આધુનિક ઔદ્યોગિક સમાજ ત્રેવડો સંમિશ્રિત બન્યો. સરળતાથી જટિલતા તરફ જતો આ ઉત્ક્રાંતિનો ખ્યાલ રૈખિક ઉત્ક્રાંતિ તરીકે ઓળખાય છે. જેવી રીતે વ્યક્તિનું જીવન બાલ્યાકાળથી વૃદ્ધાવસ્થા તરફ આગળ વધે છે તેમ સમાજ પણ રૈખિક ઉત્ક્રાંતિ પામે છે.

### સામાજિક ઉત્ક્રાંતિના તબક્કાઓ

અગાઉ જોયું તેમ, સમાજ સરળ તબક્કામાંથી જટિલતા આગળ વધે છે. આ જટિલતા એ વિભેદીકરણનું પરિણામ છે.સ્પેન્સર સામાજિક વ્યવસ્થામાં વિભેદીકરણ અને વિકાસ થવા

માટેનાં નિયમનકારી (Regulatory), ઓપરેટિવ (Operative) અને વિતરણ (Distributive) એમ ત્રણ આધાર દર્શાવે છે. સમાજ પ્રાથમિક અવસ્થામાંથી વધુ સંકુલ અવસ્થામાં પહોંચે છે ત્યારે તેનું કારણ સમાજ વ્યવસ્થામાં વધતી જટિલતા છે. સ્પેન્સર શરૂઆતી કક્ષાએ સામાજિક ઉત્ક્રાંતિના પાંચ પાયાનાં તબક્કાઓ દર્શાવે છે. (1) સાદો સમાજ-વડપણ વિહોણો (Simple - Head Less) (2) સાદો સમાજ-વડપણવાળો (Simple With Head) (3) સંકુલ (Compound) (4) બેવડો સંકુલ (Double Compound) (5) ત્રેવડો સંકુલ (Trebly Compound). જોકે, વડપણ વિહોણો અને વડપણ વાળો એમ બંને તબક્કાને મિશ્ર કરીને એક જ તબક્કાની બે અવસ્થા તરીકે પણ જોઇ શકાય. એટલે કેટલાંક વિદ્વાનો સામાજિક ઉત્ક્રાંતિના ચાર તબક્કા તરીકેનું વિવરણ આપે છે. સાદો સમાજ પ્રમાણમાં શ્રસવિભાજનની જટિલતાથી મુક્ત છે, વડપણ વિહોણો પણ હોય છે અને જો હોય તો પ્રાસંગિક કે અસ્થિર વડપણવાળો હોય છે. બે કે તેથી વધુ સાદા સમૂહનાં સમુચ્ચયથી સંકુલ સમાજ બને છે. જેમાં સાદા પ્રકારનું શ્રમ વિભાજન, રહેઠાણની સ્થિરતા, અને કૃષિનો આધાર હોય છે. ત્યારબાદ સંકુલ સમાજોનાં સમુચ્ચયથી બેવડો સંમિશ્ર સમાજ અસ્તિત્વમાં આવે છે. જેમાં રાજકીય વ્યવસ્થા, કાયદો અને કાયદાકીય વ્યવસ્થા, ચોક્કસ નેતાગીરી, વિવિધ ક્ષેત્રમાં વિશિષ્ટતા વગેરે બાબતો બેવડા સંમિશ્ર સમાજમાં ઊભી થાય છે. અંતિમ તબકકો એટલે બેવડા સંમિશ્ર સમાજોનાં સમુચ્ચયથી ત્રેવડો સંમિશ્ર સમાજો ઉદ્ભવે છે અથવા તો એમ કહીએ કે અનેક સમૂહોનાં સંમિશ્રણથી સુસંસ્કૃત સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ થાય છે. જેમાં શ્રમવિભાજનની જટિલતા, વધુને વધુ વિશિષ્ટતા અને પરસ્પરાવલંબન જોવા મળે છે.

સ્પેન્સર તેની ઉત્ક્રાંતિની યોજના સમકક્ષ બે પ્રકારનાં સમાજની વિચારણા સ્પષ્ટ કરે છે. (1) લશ્કરી સમાજ અને (2) ઔદ્યોગિક સમાજ. અહીં આપણે લશ્કરી અને ઔદ્યોગિક સમાજની લાક્ષણિકતાઓ જોઈશું.

(1) **લશ્કરી સમાજ :** જ્યારે કોઈ સમાજ બાહ્ય શત્રુઓ સમક્ષ હોય છે ત્યારે તે સમાજ આંતરિક રીતે પ્રબળ લશ્કરી બની જાય છે. લશ્કરી પ્રકારની સામાજિક વ્યવસ્થા સામૂહિક રીતે આક્રમણકારી અને રક્ષણાત્મક કાર્યપદ્ધતિઓ અપનાવતી હોય છે. લશ્કરી સમાજ એ ફરજિયાત સહકારનું લક્ષણ ધરાવે છે. રાજ્યનું નિયંત્રણ સામાજિક નિયંત્રણની તરાહો,ઓછી કે નહીંવત ગતિશીલતા, વ્યક્તિગત સંપત્તિ ઉપરનું નિયંત્રણ, સાર્વજનિકતા અને ખાનગી સંગઠનો ઉપરનો પ્રતિબંધ, ખાનગી અને જાહેર જીવન વચ્ચે ગાઢ એકતાવાળું જીવન, સામાજિક સ્તરીકરણમાં ખુલ્લાપણાનો (openness) નો અભાવ, યુદ્ધ અને સંરક્ષણના રાજકીય રીતે સ્થાપિત લક્ષ્યો માટેનું સંકલન, રાજ્ય પ્રધાન સબંધો, માહિતીનો સ્ત્રોત પણ રાજ્યથી વ્યક્તિ તરફનો વગેરે લશ્કરી સમાજની લાક્ષણિકતાઓ છે.

**(2) ઔદ્યોગિક સમાજ :**

ઔદ્યોગિક સમાજમાં 'ઔદ્યોગિક' શબ્દ ઉદ્યોગો, ફેકટરીઝ કે માર્કેટ સંબંધિત બાબતોનો નિર્દેશ કરતો નથી, પરંતુ રાજ્યની સત્તાનું વિકેન્દ્રીકરણ, શ્રમનું વિભાજન અને સંરચનાની જટિલતા જેવી બાબતોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ છે. ઔદ્યોગિક સમાજ લશ્કરી સમાજ કરતા તદ્દ્ન વિરોધી લક્ષણો ધરાવે છે. મરજીયાત કે સ્વૈચ્છિક સબંધો એ ઔદ્યોગિક સમાજનું લક્ષણ છે. અહીં વૈયક્તિક તથા વૈયક્તિક અધિકારોનું મહત્ત્વ હોય છે, ખાનગી સંસ્થાઓનું અસ્તિત્વ હોય છે, મુક્ત વ્યાપારને મહત્ત્વ આપવામાં આવે છે. વ્યક્તિ ખાનગી સંપત્તિ પણ રાખી શકે છે, અર્થવ્યવસ્થાને સરકારનાં

રાજકીય નિયંત્રણથી અલગ પાડવામાં આવે છે, રાજ્યનું માળખું વિકેન્દ્રિત હોય છે, આવા સમાજોમાં સ્વૈચ્છિક રીતે સહકાર કે સહયોગ હોય છે તે ફરજિયાત નહીં, અહીં સંસ્થાઓ અને સંગઠનોનો સ્વતંત્ર રીતે વિકાસ થાય છે. સ્પેન્સરનાં આ મોડલને આધારે ઔદ્યોગિક મૂડીવાદી સમાજનું સ્વરૂપ 'ઔદ્યોગિક' પ્રકારનું છે.

## 11.5 સાંપ્રત સમાજશાસ્ત્રમાં મહત્ત્વ

સ્પેન્સર એ સમાજશાસ્ત્રના આદ્યસ્થાપકોમાંના એક છે. તેમનું સમાજશાસ્ત્રમાં યોગદાન નોંધનીય રહ્યું છે. સ્પેન્સર મૂળભૂત રીતે ઉત્ક્રાંતિવાદી વિચારક છે. તેના સંદર્ભમાં સ્વાભાવિક રીતે ચાલતી પરિવર્તનની પ્રક્રિયામાં મનુષ્યનાં હસ્તક્ષેપને સ્વીકારતા નથી તો સાથે સાથે માલ્થુસનાં વસ્તીનાં સિદ્ધાંતનાં સંદર્ભમાં પણ તેઓ હકારાત્મક અને આશાવાદી વિચાર ધરાવે છે. તેઓ ડાર્વિનનાં ઉત્ક્રાંતિનાં સિદ્ધાંતને અનુલક્ષીને 'યોગ્યત્તમનાં અસ્તિત્વ' અથવા 'યોગ્ય હોય તે ટકે' તે ખ્યાલમાં માનતા.તેઓ માનતા જે સ્વસ્થ છે, જેઓ વધુ બુદ્ધિશાળી છે તે ટકે છે અથવા તેઓ જીવવા માટે વધુ યોગ્ય છે. સ્પેન્સરનાં ઉત્ક્રાંતિવાદને 'સામાજિક ડાર્વિનવાદ' પણ કહેવામાં આવે છે. તેઓ સમાજશાસ્ત્રમાં સ્વતંત્ર પદ્ધતિઓનાં નિર્માણ દ્વારા અલગ જ પદ્ધતિશાસ્ત્રીય આધાર શિલાનાં નિર્માણમાં માનતા. તેઓ સમાજશાસ્ત્રની પદ્ધતિઓમાં અભ્યાસની વસ્તુનિષ્ઠતા ઉપર વધુ ભાર મૂકે છે. કારણ કે, તેમનું સ્પષ્ટ માનવું હતું કે, સમાજશાસ્ત્રીય અધ્યયન કરનાર સંશોધક તે જ સમાજ કે પરિસ્થિતિનું અંગ હોય છે ત્યારે તેમાં વસ્તુનિષ્ઠતા રહેવી મુશ્કેલ છે. સ્પેન્સરે જ્ઞાનનાં સમાજશાસ્ત્રમાં પણ પોતાનું પ્રદાન આપ્યું છે. હર્બટ સ્પેન્સર વ્યક્તિવાદનાં સમર્થક છે. ઓગસ્ટ કોમ્ટ અને સ્પેન્સરેનાં વિચારોમાં ભેદ છે કે, ઓગસ્ટ કોમ્ટ હકીકતને સમાજ આધિન તરીકે જુએ છે અને સ્પેન્સર સમાજનાં અસ્તિત્વ પાછળ વ્યક્તિને કારણ માને છે અથવા સમાજનું અસ્તિત્વ વ્યક્તિ માટે છે. સ્પેન્સરનાં વિચારો બિન હસ્તક્ષેપવાદી છે એટલે કે, સ્પેન્સર સામાજિક જીવનમાં રાજ્યનાં હસ્તક્ષેપની જરૂરિયાતને નકારે છે. તેઓ એવું માને છે કે, આયોજનો, વિકાસ, કલ્યાણકારી કાર્યો, વગેરે પ્રવૃત્તિ રાજ્યે બંધ કરવી જોઈએ. જો સમાજને લશ્કરવાદી થતો અટકાવવો હોય તો આ પ્રકારનો હસ્તક્ષેપ બંધ કરી દેવો જોઈએ. સ્પેન્સરનાં મત મુજબ વિક્ટોરિયન યુગનો 'લેઝે ફેર' (Laissez-Faire) એટલે કે ખુલ્લા મુકત બજારવાળો સમાજ સર્વ સમાજોમાં ટોચનાં સ્થાને હતો. મુક્ત વ્યાપાર, ખુલ્લા બજારો અને સરકારનો હસ્તક્ષેપ ન હોય તેવો સમાજનાં સ્પેન્સરનાં વિચારોમાં હવે સમાજ વૈજ્ઞાનિક વિચારકોના રસ- રૂચિ વધ્યા છે. ખાસ કરીને ત્યારથી જ્યારથી ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની નીતિએ જોર પકડ્યું છે. સ્પેન્સરનાં ઔદ્યોગિક સમાજનાં લક્ષણો ઉપર દૃષ્ટિ કરીએ તેમજ તેનાં રાજ્યનાં બિનહસ્તક્ષેપવાદી વિચારો ઉપર દૃષ્ટિ કરીએ તો સાંપ્રત સમયમાં સ્પેન્સરનાં વૈચારિક યોગદાનનું મહત્ત્વ ઘણું વધ્યું છે.

સ્પેન્સરનાં સમયમાં સંયુક્ત રાજ્ય અમેરિકા અને ઈંગ્લેન્ડમાં તેમનાં વિચારો ખૂબ લોકપ્રિય બન્યા. પરંતુ બીજા વિશ્વયુદ્ધ બાદની પરિસ્થિતિમાં અને સામ્યવાદી વિચારોની પકકડ મજબૂત થતાં સ્પેન્સરનાં વિચારોનો પ્રભાવ ધીમે ધીમે ઘટતો ચાલ્યો. જો કે, અગાઉ જોયું તેમ સાંપ્રત સમયમાં ફરીથી સમાજ વૈજ્ઞાનિક વિચારકો અને વિદ્વાનો માટે સ્પેન્સરનાં વિચારો મહત્ત્વ વધ્યુ છે. પ્રસ્તુત બાબતોને આધારે સ્પષ્ટ થાય છે કે, ઓગસ્ટ કોમ્ટ બાદ સમાજશાસ્ત્રનાં વિકાસમાં હર્બટ સ્પેન્સરનું યોગદાન મહત્ત્વનું છે.

## 11.6 સારાંશ

પ્રસ્તુત એકમાં આપણે હર્બટ સ્પેન્સરનાં સમગ્ર જીવનનું આલેખન કર્યું. તેઓ

સમાજશાસ્ત્ર વિષયનાં ઓગસ્ટ કોમ્ટ પછીનાં બીજા આદ્યસ્થાપક છે. પ્રસ્તુત એકમમાં આપણે સ્પેન્સરનાં કેન્દ્રવર્તી વિચારોની સમજૂતી આપી છે, જે નીચે મુજબનાં મુદ્દાઓ દ્વારા સમજાવ્યા છે.

- ઉત્ક્રાંતિનો સિદ્ધાંત
- સમાજોની ઉત્ક્રાંતિ, ઉત્ક્રાંતિનાં તબક્કાઓ જેમાં સાદામાંથી સંમિશ્ર અને ક્રમશઃ બેવડા સંમિશ્ર અને ત્રેવડા સંમિશ્ર તેમજ લશ્કરી અને ઔદ્યોગિક સમાજ અંતે હર્બટ સ્પેન્સરનાં વિચારોનું સમાજશાસ્ત્રમાં મહત્ત્વ અંગે ચર્ચા કરવામાં આવી.

## 11.7 ચાવીરૂપ શબ્દો

**ઉત્ક્રાંતિઃ** લાંબાગાળા દરમ્યાનનાં ધીમા પરિવર્તનની પ્રક્રિયા જેમાં સાદો એકકોષી જીવ, જેમ કે અમીબામાંથી બહુકોષીય જીવો વિકાસ પામ્યા.

**લઝે -ફેર :** 'લઝે ફેર' (Laissez-Faire) એટલે કે ખુલ્લા મુક્ત બજારવાળો સમાજ. મુક્ત વ્યાપાર, ખુલ્લા બજારો અને સરકારનો હસ્તક્ષેપ ના હોય તો તેવા સમાજમાં ટોચના સ્થાને હોય તેવો વિક્ટોરિયન યુગનો સમાજ.

**ગતિશીલ :** કોઈપણ જથ્થો, વસ્તુ કે બળ જે ગતિની અવસ્થામાં હોય અથવા તો ગતિમાંન હોય - તે સંદર્ભમાં તે સામાજિક પરિવર્તનનો નિર્દેશ કરે છે.

**ફરજિયાત સહકાર :** લોકો વચ્ચેનો એવો સહકાર જે સત્તાધારીઓ દ્વારા લોકો ઉપર ફરજિયાત રીતે લાદવામાં આવે છે. જેમ કે, લશ્કરી સમાજ.

**મરજીયાત કે સ્વૈચ્છિક સહકાર :** એટલે કે સહકાર માટે સમાજમાં લોકો ઉપર સત્તા દ્વારા કોઈપણ પ્રકારનું દબાણ લાવવામાં આવતું નથી. જેમ કે, ઔદ્યોગિક સમાજ.

## 11.8 એક લીટીમાં જવાબ આપો

1) હર્બટ સ્પેન્સરનો જન્મ કયાં અને ક્યારે થયો ?
2) હર્બટ સ્પેન્સરે કયાં જાણીતા અંગ્રેજી પ્રકાશનમાં સંપાદક તરીકે કામ શરૂ કર્યું ?
3) હર્બટ સ્પેન્સરનાં વિચારો અને લખાણો અને વિચારોનું કેન્દ્રબિંદુ કયું હતું ?
4) સ્પેન્સરે સામાજિક ઉત્ક્રાંતિનું કયા બે તબક્કાઓમાં વર્ગીકરણ કર્યું ?
5) લેઝે-ફેર એટલે શું ?
6) સ્પેન્સરનાં સામાજિક ઉત્ક્રાંતિવાદને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?
7) ડાર્વિને તેનાં કયા પુસ્તકમાં જૈવિક ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો ?
8) સ્પેન્સરનાં સામાજિક ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંત પાછળનો મુખ્ય સ્ત્રોત કયો હતો ?

## 11.9 તમારી પ્રગતિ ચકાસો

**1) સામાજિક ઉત્ક્રાંતિ અંગેના મુખ્ય વિચારો 7 લીટીમાં લખો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

2) ઔદ્યોગિક સમાજની મુખ્ય લાક્ષણિકતાઓ ત્રણ લીટીમાં જણાવો.

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

3) લશ્કરી સમાજની મુખ્ય લાક્ષણિકતાઓ ટૂંકમાં જણાવો.

......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................
......................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

## 11.10 સંદર્ભ ગ્રંથ


- ટર્નર જે. એચ, લિઆનાર્ડો બી. અને ચાર્લ્સ (2015) : 'ધી ઈમર્જસ ઓફ સોશ્યોલોજીકલ થીયરી', સીનેગેજ લર્નિંગ ઈન્ડિયા પ્રા.લી, નવી દિલ્હી.
- જયોર્જ આર (2016) : 'ક્લાસિકલ સોશ્યોલોજીકલ થીયરી', મેકગ્રો હિલ એજ્યુકેશન (ઈન્ડિયા) પ્રા.લી, નવી દિલ્હી.
- કોઝર લેવિસ. (1971) : 'માસ્ટર્સ ઓફ સોશ્યોલોજીકલ થોટ-ઈન્ડિયાઝ ઈન હિસ્ટોરીકલ એન્ડ સોશ્યલ કોન્ટેકસ્ટ', બીજી આવૃત્તિ, હરકોર્ટ બ્રાસ જોવોનો વિંચ આઇ.એન.બી, ન્યૂ યોર્ક.


## 11.11 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો

**1) સામાજિક ઉત્ક્રાંતિ અંગેના મુખ્ય વિચારો 7 લીટીમાં લખો.**

જૈવિક ઉત્ક્રાંતિની માફક સમાજમાં પણ ઉત્ક્રાંતિની થાય છે તેવી ધારણા સૌપ્રથમ હર્બટ સ્પેન્સરે રજૂ કરી. તે સામાજિક ઉત્ક્રાંતિને સ્પેન્સર વિભેદીકરણ અને એકીકરણની પ્રક્રિયાનાં માધ્યમથી જુએ છે. ઉત્ક્રાંતિના કારણે સમાજનાં વિભિન્ન ભાગોની રચનાં અને કાર્યોમાં પરિવર્તન આવતું જાય છે. જેમ જેમ તેમાં વિસ્તાર અને વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ વિભેદીકરણ વધતું જાય છે, નવા સમૂહો જોડાતા જાય છે, સંરચના જટિલ બનતી જાય છે અને એકીકરણ વધતું જાય છે. આમ વિભેદીકરણ અને એકીકરણની પ્રક્રિયાને આધારે સ્પેન્સર સામાજિક ઉત્ક્રાંતિને સમજાવે છે. પ્રારંભિક કાળમાં સમાજ સરળ હોય છે અને સમયાંતરે તેમાં જટિલતા વધતી જાય છે. આ જટિલતાને સ્વાભાવિક ઉત્ક્રાંતિક પ્રક્રિયા તરીકે જુએ છે. ટૂંકમાં, ઉત્ક્રાંતિ એ વિકાસ અને પરિવર્તનનું જ એક સ્વરૂપ છે.

**2) ઔદ્યોગિક સમાજની મુખ્ય લાક્ષણિકતાઓ ત્રણ લીટીમાં જણાવો.**

ઔદ્યોગિક સમાજનાં મુખ્ય લક્ષણોમાં વૈયક્તિક અધિકારોનું મહત્ત્વ, ખાનગી સંસ્થાઓનું અસ્તિત્વ અને મુક્ત વ્યાપારને મહત્ત્વ આપવામાં આવે છે. ઔદ્યોગિક સમાજની અર્થવ્યવસ્થાને સરકારનાં રાજકીય નિયંત્રણથી અલગ પાડવામાં આવે છે તેમજ રાજ્યનું

માળખું વિકેન્દ્રિત હોય છે. અહીં સંસ્થાઓ અને સંગઠનોનો સ્વતંત્ર રીતે વિકાસ થાય છે.

**3) લશ્કરી સમાજની મુખ્ય લાક્ષણિકતાઓ ટૂંકમાં જણાવો.**

લશ્કરી પ્રકારની સામાજિક વ્યવસ્થા સામૂહિક રીતે આક્રમણકારી અને રક્ષણાત્મક કાર્યપદ્ધતિઓ અપનાવતી હોય છે. લશ્કરી સમાજ એ ફરજિયાત સહકારનું લક્ષણ ધરાવે છે. રાજ્યનું નિયંત્રણ, સત્તા અને સામાજિક નિયંત્રણની તરાહો, ઓછી કે નહીવત ગતિશીલતા, વ્યક્તિગત સંપત્તિ ઉપરનું નિયંત્રણ, સાર્વજનિકતા અને ખાનગી સંગઠનો ઉપરનો પ્રતિબંધ, ખાનગી અને જાહેર જીવન વચ્ચે ગાઢ એકતાવાળું જીવન, સામાજિક સ્તરીકરણમાં ખુલ્લાપણનો (openness)નો અભાવ, યુદ્ધ અને સંરક્ષણના રાજકીય રીતે સ્થાપિત લક્ષ્યો માટેનું સંકલન, રાજ્ય પ્રધાન સબંધો, માહિતીનો સ્ત્રોત પણ રાજ્યથી વ્યક્તિ તરફનો વગેરે લશ્કરી સમાજની લાક્ષણિકતાઓ છે.

**એક લીટીમાં જવાબ આપો**

1) જવાબ : 27 એપ્રિલ, 1820નાં રોજ ઇંગ્લેન્ડનાં ડર્બીમાં થયો.

2) જવાબ : 'ઇકોનોમિસ્ટ' નામનાં પ્રકાશનમાં સંપાદક તરીકે કાર્ય કર્યું.

3) જવાબ : 'ઉત્ક્રાંતિ' એ સ્પેન્સરનાં લખાણોનું કેન્દ્રબિંદુ હતું.

4) જવાબ : સ્પેન્સરે સામાજિક ઉત્ક્રાંતિનું લશ્કરી અને ઔદ્યોગિક સમાજ એમ બે તબક્કાઓમાં વર્ગીકરણ કર્યું ?

5) જવાબ : લેઝે-ફેર એટલે ખુલ્લા અને મુક્ત બજારવાળો સમાજ.

6) જવાબ : સ્પેન્સરનાં સામાજિક ઉત્ક્રાંતિવાદને સામાજિક ડાર્વિનવાદ તરીકે પણ ઓળખવામાં આવે છે.

7) જવાબ : ધી ઓરીજીન ઓફ સ્પીસીઝ (The origin of species) માં જૈવિક ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો.

8) જવાબ : ડાર્વિનનો 'જૈવિક ઉત્ક્રાંતિવાદ'નો સિદ્ધાંત સ્પેન્સરનાં સામાજિક ઉત્ક્રાંતિવાદનાં સિદ્ધાંત પાછળનો મુખ્ય બૌદ્ધિક સ્ત્રોત હતો.

❖ ❖ ❖

એકમ 12

# રોબર્ટ કિંગ મર્ટન

-: રૂપરેખા :-


12.0 ઉદ્દેશો

12.1 રોબર્ટ કિંગ મર્ટનનું લેખન કાર્ય

12.2 રોબર્ટ કે.મર્ટનના 'કાર્ય' અંગેના વિચારો

12.3 'વિકાર્ય'નો અર્થ

12.4 'કાર્ય' અને 'વિકાર્ય'ના ખ્યાલોની સાપેક્ષતા

12.5 પ્રગટ અને અપ્રગટ કાર્ય (પ્રછન્ન કાર્ય): (Manifest and Latent Function)

12.5. 'પ્રગટ' અને 'અપ્રગટ કાર્ય' (પ્રછન્ન કાર્ય)ની સાપેક્ષતા : (Relativity of Manifest and latent Function)

12.6 'એનોમી'નો સિદ્ધાંત

12.7 સંદર્ભજૂથનો સિદ્ધાંતઃ

12.8 તમારી પ્રગતિ ચકાસો

12.9 સંદર્ભ સૂચિ

12.10 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો


## 12.0 ઉદ્દેશો

વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- રોબર્ટ કિંગ મર્ટનનો જીવન પરિચય સમજી શકશો.
- રોબર્ટ કિંગ મર્ટનનાં 'કાર્ય'ની વિભાવના સમજી શકશો.
- કાર્ય અને વિકાર્યનો ખ્યાલ સમજી શકશો.
- પ્રગટ અને અપ્રગટ કાર્યની વિભાવના સમજી શકશો.

## 12.1 રોબર્ટ કિંગ મર્ટનનું લેખન કાર્યઃ

**પરિચયઃ**

રોબર્ટ કિંગ મર્ટનનો જન્મ 4-જુલાઈ, 1910ના રોજ અમેરિકાના ફિલાડેલ્ફિયા શહેરમાં થયો હતો. તેમના માતા-પિતા પૂર્વ યુરોપમાથી સ્થળાંતર કરીને અમેરિકામાં વસવાટ કરતાં હતા. તેમના પિતા સુથારી કામ તથા ટ્રકચાલકનું કામ કરીને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવતા હતા.

રોબર્ટ કિંગ મર્ટનનું બાળપણ દક્ષિણ ફિલાડેલ્ફિયા શહેરના ગંદા વસવાટમાં વીત્યું હતું. બાળપણમાં તેઓ ખૂબ જ તોફાની અને આઠ વર્ષની ઉંમરે તેઓ પોતાના વિસ્તારમાં આવેલી લાયબ્રેરીમાં નિયમિત મુલાકાત લેતા અને વિવિધ વિષયોના પુસ્તકો વાંચતા હતા તે સમયે તેમને જીવન ચરિત્રો વાંચવાનો ખૂબજ શોખ હતો.

1927માં હાઈસ્કૂલની પરીક્ષા પાસ કરી શિષ્યવૃત્તિ મેળવી તેઓ ટેમ્પલ યુનિવર્સિટીમાં દાખલ થયા. ખૂબ જ ટૂંકા સમયમાં તેમણે એક તેજસ્વી વિદ્યાર્થી તરીકેની ખ્યાતિ મેળવી તેમને દર્શનશાસ્ત્રમાં વિશેષ રસ હતો. અભ્યાસ દરમિયાન તેઓ ટેમ્પલ યુનિવર્સિટીના જ્યોર્જ ઈ. સિમ્પસન નામના સમાજશાસ્ત્રના અધ્યાપકના સંપર્કમાં આવ્યા. સમાજશાસ્ત્રના યુવાન અને ઉત્સાહી અધ્યાપકે રોબર્ટ કિંગ મર્ટનમાં સમાજશાસ્ત્ર વિષય પ્રત્યે જ નહિ પરંતુ સમાજના નૈતિક મૂલ્યોથી પર એવા વાસ્તવદર્શી અભ્યાસ પ્રત્યે રસ જાગૃત કર્યો તેના પરિણામ સ્વરૂપે દર્શનશાસ્ત્રને તિલાજંલિ આપી. સમાજશાસ્ત્ર વિષયનો ઊંડો અભ્યાસ કર્યો ટૂંક સમયમાં જ તેઓ તેમના અધ્યાપક જ્યોર્જ ઈ સિમ્પસનના પ્રિય વિદ્યાર્થી બન્યા.

ટેમ્પલ યુનિવર્સિટીમાંથી 1931માં બી.એ.ની પદવી (ડિગ્રી) મેળવી ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ મેળવી સમાજશાસ્ત્ર વિષયમાં અનુસ્નાતકની પદવી (ડિગ્રી) મેળવવા માટે અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં જોડાયા ત્યા તેમણે ટાલકોટ પારસન્સ, જ્યોર્જ સાર્ટન, પીતીરીમ સોરોકીન અને એલ જે હેન્ડરસન જેવા તેજસ્વી વિદ્વાનો પાસે સમાજશાસ્ત્રનો અભ્યાસ કરવાની અમૂલ્ય તક મળી તેઓએ 1932માં એમ.એ.ની પદવી (ડિગ્રી) મેળવી તે જ યુનિવર્સિટીમાંથી તેઓએ પીએચ. ડી.ની પદવી (ડિગ્રી) મેળવી.

રૉબર્ટ કિંગ મર્ટનની વ્યાવસાયિક કારકિર્દી એક શિક્ષક તરીકેની રહી છે 1934માં તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાં જ સમાજશાસ્ત્ર વષયના અસિસ્ટન્ટ અને ટ્યૂટર તરીકેની નિમણૂક કરવામા અવી ત્યારથી તેઓને સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપક તરીકેની કારકિર્દી શરૂ થઈ ત્યાર પછી 1930માં તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાં જ ઇન્સ્ટ્રક્ટર તરીકે નિમવામાં આવ્યા ત્યાંથી તેઓ 1939 ટ્યુલેન યુનિવર્સિટીમાં એસોસિએટ પ્રોફેસર તરીકે ગયા અને ત્યાં જ તેઓ 1940માં પ્રોફેસર તથા સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તરીકે નિમાયા 1941માં તેમને કોલમ્બિયા યુનિવર્સિટી તરફથી સમાજશાસ્ત્ર વિભાગના આ સિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાવાનું નિમંત્રણ મળ્યું. ત્યા તેઆ 944માં એસોસિએટ પ્રોફેસર બન્યા અને 1947માં પ્રોકેસર તરીકે નિમાયા.

સમાજશાસ્ત્રની વિકાસયાત્રામાં તેમનું યોગદાન અમૂલ્ય છે. આધુનિક સમાજશાસ્ત્ર વિકસી રહેલા રચનાત્મક કાર્યવાદી અભિગમમાં તેમના વિચારો મહત્ત્વના રહ્યા છે તેમના લેખન કાર્યનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબનો છે.

### 12.1.1 રોબર્ટ કિંગ મર્ટનનું લેખન કાર્ય :

રોબર્ટ કિંગ મર્ટન જયારે અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યા હતા, ત્યારે તેમના અધ્યાપકોએ લેખો લખવાનું સૂચન કર્યું, અને આ લેખો જુદા-જુદા સામયિકોમાં પ્રકાશિત કરવા માટે મોકલવાનું સૂચન કર્યું. અધ્યાપકોના આવા પ્રોત્સાહનથી પ્રેરાઈને રોબર્ટ કિંગ મર્ટને લખેલા લેખો પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત થવા લાગ્યા. તેનાથી સમાજશાસ્ત્રના સંશોધકો અને અભ્યાસુઓને તેમની તેજસ્વિતાનો પરિચય થવા લાગ્યો.

1938માં American Sociological Rivew માં પ્રકાશિત થયેલ લેખ 'Social Structure and Anomie' થી તેમણે ખૂબ જ પ્રસિદ્ધિ મળી. આ લેખ રૉબર્ટ કિંગ મર્ટનના સૌથી વધુ ચર્ચાયેલા લેખોમાંનો એક લેખ છે. તેમાં તેમણે વર્ણવેલ વિચલિત વર્તનના સિદ્ધાંતે સમાજશાસ્ત્રીઓમાં જીવંત ચર્ચા ઉત્પન્ન કરી હજુ આજે પણ આ ક્ષેત્રમાં થતા સંશોધનો અને સિદ્ધાંતો વિકસાવવા માટે તે લેખ પ્રેરકબળ પૂરું પડે છે. અત્યાર સુધી લેખક સહલેખક અને સંપાદક તરીકે રૉબર્ટ કિંગ મર્ટનનું નામ 15 પુસ્તકો અને 125 જેટલા

લેખોમાં લખાઈ ચૂક્યું છે. જેમાંના કેટલાંક અગત્યના પુસ્તકો નીચે મુજબ છે.

નીચેના પુસ્તકો તેમણે સ્વતંત્ર રીતે લખેલા છે

1. Science, Technology and Society in the Seventeenth Century England (1938)
2. Social Theory and Social Structure (1949, 1957, 1968)
3. On the Shoulders of Giants (1965)

નીચેના પુસ્તકો તેમણે અન્ય લેખકો સાથે લખેલાં છે

4. Mass Persuasion (1946)
5. The Focused Interview (1956)
6. Freedom of Read (1957)

નીચેના ગ્રંથો અન્ય વિદ્વાનોના સહયોગથી સંપાદિત થયાં છે.

7. Continuities in Social Research: Studies in the Scope and Methods of the American Soldier (1950)
8. Secial Policy and Social Research in Housing (1951)
9. Reader in Bureaucracy (1952)
10. The Student Physician: Introductory Studies in the Sociology of Medical Education (1957)
11. Sociology Today: Problem and Prospects (1959)
12. Contemporary Social Problems (1961, 1966 & 1970)

## 12.2 રૉબર્ટ કે. મર્ટનના 'કાર્ય' અંગેના વિચારોઃ

વૈજ્ઞાનિક વિશ્લેષણમાં શબ્દના અર્થની એકસૂત્રતા જળવાય તે આવશ્યક છે. જો એક શબ્દનો અર્થ વિભિન્ન રીતે થાય કે વિભિન્ન શબ્દોનો અર્થ એક જ થાય તો વૈજ્ઞાનિક જ્ઞાનના સંવાહનમાં ગૂંચવાડો ઊભો થાય છે. એટલું જ નહીં પરતું વૈજ્ઞાનિક જ્ઞાનના વિકાસમાં અવરોધ ઉત્પન્ન થાય છે માટે પ્રત્યેક વિજ્ઞાન માટે ખ્યાલાત્મક સ્પષ્ટતા જરૂરી બને છે. રોબર્ટ કે. મર્ટનનો 'કાર્ય' અંગેનો મૂળ વિચાર કાર્યાત્મક વિશ્લેષણમાં રહેલો છે.

સમાજશાસ્ત્રમાં 'કાર્ય'ના ખ્યાલનો ઉપયોગ ખૂબ જ મોડે શરૂ થયો. સૌ પ્રથમ સામાજિક માનવશાસ્ત્રમાં રેડક્લિફ બ્રાઉન, મેલેનેવેસ્કીએ 19મી સદીની શરૂઆતમાં અલગ-અલગ કાર્ય કર્યું. રેડક્લિફ બ્રાઉન સામાજિક રચનાતંત્રને પ્રાધાન્ય આપે છે જયારે મોલિનોવેસ્કી 'કાર્ય'ને વધુ મહત્ત્વનું ગણે છે વર્તમાન સમયમાં સમાજશાસ્ત્રમાં આ ખ્યાલોનો બહોળો ઉપયોગ થવા લાગ્યો છે. ખરેખર સામાજિક રચનાતંત્રને સમજવા માટે 'કાર્ય'ને સમજવું ખૂબ જ જરૂરી બને છે. સમાજશાસ્ત્રમાં રોબર્ટ કે મર્ટને સામાજિક રચનાતંત્ર અને 'કાર્ય'નું વિસ્તારપૂર્વક મૂલ્યાંકન કર્યું છે. 'કાર્ય'નો અર્થ અને વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

### 12.2.1 'કાર્ય'નો અર્થ અને વ્યાખ્યાઓ (Meaning and Definition of Function)

'કાર્ય'નો ખ્યાલ સમાજશાસ્ત્રમાં ખૂબ જ મહત્ત્વનો છે સામાન્ય રીતે 'કાર્ય'નો અર્થ સમાજશાસ્ત્રમાં અનેક સ્વરૂપમાં કરવામાં અવે છે. રૉબર્ટ કે મર્ટન 'કાર્ય'નો ખ્યાલ સમજાવતાં નોધે છે કે, 'Functions are those observed consequences which make for the adaptation or adjustment of a given system.' એટલે કે જે તે સામાજિક વ્યવસ્થાના અનુકૂલનમાં ફાળો આપતાં વસ્તુલક્ષી પરિણામોને કાર્યો કહેવાય. કાર્ય એ આત્મલક્ષી ખ્યાલ નથી પણ વસ્તુલક્ષી ખ્યાલ છે. 'કાર્ય'એ કોઈ વ્યક્તિના અંગત હેતુ, ધ્યેય કે પ્રેરકો ઉપર આધારિત નથી પરંતુ સમગ્ર સામાજિક વ્યવસ્થા કે જૂથના સભ્યો વચ્ચેની આંતરક્રિયાથી અનુકૂલનમાં ફાળો આપતા જે પરિણામો આવે છે તેને 'કાર્યો' કહેવાય. આવા વસ્તુલક્ષી પરિણામો સામાજિક વ્યવસ્થાની અનેક જરૂરિયાતો સતોષે છે જેમકે, અનુકૂલન, ધ્યેય પ્રાપ્તિ, સુગ્રથન અને તંગદિલી નિવારણ.

લગ્નનો વિચાર કરીએ તો, લગ્નગ્રંથીથી જોડાનાર બે વ્યક્તિઓના અંગત હેતુઓ પ્રાપ્ત કરવા માટે લગ્ન કરે છે જેમકે, જાતિયવૃત્તિનો સંતોષ, સામાજિક પ્રતિષ્ઠા, સહવાસની જરૂરિયાત, સંતાન પ્રાપ્તિ અને દહેજ મેળવવું વગેરે આ બધા લગ્નના આત્મલક્ષી પરિણામો છે. જેને 'કાર્ય' કહી શકાય નહિ પરંતુ લગ્ન દ્વારા સંતાન પ્રાપ્તિ થાય અને તેના દ્વારા સમાજનુ સાતત્ય જળવાઈ રહે તે લગ્નનું વસ્તુલક્ષી પરિણામ 'કાર્ય' કહેવાય. 'કાર્ય' રચનાતંત્રના જુદા-જુદા તત્ત્વો વચ્ચેના પારસ્પરિક સંબંધોનું ગત્યાત્મક પાસું છે.

ધોરણો, મૂલ્યો, ભૂમિકાઓ અને ઉપજૂથો વગેરે ક્રિયાશીલ બનતા તેના કેટલાક હકારાત્મક સ્વરૂપના વસ્તુલક્ષી પરિણામો આવે છે જેનું આપને નિરીક્ષણ કરી શકીએ છીએ તેથી નિરીક્ષણ કરી શકાય તેવા વસ્તુલક્ષી પરિણામોને 'કાર્ય' કહેવાય.

કોઈપણ પરિણામ 'કાર્ય' છે કે નહિ તેના મુખ્ય ત્રણ માપંદડો છે

1. પરિણામોનું નિરીક્ષણ થઈ શકે છે કે નહિ ?
2. પરિણામ વસ્તુલક્ષી સ્વરૂપનું છે કે નહિ ?
3. પરિણામ સામાજિક વ્યવસ્થાની જરૂરિયાતો પૂરી કરવામાં ફાળો આપે છે કે નહિ ?

કોઈપણ પરિણામ આ ત્રણ માપદંડો ધરાવતું હોય તો તેને સમાજશાસ્ત્રીય પરિભાષામાં 'કાર્ય' કહેવાય.

રૉબર્ટ કે.મર્ટને 'કાર્ય' શબ્દના સંદર્ભમાં નીચે મુજબના અર્થો દર્શાવ્યા છે.

1. સામાન્ય રીતે દિવાળી કે દશેરાના ઉત્સવો આનંદ ઉલ્લાસથી ઉજવવામાં આવે છે.
2. સામાજિક અને આર્થિક વિશ્લેષણમાં કાર્યનો અર્થ વ્યવસાયિક ઘટનાઓના સંદર્ભમાં કરવામાં આવે છે.

3, 'કાર્ય' સંપાદનના સ્વરૂપમાં પણ ઉપયોગમાં લેવામાં આવે છે.

4. ગણિતશાસ્ત્રમાં 'કાર્ય'નો જે અર્થ કરવામાં આવે છે તેવા જ અર્થમાં સમાજશાસ્ત્રમાં પણ કરવામાં આવે છે. જેમ કે, ઘટના 'ક' (છૂટાછેડાનો દર)એ 'કાર્ય' છે. ઘટના 'ખ' (આર્થિક સ્થિતિ) છૂટાછેડાનો દર ઘટવો કે વધવો એ આર્થિક સ્થિતિનું પરિણામ છે.

5. માનવશાસ્ત્રમાં 'કાર્ય'ને એ જ સ્વરૂપમાં દર્શાવ્યું છે. કે જે સ્વરૂપમાં જીવવિજ્ઞાનમાં બતાવ્યું છે.

સમાજશાસ્ત્રીઓએ સામાજિક રચનાતંત્રની પરિભાષાના સંદર્ભમાં કેટલાંક વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

જહોનસનના મતે 'જો કોઈ સામાજિક રચના, ઉપજૂથો, ભૂમિકા, સામાજિક માન્યતાઓ, સાંસ્કૃતિક મૂલ્યો, સામાજિક પ્રણાલિકા અને ઉપપ્રણાલિકાની એક અથવા વધારે સામાજિક જરૂરિયાતોની પરિપૂર્તિ કરવામાં ફાળો આપે તે 'કાર્ય' છે.'

રૉબર્ટ કે.મર્ટનના મત મુજબ. 'જે તે સામાજિક વ્યવસ્થાના અનુકૂલનમાં ફાળો આપતા વસ્તુલક્ષી પરિણામોને કાર્યો કહેવાય.'

જહોનસન અને રોબર્ટ કે મર્ટનની વ્યાખ્યાઓનો સારાંશ એ છે, સંસ્કૃતિ, સમાજ અને તેના અંગોના એ કાર્યો છે કે જે સમાજ વ્યવસ્થાની અનુકૂલનતા, સુગ્રથિતતાને અને સમાયોજનમાં સહાયક બની સામાજિક જરૂરિયાતોની પરિપૂર્તિ કરે તે 'કાર્ય' કહેવાય.

### 12.2.2 'કાર્ય'ના લક્ષણોઃ (Characteristics of Function)

1. કાર્યાત્મક એકતા (Function Unity)
2. કાર્યાત્મક સાર્વભૌમિકતા (Functional Universality)
3. કાર્યાત્મક અનિવાર્યતા (Functional Indispensability)
4. કાર્ય, અકાર્ય અને વિકાર્ય (Functional Non-Function and Dysfunction)
5. પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ કાર્ય (Manifest and Latent Functions)
6. અનુકૂલનક્ષમતા અને ગોઠવણ (સમાયોજન) (Adaptability and Adjustment)
7. સમાજ દ્વારા સ્વીકૃત (Accepted by the Society)
8. જરૂરિયાતોની પરિપૂર્તિ (Fulfil Needs)
9. કાર્યાત્મક વિકલ્પ (Functional Substitutes)
10. અન્ય લક્ષણો (Other Characteristics)

## 12.3 'વિકાર્ય'નો અર્થઃ (Meaning of Function)

'વિકાર્ય'નો ખ્યાલ એ 'કાર્ય'ના ખ્યાલથી તદ્દન વિરુદ્ધનો છે. 'વિકાર્ય'એ સામાજિક વ્યવસ્થાની જરૂરિયાતો પૂરી પાડવામાં કે અનુકૂલન સાધવામાં અવરોધ ઉભું કરનારું વસ્તુલક્ષી પરિણામ છે.

રૉબર્ટ કે. મર્ટન કહે છે કે. 'Dysfunctions are those observed consequences which lessen the adaptation or adjustment of a given system'. એટલે કે જે તે સામાજિક વ્યવસ્થા અનુકૂલનમાં ધટાડો કરતા વસ્તુલક્ષી પરિણામોને 'વિકાર્યો' કહેવાય દા.ત. વિદ્યાર્થી આંદોલન એ શિક્ષણનું ધ્યેય સિદ્ધ કરવમાં અવરોધ પેદા કરતું હોઈ તે વિકાર્યાત્મક છે તેમ કહી શકાય.

## 12.4 'કાર્ય' અને 'વિકાર્ય'ના ખ્યાલોની સાપેક્ષતાઃ

સામાજિક રચનાતંત્રના કોઈપણ પાસાંઓનું, સામાજિક પ્રક્રિયાઓનું, સંસ્થાઓનું, સંગઠનોનું અને સામજિક ક્રિયાઓનું કાર્યાત્મક વિશ્લેષણ કરતી વખતે 'કાર્ય' અને 'વિકાર્ય'નો વિચાર જે તે સામાજિક વ્યવસ્થાની પ્રવર્તમાન સામાજિક જરૂરિયાતના સંદર્ભમાં કરવાનો છે.

'કાર્ય' અને 'વિકાર્ય'નો ખ્યાલ સાપેક્ષ છે. નિરીક્ષણ કરનાર વ્યક્તિ કોઈ વસ્તુલક્ષી પરિણામને કેવુ ગણે છે તેના ઉપર તેનો મુખ્ય અધાર છે. પરંતુ ખરેખર તો તેનો જે તે સામાજિક વ્યવસ્થાની જરૂરિયાતોના સંદર્ભમાં જ તેનો વિચાર કરવાનો છે. દા.ત. બ્રિટિશ શાસનકાળ દરમિયાન ભારતમાં વિકસેલી આઝાદીની લડત બ્રિટિશ શાસકો માટે વિકાર્યાત્મક હતી. કારણ કે તે બ્રિટિશ શાસનના સાતત્ય માટે અવરોધક હતી. પરંતુ આઝાદીની લડતએ ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ માટે કાર્યાત્મક હતી. કારણ કે તે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના અને સમગ્ર ભારતીય સમાજ માટે સ્વતંત્ર પ્રાપ્તિ અને રાજકીય સુધારણા જેવી જરૂરિયાતો માટે સહાયક હતી.

## 12.5 'પ્રગટ' અને 'અપ્રગટ કાર્ય' (પ્રછન્ન કાર્ય): (Manifest and Latent Function)

કેટલીક રચના, ધોરણો, મૂલ્યો, નીતિ અને કાર્યક્રમો સમાજ વ્યવસ્થામાં અમુક ચોક્કસ પરિણામો લાવવાનું ધ્યેય ધરાવતા હોય છે. આવા સહેતુક પરિણામોને 'પ્રગટ કાર્યો' કહેવાય પરંતુ સહેતુક પરિણામોની સાથો-સાથ કેટલાક અણધાર્યા પરિણામો આવતા હોય છે તેવા પરિણામોને સમાજશાસ્ત્રીય પરિભાષામાં 'અપ્રગટ કાર્યો' કહેવાય. દા.ત. વિકસતા દેશોમાં આયોજીત સામાજિક પરિવર્તનના પ્રયાસોના પરિણામે ગરીબી, બેકારી, મોંધવારી અને અસમાનતા જેવા અણધાર્યા પરિણામો આવે તેમને 'અપ્રગટ કાર્યો' કહેવાય.

રોબર્ટ કે. મર્ટનના કાર્યાત્મક વિશ્લેષણમાં 'કાર્ય' અને 'વિકાર્ય'ના ખ્યાલો ઉપરાંત 'પ્રગટ' અને 'અપ્રગટ કાર્ય' (પ્રછન્ન કાર્ય) પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે.

### 12.5.1 'પ્રગટ કાર્ય'નો અર્થઃ (Meaning of Manifest Function)

જે વસ્તુલક્ષી પરિણામો સમાજ વ્યવસ્થાનું અનુકૂલન સાધવા માટે, ધ્યેય પ્રાપ્તિ માટે સુગ્રથનમાં અને તંગદિલી નિવારણમાં ફાળો આપતા હોય અને સમાજે આવા પરિણામોને માન્ય કર્યા હોય તેવા વસ્તુલક્ષી પરિણામોને 'પ્રગટ કાર્ય' કહેવાય.

### 12.5.2 'પ્રગટ કાર્ય'ની લાક્ષણિકતાઓ: (Characteristics of Manifest Function)

'પ્રગટ કાર્ય'ની મુખ્ય ત્રણ લાક્ષણિકતાઓ છે.

1. સમાજવ્યવસ્થાના અનુકૂલનમાં ફાળો આપતાં વસ્તુલક્ષી પરિણામોને 'પ્રગટ કાર્યો' કહેવાય.
2. સામાજિક વ્યવસ્થાના સભ્ય જે પરિણામો લાવવાનો હેતુ ધરાવતા હોય તેવા વસ્તુલક્ષી પરિણામોને 'પ્રગટ કાર્યો' કહેવાય.
3. સામજિક વ્યવસ્થાના સભ્યોમાં જે પરિણામો સ્વીકાર્ય હોય તેવા વસ્તુલક્ષી પરિણામોને 'પ્રગટ કાર્યો' કહેવાય.
4. દા.ત. ભારતના વાહનવ્યવહારના નિયમોના હેતુઓમાં ટ્રાફિક વ્યવસ્થાનું નિયમન કરવું અને અકસ્માતોની સંભાવના ઘટાડવી તે મુખ્ય બાબત છે આ હેતુઓની દિશામાં જે વસ્તુલક્ષી પરિણામો આવે તે તેના 'પ્રગટ કાર્યો' કહેવાય.

### 12.5.3 'અપ્રગટ કાર્ય'નો અર્થ: (Meaning of Latent Function)

'અપ્રગટ કાર્યો' એ 'પ્રગટ કાર્યો'થી તદ્દન વિરુદ્ધનો ખ્યાલ છે. પ્રગટ કાર્યો એ હેતુપૂર્વકના અને સમાજ સ્વીકૃત વસ્તુલક્ષી પરિણામો છે જયારે 'અપ્રગટ કાર્યો'એ હેતુપૂર્વકના અને સમાજ સ્વીકૃત હોતા નથી તેવા વસ્તુલક્ષી પરિણામો 'અપ્રગટ કર્યો કહેવાય. દા.ત. કૉલેજમાં વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે પ્રવેશ મેળવે છે તે પ્રગટ કાર્ય કહેવાય પરંતુ ઉચ્ચ શિક્ષણ મેળવવાની સાથો-સાથ પ્રેમમાં પડી જવું. લડાઈ ઝગડા કરવા કે આત્મહત્યા કરવી વગેરે 'અપ્રગટ કાર્યો' કહેવાય.

### 1.2.5.4 'અપ્રગટ કાર્ય'ની લાક્ષણિકતાઓ: (Characteristics of Latent Function)

'અપ્રગટ કાર્ય'ની મુખ્ય ત્રણ લાક્ષણિકતાઓ છે.

કોઈપણ રચના, સંગઠન કે સંસ્થાના કેટલાંક અણધાર્યા પરિણામો એવા છે કે, જે સમાજ વ્યવસ્થાનું અનુકૂલન સાધવામાં કે જરૂરીયાતોની પરિપૂર્તિ કરવામાં સહાયક બનતા હોય તેવા અણધાર્યા પરિણામો એ 'અપ્રગટ કાર્યો' છે.

1. કેટલાંક અણધાર્યા પરિણામો એવા હોય છે કે, જે સમાજ વ્યવસ્થાનું અનુકૂલન સાધવામાં કે જરૂરિયાતોની પરિપૂર્તિ કરવામાં અવરોધક બનતા હોય તેવા અણધાર્યા પરિણામોને 'અપ્રગટ કાર્યો' કહેવાય.
2. કેટલાંક અણધાર્યા પરિણામો એવા હોય છે કે, જે સમાજ વ્યવસ્થાનું અનુકૂલન સાધવામાં કે જરૂરિયાતોની પરિપૂર્તિ કરવામાં કાર્યાત્મક પણ હોતા નથી અને વિકાર્યાત્મક પણ હોતા નથી. તેવા અણધાર્યા વસ્તુલક્ષી પરિણામોને 'અકાર્યગત' (non-functional) પરિણામો કહેવાય જેમ કે, વિદ્યાર્થી આંદોલનનું એક અણધાર્યું પરિણામ એ આવ્યું છે કે, ડિગ્રીનું

અવમૂલ્યન થયું પરંતુ વિદ્યાર્થી આંદોલન સફળ થાય તો જ વિદ્યાર્થીઓને સામાજિક-માનસિક તંગદિલી અને હતાશામાંથી મુક્તિ મળે છે આ પણ એક અણધાર્યું પરિણામ છે. જો તેવું ન થાય તો વિદ્યાર્થીઓ સામાજિક-માનસિક તંગદિલી અને હતાશા અનુભવે છે. જેને આપણે અપ્રગટ કાર્ય કહી શકીએ.

### 12.5.5 'પ્રગટ' અને 'અપ્રગટ કાર્ય' (પ્રછન્ન કાર્ય)ની સાપેક્ષતા : (Relativity of Manifest and Latent Function)

'પ્રગટ' અને 'અપ્રગટ' કાર્યો વચ્ચેનો ભેદ એ અમુક અંશે સાપેક્ષ છે એટલે કે, સામાજિક વ્યવસ્થાના કેટલાક સભ્યો માટે અમુક પરિણામ હેતુપૂર્વકનું અને સમાજ સ્વીકૃત હોય છે પરંતુ એજ પરિણામ બીજા સભ્યો માટે અણધાર્યું હોઈ શકે. આમ અમુક કાર્ય અમુક સભ્યો માટે પ્રગટ કાર્ય હોય તે જ કાર્ય બીજા સભ્યો માટે અપ્રગટ કાર્ય હોય તેવું બની શકે છે.

જહોન્સન નોંધે છે કે, સમાજશાસ્ત્રીઓને અપ્રગટ કાર્યોની સંભાવનાનું જ્ઞાન ન હોય તો તેઓ એવું માનવા પ્રેરાશે કે, કેટલીક આંશિક રચનાઓનું કોઈ કાર્ય હોતું જ નથી. અથવા તેના પ્રગટ કાર્યો તપાસીને જ સંતોષ મેળવે છે.

સમાજ સુધારકો જે પરિવર્તન લાવવા માંગતા હોય તેઓ તેમના પ્રયાસો અપ્રગટ કાર્યો અને વિકાર્યો ધ્યાનમાં ન રાખે તો તેમના સમાજ સુધારણાના પ્રયાસો ફળદાયી બનતા નથી.

## 12.6 'એનોમી'નો સિદ્ધાંત

ઔદ્યોગિક ક્રાંતિના આરંભથી માનવ સમાજમાં શરૂ થયેલી ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને આધુનિકરણની પ્રક્રિયાઓ ખૂબ જ વ્યાપક બનતી ગઈ છે. ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને આધુનિકરણથી જેમ-જેમ સુખ-સગવડો વધતી ગઈ છે તેમ-તેમ માનવ સમાજમાં અનેક સમસ્યાઓ ઉત્પન્ન થઈ છે. ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને આધુનિકરણની સાથો-સાથ વિકાસ પામતો ભૌતિકવાદ અને ભૌતિકવાદની સાથો-સાથ ગુન્હાખોરી અને 'એનોમી'ની પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે મર્ટને એનોમીનો સિદ્ધાંત વિચલિત વર્તનને કેન્દ્રમાં રાખીને વિકસાવ્યો છે.

### 12.6.1 'એનોમી'નો અર્થ:

'એનોમી'નો એક સામાન્ય અર્થ એ છે કે, સાંસ્કૃતિક અંધાધૂંધી - ધ્યેય અને ધ્યેયપ્રાપ્તિના સાધનો વચ્ચેની વિસંવાદિત વચ્ચે અપૂર્ણ સંયોજન એ 'એનોમી'ની પરિસ્થિતિ તરફ દોરી લઈ જાય છે.

'એનોમી'નો એક અર્થ એવો કરી શકાય કે, સામાજિક ધોરણોનો ઓછો સ્વીકાર, ઓછું આંતરીકરણ અને ધોરણોના નબળા અમલનો નિર્દેશ કરે છે.

દુર્ખિમ નામના સમાજશાસ્ત્રીએ કહ્યું છે કે, 'સમાજમાં કે જૂથમાં ધોરણવિહીનતા એટલે એનોમી'.

રૉબર્ટ મર્ટન નામના સમાજશાસ્ત્રીએ કહ્યું છે કે, 'એનોમી એટલે સાંસ્કૃતિક રચાનાતંત્રમાં ભંગાણની પરિસ્થિતિ'

જયારે સાંસ્કૃતિક ધોરણો અને ધ્યેયો વચ્ચે તેમજ સમાજ કે જૂથના સભ્યોની ધોરણો અને ધ્યેયો અનુસાર વર્તન કરવામાં તીવ્ર કુમેળ હોય ત્યારે તેમાથી ઉત્પન્ન થતી સાંસ્કૃતિક રચાનાતત્રમાં ભંગાણની પરિસ્થિતિને 'એનોમી' કહેવાય.''

ટૂંકમાં 'એનોમી' નીચેની પરિસ્થિતિ સૂચવતો ખ્યાલ છે

1. 'એનોમી' સામાજિક-સાંસ્કૃતિક ધોરણો પ્રત્યેની સભ્યોની નબળી નિષ્ઠા સૂચવે છે.
2. એનોમી' સામાજિક-સાંસ્કૃતિક ધોરણો અને ધ્યેયો વચ્ચેની વિસંવાદિતા સૂચવે છે.
3. 'એનોમી' સામાજિક-સાંસ્કૃતિક ધોરણો અને ધ્યેયો અનુસાર વર્તન કરવાની સભ્યો પાસે સમાજમાન્ય અપેક્ષાઓથી સભ્યોની વિમુખતા સૂચવે છે.

### 12.6.2 'એનોમી'ની માત્રા અને પ્રક્રિયાઃ

એનોમીની માત્રામાં તફાવત હોય છે. ઓછી માત્રાની એનોમીને 'સરળ એનોમી' (Simple Anomie) તરીકે ઓળખવામાં આવે છે જયારે તીવ્ર માત્રાની એનોમીને 'ઉગ્ર એનોમી' (Acute Anomie) તરીકે ઓળખવામાં આવે છે.

સામાન્ય રીતે સરળ એનોમી કોઈ સામાજિક જૂથ કે સમાજમાં અવ્યવસ્થાની પરિસ્થિતિ સૂચવે છે. આવી અવ્યવસ્થાની પરિસ્થિતિ સાંસ્કૃતિક મૂલ્યો વચ્ચે સંઘર્ષ પેદા કરે છે. આવો મૂલ્ય સંઘર્ષ સામાજિક જૂથ કે સમાજ પ્રત્યેની વિમુખતાની ભાવનામાંથી પેદા થાય છે. જયારે ઉગ્ર એનોમી સાંસ્કૃતિક મૂલ્યોની વ્યવસ્થાઓમાં વિકૃતિ કે વિઘટન સૂચવે છે. ટૂંકમાં કહીએ તો એનોમીની માત્રામાં વૈવિધ્ય રહેલું છે. મર્ટન કહે છે કે, એનોમીની પરિસ્થિતિ માટે સામાજિક વ્યવસ્થાના રચનાતંત્રીય પરિબળો જેવા કે, સામાજિક સ્તરીકરણ, ભૂમિકા સંઘર્ષ, સામાજિક ધોરણો અને મૂલ્યોનો સંઘર્ષ, સાંસ્કૃતિક ધ્યેયો અને આ ધ્યેયો પ્રાપ્ત કરવા માટેના સમાજ માન્ય સાધનો વચ્ચેનું અંતર વગેરે જેવા પરિબળો જવાબદાર છે આવા પરિબળોને 'એનોમિક ફેક્ટર' (Anomic Factor) તરીકે ઓળખવામાં આવે છે.

મર્ટન કહે છે કે, સાંસ્કૃતિક રીતે માન્ય થયેલા ધ્યેયો અને ધ્યેય પ્રાપ્ત કરવા માટેની સમાજ માન્ય સાધનો વચ્ચે નિરાશાજનક અંતર પડી જાય છે ત્યારે તેવી પરિસ્થિતિ એનોમીનો સ્ત્રોત બને છે આવી એનોમીની પરિસ્થિતિ સમાજના મોટાભાગના સભ્યો ઉપર કોઈને કોઈ પ્રકારની ઓછીવત્તી અસરો કરે છે અને તે વ્યક્તિને સામાજિક વિચલન તરફ જવા માટે દબાણ કરે છે. જોકે સમાજ કે જૂથના દરેક સભ્યો ઉપર સરખી અસર થતી નથી એટલે કે, સમાજના સભ્યો એનોમીની પરિસ્થિતિ સાથે જુદી-જુદી રીતે અનુકૂલનતા સાધતા હોય છે. આમ, સંસ્કૃતિ રચનાતંત્ર અને સામાજિક રચનાતંત્રમાં હંમેશ પરસ્પર ઐક્ય ન હોય ત્યારે અનોમીની પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે.

### 12.6.3 'એનોમી'ની પરિસ્થિતિના વૈયક્તિક અનુકૂલનના પ્રકારો:

અનોમીની પરિસ્થિતિમાં જુદી-જુદી વ્યક્તિ જુદી-જુદી રીતે અનુકૂલનતા સાધતા હોય છે અથવા તો જુદી-જુદી રીતે પોતાના પ્રતિભાવો આપતા હોય છે. મર્ટન આવા વૈયક્તિક અનુકૂલનના પાંચ પ્રકારો નીચે મુજબ દર્શાવે છે.

વ્યક્તિગત અનુકૂલનના પ્રકારોનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક-1

| અનુકૂલનના પ્રકારો | | સાંસ્કૃતિક સાધ્યો | સંસ્થાપિત સાધનો |
|---|---|---|---|
| 1. | અનુરૂપતા (Conformity) | + | + |
| 2. | નવીન માર્ગ (Innovation) | + | - |
| 3. | વિધિપરાયણતા (Ritualism) | - | + |
| 4. | પીછેહઠ (Retreatism) | - | - |
| 5. | પ્રતિરોધ/વિદ્રોહ (Rebellion) | ± | ± |

સંજ્ઞા: (+) = સ્વીકાર (-) = અસ્વીકાર

(±) = પ્રવર્તમાન મૂલ્યોનો અસ્વીકાર અને નવીન મૂલ્યોનું પ્રસ્થાપન

**1. અનુરૂપતા: (Conformity)**

પહેલાં પ્રકારના અનુકૂલનને મર્ટન અનુરૂપત્તા તરીકે ઓળખાવે છે. વ્યક્તિ જયારે પ્રવર્તમાન ધ્યેયોનો અને એ ધ્યેયો પ્રાપ્ત કરવાના સાધનો એમ બન્નેનો સ્વીકાર કરે ત્યારે તેને અનુરૂપતા (અનુમતિ) પ્રકારનું અનુકૂલન કહેવાય. દરેક સમાજમાં મોટાભાગના લોકો આ પ્રકારનું અનુકૂલન સાધતા હોય છે પરંતુ આવા સમાજ માન્ય સાધ્યો અને સાધનોને અનુરૂપ ન હોય તેવા વર્તનોનો અભ્યાસ સમાજશાસ્ત્ર માટે અગત્યનો છે.

**2. નવીન માર્ગ (Innovation)**

નવીનમાર્ગ એ એવા પ્રકારનું અનુકૂલન છે કે.જેમાં વ્યક્તિ સંસ્થીકૃત ધ્યેયોનો સ્વીકાર કરે છે અને સંસ્થીકૃત ધ્યેયો પ્રાપ્ત કરવાના સાધનોનો અસ્વીકાર કરી નવીનમાર્ગ અપનાવે છે ત્યારે તેવા પ્રકારની અનુલનની રીતને નવીનમાર્ગ તરીકે ઓળખવામાં અવે છે. આ પ્રકારનુ અનુકૂલન સાધનાર વ્યક્તિઓનું પ્રમાણ સમાજમાં ઓછું હોય છે.

મર્ટન કહે છે કે. અમેરિકાના નિમ્નવર્ગના લોકોમાં આ પ્રકારનું અનુકૂલન વિવિધ પ્રકારના ગુનાખોર વર્તનો દ્વારા થતું જોવા મળે છે જો કે, દરેક પ્રકારના ગુનાઓ આ પ્રકારના અનુકૂલનોમાંથી જન્મે છે એવું નથી.

**3. વિધિપરાયણતા (Ritualism)**

વિધિપરાયણતા એ એનોમીની પરિસ્થિત્તિ પ્રત્યેનો બીજો વૈકલ્પિક પ્રતિભાવ છે વ્યક્તિ જ્યારે સંસ્થીકૃત ધ્યેયોનો અસ્વીકાર કરે. પરંતુ સંસ્થીકૃત ધોરણો અને સાધનોનો સ્વીકાર કરે ત્યારે તેવા પ્રકારના પ્રતિભાવને વિધિપરાયણતા કહેવાય. મર્ટન કહે છે કે, આ સ્વરૂપના અનુકૂલનનું પ્રમાણ અમેરિકાના નિમ્ન-મધ્યમ વર્ગમાં સવિશેષ જોવા મળે છે. કારણ કે, આ વર્ગમાં બાળકોને નાનપણથી જ તેમના કુટુંબીજનો દ્વારા સમાજ માન્ય ધોરણો પ્રમાણે વર્તવાનું શિક્ષણ આપવામાં આવતું હોય છે. તેથી જ તેઓ આ પ્રકારનું (વિધિપરાયણતા) અનુકૂલન વધુ પસંદ કરે છે.

**4. પીછેહઠ (Retreatism)**

પીછેહઠ એ એનોમીની પરિસ્થિતિ પ્રત્યેનો પ્રતિભાવ છે, વ્યક્તિ જ્યારે સંસ્થીકૃત ધ્યેયોનો તેમજ સંસ્થીકૃત સાધનોનો અસ્વીકાર કરે ત્યારે તેને પીછેહઠ કહેવાય. સમાજતંત્રમાં પેદા થતી તંગદિલીમાંથી જે લોકો છટકી જવાનો પ્રયત્ન કરે છે તેઓ આ પ્રકારનું અનુકૂલન સાધે છે. આ પ્રકારનું અનુકૂલન સામૂહિક કરતાં વ્યક્તિગત સ્વરૂપે વિશેષ જોવા મળે છે. ખાસ કરીને મનોચિકિત્સકો અને ટીકાકારો દ્વારા આ પ્રકારના વર્તનની વિશેષ નોંધ લેવામાં આવે છે. પીછેહઠ એ સ્પષ્ટ રીતે જ સામાજિક વિચલનનું એક સ્વરૂપ છે. માનસિક રોગોના દર્દીઓ રખડેલ, ઉડાઉ, દારૂડિયાઓ અને બહિષ્કૃત વ્યક્તિઓ પીછેહઠ સ્વરૂપના અનુકૂલનના ઉદાહરણો છે.

**5. પ્રતિરોધ/વિદ્રોહ (Rebellion)**

આ પ્રકારનું અનુકૂલન પ્રથમ દૃષ્ટિએ પલાયનવાદને મળતું આવે છે પરંતુ તે તેનાથી જુદાં પ્રકારનું છે. કારણ કે આ પ્રકારના અનુકૂલનમાં સંસ્થાપિત સાધ્યો અને સાધનોનો માત્ર ત્યાગ જ નથી કરવામાં આવતો પરંતુ તેમના સ્થાને નવીન સાધ્યો અને તેમણે પ્રાપ્ત કરવાના નવીન સાધનો પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. પ્રતિરોધ કે વિદ્રોહ એ એનોમી પ્રત્યેનું રચનાત્મક સ્વરૂપનું અનુકૂલન છે. વ્યક્તિ જ્યારે પ્રવર્તમાન ધ્યેયો અને ધોરણોનો અસ્વીકાર કરે અને તેના સ્થાને નવા ધ્યેયો અને ધોરણોનું પ્રસ્થાપન કરવાનો પ્રયાસ કરે ત્યારે તેને પ્રતિરોધ કે વિદ્રોહ કહેવાય.

વિવિધ પ્રકારના સંગઠિત આંદોલનો જેવા કે, સુધારણા આંદોલન ખેડૂત ચળવળ, ભૂદાન ચળવળ અને રાજકીય આંદોલનો વગેરેને પ્રતિરોધ કે વિદ્રોહ માટેની ચળવળ તરીકે ઓળખાવી શકાય. આ અર્થમાં રાજારામ મોહનરાય, વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી, વિનોબા ભાવે વગેરેને પ્રતિરોધિઓ તરીકે ઓળખાવી શકાય.

## 12.7 સંદર્ભજૂથનો સિદ્ધાંત (Theory of Reference Group)

વ્યક્તિ ઉપર થતી જૂથની અસરો માટે 'સંદર્ભજૂથ'ની વિભાવનાનો પ્રયોગ સૌ પ્રયમ હર્બટ હાયમને કર્યો હતો. ત્યાર પછી ન્યુકોમ્બ અને શેરીફે 'સંદર્ભજૂથ'ના સિદ્ધાંતના વિકાસમાં ફાળો આપ્યો હતો. રૉબર્ટ મર્ટન અને એલીસ કીટે સામાજિક રચનાતંત્રને કેન્દ્રમાં રાખીને 'સંદર્ભજૂથ'નો સમાજશાસ્ત્રીય સિદ્ધાંત વિકસાવી તેનો કાર્યાત્મકવાદ સાથે સંબંધ સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો.

રૉબર્ટ મર્ટન અને એલીસ કીટે (હાલમાં શ્રીમતી રોસી) The American Soldier પુસ્તકમાં 'સંદર્ભજૂથ'ના સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનો ઉલ્લેખ કર્યો છે.

### 12.7.1 'સંદર્ભજૂથ' એટલે શું'' (What is Reference Group)

વ્યક્તિ જ્યારે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાની જાતને પોતાના કે બીજા કોઈપણ જૂથ સાથે સાંકળે અથવા પોતાના વર્તનવ્યવહાર માટે આવા જૂથોનો હકારાત્મક કે નકારાત્મક સંદર્ભ લે અથવા તો એ જૂથ પ્રત્યે અભિમુખ બને ત્યારે તેવું જૂથ તે વ્યક્તિ માટે સંદર્ભજૂથ બને છે.

દરેક વ્યક્તિ એક કરતાં વધુ જૂથોનું સભ્યપદ ધરાવે છે. દરેક જૂથમાં તે વ્યક્તિનું ચોક્કસ સ્થાન હોય છે, તે સ્થાન મુજબ જ તે સામાજિક આંતરક્રિયા કરે છે. આવા જૂથોની અસરો વ્યક્તિના વર્તન ઉપર પડે તે સ્વાભાવિક છે.

પરંતુ વ્યક્તિ જે જૂથનું સભ્યપદ ધરાવતી નથી તેવા જૂથોની અસર પણ તે અનુભવે છે આ ઘટનામાંથી 'સંદર્ભજૂથ'ના ખ્યાલનો જન્મ થયેલ છે.

જહોન્સન નોંધે છે કે, અમુક જૂથના સભ્યો માટે નીચેના પૈકી કોઈપણ એક કે વધુ પરિસ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે તે જૂથના સભ્યો માટે બીજું જૂથ 'સંદર્ભજૂથ' બને છે. આવી પરિસ્થિતિઓને 'સંદર્ભજૂથ' બનવા માટેની શરતો તરીકે પણ ઓળખાવી શકાય.

1. જે વ્યક્તિઓ કોઈ જૂથના સભ્ય ન હોય અથવા તેવા જૂથ સાથે જોડાવાની ઈચ્છા ધરાવતા હોય અથવા ઝંખના સેવતા હોય અથવા પ્રયત્ન કરતાં હોય ત્યારે તેવું જૂથ તે વ્યક્તિ માટે 'સંદર્ભજૂથ' બને છે

   દા.ત. 'X' નામના જૂથના વ્યક્તિઓ 'Y' નામના જૂથનું સભ્યપદ મેળવવા માટે પ્રયત્ન કરતા હોય ત્યારે 'Y' નામનું જૂથ 'X' નામના જૂથ માટે 'સંદર્ભજૂથ' બને છે.

2. કોઈ જૂથના સભ્યો બીજા કોઇપણ જૂથના કે પોતાના જૂથના કે ઉપજૂથના સભ્યો બનવાની ઈચ્છા રાખતા હોય ત્યારે તેવું જૂથ પણ 'સંદર્ભજૂથ' બને છે

   દા.ત. પટેલ જ્ઞાત્તિના સભ્યો પોતાનાથી ઉચ્ચ ગણાતી બ્રાહ્મણ જ્ઞાતિ જેવા બનવા માટે બ્રાહ્મણ જ્ઞાતિની સંસ્કૃતિ અપનાવે ત્યારે બ્રાહ્મણ જ્ઞાતિ, પટેલ જ્ઞાતિ માટે 'સંદર્ભજૂથ' બને છે.

3. કોઈપણ જૂથ કે તેના સભ્યો બીજા જૂથથી જુદા હોવાનો સંતોષ માનતા હોય તેમજ ભિન્નતા ટકાવી રાખવા માટે પ્રયત્ન કરતા હોય ત્યારે આવા જૂથો 'સંદર્ભજૂથ' બને છે.

   દા.ત. બ્રાહ્મણ જ્ઞાતિના સભ્યો બિન-બ્રાહ્મણ જ્ઞાતિથી ભિન્ન હોવાનો સતોષ માનતા હોય અને આવી ભિન્નતા ટકાવી રાખવાનો સતત પ્રયત્ન કરતા હોય ત્યારે તે બ્રાહ્મણ જ્ઞાતિ જૂથ 'સંદર્ભજૂથ' બને છે

4. કોઈપણ જૂથ કે તેના સભ્યો બીજા જૂથની સરખામણી કે મૂલ્યાંકનના માપદંડ તરીકે ગણે છે ત્યારે તેવું જૂથ 'સંદર્ભજૂથ' બને છે.

   દા.ત. મધ્યમ વર્ગના સભ્યો પોતાને ઊંચા કે નીચા ગણવાના માપદંડ તરીકે ઉચ્ચ વર્ગ કે નિમ્ન વર્ગને સંદર્ભ તરીકે લે છે ત્યારે તેવું જૂય 'સંદર્ભજૂથ' બને છે.

   ઉપરોક્ત ચાર પૈકીની કોઇપણ એક કે તેથી વધુ પરિસ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે તેવા જૂથો 'સંદર્ભજૂથ' બને છે ટૂંકમાં કહીએ તો વ્યક્તિએ કે કોઈ જૂથો પોતાના વર્તનવ્યવહાર માટે જે કોઈ જૂથને સંદર્ભ તરીકે લેતા હોય ત્યારે તેવા જૂથો 'સંદર્ભજૂથો' કહેવાય.

### 12.7.2 'સંદર્ભજૂથ વર્તન'એટલે શું ? (What is 'Reference Group Behaviour')

સંદર્ભજૂથની અસર નીચે થતા વર્તનને 'સંદર્ભજૂથ વર્તન' કહેવાય વ્યક્તિઓ જયારે 'સંદર્ભજૂથ'ના મૂલ્યોને, ધોરણોને અને જીવનશૈલીને આત્મસાત કરે

કે અપનાવે અથવા તો 'સંદર્ભજૂથ'ના મૂલ્યોને, ધોરણોને અને જીવનશૈલીનો અસ્વીકાર કરે ત્યારે તેવા વર્તનને 'સંદર્ભજૂથ વર્તન' કહેવાય. ટૂંકમાં કહીએ તો. 'સંદર્ભજૂથ વર્તન'એ 'સંદર્ભજૂથ' પ્રત્યેના હકારાત્મક કે નકારાત્મક સ્વરૂપના વર્તનો છે.

### 12.7.3 'સંદર્ભજૂથો'ના પ્રકારો : (Types of 'Reference Group')

સમાજવ્યવસ્થામાં અનેક પ્રકારના 'સંદર્ભજૂથો' હોય છે. વ્યક્તિ જે-જે જૂથોનું સભ્યપદ ધરાવતી હોય તે બધાજ જૂથો અમુક પરિસ્થિતિમાં 'સંદર્ભજૂથો' બને છે તેમજ વ્યક્તિ જે જૂથનું સભ્યપદ ધરાવતી નથી તેવા જૂથો પણ અમુક પરિસ્થિતિમાં 'સંદર્ભજૂથો' બને છે

રૉબર્ટ મર્ટને 'સંદર્ભજૂથો'ને ત્રણ પ્રકારે દર્શાવ્યા છે

1. સભ્યપદ અને બિન-સભ્યપદ 'સંદર્ભજૂથો': (Membership and Non-Membership 'Reference Group')
2. ધોરણાત્મક અને તુલનાત્મક 'સંદર્ભજૂથો' : (Normative and Comparative 'Reference Group')
3. હકારાત્મક અને નકારાત્મક 'સંદર્ભજૂથો' : (Positive and Negative 'Reference Group')

સંદર્ભજૂથના પ્રકારોની વિગતે સમજૂતી નીચે મુજબ છે

**1. સભ્યપદ અને બિન-સભ્યપદ 'સંદર્ભજૂથો': (Membership and Non-Membership 'Reference Group')**

વ્યક્તિ જે જૂથોનું સભ્યપદ ધરાવતી હોય તેવા જૂથો જ્યારે 'સંદર્ભજૂથ' બનતા હોય ત્યારે તેવા જૂથોને સભ્યપદ 'સંદર્ભજૂથો' તરીકે ઓળખાવી શકાય. એક વ્યક્તિ કુટુંબ, શાળા, જ્ઞાતિ, ગામ, શહેર, રાજ્ય કે રાષ્ટ્ર જેવા અનેક જૂથોનું સભ્યપદ ધરાવે છે તે વ્યક્તિ પોતાના વર્તનવ્યવહાર માટે અવા જૂથોને 'સંદર્ભજૂથ' તરીકે અપનાવે ત્યારે તેને સભ્યપદ 'સંદર્ભજૂથ' કહેવાય.

એનાથી તદ્દન જુદું જ વ્યક્તિ જયારે જે જૂથનુ સલ્યપદ ધરાવતી નથી તેવા પાડોશ જૂથ, અન્ય જ્ઞાતિ, ધર્મ કે રાષ્ટ્રજેવા જૂથોને પોતાના વર્તનવ્યવહાર માટે આવા જૂથોને સંદર્ભ તરીકે અપનાવે ત્યારે તેવા જૂથોને બિન-સભ્યપદ 'સંદર્ભજૂથ' તરીકે ઓળખાવવી શકાય.

**2. ધોરણાત્મક અને તુલનાત્મક 'સંદર્ભજૂથો' : (Normative and Comparative 'Reference Group')**

જે-જે જૂથો વ્યક્તિના વર્તન માટે સામાજિક ધોરણો પૂરા પાડતા હોય તેવા જૂથોને 'ધોરણાત્મક સંદર્ભજૂથો' કહેવાય. આ પ્રકારના જૂથો વ્યક્તિ કે જૂથ માટેના ધોરણો અને મૂલ્યોનો સ્રોત બને છે. દા.ત. શાળા, કૉલેજ અને ધાર્મિક સ્થળો વગેરે.

જે 'સંદર્ભજૂથો' વ્યક્તિ માટે પોતાની જાતનું અને બીજાનું મૂલ્યાંકન કરવા માટેના માપદંડ તરીકેનું કાર્ય કરતાં હોય તેવા સંદર્ભજૂથોને 'તુલનાત્મક સંદર્ભજૂથો' તરીકે ઓળખાવી શકાય.

3. **હકારાત્મક અને નકારાત્મક 'સંદર્ભજયો' : (Positive and Negative 'Reference Group')**

   વ્યક્તિ જે જૂથના ધોરણોને આત્મસાત્ કરે અથવા સ્વમૂલ્યાંકનના માપદડ તરીકે અપનાવે ત્યારે તેવા જૂથોને 'હકારાત્મક સંદર્ભજૂથો' તરીકે ઓળખી શકાય.

   વ્યક્તિ જે જૂથના ધોરણોનો અસ્વીકાર કરે અથવા વિરોધી ધોરણો વિકસાવે અથવા સ્વીકારે તેવા સંદર્ભજૂથોને 'નકારાત્મક સંદર્ભજૂથો' તરીકે ઓળખી શકાય.

### 12.7.4 'સંદર્ભજૂથ'ની પસંદગીના નિર્ણાયકોઃ

વ્યક્તિ અમુક જ જૂથોના ધોરણો અને મૂલ્યોને વર્તનના માપદડ તરીકે સ્વીકારે છે અથવા તો અસ્વીકાર કરે છે અને તે મુજબ જ વર્તન કરે છે. તેને સંદર્ભજૂથ પસંદગીના નિર્ણાયકો તરીકે ઓળખવામાં આવે છે.

મર્ટને 'સંદર્ભજૂથ'ની પસંદગીના મુખ્ય નિર્ણાયકો નીચે મુજબ વર્ણવ્યા છે.

1. **દરજ્જો અને પ્રતિષ્ઠા આપવાની જૂથની શક્તિઃ**

   વ્યક્તિના સંદર્ભજૂથ પસંદગીના માપદંડો અનેક હોય છે. તેમાનો એક માપદંડ એ જૂથની દરજ્જો અને પ્રતિષ્ઠા આપવાની જૂથની શક્તિ છે. દરેક જૂથની દરજ્જો અને પ્રતિષ્ઠા આપવાની શક્તિ જુદી-જુદી હોય છે. જે જૂથ વ્યક્તિઓ કે જૂથોને દરજ્જો અને પ્રતિષ્ઠા આપવાની વિશિષ્ટ શક્તિ ધરાવતા હોય તેવા જૂથોને જ વ્યક્તિ કે જૂથો માટે સંદર્ભજૂથ બની રહે છે અને તેવા જૂથોને જ સંદર્ભજૂથ તરીકે સ્વીકારવામાં આવે છે. ટૂંકમાં કહીએ તો દરજ્જો અને પ્રતિષ્ઠા આપવાની જૂથની શક્તિ એ સંદર્ભજૂથની પસંદગી માટેનું મહત્ત્વનું એક નિર્ણાયક પરિબળ બની રહે છે.

2. **પ્રેરણાઃ**

   વ્યક્તિને કે જૂથને જ્યારે પોતાની મેળે જ અમુક જૂથમાં જોડાવાની ઈચ્છા થાય અથવા તો જે તે જૂથમાંથી બીજા જૂથમાં જોડાવાની પ્રેરણા મળે ત્યારે વ્યક્તિઓ કે જૂથને તેવા જૂથના ધોરણો અને મૂલ્યો અપનાવે છે અને જે તે જૂથમાં જોડવા તરફ દોરાય છે. ટૂંકમાં કહીએ તો, પ્રેરણા એ સંદર્ભજૂથની પસંદગી માટેનું મહત્ત્વનું એક નિર્ણાયક પરિબળ બની રહે છે.

3. **સામાજિક અલગતાઃ**

   કેટલાક સંજોગોમાં સામાજિક અલગતા સંદર્ભજૂથની પસંદગી માટેનું મહત્ત્વનું નિર્ણાયક પરિબળ બની રહે છે. જે તે જૂથમાં વ્યક્તિઓ બીજા સભ્યોથી અલગ પડી ગયા હોય અથવા અલગ પાડવામાં આવ્યા હોય

ત્યારે તેવી વ્યક્તિઓ બીજા જૂથના ધોરણો અને મૂલ્યો અપનાવી અને જે તે જૂથમાં જોડવા તરફ દોરાય છે. ટૂંકમાં કહીએ તો, સામાજિક અલગતા એ સંદર્ભજૂથની પસંદગી માટેનું મહત્ત્વનું એક નિર્ણાયક પરિબળ બની રહે છે.

**4. સામાજિક ગતિશીલતાની વધુ સંભાવનાઃ**

જે સમાજવ્યવસ્થામાં સમાજિક ગતિશીલતાની વધુ સંભાવના હોય તેવા જૂથોને વ્યક્તિઓ કે જૂથો સંદર્ભજૂથ માટે પસંદગી કરે છે. ખુલ્લા પ્રકારની સમાજ વ્યવસ્થામાં સામાજિક ગતિશીલતાની વધુ સંભાવના હોય છે. તેથી આવા જૂથોના ધોરણો અને મૂલ્યો અપનાવી અને જે તે જૂથમાં જોડવા તરફ વ્યક્તિઓ કે જૂથો દોરાય છે. ટૂંકમાં કહીએ તો સામાજિક ગતિશીલતાની વધુ સંભાવના એ સંદર્ભજૂથની પસંદગી માટેનું મહત્ત્વનું એક નિર્ણાયક પરિબળ બની રહે છે.

### 12.7.5 'સંદર્ભજૂથ વર્તન'ના પરિણામોઃ

વ્યક્તિનું સંદર્ભજૂથ બદલતાં તેના વલણોમાં પરિવર્તન આવે છે આમ સંદર્ભજૂથો વ્યક્તિએ કે જૂથોમાં અનેક પ્રકારના પરિણામો નિપજાવે છે જેમાના કેટલાંક અગત્યના પરિણામો નીચે મુજબ છે.

**1. મૂલ્યોનું સાત્મીકરણઃ**

વ્યક્તિઓ કે જૂથો જે જૂથનું સભ્યપદ મેળવવા પ્રયત્ન કરતી હોય તેવા જૂથોના ધોરણો, મૂલ્યો અને જીવનશૈલીને આત્મસાત કરે છે. ભાવી જીવનનું કલ્પનાચિત્ર સંદર્ભજૂથોમાં જુએ છે તે 'સંદર્ભજૂથ વર્તન'નું એક પરિણામ છે.

**2. સામાજિક ગતિશીલતાઃ**

સંદર્ભજૂથના ધોરણોને અનુસરવાથી સામાજિક ગતિશીલતા પ્રબળ બનતી હોય છે. રૉબર્ટ મર્ટને 'American Soldiers'ના અભ્યાસમાં જણાવ્યું હતું કે, જે સૈનિકો લશ્કરી નીતિમત્તાને અનુરૂપ વલણો ધરાવતા હતા તેઓ પ્રમોશનને પાત્ર બન્યા હતા આમ 'સંદર્ભજૂથ વર્તન'નું બીજું પરિણામ એ સામાજિક ગતિશીલતા છે.

**3. અપેક્ષિત સામાજિકરણઃ**

સંદર્ભજૂથનું એક પરિણામ એ આવે છે કે, તે વ્યક્તિનું કે જૂથનું અપેક્ષિત સમાજીકરણ કરે છે.

## 12.8 તમારી પ્રગતિ ચકાસો :

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

1. રોબર્ટ કિંગ મર્ટનનો જીવન પરિચય ટૂંકમાં જણાવો.

..............................................................................

..............................................................................

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

2. રોબર્ટ કિંગ મર્ટનનું લેખન કાર્યની ચર્ચા કરો.

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

3. રોબર્ટ કિંગ મર્ટનના 'કાર્ય' અંગેના વિચારો જણાવો.

....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................
....................................................................

4. રોબર્ટ કિંગ મર્ટનના 'કાર્ય' અને 'વિકાર્ય'ના ખ્યાલોની સાપેક્ષતાની સમજૂતી આપો.

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

5. 'પ્રગટ કાર્ય' એટલે શું ? સમજાવો.

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

6. 'પ્રગટ કાર્ય'ની લાક્ષણિકતાઓ જણાવો.

............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................
............................................................................

......................................................................

......................................................................

7. ‘અપ્રગટ કાર્ય’ની લાક્ષણિકતાઓ જણાવો.

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

8. ‘એનોમી’ એટલે શું ? સમજાવો.

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

9. ‘એનોમી’ની પરિસ્થિતિના વૈયક્તિક અનુકૂલનના પ્રકારોની ચર્ચા કરો.

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

..............................................................
..............................................................
..............................................................

10. ‘સંદર્ભજૂથ’ એટલે શું ? સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

11. ‘સંદર્ભજૂથ વર્તન’ એટલે શું ? સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

12. ‘સંદર્ભજૂથ’ના પ્રકારો સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

13. 'સંદર્ભજૂથ'ની પસંદગીના નિર્ણાયકો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

14. 'સંદર્ભજૂથ વર્તન'ના પરિણામો જણાવો.

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

**(ખ) બહુવિકલ્પી પ્રશ્નો :**

1. રૉબર્ટ કિંગ મર્ટનનો જન્મ __________ દેશમાં થયો હતો. (અમેરિકા, ફ્રાંસ, જર્મની)
2. રૉબર્ટ કિંગ મર્ટને __________ વર્ષમાં સ્નાતકની પદવી મેળવી. (1921, 1931, 1941)
3. રૉબર્ટ કિંગ મર્ટનની કારકિર્દી __________ તરીકેની રહી છે. (શિક્ષક, પોલિસ. વકીલ)

4. રૉબર્ટ કિંગ મર્ટને ________ વર્ષમાં હાર્વર્ડ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિષયના આસિસ્ટન્ટ અને ટ્યૂટર તરીકેની નિમણૂક મેળવી. (1924, 1934, 1944)
5. રૉબર્ટ કિંગ મર્ટને ________ વર્ષમાં હાર્વર્ડ યુનિવર્સિટીમાં ઈન્સ્ટ્રક્ટર તરીકે નીમવામાં આવ્યા. (1926, 1936, 1946)
6. રૉબર્ટ કિંગ મર્ટન ________ વર્ષમાં ટ્યુલેન યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે નીમવામાં આવ્યા. (1929, 1939, 1949)
7. રૉબર્ટ કિંગ મર્ટન ________ વર્ષમાં ટ્યુલેન યુનિવર્સિટીમાં પ્રોફેસર અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ તરીકે નીમવામાં આવ્યા. (1930, 1940, 1950)
8. 'એનોમી'નો સિદ્ધાંત ________ સમાજશાસ્ત્રીએ આપ્યો. (ઓગસ્ટ કોમ્ટ, રૉબર્ટ કિંગ મર્ટન, મેક્સ વેબર)
9. 'સમાજમાં કે જૂથમાં ધોરણવિહીનતા એટલે એનોમી 'આ વાક્ય ________ સમાજશાસ્ત્રીનું છે. (એમિલ દુર્ખિમ, રૉબર્ટ કિંગ મર્ટન, મેક્સ વેબર)
10. રૉબર્ટ કિંગ મર્ટને વૈયક્તિક અનુકૂલનના ________ પ્રકારો દર્શાવેલ છે. (ચાર, પાંચ, છ)
11. રૉબર્ટ કિંગ મર્ટને ________ પુસ્તકમાં 'સંદર્ભજૂથ'ના સમાજશાસ્ત્રીય સિદ્ધાંતનો ઉલ્લેખ કર્યો છે. (The American Solider, Mass Persuasion, Social Theory and Social Structure)

## 12.9 સંદર્ભ ગ્રંથસૂચિ


| | |
|---|---|
| શાહ એ.જી અને દવે જે.કે. | સમાજશાસ્ત્રીય વિચારકો, અનડા બુક ડીપો, ગાંધી રોડ, અમદાવાદ-1 |
| પટેલ પી. જે. | રૉબર્ટ કે. મર્ટનનું સમાજશાસ્ત્ર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-9. |
| Albert K. Cohen | The Sociology of the Deviant Act: Anomie Theory and Beyound, American Sociological Review, 1965. |
| Marshal B. Clinard | Aromie and Deviant Behaviour - A Discussion and Critique, The free Press, New York, 1969. |
| Robert K. Merton | Social Theory and Social Structure, The free Press, New York, 1968. |
| Robert K. Merton | Social Problems and Sociological Theory, New York, 1966 |
| Robert K. Merton | Social Conformity, Deviation and Opportunity Structure, American Sociological Review, 1959 |
| Robert K. Merton | Anomie, Anomia and Social Inter Action, Context of Devient Behaviour, The free Press, New Yrok, 1969. |
| Robert Dubin | Deviant Behaviour and Social Structure: Continuities in Social Theory, American Sociological Review, 1959. |

## 12.10 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો

**(ખ) બહુવિકલ્પી જવાબો :**

1. અમેરિકા
2. 1931
3. શિક્ષક
4. 1934
5. 1930
6. 1939
7. 1940
8. રૉબર્ટ કિંગ મર્ટન
9. એમિલ દુર્ખિમ
10. પાંચ

❖ ❖ ❖

# એકમ 13 બ્રોનિસ્લાવ કાસ્પર મેલિનોવસ્કી (1884-1942)

-: રૂપરેખા :-


**13.0 ઉદ્દેશો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 મેલિનોવસ્કીનો જીવન પરિચય અને પ્રદાન**

**13.3 સંસ્કૃતિનો પ્રકાર્યાત્મક સિદ્ધાંત**

**13.4 કાર્યરત અને સુસંગઠિત સમગ્ર (સમષ્ટિ) તરીકે સંસ્કૃતિ**

**13.5 મેલિનોવસ્કી અને ટાઈલરની સંસ્કૃતિની વ્યાખ્યાઓ**

**13.6 સંસ્કૃતિના અધ્યયન માટે મેલિનોવસ્કીની પદ્ધતિઓ**

**13.7 મેલિનોવસ્કીએ વિકસાવેલી 'કાર્ય' ની વિભાવના**

**13.8 સારાંશ**

**13.9 તમારી પ્રગતિ ચકાસો**

**13.10 ચાવીરૂપ શબ્દો**

**13.11 સંદર્ભ સૂચિ**

**13.12 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો**


## 13.0 ઉદ્દેશો

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે.

1. મેલિનોવસ્કીનો જીવન પરિચય અને પ્રદાન વિશે જાણી શકશો.
૨. મેલિનોવસ્કીનો સંસ્કૃતિનો પ્રકાર્યાત્મક સિદ્ધાંત સમજી શકશો.
3. કાર્યરત અને સુસંગઠિત સમગ્ર તરીકે સંસ્કૃતિને જાણી શકશો.
4. સંસ્કૃતિના અધ્યયન માટેની પ્રયુક્તિઓ જાણી શકશો.
5. મેલિનોવસ્કીએ વિકસાવેલી 'કાર્ય'ની વિભાવના સમજી શકશો.

## 13.1 પ્રસ્તાવના

સમાજશાસ્ત્રીય વિચારોમાં પ્રદાન કરનારા સામાજિક વિજ્ઞાનીઓમાં સમાજશાસ્ત્રીઓ અને સામાજિક માનવશાસ્ત્રીઓનો ફાળો રહેલો છે. અલબત્ત સમાજશાસ્ત્ર અને સામાજિક માનવશાસ્ત્રમાં કેટલીક સામ્યતાઓ અને કેટલાક તફાવતો જોવા મળે છે. સમાજશાસ્ત્રીઓ મુખ્યત્વે સમિષ્ટની સમસ્યાઓના અભ્યાસમાં રસ દાખવે છે. જ્યારે માનવશાસ્ત્રીઓ સૂક્ષ્મ ઘટનાઓના અભ્યાસ પર ભાર મૂકે છે. સંશોધન (અભ્યાસ) પદ્ધતિની દષ્ટિએ જોઈએ તો સમાજશાસ્ત્રીઓ સર્વેક્ષણ અને મુલાકાત પદ્ધતિઓ પર ભાર મૂકે છે. જ્યારે માનવશાસ્ત્રીઓ

સહભાગી નિરીક્ષણ દ્વારા ક્ષેત્રકાર્ય પદ્ધતિ ઉપર ભાર મૂકે છે. આ બંને વિદ્યાશાખાઓ વચ્ચે સામ્યતા એ છે કે બંને માનવીય વર્તનના સામાજિક પાસાંઓના અભ્યાસ ઉપર ભાર મૂકે છે.

## 13.2 મેલિનોવસ્કીનો જીવન પરિચય અને પ્રદાન

બ્રોનિસ્લાવ કાસ્પર મેલિનોવસ્કીનો જન્મ 7 એપ્રિલ, 1884 ના રોજ પોલેન્ડમાં, ક્રાકાઉ ગામે થયો હતો અને મૃત્યુ 16 મે, 1942 ના રોજ અમેરિકાના ન્યુ હેવન મુકામે થયું. શરૂઆતનું શિક્ષણ તેમણે ક્રાકાઉમાં લીધું હતું. તેમના પિતાશ્રી પ્રખ્યાત ભાષાવિદ્ હતા તથા જાગયેલોનિયન યુનિવર્સિટીમાં સ્લાવ લોકોના તત્ત્વજ્ઞાનના પ્રોફેસર હતા, પરિણામે મેલિનોવસ્કીનું બાળપણ ક્રાકાઉના વિદ્વાન લોકોના વાતાવરણમાં વીત્યું હતું. ઉચ્ચ શિક્ષણ માટેના વિષય તરીકે તેમણે વિજ્ઞાનો પસંદ કર્યા હતા અને 1908 માં પદાર્થવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રમાં પીએચ.ડી. ની પદવી પૂર્વ યુરોપની જૂનામાં જૂની એવી જાગયેલોનિયન યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરી હતી. પીએચ.ડી.ની પદવીના સંદર્ભમાં અંગ્રેજી પરીક્ષા આપવા માટે તેમણે ફ્રેઝરના તે સમયમાં સાહિત્યિક શૈલી માટે મશહૂર ગણાતા એવા 'ધિ ગોલ્ડન બક' પુસ્તકનો અભ્યાસ કર્યો હતો અને નાદુરસ્ત તબિયતને કારણે જ્યારે તેઓ પદાર્થવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રનો અભ્યાસ ચાલુ રાખી શક્યા ન હતા ત્યારે આ જ પુસ્તક વાંચવાનું તેમણે ચાલુ રાખ્યું હતું. માંદગીમાંથી ઉઠ્યા બાદ લિપઝિક યુનિવર્સિટીમાં તેમણે બે વર્ષ ગાળ્યા હતા.

અહીં શરૂઆતમાં તેમણે પદાર્થવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને પાછળથી તેમણે કાર્લ બુચર પાસે આર્થિક ઇતિહાસ તથા વિલ્હમ વુંડ પાસે પ્રાયોગિક માનસશાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. વિલ્હમ વુંડની અસર, મેલિનોવસ્કીના સાંસ્કૃતિક ઘટનાઓના અભ્યાસ પરત્વેના અભિગમ પર પડેલી જોવા મળે છે. વિસ્તારપૂર્વકના આંતર-સંબંધોનો ખ્યાલ કર્યા વગર, સાંસ્કૃતિક ઘટનાઓનો અભ્યાસ કરવાની પદ્ધતિ વુંડને માટે અસ્વીકાર્ય હતી. વુંડના વિચારોની અસર તળે, મેલિનોવસ્કીએ ઓસ્ટ્રેલિયાની કુટુંબ વ્યવસ્થાનો અભ્યાસ શરૂ કર્યો હતો. અને આ અભ્યાસ તેમણે વેસ્ટરમાર્કના માર્ગદર્શન હેઠળ અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે 1910માં લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં જોડાયા બાદ પૂરો કર્યો હતો. અહીં જ 1916માં મેલિનોવસ્કીને, તેમના ઓસ્ટ્રેલિયાના મૂળ વતનીઓ તથા મેલેનેશિયાના મૈલુ પર પ્રકાશિત થયેલા સંશોધન લેખોના આધારે ડી.એસ.સી.ની પદવી એનાયત કરવામાં આવી હતી. આ જ સમયગાળામાં જ અન્ય વૈજ્ઞાનિકો (રેડક્લિફ-બ્રાઉન, દુર્ખાઈમ અને ફ્રોઈડ જેવા અન્ય) એ ઓસ્ટ્રેલિયાના મૂળ વતનીઓ પર જ અધ્યયન કર્યું હતું. છતાં એ બાબત રસપ્રદ છે કે આ બધા એકબીજાના આ રસના વિષય અંગે જાણતા ન હતા. મેલિનોવસ્કીનું પુસ્તક 'ધી ફેમીલી એમોન્ગ ધિ ઓસ્ટ્રેલિયન એબસોરિજિન્સ' (ઓસ્ટ્રેલિયાના મૂળ વતનીઓમાં કુટુંબ વ્યવસ્થા) , 1913માં પ્રકાશિત થયું અને રેડક્લિફ-બ્રાઉને (1914 : 3૨) તેને, અંગ્રેજીમાં આદિમ જાતિની સંસ્કૃતિના અધ્યયનમાં પ્રયોજવામાં આવેલો, વૈજ્ઞાનિક પદ્ધતિના સર્વોત્તમ નમૂના તરીકે વધાવી લીધું હતું.

આ સમયમાં તેઓએ લંડનમાં તેમની અધ્યાપક તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી અને તેઓ આદિમ (જાતિઓમાં) ધર્મ અને સામાજિક ભિન્નતા તથા સામાજિક મનોવિજ્ઞાન વિષયો શીખવતા હતા. 1914માં લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાંના તેમના એવા સી.જી. સેલિગ્મનના સહયોગમાં, તેમણે ન્યૂ ગિયાનામાં ક્ષેત્રકાર્ય કરવા માટેના પ્રવાસ માટે સ્કોલરશીપ મળી. નૃવંશશાસ્ત્રી તરીકેની આ નવી કારકિર્દી શરૂ કરી ત્યારે તેમની ઉંમર ત્રીસ વર્ષની હતી.

પ્રથમ વિશ્વયુદ્ધ તેની ચરમસીમા પર હતું. 1914 ના વર્ષમાં તેઓ ઓસ્ટ્રેલિયામાંથી પસાર થયા અને તેઓ ઓસ્ટ્રેલિયા પ્રદેશના દુશ્મન મનાતા પોલેન્ડ દેશના હોવાને કારણે ચાર

વર્ષ માટે તેમને નજરકેદ કરવામાં આવ્યા, પણ તેમના સદ્‌ભાગ્યે, તેમના પસંદગીના સંશોધનના ક્ષેત્ર એવા ટ્રોબિએન્ડ ટાપુઓ પર તેમને રાખવામાં આવ્યા હતા.

છ માસના ક્ષેત્રકાર્ય બાદ તેમને ખ્યાલ આવ્યો કે ટાપુવાસીઓના ગાઢ સંપર્કમાં આવવા માટે સ્થાનિક ભાષાની આવડત આવશ્યક હતી. આ સમય દરમિયાન તેમણે તેમનું પ્રચંડ ક્ષેત્રકાર્ય કર્યું હતું. ટ્રોબિએન્ડ ટાપુઓ પર ગાળેલા બે વર્ષ દરમિયાન તેમણે ક્ષેત્રકાર્યની જે પદ્ધતિઓ વિકસાવી તેમનો આજે પણ વિશ્વભરના માનવશાસ્ત્રીઓ ઉપયોગ કરે છે. ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં, 1918માં ત્યાંની યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રના પ્રોફેસરની પુત્રી સાથે તેમણે લગ્ન કર્યા અને ક્ષયની બીમારીનો સંશય આવતા, તેમના સુપ્રસિદ્ધ મોનોગ્રાફ (સંશોધન અભ્યાસ) - આર્ગોનોટ્સ ઓફ વેસ્ટર્ન પેસિફિક (પશ્ચિમ પેસિફિકના ઓર્ગોનેટ્સ) પરના ગ્રંથની પ્રસ્તાવના પૂર્ણ કરીને તેમની ઉપર હસ્તાક્ષર કર્યા બાદ, એપ્રિલ 1921માં તેઓ યુરોપ પાછા ફર્યા. આદિમ (જાતિઓની) સંસ્કૃતિના અભ્યાસ પરત્વેનો તદન નવો અભિગમ આ સંશોધનગ્રંથમાં રજૂ કર્યો. માનવશાસ્ત્રીય અભ્યાસોમાં ક્રાંતિ લાવવાનું ભાથું આ પુસ્તકમાં પડેલું છે તેની પ્રતીતિ મેલિનોવસ્કીને થઈ ચૂકી હતી. વિશ્વયુદ્ધ પછી 1924 માં લંડન પાછા ફર્યા બાદ, મેલિનોવસ્કીએ તેમની અધ્યાપક તરીકેની કારકિર્દી ફરીથી શરૂ કરી. 1927 માં લંડન યુનિવર્સિટીમાં માનવશાસ્ત્રની ચેર પર પ્રથમ બિરાજમાન તરીકે, તેમને બઢતી મળી. આ સમયગાળામાં તેમણે તેમની આસપાસ શિષ્યવૃન્દ ઊભું કર્યું હતું અને તે બધા તેમનો પયંગબર જેવો આદર કરતા હતા. તેમના સેમિનારમાં સહભાગી બનવા માટે વિશ્વના ઘણા બધા ભાગોમાંથી, વિદ્વાનો આકર્ષિત થતા હતા. પોતાના વિદ્યાર્થીઓને મેલિનોવસ્કી પોતાના સંતાનો જેવા માનતા અને તેમને ઉનાળાના વેકેશનમાં રજાઓ ગાળવાના સહેલાણીઓના સ્થાનોમાં લઈ જતા. તેમની પાસે સંપૂર્ણ વફાદારીની તેઓ અપેક્ષા રાખતા. પોતાના સહકાર્યકરો સાથે મેલિનોવસ્કીના સતત મતભેદો થતા રહેતા. તેમના ઘણા બધા વિદ્યાર્થીઓ તેમને વિભૂતિમાન વ્યક્તિત્વ ગણતા, જ્યારે તેમના ઘણા સમકાલીન સહકાર્યકરો તેમને ઉદ્ધત અને જુલમી ગણતા. (જુઓ રસેલ 1968 : 1956) તેમનાથી આકર્ષાયા હતા અને મંત્રમુગ્ધ બનેલા એવા તેમના વિદ્યાર્થીવૃન્દ અને મિત્રોની બહારના વિદ્વાનો તેમના વિભૂતિમાન વ્યક્તિત્વ પ્રત્યે રોષ વ્યક્ત કરતા.

1934માં મેલિનોવસ્કીને દક્ષિણ આફ્રિકાની મુલાકાતે જવાની તક મળી. આ સફર દરમિયાન દક્ષિણ આફ્રિકાના ઘણા બધા વતનીઓ અંગે તેમણે માનવશાસ્ત્રીય અધ્યયનો કર્યા. યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાત લીધી. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે જેમ તેઓ અટવાઈ ગયા હતા ફરી પાછા આ વખતે પણ બીજા વિશ્વયુદ્ધનો આરંભ થતાં, તેઓ લંડન પરત ફરી શક્યા ન હતા. યેલ યુનિવર્સિટીમાં અધ્યાપન કરવામાં તેમજ મેક્સિકોના પ્યુબ્લો ઈન્ડિયન (આદિવાસીઓ) ઉપર સંશોધન કરવામાં તેમણે આ સમયનો સદુપયોગ કર્યો હતો. અઠ્ઠાવન વર્ષની વયે, 1942માં યુ.એસ.એ.ના ન્યૂ હેવનમાં તેમનું મૃત્યુ થયું.

**મેલિનોવસ્કીના પુસ્તકો**

1. The Family among the Australian Aboriginies, (1913).
2. Argonaunts of the Westen Pacie. (1922)
3. Crime and Custom in Savage Society, (1926)
4. Sex and Repression in Savage Society, (1927)
5. The Sexual Life of Savages, (1929)
6. Coral Gardens and Their Magic, (1936)

7. Freedom and Civilization, (1944)
8. The Dynamics of Cultural Change, (1945).
9. A Diary in the Strict Sense of the Term, (1967)

## 13.3 સંસ્કૃતિનો પ્રકાર્યાત્મક સિદ્ધાંત

મેલિનોવસ્કી કાર્યવાદી દષ્ટિકોણ (Functional Point of View) દ્વારા સંસ્કૃતિના ખ્યાલને સમજાવવાનો પ્રયત્ન કરે છે. મેલિનોવસ્કીની દષ્ટિએ સંસ્કૃતિ એક સાધન છે. જેના દ્વારા મનુષ્ય પોતાનું શારીરિક, માનસિક અને બૌદ્ધિક અસ્તિત્વ ટકાવી રાખવામાં સફળ બને છે. માનવ એક જૈવકીય પ્રાણીજ નહિ પરંતુ સામાજિક પ્રાણી પણ છે અને આ બંને રૂપમાં એની અનેક શારીરિક-માનસિક આવશ્યકતાઓ હોય છે. આ આવશ્યકતાઓની પૂર્તિ કર્યા વિના સામાજિક પ્રાણીના રૂપમાં માનવનું અસ્તિત્વ કદી સંભવી શકતું નથી. આ આવશ્યક્તાઓની પરિપૂર્તિ અર્થે માનવ સંસ્કૃતિનો નિર્માતા બને છે; અને તેની દ્વારા પોતાની શારીરિક, માનસિક અને બૌદ્ધિક આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવા સમર્થ બને છે. આમ, સંસ્કૃતિના વિભિન્ન અંગોનું એક વિશિષ્ટ સ્વરૂપ (Form) જ નથી હોતું, પરંતુ એક વિશિષ્ટ કાર્ય (Function) પણ હોય છે. સંસ્કૃતિનું કોઈ પણ તત્ત્વ નકામું નથી હોતું, એનું કોઈ ને કોઈ કાર્ય અવશ્ય હોય છે. કોઈપણ સાંસ્કૃતિક તત્ત્વ, માનવને કોઈ કામમાં આવે છે કે નહિ, એના ઉપર એનું અસ્તિત્ત્વ નિર્ભર હોય છે. આને જ મેલિનોવસ્કીનો કાર્યવાદ કહી શકીએ.

મેલિનોવસ્કીની દષ્ટિએ સંસ્કૃતિનું કોઈપણ તત્ત્વ કાર્ય વગરનું હોતું નથી. સંસ્કૃતિનું પ્રત્યેક તત્ત્વ (trait) કોઈ ને કોઈ કાર્ય કરે છે અને એનું અસ્તિત્વ પણ જ્યાં સુધી એ સંપૂર્ણ વ્યવસ્થામાં કોઈને કોઈ કાર્ય કરે છે, ત્યાં સુધી જ ટકી શકે છે. સંસ્કૃતિના સંગઠનનો ઉદ્દેશ્ય માનવ-જીવનની વિવિધ આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવાનો છે, તેથી જ તો કોઈપણ સાંસ્કૃતિક તત્ત્વનું કાર્યવિહિન અસ્તિત્ત્વ (Functionless Survival) સંભવી જ કઈ રીતે શકે. આમ, સંપૂર્ણ જીવન-પદ્ધાતિ ટકાવવામાં પ્રત્યેક સાંસ્કૃતિક તત્ત્વનું કોઈ ને કોઈ યોગદાન એટલે કે કાર્ય (Function) હોય છે. તેથી જ સંસ્કૃતિના પ્રત્યેક તત્ત્વને બીજા તત્ત્વોની સાથે એક આંતરિક તેમ જ કાર્યાત્મક સંબંધ હોય છે, જેના ફલસ્વરૂપે અસંખ્ય સાંસ્કૃતિક તત્ત્વ, એકબીજાથી વિભિન્ન ન રહે પરંતુ એકબીજા સાથે બંધાયેલા અને સંબંધિત હોય છે, અને સર્વ સાથે મળીને સંસ્કૃતિને એક સમગ્રતા (Wholeness) પ્રદાન કરે છે. આમ મેલિનોવસ્કીના મત મુજબ, સાંસ્કૃતિક સંગઠન (Cultural Integration) નું આધારભૂત કારણ એ સંસ્કૃતિના પ્રત્યેક તત્ત્વ દ્વારા કરનારું કાર્ય છે. સાંસ્કૃતિક સંગઠનના સંબંધમાં મેલિનોવસ્કીનો આ કાર્યવાદી સિદ્ધાંત (Functional Theory) અથવા અભિગમ છે કે જે નીચેના મુદ્દાઓ દ્વારા વધુ સ્પષ્ટતાથી સમજી શકીએ છીએ.

મેલિનોવસ્કીની દષ્ટિએ સંસ્કૃતિ એ માનવની પ્રાણીશાસ્ત્રીય આવશ્યકતાઓ દ્વારા ઉદ્‌ભવેલી માનવની શોધ છે. માનવનું શારીરિક-માનસિક અસ્તિત્વ (Bio-Psychic Survival) જે સાધનો દ્વારા ટકી શકે છે, એ સાધનોની સમગ્રતાને સંસ્કૃતિ કહે છે. મેલિનોવસ્કીએ મત્તુષ્યની આધારભૂત એવી સાત પ્રાણીશાસ્ત્રીય આવશ્યકતાઓ (Biological needs) નો ઉલ્લેખ કર્યો છે. જેવી કે શરીર પોષક (Metabolic), ઉત્પાદક (Reproductive), શારીરિક આરામ (Bodily Comforts), સુરક્ષા (Safety), ગતિ (Movement), વૃદ્ધિ (Growth) અને સ્વાસ્થ્ય (Health) સંબંધી આવશ્યકતાઓને તેઓ સમાવે છે. પ્રત્યેક આવશ્યકતાની પૂર્તિ માનવનિર્મિત વિભિન્ન સાંસ્કૃતિક તત્ત્વો દ્વારા સંભવે છે. આ સાતે આવશ્યકતાઓની પૂર્તિને લીધે વિવિધ સાંસ્કૃતિક તત્ત્વો એક સાથે મળીને સંયુક્ત રૂપમાં કાર્ય કરે છે. પ્રત્યેક

સમાજમાં આ આવશ્યકતાઓની પૂર્તિના સાધનો એક હોતા નથી, પરંતુ પ્રત્યેક સમાજમાં આ સાંસ્કૃતિક તત્ત્વોના પ્રકાર તેમજ સ્વરૂપ ભિન્ન હોય છે અને તેથી જ દરેક સમાજની સંસ્કૃતિનું માળખું જુદું જુદું સંભવે છે. છતાં એટલું તો સત્ય છે કે આ સાત શારીરિક-માનસિક આવશ્યકતાઓની નિયમિત રીતે પરિપૂર્તિ કરવા માટે દરેક સમાજની સંસ્કૃતિમાં યોજના હોય છે, જેની સફળતા એ સંસ્કૃતિના અંતઃસંગઠન દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. પોતપોતાના કાર્યમાં સર્વ તત્ત્વો પ્રવૃત્ત હોય છે, અને આવા પ્રવૃત્ત સાંસ્કૃતિક તત્ત્વોના સમગ્રરૂપને મેલિનોવસ્કી 'સંસ્કૃતિ' કહે છે. આ સાંસ્કૃતિક તત્ત્વોને એમના કાર્યોથી અલગ કરી, સમગ્ર સંસ્કૃતિ વિષે કલ્પના કરવી એ તદ્દન અસંભવિત છે. આમ, મેલિનોવસ્કી સાંસ્ફાતિક તત્ત્વોના કાર્યો ઉપર સવિશેષ ભાર મૂકતા હોવાથી એમના અભિગમને કાર્યવાદ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ મેલિનોવસ્કીનો આ દષ્ટિકોણ એક દોષ એ ધરાવે છે કે તેઓ માનવીની આવશ્યકતાઓ અને ઈચ્છાઓ પર અધિક ભાર મૂકી, માનવની ઉચ્ચતર ભાવનાઓની અવહેલના કરતા હોય એમ છે.

મેલિનોવસ્કી માને છે કે સાંસ્કૃતિક પરિવર્તન બે પ્રકારના કારકો અને શક્તિઓનું પરિણામ હોઈ શકે છે. પહેલા એવા કારકો અને શક્તિઓ કે જે પોતાના સમુદાયમાં ઉદ્‌ભવે છે. જેને પરિણામે શોધો થાય છે અને તે શોધો સાંસ્કૃતિક પરિવર્તનના કારકો બને છે. બીજા, સાંસ્કૃતિક પરિવર્તન વિભિન્ન સંસ્કૃતિઓના પારસ્પરિક સંપર્ક કે પ્રભાવને કારણે પણ હોઈ શકે છે. આ બીજી પ્રક્રિયા એ છે કે જે તે માનવશાસ્ત્રમાં સામાન્ય રીતે પ્રસાર (Diffuse) કહેવામાં આવે છે. મેલિનોવસ્કી જે પ્રક્રિયાને પ્રસાર કહે છે તેને અમેરિકાના મોટાભાગના માનવશાસ્ત્રી 'સંસ્કૃતિકરણ' (Acculturation)ની પ્રક્રિયા માને છે. મેલિનોવસ્કીનો વિચાર છે કે જ્યારે એક સંસ્કૃતિના કોઈ 'વિશિષ્ટ ગુણ' બીજી સંસ્કૃતિમાં પ્રવેશ કરે છે, ત્યારે તેનો પ્રસાર થાય છે ત્યારે તે એકલું બીજી સંસ્કૃતિમાં પ્રવેશતું નથી, પરંતુ તે પોતાના બીજા અન્ય તત્ત્વોને પણ સાથે લઈ જાય છે અને તે એ કારણે પોતાની સાથે લઈ જાય છે કારણ કે પોતાની સંસ્કૃતિમાં જેનું તે વિશિષ્ટ ગુણ છે તે કોઈ સ્વતંત્ર, અસંબંદ્ધ વસ્તુ તો નથી જ.

**સંસ્કૃતિના ઉદાહરણો**

સંસ્કૃતિની ઉપરોક્ત વિભાવનાને મેલિનોવસ્કીએ લગ્ન, પ્રથા અને આર્થિક સંગઠનના માધ્યમથી સમજાવ્યા છે.

(1) લગ્ન અને કુટુંબની સંસ્થાઓ- લગ્ન અને કુટુંબની સંસ્થાઓ બધી સંસ્કૃતિઓમાં જોવા મળે છે. એટલે કે આ સંસ્થાઓ સાર્વત્રિક છે. આ સાર્વત્રિક સંસ્થાઓ દ્વારા જે કાર્ય થાય છે તે કુટુંબ એક પેઢીથી બીજી પેઢીમાં સંસ્કૃતિનું હસ્તાતરણ કરે છે.

(2) ગોત્ર (Clan)- મેલિનોવસ્કીના મતે ગોત્ર કુટુંબનું માત્ર વિકલ્પ નહીં પરંતુ તેનાથી પણ વધુ વ્યાપક છે. તે માનવીની આર્થિક, નૈતિક, ધાર્મિક સ્થિતિઓમાં કાર્ય કરે છે. આ વિષે મેલિનોવસ્કીએ 'કુલા'માં વસ્તુઓના આદાન-પ્રદાનમાં ગોત્રનું પ્રકાર્ય દર્શાવ્યું છે.

(3) આર્થિક ક્રિયાઓ (Economic Activities)- ટ્રોબિયાડ જનજાતિની સામાજિક સંરચનાનું વિશ્લેષણ કરી મેલિનોવસ્કીએ એવું જણાવ્યું છે કે તે કોઈને કોઈ પ્રકારના કાયદા પર આધારિત છે.

(4) પારસ્પરિકતાનું મહત્ત્વ (Importance of Reciprocity)- મેલિનોવસ્કીના મતે સામાજિક જીવનનો આધાર આદાન-પ્રદાનનું સિદ્ધાંત છે.

## 13.4 કાર્યરત અને સુસંગઠિત સમગ્ર (સમષ્ટિ) તરીકે સંસ્કૃતિ

સાંસ્કૃતિક વર્તન પરત્વેનો તેમનો અભિગમ વિકસાવવામાં મેલિનોવસ્કીએ તેમના કેટલાક વિચારોનો ઉપયોગ કર્યો. મેલિનોવસ્કી (1944 : 36) સંસ્કૃતિને જ્ઞાનકોશ કે વિશ્વકોશની રીતે (સર્વ બાબતોને આવરી લેનાર તરીકે) સમજે છે. અને તેમાં ઓજાર અને ઉપભોગની ચીજવસ્તુઓ, વિવિધ સામાજિક સમૂહો, માનવીય વિચારો અને કસબ કારીગરીઓ, માન્યતાઓ અને રિવાજોનો સમાવેશ કરે છે અને તે બંધારણીય સનદ કે અધિકારપત્ર છે. પછી ભલે તે સાદી-સરળ, પ્રાથમિક (લોકોની) સંસ્કૃતિ હોય કે સંકુલ અને વિકસિત સંસ્કૃતિ હોય. મેલિનોવસ્કીના મતે (1944 : 35) તે મનુષ્યને પડકારતી મૂર્ત પ્રત્યક્ષ વિશિષ્ટ અનુભવાતી સમસ્યાઓને પહોંચી વળવા માટે સક્ષમ બનાવતું વિશાળ સાધન છે અને તે અંશતઃ ભૌતિક, અંશતઃ માનવીય અને અંશતઃ આધ્યાત્મિક એવી બાબતોનું બનેલું છે. આ વિધાનો પરથી જણાશે કે મેલિનોવસ્કીની સંસ્કૃતિની વિભાવનામાં (1) ભૌતિક સંસ્કૃતિ (2) માનવ પ્રવૃત્તિની મૂર્ત શ્રેણીઓ (પંક્તિઓ) અને (3) સામાજિક સમૂહોના બંધારણીય અધિકાર પત્રો અને માન્યતાઓનો સમાવેશ થાય છે.

(1) પ્રથમ શ્રેણીમાં એટલે કે ભૌતિક સંસ્કૃતિમાં ઓજારો અને ઉપભોગની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. આ ઉપકરણો અથવા ભૌતિક વસ્તુઓ છે, તે માનવ વર્તનની પેદાશ છે અને માનવોની જરૂરિયાતો સંતોષવા માટે સાધનરૂપ છે.

(2) બીજો વિભાગ એટલે કે માનવ પ્રવૃત્તિની મૂર્ત શ્રેણીઓને 'રીતરિવાજ' શબ્દમાં આવરી લેવામાં આવી છે. કેમ કે રિવાજોમાં સામાજિક વ્યવસ્થાના મૂળ તત્ત્વોનો સમાવેશ થાય છે.

(3) ત્રીજા વિભાગમાં એટલે કે સામાજિક સમૂહો અને માન્યતાઓના બંધારણીય અધિકારપત્ર (સનદ)માં સાંસ્કૃતિક વસ્તુઓનો અને સામાજિક વ્યવસ્થાના કેટલાંક પાસાનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત વર્ણન પરથી જણાશે કે મેલિનોવસ્કીએ સંસ્કૃતિને માનવજીવન અને વર્તન સાથે નિસ્બત ધરાવતી લગભગ બધી જ બાબતો તરીકે ગણાવી છે. અને સંસ્કૃતિ એ માનવ પ્રાણીનો, તેની શરીર વ્યાપારવિષયક વ્યવસ્થાની જેમ, ભાગ નથી એમ જણાવ્યું છે. મેલિનોવસ્કીના ખ્યાલ પ્રમાણે સંસ્કૃતિ તો વર્તનની એ રચના કે આકૃતિ છે, જેને વ્યક્તિઓ સામૂહિક રીતે ધરાવે છે, શીખે છે અને અન્ય વ્યક્તિઓમાં સંક્રમિત કરે છે. સંસ્કૃતિમાં વર્તનની શીખેલી ઢબો, રીતો સાથે જોડાયેલ ભૌતિક સંસ્કૃતિનો પણ સમાવેશ થાય છે. અહીં આપણને જણાય છે કે મેલિનોવસ્કી એક તરફ ભૌતિક વસ્તુઓ અને બીજી તરફ રીતરિવાજો, માન્યતાઓ અને સામાજિક સમૂહો વચ્ચે તફાવત પાડે છે. ભૌતિક વસ્તુઓ સાધન હથિયાર તરીકે અને ઉપભોગની ચીજવસ્તુ તરીકે કામ આવે છે. જ્યારે રીતરિવાજો, માન્યતાઓ અને સામાજિક સમૂહો-સંગઠનો તો, સામાજિક-સાંસ્કૃતિક વર્તનમાં સામેલ થતી વ્યક્તિઓના ગુણધર્મો છે. આમ, આ રીતે જોઈએ તો મેલિનોવસ્કી 'સંસ્કૃતિ'ને સમાજ અથવા સમાજવ્યવસ્થાના પર્યાય તરીકે ગણે છે. મેલિનોવસ્કીની સંસ્કૃતિની વ્યાખ્યાને ટાઈલરની વ્યાખ્યા સાથે સરખાવી જોઈએ.

## 13.5 મેલિનોવસ્કી અને ટાઈલરની સંસ્કૃતિની વ્યાખ્યાઓ

એનસાઈક્લોપીડિયા ઓફ સોશિયલ સાયન્સીસ (સામાજિક શાસ્ત્રોના જ્ઞાનકોશ)માં 1931માં મેલિનોવસ્કીએ સંસ્કૃતિ શબ્દની વ્યાખ્યા આપેલી છે. તેમાં લખ્યું છે, "... સંસ્કૃતિ એ વારસામાં મળેલા ઓજારો, સાધનો, હથિયારો, ચીજવસ્તુઓ, તકનીકી પ્રક્રિયાઓ, વિચારો,

ટેવો અને મૂલ્યોની બનેલી છે.'' મેલિનોવસ્કીના મંતવ્ય મુજબ સમાજવ્યવસ્થા એ સ્પષ્ટ રીતે સંસ્કૃતિનો ભાગ છે. આ દૃષ્ટિએ જોતા, તેમની સંસ્કૃતિની વ્યાખ્યા ટાઈલર (1881)ની વ્યાખ્યાને બરાબર મળતી આવે છે. આપણા અભ્યાસક્રમોમાં ટાઈલરની વ્યાખ્યાનો વારંવાર ઉલ્લેખ કર્યો છે. ટાઈલર કહે છે, ''સમાજના સભ્ય તરીકે મનુષ્યે મેળવેલા જ્ઞાન, માન્યતા, કલા, કાયદા, કાનૂન, નીતિનિયમો, રીતિરિવાજો તથા અન્ય સર્વ શક્તિઓ અને ટેવોનો બનેલો સમગ્ર સંકુલ એટલે સંસ્કૃતિ.'' આ બે વ્યાખ્યાની સરખામણી કરતાં જણાશે કે ટાઈલર સંકુલતાના પાસા પર ભાર મૂકે છે, જ્યારે મેલિનોવસ્કી સમગ્રતાના પાસા પર ભાર મૂકે છે.

મેલિનોવસ્કી સંસ્કૃતિ શબ્દનો ઉપયોગ એક કાર્યરત કે કાર્ય કરતાં સમગ્ર તરીકે કરે છે અને માન્યતાઓ, પદ્ધતિઓ, રીતરિવાજો અને સંસ્થાઓ જે બધા મળીને સંસ્કૃતિનું સમગ્ર બને છે, તેમના ઉપયોગ કે કાર્યનો અભ્યાસ કરવાનો વિચાર વિકસાવે છે. સંસ્કૃતિના દરેક ભિન્ન પાસાને ક્ષેત્ર અનુભવજન્ય સંશોધનની યોજના તરીકે જુએ છે અને તેને નિરીક્ષણ દ્વારા ચકાસી શકાય છે એમ જણાવે છે. આ અર્થમાં જોઈએ તો માનવશાસ્ત્ર / સમાજશાસ્ત્રમાં જાણીતી બનેલી ક્ષેત્રકાર્ય પદ્ધતિના મેલિનોવસ્કી (તેનું સ્વરૂપ નક્કી કરનાર, તેની દેખરેખ રાખનાર) એ સ્થપતિ છે. ક્ષેત્ર સંશોધન પરનો તેમનો પરિપ્રેક્ષ્ય વિકસાવતાં વિકસાવતાં તેમણે કાર્યાત્મકવાદી ક્રાંતિ આણી અને લખ્યું, ''માનવશાસ્ત્રની કાર્યાત્મવાદી શાખાની ભવ્ય પદવીમાં પોતે, એક રીતે મને જ એનાયત કરી છે.'' અહી બડાશખોરી નથી. 1922માં તેમના સુપ્રસિદ્ધ સંશોધન ગ્રંથ ''આર્ગોનોટ્સ ઓફ ધ વેસ્ટર્ન પેસિફિક''માં કાળજીપૂર્વક કરેલા ક્ષેત્રકાર્યના પરિણામો તેમણે પ્રસિદ્ધ કર્યા. અહી વિવિધ વિભાગોની સંતુલિત વ્યવસ્થા તરીકેની સંસ્કૃતિની વિભાવનાનો તેમણે ઉપયોગ કર્યો. તેઓ સમજૂતી આપતા જણાવે છે કે, સંસ્કૃતિના સમગ્રને (સમગ્રતયા સંસ્કૃતિને) જાળવી રાખવામાં તે કઈ રીતે મદદ કરે છે એ અર્થમાં રિવાજ અથવા સંસ્થાનું કાર્ય સમજવાનું છે. મેલિનોવસ્કી (1931 : 621-464) સૂચના આપે છે કે સંસ્કૃતિનો, પોતાનો એક સ્વપર્યાપ્તિ વાસ્તવિકતા તરીકે અભ્યાસ કરવાનો છે.

મેલિનોવસ્કીએ ઉપરની બાબતો પર ભાર મૂક્યો છે, તેમને આપણે તેમના સમયમાં પ્રવર્તમાન અભિગમોના સંદર્ભમાં જોવી જોઈએ. તેમના સમયમાં ઉત્ક્રાંત્તિવાદીઓ અને પ્રસરણવાદીઓ ઉત્ક્રાંતિના કાલાનુસાર ચઢઉતર ક્રમના પગથિયાંઓ પર સંસ્કૃતિઓને ગોઠવતા સાંકળતા હતા અથવા સ્થળ પરત્વે કોઈક પ્રસરણવાદી નકશામાં તેમને ગોઠવતા હતા (પોકોક 1961 : પર). આ અભિગમો સામે તેમણે વાંધો ઉઠાવ્યો તથા સંસ્કૃતિનાં વિભિન્ન પાસાં વચ્ચેના આંતરસંબંધને શોધી કાઢવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. આમ, સંસ્કૃતિને એક સુસંગિત સંકલિત સમગ્ર તરીકે જોવાનો અનુરોધ કર્યો. આ ''સમગ્ર'નો અભ્યાસ દરેક રિવાજના કાર્યના સંદર્ભમાં કરવાનો છે, એમ જણાવ્યું.

## 13.6 સંસ્કૃતિના અધ્યયન માટે મેલિનોવસ્કીની પદ્ધતિઓ

આ માટે, સમગ્ર સંસ્કૃતિના કાર્યકારી સમગ્રના અધ્યયન માટે ક્ષેત્ર પદ્ધતિ કે પ્રયુક્તિઓ વિકસાવી. ક્ષેત્ર પદ્ધતિઓ પર તેમના ભારને કારણે, તેમના આ કાર્યાત્મકવાદે માનવશાસ્ત્રમાં ક્રાંતિકારી પરિવર્તન આણ્યું. સંસ્કતિના વર્ણન અંતે પૃથક્કરણ કરવા માટે તેમના સમયમાં વપરાતા શબ્દોનું તેમણે ઉદ્દામ રીતે પુનઃમૂલ્યાંકન કર્યું. હવે મેલિનોવસ્કીના મત પ્રમાણે જેને માટે માહિતી એકત્ર કરવાની વિશિષ્ટ પ્રયુક્તિઓ આવશ્યક છે તેવી ત્રણ બાબતો ટૂંકમાં તપાસીએ :

(1) કોઈપણ સંસ્કૃતિની સંસ્થાઓ અને રિવાજોની રૂપરેખા આલેખન ડરવા માટે તેમણે ''વાસ્તવિક કે મૂર્ત પુરાવાઓ દ્વારા આંકડાકીય દસ્તાવેજી પુરાવાની પદ્ધતિ'' વિકસાવી. લોકો પાસેથી જાણેલ અભિપ્રાયો, વર્ણનો દ્વારા, પ્રત્યક્ષ દષ્ટાંતોના અવલોકનો દ્વારા,

ક્ષેત્રકાર્ય કરનાર સંશોધકને અમુક પ્રવૃત્તિના મૂળભૂત તત્ત્વો અને તેના અલગ પાસાંઓ વચ્ચેની કડીઓને સમજવાનો અનુરોધ કર્યો.

(2) રોજબરોજના જીવનના સામાજિક વર્તનનું અવલોકન કરીને વિગતવાર તેની નોંધ ખાસ બનાવેલી (એથ્નોગ્રાફિક) નૃવંશશાસ્ત્રીય ડાયરીમાં કરવી જોઈએ. મેલિનોવસ્કી લખે છે, ''સ્થાનીય વતનીઓના રિવાજ અંગે નિયમોને અને નિયમિતતાઓને શોધવા તેમજ તે માટેની એકત્ર કરેલી માહિતીમાંથી તથા લોકોના વિધાનોમાંથી ચોક્કસ ફોર્મ્યુલા બનાવવાનો પ્રયાસ કરતાં આપણને જણાશે કે વાસ્તવિક જીવનમાં આવી ચોકસાઈ દુર્લભ છે. અહી કોઈ નિયમોનું જડતાથી પાલન થતું જોવા મળતું નથી. આથી જ તે માટે અમુક રિવાજ કેવી રીતે અમલમાં મુકાતો હોય છે, તેના અવલોકનો દ્વારા તેને પુષ્ટિ આપવી જોઈએ. અવલોકન દ્વારા સંશોધકે બનાવેલા ચોક્કસ નિયમોનું લોકોના વર્તનમાં કેવું પાલન થાય છે તેના અવલોકનો દ્વારા, તેવી જ રીતે સમાજશાસ્ત્રીય ઘટનામાં અપવાદરૂપ બાબતો જે લગભગ હંમેશા થતી હોય છે તેના અવલોકન દ્વારા, આપણે ઘડી કાઢેલા નિયમોને, નિયમિતતાઓ અંગે પૂરક માહિતી મેળવવી જોઈએ.''

(3) સ્થાનિક (વતની) લોકોની મનોદશાની દસ્તાવેજી નોંધ કરવા માટે ક્ષેત્ર સંશોધકે (એથ્નોગ્રાફિક) નૃવંશશાસ્ત્રીય વિધાનો, લાક્ષણિક નિરૂપણો, વિશિષ્ટ ઉક્તિઓ, લોકકથાની વિગતો અને જાદુઈ રીતો, એકત્ર કરવાનો તેમણે અનુરોધ કર્યો.

લોકો શું કહે છે અને શું કરે છે (ઉપરનો (1) ભાગ) તેમની વચ્ચેના તફાવતો કે ભિક્ષતાનું અટપટાપણું (સંકુલતા) તેઓ સમજવા માંગતા હતા, તેઓ વાસ્તવમાં શું કરે છે (ઉપરનો (2) ભાગ) અને તેઓ શું વિચારે છે (ઉપરનો (3) ભાગ) તેમની વચ્ચેના તફાવત, તેમાં જોવા મળતી સંકુલતા તેઓ સમજવા માંગતા હતા. મેલિનોવસ્કી જેવા સંપજન ક્ષેત્રકાર્યકર, પોતે જેવો અભ્યાસ કરવા માંગતા હોય તેમની, તે લોકોની સાથે વ્યક્તિગત રીતે તાદાત્મ્ય સાધવાનું હતું. કાર્યની વિભાવનાનો ઉલ્લેખ મેલિનોવસ્કી ઉપયોગના અર્થમાં કરે છે. દરેક સંસ્કૃતિ સુસંગઠિત રીતે સમગ્ર હોય છે કેમ કે તે કાર્યરત એકમ હોય છે. તેમના મત પ્રમાણે સામાજિક સમૂહના સભ્યો માટે તેમની સંસ્કૃતિના બધા જ અંગો અમુક અર્થ ધરાવે છે. એક રીતે લોકોની જરૂરિયાતો સંતોષવા માટેના તે સાધન હોય છે, તે બધા અંગોને એકત્ર રાખવા માટેતો તે જાણે કે ખુલાસો કે તર્કસંગત આધાર હોય છે. આવશ્યકતાઓના સંદર્ભમાં સંસ્કૃતિની સમજૂતી મેળવવા જતા મેલિનોવસ્કી મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રવેશ્યા.

## 13.7 મેલિનોવસ્કીએ વિકસાવેલી 'કાર્ય'ની વિભાવના

મેલિનોવસ્કીની યોજનામાં (માળખામાં) સંસ્કૃતિનો વિચાર કેન્દ્રબિંદુએ હતો, માનવજરૂરિયાતોને સંતોષવાના સાધન તરીકે તેમણે તેને ગણાવ્યો છે. જરૂરિયાતોના સંદર્ભમાં સંસ્કૃતિના કાર્યની આ સમજ મેલિનોવસ્કીને ટ્રોબિએન્ડ ટાપુઓ પર એકઠા કરેલા સમૃદ્ધ નૃવંશશાસ્ત્રીય, હકીકતોને વ્યવસ્થિત રીતે રજૂ કરવામાં તેમજ તેનું પૃથક્કરણ કરવામાં સરળતા કરી આપે છે.

કેટલાક વિદ્વાનો મેલિનોવસ્કીના નૃવંશશાસ્ત્રીય કે ક્ષેત્રઆધારિત નૃવંશશાસ્ત્રને સૈદ્ધાંતિક સૂઝના ભાગરૂપે ગણે છે (લીચ 1957 : 119). આવી સૈદ્ધાંતિક સૂઝ આજે સમાજશાસ્ત્રીય સંશોધનના અવિચ્છિન્ન અંતર્ગત ભાગરૂપ બની છે, મેલિનોવસ્કીની નૃવંશશાસ્ત્રીય તરીકેની. મહાનતા તેમની સૈદ્ધાંતિક ધારણાઓમાં છે એવું લીચે જણાવ્યું છે. આ ધારણા કહે છે કે ક્ષેત્રમાંથી પ્રાપ્ત કરેલી બધી માહિતી એકબીજા સાથે બંધબેસતી આવતી અને એક સમગ્ર ચિત્ર નિર્માણ

કરતી હોવી જોઈએ, જેમ જિગસો-ભૂલભૂલામણીમાં સમગ્ર ચિત્રના નાના નાના ટૂકડાઓને એકત્ર એટલે ચિત્રરૂપે ગોઠવવાની રમતમાં હોય છે. તે માત્ર એકબીજાને બંધબેસતી આવે એટલું જ નહીં પણ અર્થપૂર્ણ બનવી જોઈએ. આ ધારણા મેલિનોવસ્કીના અભિગમથી ક્ષેત્ર-સંશોધન કરનારા તેમના અનુયાયીઓને સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિની ઝીણવટભરી વિગતો પર ખૂબ ધ્યાન આપવાની ફરજ પાડે છે. આ વલણનું નોંધપાત્ર પરિણામ એ આવ્યું કે આદિમ લોકોના મૂર્તિમંત અને જીવંત નૃવંશશાસ્ત્રીય અહેવાલો અને તેમના વર્તનની સમજૂતીઓ નિષ્પન્ન થઈ. પ્રત્યક્ષ ક્ષેત્રમાંથી માહિતી એકત્ર કરવા પર મેલિનોવસ્કી ખૂબ ભાર મૂકતા હતા, તેથી સિદ્ધાંત ઘડતરમાં પ્રગતિ આપી શકાઈ, કેમ કે માહિતીનું પૃથક્કરણ ક્ષેત્રમાની અનુભવજન્ય વાસ્તવિકતાઓના પાયા પર રચાયેલું હોવું જોઈએ એ આવશ્યક બન્યું.

મેલિનોવસ્કીને 'અમૂર્ત સિદ્ધાંત' પર વિશ્વાસ ન હતો. તેને તે શંકાશીલ નજરે જોતા (લીચ 1957 : 134). આ વલણને લીધે તેઓ સમાજ અંગેની પ્રત્યક્ષ માહિતીઓની ઝીણવટભરી રીતે નોંધ કરવાનો અભિગમ રાખતા. પરંતુ પ્રત્યક્ષ માહિતીઓના દરિયામાં તેઓ ડૂબી જતા નહીં. અન્ય સમાજશાસ્ત્રીઓની જેમ તેમણે પણ આ બધી વિગતોને અર્થપૂર્ણ રીતે સમજવાની હતી. આ માટે સૈદ્ધાંતિક માળખું વિકસાવવાની તેમને જરૂર પડી. 'અમૂર્ત સિદ્ધાંત' પ્રત્યે અણગમો હતો, તેથી ઓગણીસમી સદીના અમૂર્ત (કપોળકલ્પિત) સિદ્ધાંતોની ઉણપોને દૂર કરવાનો તેમણે પ્રયત્ન કર્યો. પરિણામે મધ્યમ કક્ષાની મધ્યવ્યાપી વિભાવનાઓની તેઓ સતત શોધમાં રહેતા. આવા મધ્યવ્યાપી ખ્યાલો એટલા અમૂર્ત ન હતા કે જેથી કાલ્પનિક બની જાય અને તદ્દન મૂર્ત પણ ન હતા કે તારણો તારવવાને કોઈ અવકાશ જ ન રહે. આવી મધ્યવ્યાપી વિભાવનાઓ વિકસાવવાની પ્રક્રિયામાં મેલિનોવસ્કીએ સંસ્કૃતિને સાધન તરીકે કાર્યાત્મક ભૂમિકાઓ ભજવનાર તરીકે પ્રસ્થાપિત કરી, બીજું સંસ્કૃતિની કાર્યાત્મક ભૂમિકાઓ દર્શાવવા જતાં તેઓ વ્યક્તિની જરૂરિયાતોના સંતોષ પર ભાર મૂકતા હતા. તેમનો કાર્યવાદી સિદ્ધાંત આટલેથી આગળ વધ્યો ન હતો.

મેલિનોવસ્કીએ કાર્યવાદ (કાર્યાત્મકવાદ)ને પદ્ધતિશાસ્ત્રીય વિભાવના તરીકે વિકસાવ્યો નથી. ઈવાન્સ પ્રિચાર્ડ (1954 : 54)ના શબ્દોમાં કહીએ તો મેલિનોવસ્કી માટે કાર્યવાદી પદ્ધતિ તેમના અવલોકનોના વર્ણન-નિરૂપણ માટે, તેને સુગ્રથિત રીતે રજૂ કરવાના હેતુ માટેની સાહિત્યિક પ્રયુક્તિ હતી. અહીં એ જણાવવું પ્રસ્તુત છે કે મેલિનોવસ્કીના સમકાલીન રેડક્લિફબ્રાઉને પાછળથી સમાજનો કાર્યાત્મકવાદી કે દેહવાદી સિદ્ધાંત વિકસાવ્યો.

## 13.8 સારાંશ

મેલિનોવસ્કીની સંસ્કૃતિ, જરૂરિયાતો અને કાર્યની વિભાવનાઓની વિસ્તારપૂર્વક ચર્ચા કર્યા પછી સહેલાઈથીઃ સમજી શકાય છે કે તેમણે કાર્યની વિભાવનાને સંપૂર્ણ રીતે વિકસાવી ન હતી. તેમની સંસ્કૃતિની વિભાવનાનો વિચાર કરીએ તો અહી તેઓ મહાન વિશાળ આકૃતિ (યોજના) વિકસાવવા માંગતા હતા અને એને કારણે તેમનું આ કાર્ય ભારે મોટું મુશ્કેલ બની ગયું. આમ છતાં મેલિનોવસ્કી, તેમના સમયમાં સાર્વત્રિક સ્વીકૃતિ પામેલા સિદ્ધાંતોનો વિરોધ કરનારા બહાદુર લડવૈયા તરીકે જાણીતા છે. આ ઉપરાંત સમાજશાસ્ત્રીય વિચારમાં તેમનું મુખ્ય પ્રદાન એ છે કે તેમણે નૃવંશશાસ્ત્રી ક્ષેત્રકાર્ય કરનારાની અને સિદ્ધાંત ઘડતરની એમ બે ભૂમિકાઓને એકત્ર કરી. નૃવંશશાસ્ત્રીએ ક્ષેત્રકાર્યમાંથી એકત્ર કરેલી માહિતીને અર્થપૂર્ણ બનાવવા માટે સૈદ્ધાંતિક અર્થઘટનો આવશ્યક છે, એમ તેમણે દર્શાવ્યું. પંદર વર્ષના સમયગાળામાં તેમણે સૈદ્ધાંતિક માળખું વિકસાવ્યું, તેનો પાયો ક્ષેત્રકાર્ય દ્વારા જાણેલી વાસ્તવિકતાઓમાં પડેલો

હોઈ, તેમના અનુયાયીઓએ તેનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. આમ, તેઓ નૃવંશશાસ્ત્રમાં એક મહાન હસ્તી દંતકથા જેવા બની ગયા.

## 13.9 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

1. મેલિનોવસ્કીનો સંસ્કૃતિનો પ્રકાર્યાત્મક સિદ્ધાંત સમજાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

2. સમગ્ર તરીકે સંસ્કૃતિ અંગેના મેલિનોવસ્કીના વિચારો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**(ખ) નીચેના ટૂંકનોંધ લખો :**

1. મેલિનોવસ્કીએ વિકસાવેલી કાર્યની વિભાવના

**(ગ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

1. મેલિનોવસ્કીનો જન્મ પોલેન્ડમાં થયો હતો.
2. મેલિનોવસ્કીએ ક્ષેત્રકાર્યની પદ્ધતિઓ વિકસાવી હતી.
3. મેલિનોવસ્કીની દૃષ્ટિએ સંસ્કૃતિનું પ્રત્યેક તત્ત્વ કાર્ય કરતું નથી.
4. મેલિનોવસ્કીને અમૂર્ત સિદ્ધાંતો પર વિશ્વાસ હતો.

## 13.10 ચાવીરૂપ શબ્દો

- **નૃવંશશાસ્ત્રીય** - અમુક એક સમાજની જીવનશૈલીનું વર્ણનાત્મક નિરૂપણ કરવું તેનો નિદેશ કરે છે.
- **નૃવંશશાસ્ત્ર** - ઘણા બધા સમાજોની સંસ્કુતિના વિભિન્ન ઘટક તત્ત્વોનો તુલનાત્મક અભ્યાસ કરવો તે.
- **ક્ષેત્રકાર્ય** - પોતે જેનો અભ્યાસ કરવાનો હોય તે લોકોના વિસ્તારમાં જઈને સંશોધન કરવાની, સમાજ અંગેના વ્યવસ્થિત સિદ્ધાંતના માર્ગદર્શન હેઠળ માહિતીઓ એકત્ર કરવાની નૃવંશશાસ્ત્રમાં ઊભી થયેલી પદ્ધતિ.
- **ઉત્ક્રાંતિ** - આ વિભાવના પરિવર્તન અને પ્રગતિ સૂચવે છે. જયારે સેન્દ્રિય પ્રાણી માટે ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તે અમુક એક વસ્તીમાં તેના જનીનતત્ત્વોમાં મ્યુટેશન (આકસ્મિક ફેરફાર) અને કુદરતી પસંદગી દવારા આવતા ફેરફારોનો નિર્દેશ કરે છે. માનવ સમાજના વિકાસ પરત્વે તેનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તે વિભિન્ન સમાજો એક પછી એક આવતા વિકાસના તબક્કાઓમાંથી પસાર થયા હશે એવા અનુમાનો કે એવી ધારણાઓનો નિર્દેશ કરે છે.

## 13.11 સંદર્ભ સૂચિ

1. કુપર, આદમ, 1975, એન્થોલોજીસ્ટ એન્ડ એન્થ્રોપોલોજી : બ્રિટિશ સ્કૂલ 1922-72, પેંગ્વીન બુક્સ : લંડન.

## 13.12 તમારી પ્રગતિનાં જવાબો

**(ગ) તમારી પ્રગતિનાં જવાબો**

1) √

2) √

3) ×

4) ×

❖ ❖ ❖

# એકમ 14 એ. આર. રેડક્લિફ બ્રાઉનઃ જીવન પરિચય, સામાજિક રચના અને કાર્યની વિભાવના

-: રૂપરેખા :-

**14.0 ઉદ્દેશો**

**14.1 પ્રસ્તાવના**

**14.2 જીવન પરિચય**

**14.3 સામાજિક રચના**

**14.4 સામાજિક કાર્ય**

**14.5 સારાંશ**

**14.6 ચાવીરૂપ શબ્દો**

**14.7 સંદર્ભ સૂચિ**

**14.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

## 14.0 ઉદ્દેશો

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે.

- રેડક્લિફ બ્રાઉનના જીવન પરિચય વર્ણવી શકશો.
- રેડક્લિફ બ્રાઉનની સામાજિક રચનાની વિભાવના વર્ણવી શકશો.
- રેડક્લિફ બ્રાઉનની સામાજિક કાર્યની વિભાવના વર્ણવી શકશો.

## 14.1 પ્રસ્તાવના

રેડક્લિફ બ્રાઉન એક અગ્રણી અંગ્રેજ સામાજિક માનવશાસ્ત્રી છે. તેમને આધુનિક સામાજિક માનવશાસ્ત્રના જનક માનવામાં આવે છે. તેમણે માનવશાસ્ત્રને તુલનાત્મક સમાજશાસ્ત્રનું નામ આપ્યું તેનુ પ્રતીક છે કે તેઓ સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્રમાં અત્યંત ઘનિષ્ઠ સંબંધોનો સ્વીકાર કરનાર હતા. ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ચીન અને બ્રાઝિલની અનેક યુનિવર્સિટીઓમાં માનવશાસ્ત્રનું અધ્યાપન કાર્ય કરીને લોકપ્રિય વિષય બનાવવાનો શ્રેય તેમને જાય છે. રેડક્લિફ બ્રાઉનના જીવન પરિચય, સામાજિક રચના અને કાર્યની વિભાવનાની રજૂઆત કરી છે.

## 14.2 જીવન પરિચય

રેડક્લિફ બ્રાઉનનો જન્મ 17 જાન્યુઆરી 1881 ના રોજ ઈંગ્લેન્ડના બર્મિંગહામના સ્પાર્કબુકમાં થયો હતો. તેમનું મૃત્યુ દક્ષિણ આફ્રિકાના ગ્રાહમ્સટાઉનમાં 24 ઓક્ટોમ્બર 1955 માં થયું હતું. રેડક્લિફ બ્રાઉન 5 વર્ષના હતા ત્યારે એટલે કે બાળપણમાં પિતા મૃત્યુ પામ્યા હતા. કુટુંબના જીવન નિર્વાહ માટે તેમની માતાને કમાવા માટે કામે જવું પડ્યું હતું. રેડક્લિફ બ્રાઉનના બાળપણના જીવનમાં ઘણી બધી બાબતોથી વંચિત રહેતા હતા. બર્મિંગહામમાં શાળામાં દાખલ થયા ત્યારબાદ તેમના મોટાભાઈના પ્રોત્સાહનથી તેમાણે બર્મિંગહામ યુનિવર્સિટીમાં

પ્રિમેડિકલ દાક્તરી વિજ્ઞાનનો કોર્ષ કર્યો હતો. કેમ્બ્રિજ યુનિવર્સિટીની ટ્રિનિટી કૉલેજમાંથી નીતિશાસ્ત્ર વિષય સાથે 1909 માં એમ. એ. ની ડિગ્રી મેળવી હતી. રેડક્લિફ બ્રાઉને વિદ્યાર્થી તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત રિવર્સના માર્ગદર્શનમાં કરી હતી. માનવશાસ્ત્રી રિવર્સ અને હેડન દ્વારા 1898 માં ટોરેસ સ્ટ્રેઇટ આસલેન્ડ ઉપર સંશોધન પ્રોજેક્ટનું કામ કરવામાં આવ્યું હતું તેનો હેતુ આદિમ સમાજના સામાજિક જીવનના સર્વાંગી પાસાઓનો અભ્યાસ કરવાનો હતો. તેનો અભિગમ આંતરજ્ઞાન શાળાકીય હતો. આ પ્રોજેક્ટમાં રેડક્લિફ બ્રાઉન સંકળાયેલા હતા. રિવર્સ અને હેડનના વિચારોથી રેડક્લિફ બ્રાઉન પ્રભાવિત થયા હતા તેથી તેમને માનવશાસ્ત્રમાં રસ પડ્યો હતો. 1906 માં રેડક્લિફ બ્રાઉનને આંદામાન આઇસલેન્ડમાં ક્ષેત્રકાર્ય આધારિત સંશોધન કરવા માટે માનવશાસ્ત્ર માટેની એન્થોની વિલ્કિન વિદ્યાર્થી શિષ્યવૃત્તિ મળી હતી તેમજ રોયલ સોસાયટીના અને ભારત સરકારના નાણાકીય અનુદાનની મદદ મળી હતી. તેમનો હેતુ આદિવાસીઓના સાંસ્કૃતિક ઇતિહાસની પુર્નરચના કરવાનો હતો. આંદામાનના આદિવાસીઓના રીતરિવાજો અને વિધિઓ ઉપર માહિતી એકત્રિત કરી હતી. લેખિત પુરાવાઓના અભાવે ક્ષેત્રિય કાર્યકરો અટકળો કરતા હતા. આ સમય દરમ્યાન એમાઇલ દુર્ખિમ અને માર્શલ મોસના લેખનકાર્ય અને સિદ્ધાંતોના સંપર્કમાં આવ્યાં હતા. 12 વર્ષના ક્ષેત્રકાર્ય બાદ 1922 માં રેડક્લિફ બ્રાઉનનું પુસ્તક આંદામાન આઇસલેન્ડ પ્રકાશિત થયું હતું.

રેડક્લિફ બ્રાઉનના સમગ્ર જીવન દરમ્યાન વૈજ્ઞાનિક પદ્ધતિની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. તેઓ સામાજિક માનવશાસ્ત્રને તુલનાત્મક સમાજશાસ્ત્ર તરીકેની રજૂઆત કરતા હતા. તેમનો હેતુ સામાજિક રચનાતંત્ર અને સામાજિક વ્યવસ્થાઓ પરત્વે સામાન્યીકરણ કરવાનો હતો. તેમની ઉપર ઓગસ્ટ કોમ્ટ, હર્બટ સ્પેન્સર અને ચાર્લ્સ મોન્ટેસ્કીની અધિક અસર જોવા મળે છે. ઉપરાંત એમાઇલ દુર્ખિમના સમાજશાસ્ત્રથી પ્રભાવિત હતાં. રેડક્લિફ બ્રાઉને અનેક માનવશાસ્ત્રીઓને સંશોધન કરવા પ્રેરણા આપી હતી. તેઓ ઉત્તમ વ્યાખ્યાતા હતા. તેમનું વ્યક્તિત્વ જટિલ હતું. તેમનો મેલિનોવસ્કી સાથે સંઘર્ષ રહ્યો હતો.

માર્ક એબ્રાહેમસનના મતે રચનાતંત્ર કાર્યાત્મકવાદ અખંડ નથી. તેમણે ત્રણ પ્રકારના રચનાતંત્ર કાર્યાત્મકવાદ દર્શાવ્યા છે, એક વ્યક્તિવાદી કાર્યાત્મકવાદ. અહીં કર્તાઓ અને વિભિન્ન વિશાળ રચનાતંત્રો (દા.ત. સામાજિક સંસ્થાઓ, સાંસ્કૃતિક મૂલ્યો) ની જરૂરિયાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આ જરૂરિયાતોના સંદર્ભમાં કાર્યાત્મક પ્રતિભાવો ઉદ્ભવે છે. બ્રોનિસ્લો મેલિનોવસ્કી આના મુખ્ય સમર્થક છે. બીજું આંતર- વૈયકિતક કાર્યાત્મકવાદમાં સામાજિક સંબંધો કેન્દ્રમાં છે.

સામાજિક સંબંધોમાં ઉદ્ભવતા તનાવને સમાવવાની પ્રક્રિયાઓ અસ્તિત્વમાં આવે છે. રેડક્લિફ બ્રાઉન સમર્થક છે. ત્રીજો પ્રકાર સામાજિક કાર્યાત્મકવાદ છે. સમાજશાસ્ત્રીય રચનાતંત્રવાદી કાર્યાત્મમવાદીઓનો આ પ્રભાવી અભિગમ છે.

રેડક્લિફ બ્રાઉન જુદાં જુદાં પ્રકારના કાર્યાત્મકવાદી હતા. વોલ મેલફિજટ રચનાતંત્ર કાર્યાત્મકવાદી તરીકે ઓળખાવે છે. રચનાતંત્રમાં વ્યક્તિ માનવી તરીકે મહત્ત્વનું ઘટક છે. રચનાતંત્ર માનવીઓના અરસ પરસની ગોઠવણથી રચાય છે. માનવશાસ્ત્રનો હેતુ ચોક્કસ પ્રકારના સંબંધોથી સંકળાઇને બનેલા સામાજિક રચનાતંત્રનો અભ્યાસ કરવાનો છે. સામાજિક રચનાતંત્ર બધી વ્યક્તિઓ વચ્ચેના સામાજિક સંબંધોનું બનેલું છે અને પ્રત્યેક રચનાતંત્ર સમગ્ર રચનાતંત્રનો ભાગ છે. રેડક્લિફ બ્રાઉને મેલિનોવસ્કીના વ્યક્તિવાદી કાર્યાત્મકવાદનો સ્વીકાર કર્યો ન હતો. તેના બદલે રચનાતંત્રીય સામાજિક સંબંધો ઉપર ભાર મૂક્યો હતો. તેમના માટે

સામાજિક રચનાતંત્ર વિશ્લેષણનું એકમ છે. તેના સંદર્ભમાં અનેક આંતરમાનવીય સંબંધો સમજાવવા પ્રયાસ કર્યો હતો.

રેડક્લિફ બ્રાઉન 1910- 1912 માં વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા ગયા હતા. તેમની સાથે જીવ. શાસ્ત્રી ગ્રાન્ટ વાટસોન અને ડેમી બેટ્સ હતા. તેમાં આદિમ સમાજ ઉપર ક્ષેત્રિય કાર્ય કરવાની જવાબદારી હતી. પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં ત્યાંના મૂળ વતનીઓના સમાજનો અભ્યાસ કરવા માટે ગયા હતા. મોટાભાગનું કામ સર્વેક્ષણ સ્વરૂપનું હતુ તેમ છતાં વ્યાવસાયિક તાલીમ પામેલા સામાજિક માનવશાસ્ત્રીની ઓસ્ટ્રેલિયામાંથી પ્રથમ ક્ષેત્ર તપાસ હતી. પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન ફરીથી તેઓ ઓસ્ટ્રેલિયા ગયા હતા. ત્યાં શાળામાં શિક્ષક તરીકેની કામગીરી સ્વીકારી હતી. રેડક્લિફ બ્રાઉનને 1916 માં ટોંગાના શિક્ષણ માટે અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. 1918 માં તેમની નાદુરસ્ત તબિયતને કારણે દક્ષિણ આફ્રિકાના જોહનિસબર્ગમાં જવાની ફરજ પડી હતી. 1920 માં કેપટાઉન યુનિવર્સિટીમાં સામાજિક માનવશાસ્ત્રના પ્રધ્યાપક બન્યા હતા. ત્યાં તેમણે ધ સ્કૂલ ઓફ આફ્રિકન લાઇફની સ્થાપના કરી હતી. સીડની યુનિવર્સિટી અને શિકાગો યુનિવર્સિટીમાં સોલ ટાક્ષ અને ફ્રેડ ઇંગન તેમના જાણીતા વિદ્યાર્થી હતા. 1937 માં ઓક્સફર્ડના સામાજિક માનવશાસ્ત્રના અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી હતી. ઓક્સરફર્ડમાં ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ એન્ડ કલ્ચરલ એન્થોપોલોજીની સ્થાપના કરી હતી. એમાઇલ દુર્ખિમના ફ્રાન્સના સમાજશાસ્ત્રને બ્રિટિશ માનવશાસ્ત્રમાં લાવવાનું શ્રેય રેડક્લિફ બ્રાઉનને જાય છે.

લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં થોડોક વખત વ્યાખ્યાતા તરીકે કામ કરી ટ્રિનિટી કૉલેજ કેમ્બ્રિજમાં તુલનાત્મક સમાજશાસ્ત્ર ઉપર વ્યાખ્યાનો આપવા આવતા હતા ત્યારે ઘણી પ્રસિદ્ધિ મળી હતી. કેમ્બ્રિજમાં તેઓ અરાજ્યવાદી વિચારો ધરાવતા હતા તેથી તેમને એનાર્કી બ્રાઉન એવું ઉપનામ મળ્યું હતું. તેમની ભાષા, વ્યાખ્યાન અને પોષાક પરત્વે તેઓ ખૂબજ ધ્યાન આપતા હતા. તેમણે એવી જીવનશૈલી અપનાવી હતી કે સમયનો તેઓ મહત્તમ ઉપયોગ કરી શકતા હતા.

રેડક્લિફ બ્રાઉનને સામાજિક માનવશાસ્ત્રના મુખ્ય વિદ્યાકીય તરીકે દરજ્જો અપાવનાર સૌથી વધુ મહત્ત્વપૂર્ણ વ્યક્તિ તરીકે ગણી શકાય. રેડક્લિફ બ્રાઉનનું લેખનકાર્ય (1) આંદામાન આઇસલેન્ડ (2) ધ સોશીયલ ઓર્ગેનાઇઝેશન ઓફ ઓસ્ટ્રેલિયન ટ્રાઇબ્સ (3) આફ્રિકન સીસ્ટમ ઓફ કોન્સિપ એન્ડ સેરેજ (4) મેથંડ ઇન સોશીયલ એન્થ્રોપોલોજી (5) સ્ટ્રક્ચર એન્ડ ફંક્શન ઈન પ્રિમિટીવ સોસાયટી

**તમારી પ્રગતિ ચકાસો.**

નીચેના પ્રશ્નોનો જવાબ ત્રણ લીટીમાં આપો.

1) રેડક્લિફ બ્રાઉનનું લેખનકાર્ય જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

2) સાચા જવાબોની સામે (✓) ની નિશાની કરો. ખોટાની સામે (X) ની નિશાની કરો.

1. રેડક્લિફ બ્રાઉનનો જન્મ ઈંગ્લેન્ડમાં થયો હતો.

2. રેડક્લિફ બ્રાઉને વ્યક્તિવાદી કાર્યાત્મકવાદનો સ્વીકાર કર્યો હતો.

3. રેડક્લિફ બ્રાઉન સામાજિક માનવશાસ્ત્રને મુખ્ય વિદ્યાકીય શાળા તરીકેનો દરજ્જો અપાવનાર છે.

## 14.3 સામાજિક રચના

સમાજશાસ્ત્રમાં અનેક વિભાવનાનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાંથી સામાજિક રચના એક મુખ્ય વિભાવના છે. માનવ જીવનની એક વિશેષતા એ છે કે તેમાં વ્યક્તિઓના પરસ્પર સંપર્ક ઓછા વધતા અંશે રચિત છે. આપણા જીવનની દૈનિક અને ક્રમિક ઘટના માનવીય સમાજની રચનાનો સારાંશ આપે છે. સમાજશાસ્ત્રની દષ્ટિથી અનુરૂપ વ્યવહારનું વિશેષ મહત્ત્વ છે. માનવ અનેક અનુરૂપ કાર્ય કરે છે જેની વ્યાખ્યા થઈ શકે છે, અને તેના વિશે ભવિષ્યનું કથન થઈ શકે છે કે તે અમુક પરિસ્થિતિમાં અમુક કાર્ય કરે છે. સમાજશાસ્ત્રીનું કાર્ય આ અનુરૂપ વ્યવહારોનો અભ્યાસ કરે છે. જેનાથી તેની સામાજિક રચના સમજી શકે અને અમૂર્ત સમાજમાં રહેનાર વ્યક્તિઓની જીવન પદ્ધતિનું અનુમાન થઈ શકે. અન્ય વિભાવનાઓની જેમ સામાજિક રચનાની વિભાવનાનો ઉપયોગ સમાજશાસ્ત્રમાં વિશિષ્ટ અર્થમાં થાય છે.

### 14.3.1 સામાજિક રચનાનો અર્થ

રચના શબ્દથી પ્રાપ્ત એકમોની વચ્ચે વ્યવસ્થિત ક્રમનો આભાસ છે જેમ કે મકાન, ઈમારત વગેરે અથવા તેમાં કોઇ ઠોસ અને સ્થાયી વસ્તુનો સારાંશ હોય છે. જેને મનુષ્ય પોતાની જ્ઞાનેન્દ્રિયોથી ઓળખી શકે છે. સામાન્ય રીતે રચના શબ્દનો ઉપયોગ આપણે પહેલો અર્થ કોઇ પણ વસ્તુના નિશ્ચિત ક્રમના માટે કરીએ છીએ. માત્ર ઈંટ, પથ્થર, રેત, સિમેન્ટ, લોખંડ વગેરેના ઢગલાને મકાનની સંજ્ઞા ન આપી શકાય. મિશેલના શબ્દોમાં "કોઇ પણ તત્ત્વની રચના તેના ભાગોનો ઔપચારિક ક્રમ છે."

સામાજિક રચનાને સમાજશાસ્ત્રમાં કેન્દ્રિય વિભાવના માનવામાં આવે છે તો પણ તેના અર્થ અને લક્ષણોને લઈને આજે પણ મતભેદ જોવા મળે છે. સૌથી પહેલા આ વિભાનાનો ઉપયોગ કરનાર સમાજશાસ્ત્રી હર્બટ સ્પેન્સર હતા, પરંતુ તેમના માનવ સમાજ અને માનવ પ્રાણીની તુલના ઉપર ભાર મૂક્યો. માનવ સમાજને એક બૃહદ પ્રાણીના રૂપમાં જોવા લાગ્યા અને આપણા બધા વિશ્લેષણોમાં આ માન્યતા ઉપર આધાર રાખવા લાગ્યા. દુર્ખિમ એ સમાજશાસ્ત્રનો વૈજ્ઞાનિક સ્વરૂપ પ્રદાન કરવાનો પ્રયાસ કર્યો. કેટલીક હદ સુધી સફળ પણ રહ્યા હતા.

સામાજશાસ્ત્રમાં સામાજિક રચના શબ્દનો ઉપયોગ સામાજિક સંબંધો, સામાજિક ઘટનાઓ અથવા સામાજિક પ્રક્રિયાઓના નિશ્ચિત ક્રમના માટે કરવામાં આવે છે. સામાજિક રચના શબ્દનો ઉપયોગ અન્ય શબ્દ જેમ કે સામાજિક સંગઠન, સામાજિક વ્યવસ્થા, અનુરૂપ અથવા સંપૂર્ણ સમાજના પર્યાયવાચી શબ્દના રૂપમાં થાય છે. તેથી તેનો કોઇ એક નિશ્ચિત અર્થ આપવો એ કઠિન કાર્ય થઈ જાય છે. સમાજશાસ્ત્રી સામાજિક રચનાનો ઉપયોગ વ્યવસ્થિત રીતે કરે છે જેનાથી વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહ પરસ્પર

એકબીજાથી પોતપોતાને સંબંધિત છે. આ સંબંધોને રચિત અથવા સંગઠિત કહેવાનો અભિપ્રાય ક્યારેય થયો નથી. તેને અગ્રિમ રૂપમાં જ નિયોજીત કર્યો હતો પરંતુ સામાજિક રચનાના પ્રથમ આધાર વ્યક્તિઓની આંતરક્રિયાઓમાં દૈનિક અનુકૂલન તથા પરિવર્તનનું પરિણામ છે. કેમ કે સામાજિક સંબંધોનો સમાજમાં રહેવાવાળા વ્યક્તિની ક્રિયાઓ દ્વારા પરિવર્તન કરી શકાય છે. સમાજના જુદાં જુદાં એકમોની એકબીજા સાથે જોડાવાની વ્યવસ્થા શૈલીને જ સામાજિક રચના કહેવાય છે. સ્મેલસર કહે છે કે "સામાજિક રચનાની ભૂમિકાઓના તેના પરિચિત અનુરૂપના રૂપમાં પરિભાષિત કરવામાં આવે છે. જેમ કે મુખ્ય રૂપથી સામાજિક કાર્ય અથવા કાર્યની પૂર્તિ માટે સંગઠિત છે."

જોનસન કહે છે કે "કોઇ વસ્તુની રચનાથી આપણું તાત્પર્ય તેના ભાગોમાં સાપેક્ષિત રીતે પ્રાપ્ત સ્થાઇ આંતરસંબંધો થી હોય છે."

રેડક્લિફ બ્રાઉન કહે છે "સામાજિક રચનાની સુવિધા જનક રૂપથી પરિભાષિત કરવા માટે કહી શકાય છે કે સામાજિક રચના વ્યક્તિઓની વચ્ચે એ કરમ છે જે તેના નિશ્ચિત સંબંધો અથવા સંસ્થાગત રીતે નિયંત્રિત સંબંધોમાં પ્રગટ થાય છે."

### 14.3.2 સામાજિક રચનાની વિભાવનામાં રેડક્લિફ બ્રાઉનનું યોગદાન

સમાજશાસ્ત્રમાં સામાજિક રચનાની વિભાવનાનો સૌ પ્રથમ ઉપયોગ હર્બટ સ્પેન્સરે કર્યો. ત્યારથી આ વિભાવનાનું સ્પષ્ટીકરણ અને કોઇ સમાજનો અભ્યાસ કરવામાં તેનો ઉપયોગ અનેક સમાજશાસ્ત્રીઓ દ્વારા થયો છે. રેડક્લિફ બ્રાઉનને સામાજિક માનવશાસ્ત્રના પ્રણેતા કહેવામાં આવે છે. આ વિભાવનાને માત્ર સ્પષ્ટ જ નથી કરી પરંતુ આંદામાન દ્વીપ સમૂહના નિવાસીઓના સામાજિક જીવનના અભ્યાસમાં તેનો ઉપયોગ કર્યો છે. સામાજિક રચનાની વિભાવના પુરસ્કૃત કરવામાં તેઓ અગ્રણી રહ્યા છે. એટલા માટે સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓને રેડક્લિફ બ્રાઉનની સામાજિક રચના સંબંધિ વિચાર થી પરિચિત કરવા જરૂરી છે.

### 14.3.4 સામાજિક રચનાના તત્ત્વો

સામાજિક રચનાની વિભાવના અંતર્ગત કઇ બાબતોનો અભ્યાસ કરવામાં આવે ? તેને આપણે સામાજિક રચનાના સંઘટક તત્ત્વ અથવા અભ્યાસના એકમો પણ કહી શકાય છે. સામાજિક રચના અંતર્ગત અભ્યાસના તત્ત્વો નીચે પ્રમાણે છે.

(1) સમૂહ.

સૌથી પહેલા આપણે રચનાના જુદાં જુદાં સમૂહોનો વ્યવસ્થિત રીતે જોઇને જે અભ્યાસ કરવામાં આવે છે તે સમાજમાં પ્રસ્તુત છે.

(2) સામાજિક સંબંધ.

સમૂહોની વચ્ચે પ્રત્યેક વ્યક્તિનો અન્યની સાથે સંબંધ સામાજિક રચનાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. સામાજિક સંબંધમાં બધા સામાજિક

દરજ્જાને લેવામાં આવે છે. જેના આધાર ઉપર વ્યક્તિ એકબીજાની સાથે જોડાયેલા હોય છે.

(3) સામાજિક વિભાવનાઓ અનુસાર વ્યક્તિઓ અને વર્ગોનું વિભાગીકરણ

સામાજિક સંબંધોના અભ્યાસ વ્યક્તિઓ, સમૂહો અને વર્ગોની વચ્ચે તેની સામાજિક ભૂમિકાઓના આધાર ઉપર વિભાગીકરણ સામાજિક રચનાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. સમાજમાં પુરુષો અને સ્ત્રીઓના દરજ્જામાં અંતર જોવા મળે છે. અને તેમની ભૂમિકા પણ અલગ અલગ છે. પિતૃસત્તાક સમાજોમાં પુરુષોની તુલનામાં સ્ત્રીઓને નિમ્ન સામાજિક દરજ્જો પ્રાપ્ત થાય છે. મોટાભાગે સ્ત્રીઓની ભૂમિકા પ્રજનન, બાળ ઉછેર, રસોઇ અને ઘરકામ સુધી સીમિત છે.

(4) સંસ્થા

સંસ્થા સામાજિક રચનાથી બે રીતે જોડાયેલી છે. તે કોઇ સમાજમાં કે સમૂહોના સમાજમાં આચરણ કરવા માટે વ્યવસ્થિત રીતે પ્રદાન કરે છે અને બીજુ તે આ સમાજને પણ પ્રગટ કરે છે. સારા આચરણ ને સ્વીકૃતિ આપે છે.

(5) હિત અને મૂલ્ય.

સામાજિક સંબંધ સમાન હિત અને અસમાન હિત બે પ્રકારના હોય છે. હિતોના આધાર ઉપર સંબંધનું નિર્માણ થાય છે. હિત સમાન હોય ત્યારે સમાન સંબંધ કહી શકાય. જેમ કુટુંબમાં પિતા અને પુત્રનો સંબંધ છે જ્યાં હિતોમાં ભિન્નતા છે. માલિક અને મજૂરનો સંબંધ જો અ ને બ થી કોઇ હિત છે તો તેનો અર્થ છે કે બ અ માટે કંઇક મૂલ્ય રાખે છે.

(6) સંસ્કાર

સંસ્કાર એ ક્રિયા છે કે જે કોઇ સમાજમાં નિશ્ચિત સમય ઉપર એક ઔપચારિક રીત થી વારંવાર સંપાદિત કરવામાં આવે છે. આ સંસ્કાર સામાજિક જીવનમાં વિશેષ અવસરોથી કે વ્યક્તિના જીવન ચક્રથી વિશિષ્ટ ઘટનાઓથી જોડાયેલ હોય છે. સંસ્કારોનો આધાર ધર્મનો દાર્શનિક વિચાર નથી પરંતુ જાણીતી મિથક કે લોકગાથા હોય છે. રેડક્લિફ બ્રાઉન લખે છે કે સંભવિત આ કહેવુ પુનઃ એક સત્ય છે કે ધર્મ એક સીમેન્ટ છે જે સમાજને એક સાથે બાંધી રાખે છે.

(7) જાદુ અને ભૂતવિદ્યા

સામાજિક રચનામાં કોઇ સમાજમાં પ્રચલિત જાદુ અને ભૂતપ્રેત સંબંધી ક્રિયાઓનો પણ સમાવેશ કરવો જોઇએ. આ વાસ્તવિક છે કે જ્યારે મનુષ્ય કે સમૂહ કોઇ એવી અસાધારણ કે વિકટ પરિસ્થિતિઓમાં પડી જાય. પોતાના જ્ઞાનથી ઉપાય ન થાય ત્યારે ભગત, ભૂવા પાસે જાય છે, દેવી દેવતાને પ્રસન્ન કરવા માટે બલિ કે ભોગ ચઢાવે છે. દોરા, ધાગા, તાવીજ, શુકન અપશુકનનો સહારો લે છે. એટલા માટે મૂલ્ય

પણ સામાજિક રચનાનો ભાગ છે કેમ કે તે વ્યક્તિના પરસ્પર સંબંધોને પ્રભાવિત કરે છે.

### 14.3.4 સામાજિક રચનાના લક્ષણો.

1) નિરીક્ષણ

રેડક્લિફ બ્રાઉનના મત પ્રમાણે સામાજિક રચના કોઇ સમાજના કોઇ નિશ્ચિત સમય બિંદુ ઉપર ઉપલબ્ધ વાસ્તવિક સંબંધોના તાણાવાણા ઉપર આધારિત છે. એટલા માટે આ એક એવી વસ્તવિકતા છે જેનો વૈજ્ઞાનિક રીતે નિરીક્ષણ અને વિશ્લેષણ કરી શકાય છે. રેડક્લિફ બ્રાઉનના શબ્દોમાં સામાજિક રચના એવી જ રીતે યથાર્થ સત્ય છે જેમ કે વ્યક્તિગત પ્રાણી છે.

2) અમૂર્ત.

સામાજિક રચના વાસ્તવિક સંબંધોના અભ્યાસ ના આધાર ઉપર જાણકારી મેળવી શકાય છે પરંતુ આ પણ એટલું જ સત્ય છે તેમના સંબંધોના અભ્યાસના તાણાવાણા જેમ કે નિરીક્ષણ અને વિશ્લેષણના આધાર ઉપર છે કે મૂર્ત રૂપથી કોઇ મિત્ર કે નક્શા ના રૂપમાં પ્રદર્શિત કરી શકાય નહી. આ તો એક અમૂર્ત સ્વરૂપ છે. આ એક માનસિક વિભાવનાના રૂપમાં જ સમજી શકાય છે.

3) નિરંતર અને સ્થિરતા.

પ્રત્યેક સામાજિક રચનામાં સ્થાયિત્વનું લક્ષણ હોય છે. સંસ્થાઓના માધ્યમથી સામાજિક રચના એક પેઢીથી બીજી પેઢીમાં હસ્તાંતર થાય છે. ભારતના પહેલા વડાપ્રધાન જવાહરલાલ નહેરુથી નરેન્દ્ર મોદી સુધી વડાપ્રધાન બદલાયા પરંતુ સરકારની રચનામાં કોઇ પરિવર્તન આવ્યું નથી. સ્થિતિ એવી જ છે ક્યારેક ક્યારેક ક્રાંતિ પણ થાય છે જેમાં રચના બદલાઇ જાય છે. પરંતુ ક્રાંતિનો અભ્યાસ કરનારાઓએ જોયું છે કે નવીન રચનામાં પણ પ્રાચીન રચનાના અનેક તત્ત્વો જોવા મળે છે.

4) ગતિશીલતા.

રેડક્લિફ બ્રાઉન પણ સ્પષ્ટ કરે છે કે તેની સામાજિક રચનાની વિભાવનામાં નિરંતરનું લક્ષણ કોઇ મકાનની નિરંતરતા જેવુ નથી પરંતુ તે તો એક ગતિશીલતા સતત પ્રગટ કરે છે. જેનાથી અનેક નવા તત્ત્વો પણ સમાવિષ્ટ થઈ જાય છે. આ તો એક પ્રાણવાન શરીરની પોતાની રચનાની નિરંતરતા છે અને પરિવર્તનના સત્યનો સ્વીકાર કરે છે. આ પરિવર્તન ધીરે ધીરે અચેતન પ્રક્રિયાના રૂપમાં થઈ શકે છે કે પછી સચેતન યોજના બદ્ધ પ્રયાસોના પરિણામ સ્વરૂપ છે કે પુનઃ ક્રાંતિના રૂપમાં સ્કૂરી શકે છે.

5) સામાન્ય સ્વરૂપો.

રેડક્લિફ બ્રાઉનના સામાજિક રચનાનો વિચાર સામાજિક સંબંધોના

સામાન્ય સ્વરૂપોને પ્રગટ કરે છે. આ સંબંધોના વ્યક્તિગત રીતે કે વિશેષ ઉદાહરણથી સંબંધિત નથી.

6) સ્થાનિક આયામ.

સામાજિક રચનાનું એક સ્થાન કે ક્ષેત્ર વિશેષની દૃષ્ટિથી પણ સમજવું જરૂરી છે કેમ કે કોઇ પણ સમુદાયના સામાજિક જીવન સ્થાનિક વિશેષતાઓ થી પણ પ્રભાવિત થાય છે.

7) સામાજિક વ્યક્તિત્વ.

સામાજિક રચનાનો અભ્યાસ કરતી વખતે તેની સૌથી નાના એકમ કે વ્યક્તિને સામાજિક પ્રાણીના રૂપમાં જોઇ શકાય નહી એટલે કે તેના એક સામાજિક વ્યક્તિત્વના રૂપમાં જોઇ શકાય છે. દા.ત. કુટુંબમાં એક વ્યક્તિ ગોરી કે કાળી છે અથવા કમજોર કે બળવાન છે આ નહી જોવામાં આવે પણ અહીંયા એ જોવામાં આવશે કે તે એક પિતા છે, પુત્ર છે કે ભાઇ છે. કેસ કે તેમની આ સામાજિક સ્થિતિ જ તેનો દરજ્જો અને ભૂમિકા સ્પષ્ટ કરે છે.

8) કાર્ય.

રેડક્લિફ બ્રાઉન કહે છે કે પ્રત્યેક સામાજિક રચનામાં કોઇ પણ સ્વીકૃતિ કાર્યવિધિનું નિશ્ચિત યોગદાન હોય છે. જેને તેનુ કાર્ય પણ કહી શકાય છે. આ કાર્ય કોઇ સામાજિક ક્રિયાનું યોગદાન છે જેમ કે તે સામાજિક રચનાના અસ્તિત્વ કે નિરંતરતા બનાવી રાખવાનું કાર્ય કરે છે. દા.ત. ગુનો કે સજાના કાર્યો કે સમાજમાં મૃત્યું પછી થનાર અંતિમ સંસ્કારના કાર્યોનો અભ્યાસ કરવો જોઇએ.

### 14.3.5 સામાજિક રચનાના અભ્યાસના વિભાગો

રેડક્લિફ બ્રાઉન સામાજિક રચનાના અભ્યાસના ત્રણ મુખ્ય વિભાગોનું વર્ણન કર્યું છે જે નીચે પ્રમાણે છે.

1) સામાજિક રચનાશાસ્ત્ર.

રેડક્લિફ બ્રાઉન સુઝાવ આપે છે કે રચનાત્મક વ્યવસ્થાઓ કે તુલનાત્મક અભ્યાસના આધાર ઉપર વૈજ્ઞાનિક વર્ગીકરણનો પ્રયાસ કરવો જોઇએ કેમકે તેના આધાર ઉપર વિભિન્ન રચનાત્મક વ્યવસ્થાઓનો અભ્યાસ અને તુલના સરળ થઈ જાય છે.

2) સામાજિક શરીરશાસ્ત્ર.

આ વિભાગમાં મુખ્ય અભ્યાસ સમસ્યા આ છે કે રચનાત્મક વ્યવસ્થા કેવા પ્રકારની પોતાની નિરંતરતા જાળવી રાખે છે ? રેડક્લિફ બ્રાઉનના મત પ્રમાણે નૈતિકતા, કાનૂન, શિષ્ટાચાર, સરકાર અને શિક્ષણ વગેરે બધા આ જટિલ યંત્રનો હિસ્સો છે. જેના દ્વારા કોઇ સામાજિક રચના પોતાના અસ્તિત્વ અને નિરંતરતા બનાવી રાખે છે તેનો અભ્યાસ સામાજિક શરીરશાસ્ત્રમાં કરી શકાય છે.

3) પ્રક્રિયાનું સંશોધન.

રેડક્લિફ બ્રાઉન ચાર મુખ્ય પ્રકિયાઓનો ઉલ્લેખ કરે છે. (1) સાંસ્કૃતિક સંપર્ક એટલે જયારે બે સંસ્કૃતિ સંપર્કમાં આવે છે ત્યારે એકબીજાને પ્રભાવિત કરે છે. (2) સંશોધન અને શોધ એટલે કોઇ સમાજમાં જ્ઞાનની વૃદ્ધિ કે ટેકનીકમાં સુધાર દ્વારા ત્યાંના નિવાસી પ્રાકૃતિક પર્યાવરણ ઉપર અધિક નિયંત્રણ સ્થાપિત કરે છે. આને સામાજિક પ્રગતિ પણ કહી શકાય છે. (3) સામાજિક ઉત્ક્રાંતિ એટલે આ પ્રક્રિયા બે વિશેષતા પ્રગટ કરે છે. સામાજિક સમૂહોમાં વિવિધતા વધી છે કેમ કે સામાજિક સંબંધ અધિક જટિલ થઈ રહ્યા છે. સામાજિક રચનાઓમાં સામાજિક ઉત્ક્રાંતિની પ્રકિયા કિયાશીલ થઈ રહેલી દેખાય છે. (4) સામાજિક ક્રાંતિ એટલે ક્યારેક અપેક્ષા પ્રમાણે મોટા આકસ્મિક અને તીવ્ર પરિવર્તન આવે છે. આંતરિક ક્રાંતિ કે સૈનિક વિજયના પરિણામો હોય છે. જૂના સ્વરૂપોમાં નવા સ્વરૂપો પ્રસ્થાપિત થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો.**

નીચેના પ્રશ્નનો જવાબ ત્રણ લીટીમાં આપો.

1. સામાજિક રચનાના તત્ત્વો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

2. સાચા જવાબોની સામે (✓) ની નિશાની કરો. ખોટાની સામે (✗) ની નિશાની કરો.

(1) સામાજિક સંબંધ સમાન હિત અને અસમાન હિત બે પ્રકારના હોય છે.

(2) સામાજિક રચના એવી રીતે યથાર્થ સત્ય છે જેમ કે વ્યક્તિગત પ્રાણી છે.

(3) રેડક્લિફ બ્રાઉનના સામાજિક રચનાનો વિચાર સામાજિક સંબંધોના સામાન્ય સ્વરૂપોને પ્રગટ કરતા નથી.

## 14.4 સામાજિક કાર્ય.

### 14.4.1 સામાજિક કાર્યની વિભાવના

સામાજિક રચનાની સાથે સાથે સામાજિક કાર્યની વિભાવના પણ સ્વાભાવિક રીતે જોડાયેલી છે. કોઇ પણ રચનામાં સંયુક્ત એકમો રચનામાં વિશેષ ભૂમિકા નિભાવે છે. આ ભૂમિકાઓની સાર્થકતા ત્યાં સુધી છે જ્યાં સુધી તેના રચનાના અસ્તિત્વને બનાવી રાખવામાં મહત્ત્વપૂર્ણ રીતે યોગદાન આપે છે. જો આ ભૂમિકા તેની વિપરિત દિશામાં કાર્ય કરે છે તો પૂર્ણ રચનામાં અસંતુલન થવાનો ખતરો ઉભો થાય છે. આ એક વાસ્તવિકતા છે કે રંગમંચ ઉપર ખેલાતું નાટક એક સ્પષ્ટ રચનામાં હોય છે જેમાં પ્રત્યેક પાત્રની ભૂમિકા બીજા પાત્રની સાથે જોડાયેલી હોય છે. કોઇ પણ એકપાત્ર પોતાની ભૂમિકાને

અલગ રીતે રજૂ ન કરે તે અપેક્ષિત છે. સામાજિક રચનાનું પ્રત્યેક એકમ કુટુંબ, શાળા કે અન્ય કોઇ સામાજિક સંસ્થા છે. પૂર્ણ સામાજિક વ્યવસ્થામાં એક અપેક્ષિત ભૂમિકા રાખે છે. આ સાર્થકતાને જ સમાજશાસ્ત્રીય ભાષામાં આ એકમને કાર્ય કહેવાય છે. કોઇ એક સામાજિક ઉપરચનાને પણ લઈ શકાય છે. દા.ત. એક મહાવિદ્યાલયમાં જોડાયેલા આચાર્ય, પ્રધ્યાપક, વિદ્યાર્થી, કાર્યાલય, કર્મચારી વગેરેના કાર્યોનો અભ્યાસ કરી શકાય છે. તેમના કાર્યોના યોગદાનથી મહાવિદ્યાલયના અસ્તિત્વને ટકાવી રાખવા માટેનું પ્રદાન કરે છે. કેમ કે તે પોતાના હેતુઓ ને સારી રીતે પ્રાપ્ત કરવામાં સફળ થાય. સમાજશાસ્ત્રમાં અભ્યાસ પદ્ધતિની દૃષ્ટિથી રચનાત્મક અને ક્યારેક કાર્યાત્મક વિચાર વિકસિત થયો છે.

રેડક્લિફ બ્રાઉન કાર્યાત્મકવાદી વિચારના અગ્રણી વિધ્વાન તરીકેની ગણના થાય છે. તે સામાજિક માનવશાસ્ત્રી હતા. પોતાના વિજ્ઞાન (સામાજિક માનવશાસ્ત્ર) ને તુલનાત્મક સમાજશાસ્ત્ર કહેતા હતા. તેમને અનેક દેશોના વિશ્વવિદ્યાયલોમાં આ વિષયનો અભ્યાસ કર્યો અને ભારતના આંદામાન દ્વીપ સમૂહમાં રહેનાર આદિજાતિનો માનવશાસ્ત્રીય અભ્યાસ કર્યો. તેમણે પોતાના પુસ્તક ‘સ્ટ્રક્ચર એન્ડ ફંક્શન ઈન પ્રિમિટીવ સોસાયટી’માં સામાજિક વિજ્ઞાનમાં કાર્ય ની વિભાવના ઉપરના અભ્યાસમાં પોતના વિચારો સ્પષ્ટ કર્યા છે. તેના આધાર ઉપર અહીંયા તેમના દ્વારા પ્રસ્તુત કાર્યની વિભાવનાને સંક્ષેપમાં આપવામાં આવી છે.

કાર્ય શબ્દની વ્યાખ્યા કરતા રેડક્લિફ બ્રાઉન લખે છે કે આ કોઇ આંશિક ક્રિયાના યોગદાનના રૂપમાં પરિભાષિત કરી શકાય છે. જો તે સંપૂર્ણ ક્રિયાને પ્રદાન કરે છે જેનો તે એક ભાગ છે. કોઇ વિશેષ સામાજિક ધગશનું-કાર્ય તે યોગદાન હશે જો આ ધગશ સમગ્ર સમાજ જીવનમાં પ્રદાન કરે છે. આને સ્પષ્ટ કરતા તેમણે લખ્યું છે કે કોઈ વારંવાર કરવામાં આવતી ક્રિયા જેમ કે ગુના માટે આપવામાં આવતી સજા કે કોઈ કૃત્ય સંસ્કારનું કાર્ય તેની ભૂમિકા છે જો તે સંપૂર્ણ સામાજિક જીવનમાં નિભાવે છે. અને આ પ્રકારે તે રચનાત્મક નિરંતરતા બનાવી રાખવામાં યોગદાન પ્રદાન કરે છે.

કોઇ પણ સંપૂર્ણ સામાજિક વ્યવસ્થામાં એક વિશેષ પ્રકારની એકતા હોય છે. જેમ કે આપણે કાર્યાત્મક એકતા કહી શકીએ છીએ. આ એવી દશા છે જેમાં સામાજિક વ્યવસ્થાના બધા ભાગ અથવા આંતરિક સાથની પર્યાપ્ત માત્રાની સાથે હળી મળીને કાર્ય કરે છે. એટલે કે એવા સંઘર્ષ વારંવાર ઉપસ્થિત થતા નથી જેને સમાપ્ત કરવામાં ન આવે કે નિયંત્રિત કરવામાં ના આવે. રેડક્લિફ બ્રાઉનના મત પ્રમાણે પ્રત્યેક સામાજિક વ્યવસ્થામાં સંગઠન અને નિયમિત અવરોધ જેને સંગઠિત વિરોધ કહેવાય છે સ્વભાવગત જોવા મળે છે પરંતુ આ વિરોધ એવા સંઘર્ષના રૂપમાં વિકસિત હોવો જોઇએ નહીં તે પોતે સામાજિક વ્યવસ્થા માટે ખતરો બની જાય છે.

રેડક્લિફ બ્રાઉનના વિચારનો આ પણ અર્થ નિકળે છે કે સમાજ ના બધા એકમો એકબીજાથી જોડાયેલા હોય છે અને સંતુલનમાં છે. સામાજિક વ્યવસ્થાની પ્રત્યેક ઉપરચના એક વિશિષ્ટ કાર્ય કરે છે અને આ વિશિષ્ટ

કાર્યનો કોઇ કાર્યાત્મક પણ હોય છે, જેમ કે તેના યોગદાનમાં જોવા મળે છે. તે આ સામાજિક વ્યવસ્થાને બનાવી રાખવાનું કાર્ય કરે છે.

રેડક્લિફ બ્રાઉનના મત પ્રમાણે કાર્યની વિભાવનાને સમજવા માટે આ સમજી લેવુ પણ જરૂરી છે, કે કોઇ કાર્યના યોગદાનથી કયો આશય છે ? તે કહે છે કે આમાં હું અસ્તિત્વની જરૂરી દશાઓમાં યોગદાનના રૂપમાં સમજુ છું. અહીયા અસ્તિત્વની જરૂરી દશાઓને પૂર્ણ સમાજની દૃષ્ટિથી લીધેલ છે. કોઇ વ્યક્તિ વિશેષ કે સમૂહની દૃષ્ટિથી નહી.

### 14.4.2 જૈવિક જીવનની ઉપમા દ્વારા સ્પષ્ટીકરણ

રેડક્લિફ બ્રાઉને પોતાના લેખના પ્રારંભમાં જ સ્પષ્ટ કર્યું છે કે કાર્યની વિભાવના સામાજિક જીવન અને દૈહિક જીવન ઉપર આધારિત છે. એક જૈવિક રસાયણશાસ્ત્રી માટે જીવન સંપૂર્ણ જટિલ અણુઓની એક જટિલ વ્યવસ્થા છે. સંબંધોની આ વ્યવસ્થા જેનાથી એકમો એકબીજા સાથે સંબંધિત હોય છે તેને દૈહિક રચના કહે છે.

એક પ્રાણી સ્વંય પોતાની રચના નથી પરંતુ તેના શરીરના નાના નાના સેલ (તાડ) મળીને વિભિન્ન અંગ બનાવે છે. વિભિન્ન અંગ એકબીજાથી મળીને એક તંત્રનું નિર્માણ કરે છે. જેમ કે શ્વસન તંત્ર, પાચનતંત્ર વગેરે અને આ તંત્ર મળીને અંતિમ રૂપથી પ્રાણીના શરીરનો એક ઢાંચો કે રચના તૈયાર કરી દે છે. આવા ઢાંચા પ્રાણીશાસ્ત્રની પ્રયોગશાળાઓ કે મેડિકલ કૉલેજીસમાં જોવા મળે છે. એટલા માટે આ કહી શકાય છે કે પ્રાણી સ્વંય એક રચના નથી પરંતુ તે એક રચના રાખે છે. એક જ પ્રકારના નર અને માદામાં બિલકુલ એક જેવી રચના હોય છે કેમ કે તેના સેલ એક જ ઢબના હોય છે. તેથી કહી શકાય કે એકમની વચ્ચે સંબંધની વ્યવસ્થા જ રચના છે. જુદી જુદી પ્રક્રિયાઓ દ્વારા પ્રાણીની રચનાત્મક નિરંતરતા બની રહે છે તેને જ જીવન કહે છે. ઉપરાંત શરીર રચનાના પ્રત્યેક એકમનું કાર્યમાં તેનું યોગદાન છે. તે આ રચનાના જીવનને બનાવી રાખવાનું કાર્ય કરે છે.

જેમ પ્રાણીના શરીરમાં સેલ મળીને અંગ બને છે તેવી જ રીતે સમાજમાં વ્યક્તિઓ મળીને સમૂહ બને છે. જેમ પ્રાણી શરીરમાં અંગ શરીરના વિશિષ્ટ ઉપતંત્રનું નિર્માણ કરે છે તેમ જ સમાજમાં વિભિન્ન સમૂહ મળીને અનેક તંત્રો જેમ કે સગાઇ વ્યવસ્થા, શૈક્ષણિક વ્યવસ્થા, આર્થિક વ્યવસ્થા, રાજકીય વ્યવસ્થા વગેરેનું નિર્માણ કરે છે. આ બધા તંત્રો મળીને સંપૂર્ણ સમાજની રચનાનું નિર્માણ કરે છે.

માનવ સમાજમાં આપણે સ્પષ્ટ જોઇએ છીએ કે કેટલાક વ્યક્તિ પોતાના સમાજને છોડી શકે છે અને બીજા સમાજમાં જોડાઇ શકે છે. કેટલાંક વ્યક્તિ મૃત્યુ પામે છે અને કેટલાંક જન્મ લે છે, પરંતુ સમાજની રચનામાં આપણને એક નિરંતરતા જોવા મળે છે. આ નિરંતરતા સમાજમાં બનતી બાબતો, અનેક પ્રક્રિયાઓ જેમ કે સામાજિકરણ, સામાજિક વિભાગીકરણ, સામાજિક નિયંત્રણ, સહયોગ અને સંઘર્ષ દ્વારા બની રહે છે. આપણે કહી શકીએ છીએ કે કોઇ પણ સમાજના જીવન તેની રચનાની વિભિન્ન પ્રક્રિયાઓમાં

કાર્યરત હોય છે. ઉપરાંત સામાજિક કાર્યની પરિભાષા પણ કોઇ સામાજિક એકમના યોગદાનના રૂપમાં જ કરી શકાય છે. તે સામાજિક રચનાની નિરંતરતા એટલે સામાજિક જીવનને બનાવી રાખવાનું કાર્ય કરે છે.

પ્રાણી અને સમાજમાં નીચે મુજબ મુખ્ય અંતર છે.

1) પ્રાણીના સંદર્ભમાં આ કલ્પના કરી શકાય છે કે તેની દૈહિક રચનાને તેના કાર્યથી અલગ કરીને જોઇ શકાય એટલે કે સામાજિક રચના કેટલીક સીમા સુધી તેની દૈહિક પ્રક્રિયાઓથી સ્વતંત્ર છે. પરંતુ સામાજિક રચનાના સંબંધમાં આવું કરવું સંભવ નથી કેમ કે સામાજિક રચના સામાજિક સંબંધોથી જોડાયેલ છે.

2) પ્રાણી પોતાના જીવનકાળ દરમ્યાન રચનાત્મક સ્વરૂપ બદલી શકતું નથી. સુવ્વર, ઘોડો બની શકતો નથી. બીજી બાજુ ઇતિહાસમાં અનેક એવા ઉદાહરણ છે જેમ કે એક સમાજે પોતાના રચનાત્મક સ્વરૂપ બદલ્યું છે અને એ પણ પોતાની નિરંતરતા કાયમ રાખી છે.

3) એક પ્રાણી બીજા પ્રાણીનો ભાગ નથી જ્યારે માનવીય સમાજમાં એવા અનેક ઉદાહરણ છે જેમ કે એક નાનો સમાજ મોટા સમાજમાં ભળી જાય છે અને અભિન્ન અંગ બની જાય છે.

4) પ્રાણીની રચનામાં સેલ (વ્ટાડ) સ્વતંત્ર નથી જ્યારે સમાજની રચનાના સેલ એટલે કે વ્યક્તિ સચેતન અને સંકલ્પશીલ છે જે સમાજથી અલગ પણ જઈ શકે છે અને તેનાથી દૂર પોતાનું અસ્તિત્વ પણ બનાવી રાખે છે. એટલુ જ નહી વ્યક્તિ સમાજ વિરોધી કાર્ય પણ કરી શકે છે.

5) પ્રાણીની રચનાના કોઇ અંગ અધિક વિકાર્ય કરવા લાગે તો પ્રાણી મૃત્ય પામે છે પરંતુ સમાજ આ અર્થમાં મરતો નથી. એટલા માટે કોઇ પણ એકમના વિકાર્ય જોઇને આપણે એક ભિન્ન દષ્ટિકોણથી વિચાર કરવો પડશે.

### 14.4.3 અભ્યાસ ક્ષેત્ર.

રેડક્લિફ બ્રાઉનની રચના સંબંધી વિભાવનામાં આપણે જોયું જેમ કે અહીંયા પણ તેમનું કહેવું છે કે માનવીય સમાજ અને સામાજિક જીવનના કાર્યોની દષ્ટિથી અભ્યાસ કરવો જોઇએ તો આપણી સામે ત્રણ પ્રકારની સમસ્યા ઉદ્ભવે છે. તેને અભ્યાસના ત્રણ ક્ષેત્રો પણ કહી શકાય.

1) સામાજિક રચનાશાસ્ત્ર.

કોઇ સમાજમાં કેટલા પ્રકારની સામાજિક રચના છે, તેમની વચ્ચે સમાનતા કે અંતર ક્યાં છે, તેનું કેવી રીતે વર્ગીકરણ કરી શકાય ? આ સમસ્યા સામાજિક રચનાતંત્ર થી સંબંધિત સમસ્યા છે.

2) સામાજિક શરીરશાસ્ત્ર.

આ ક્ષેત્રમાં એ જોવા મળે છે કે સામાજિક રચના કયા પ્રકારના કાર્ય કરી રહી છે?

3) વિકાસની સમસ્યા.

નવા પ્રકારની સામાજિક રચના કયા પ્રકારે અસ્તિત્વમાં આવે છે ? આ પરિવર્તનની પ્રક્રિયાના સ્ત્રોત અને ઘટક કયા છે ? તેની ગતિ અને દિશા ક્યાં છે? વગેરે પ્રશ્ન આ ક્ષેત્રથી સંબંધિત પ્રશ્ન છે.

કાર્યની દૃષ્ટિથી પણ રેડક્લિફ બ્રાઉને સામાજિક જીવનના વિશ્લેષણ રચના કાર્ય અને પરિવર્તનની દૃષ્ટિથી કરવું જોઇએ.

### 14.4.4 સામાજિક સ્વાસ્થ્ય અને સામાજિક રોગ

રેડક્લિફ બ્રાઉનના કાર્યની વિભાવનાની સાથે સાથે વિકાર્યની વિભાવના ઉપર પણ વિચાર વ્યક્ત કર્યો છે. આ વિચારના ઉદ્‌ભવની ચર્ચા કરતા રેડક્લિફ બ્રાઉન લખે છે કે ઇ.સ. પૂર્વે પાંચમી સદીમાં જ ગ્રીક ચિંતનમાં આ વાતનો સ્વીકાર કર્યો હતો કે સમાજ અથવા નગર રાજ્ય ઉપર પણ પ્રાણીના સ્વાસ્થ્ય કે સામાજિક રોગના વિચારને લાગુ કરી શકાય છે. તેમનું કહેવુ છે કે સમાજની સારી વ્યવસ્થા કે સ્વાસ્થ્યની દશા જેને તેમણે ''યુનોમિયા'' કહે છે. અવ્યવસ્થા કે સામાજિક રોગની દશા ને ડિસ્નોમિયાની સંજ્ઞા આપી. આ બંને દશા અલગ અલગ સામાજિક સ્થિતિને પ્રગટ કરે છે અને સમાજના સદસ્યોની આકાંક્ષાઓની પૂર્તિ થઈ રહી છે તો કહી શકાય કે સમાજમાં મહત્તમ વ્યક્તિ અત્યંત ગરીબ છે. પોતાની જીવન સંબંધી જરૂરિયાતો પણ પૂર્ણ કરી શકતા નથી. બેકારી દર વર્ષે વધતી જાય છે. ગુનાઓ વધી રહ્યા છે. આવા સમાજને રોગીની અવસ્થા માનવામાં આવે છે.

દુર્ખિમે પણ કાર્યની વિભાવના લાગુ કરવાનો પ્રયાસ કર્યો કે સામાજિક રોગનિદાન માટે વૈજ્ઞાનિક પાયો રજૂ કરવામાં આવે. સામાજિક રોગનિદાન સામાજિક રચનાશાસ્ત્ર અને સામાજિક શરીરશાસ્ત્ર ઉપર આધારિત હશે. તેમણે ડિસ્નોમિયા એટલે સામાજિક રોગ માટે એનોમી શબ્દનો ઉપયોગ કર્યો. આત્મહત્યાના પોતાના પ્રસિદ્ધ અભ્યાસમાં તેમણે વસ્તુનિષ્ઠ કસોટી શોધવાના પ્રયાસના આધાર ઉપર આ નિર્ણય આપવામાં આવે કે કોઇ એક નિશ્ચિત સવ બિંદુ ઉપર કોઇ નિશ્ચિત સમાજ સામાન્ય છે અથવા રોગનિદાન છે. દુર્ખિમે સામાજિક રોગનિદાન વિજ્ઞાન માટે વસ્તુનિષ્ઠ માપદંડ થી શોધ કરી હતી.

રેડક્લિફ બ્રાઉન આ તથ્યોનો સ્વીકાર કરે છે કે સામાજિક રોગની સ્થિતિ છે જ્યાં સામાજિક રચનાના એકમ આ રચનાની કાર્યાત્મક એકતાને ભંગ કરી રહી છે. સ્પષ્ટ છે કે જો કોઇ એકમ આ પ્રકારે ક્રિયા કરી રહી છે કે તેણે સમગ્રનું અસ્તિત્વ કે ક્રિયાત્મકતામાં મુશ્કેલી થાય છે કે ખતરો ઉભો થઈ રહ્યો છે તો એવા ઋણાત્મક યોગદાનનો વિકાર્ય કે સામાજિક રોગની અવસ્થા કે દશા કહી શકાય. દા.ત. ભારતની રાજ્ય વ્યવસ્થા જોઇએ તો સિદ્ધાંતો અને આદર્શો ઉપર ચૂંટણી લડવામાં આવતી નથી લોકોની લાગણીઓ સાથે ચૂંટણી જીતવામાં આવે છે.

રેડક્લિફ બ્રાઉને સ્પષ્ટ કર્યું છે કે વિકાર્ય કે કાર્ય યુનોમિયા કે ડિસ્નોમિયાનું સારૂ અને ખરાબથી કોઇ સંબંધ નથી. આ સંબંધની દૃષ્ટિથી આ વસ્તુનિષ્ઠ

અને તટસ્થ શબ્દ છે. આ તો સામાજિક રચનાની કોઇ એકમના કાર્યનું સંપૂર્ણ સામાજિક રચનાનું પરિણામ છે.

રેડક્લિફ બ્રાઉનની આ દશાઓનું વ્યક્તિની ભાવનાત્મક સ્થિતિના સંદર્ભમાં પણ વર્ણન કર્યું છે. સામાજિક કાર્ય અને વિકાર્ય ઉપર વ્યક્તિની સંવેદનાત્મક દૃષ્ટિથી વિચાર કરી શકાય છે. અહીંયા તેમણે સુખબોધ તથા શોકબોધ શબ્દોનો ઉપયોગ કર્યો છે. જ્યારે કોઇ વ્યક્તિ સારી સંતોષજનક અને સંતુલન વ્યવસ્થામાં પોતાને પ્રાપ્ત કરે છે તો તેની સુખબોધની અનુભૂતિ હોય છે અને તેના વિપરિત જ્યારે વ્યક્તિ પોતાના સંઘર્ષ કે હતાશાની સામાજિક સ્થિતિમાં હોય છે તો એવી સ્થિતિને શોકાવસ્થા કહેવાશે અને વ્યક્તિની અનુભૂતિને શોકબોધ. આ પણ તેની આંશિક રચનાના કાર્યના સંદર્ભમાં જ સ્પષ્ટ કરી શકાય છે.

### 14.4.5 સામાજિક કાર્ય સંબંધિ વિચારોનું મૂલ્યાંકન.

રેડક્લિફ બ્રાઉનના કાર્યાત્મક સિદ્ધાંતની ટીકા પણ થઈ છે. બોટોમોર કહે છે કે રેડક્લિફ બ્રાઉન કહે છે કે કાર્યનો અર્થ આયોજન નથી પરંતુ જ્યારે અમે તેમના અભ્યાસોને જોઇએ છીએ તો તેમની વ્યાખ્યામાં કાર્ય અને આયોજનનું અંતર સ્પષ્ટ રહેતુ નથી.

બીજી આપત્તિ એ પણ ઉઠાવી છે કે સામાજિક રચનાશાસ્ત્ર, સામાજિક શરીરશાસ્ત્ર અને વિકાસ સંબંધિ સમસ્યાઓના કોઇ એક સૈદ્ધાંતિક વ્યવસ્થા દ્વારા સ્પષ્ટ કરવાનું સંભવ નથી. જેમ કે રેડક્લિફ બ્રાઉનનો દાવો છે કોઇ પ્રક્રિયાની અંતિમ સ્થિતિ કે પરિણામનું વર્ણન હંમેશા જ તેના સ્પષ્ટીકરણ કરવાના સમર્થનમાં નથી. કાર્યાત્મકવાદમાં આપણે સામાજિક રચના અને પ્રક્રિયાનું વર્ણન કે પુનઃવર્ણન તો પોતે છે પરંતુ વસ્તુસ્થિતિની વ્યાખ્યા શોધી શકતા નથી. આ આપત્તિ પ્રમાણે તો કાર્યવાદનો એક સિદ્ધાંત માનવામાં પણ શંકા ઉભી થાય છે.

કાર્યની વિભાવના સમાજ અને પ્રાણી આધારિત છે, પરંતુ આ વાસ્તવિકતાથી દૂર છે. જેવી રીતે વસ્તુનિષ્ઠ કસોટીથી શરીરની નાતંદુરસ્ત દશાઓને પ્રગટ કરી શકાય છે. સમાજના રોગનિદાન શસ્ત્રની દશાઓના માપનના કોઇ ઠોસ માપદંડ નથી. કોઇ સંસ્થાના વિકાર્યને પણ સરળતાથી માપી શકાતું નથી.

ગેંલનરે લખ્યું છે કે માનવીય સમાજોમાં એવા અનેક તત્ત્વો હોઇ શકે છે જે કાર્ય વિના હોય. જ્યાં સુધી સમાજમાં કોઇ ક્રિયાના કાર્ય ને નિર્ધારિત કરવાનો પ્રશ્ન છે ત્યાં પણ કાર્યાત્મકવાદ તુલનાત્મક અભ્યાસને અનિવાર્ય બનાવી દે છે.

રેડક્લિફ બ્રાઉનના વિચારોનું મૂલ્યાંકન કરતી વખતે આપણે એક વાતને યાદ રાખવી જોઇએ કે કાર્યાત્મકવાદના રસ્તા ઉપર તે અગ્રણી વિચારકોમાં હતા. એટલા માટે તેમના વિચારોમાં કેટલીક ખામી કે તેમની પદ્ધતિમાં કેટલીક મર્યાદા હોવી સ્વાભાવિક છે. સત્ય તો એ છે કે કોઈપણ અભ્યાસ પદ્ધતિ આપણામાં પૂર્ણ હોતી નથી. કાર્યાત્મકવાદ આપણા પુરસ્કૃત રૂપમાં આજે સમાજશાસ્ત્રનો એક માન્ય દૃષ્ટિકોણ છે. ગાણિતીકરૂપમાં કાર્યના અર્થનો

સ્વીકાર થઈ રહ્યો છે. જેમ કે આ દેખાડવાનો પ્રયત્ન થઈ રહ્યો છે કે અમુક સામાજિક ક્રિયા કાર્યાત્મકરૂપથી સંબંધિત છે. એટલે કે 'અ' માં પરિવર્તન આવે તો 'બ' માં પણ એવું જ પરિવર્તન આવવાની સંભાવના છે.

**તમારી પ્રગતિ ચકાસો.**

**નીચેના પ્રશ્નનો જવાબ ત્રણ લીટીમાં લખો.**

1) સામાજિક કાર્યની વિભાવના જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

2) સાચા જવાબોની સામે (✓) સાચાની નિશાની કરો. ખોટા સામે (✕) ની નિશાની કરો.

1. રેડક્લિફ બ્રાઉન સામાજિક માનવશાસ્ત્રને તુલનાત્મક સમાજશાસ્ત્ર કહે છે.
2. એક પ્રાણી બીજા પ્રાણીનો ભાગ છે.
3. રેડક્લિફ બ્રાઉનના કાર્યાત્મક સિદ્ધાંતની ટીકા થઈ છે.

## 14.5 સારાંશ

રેડક્લિફ બ્રાઉન એ સામાજિક માનવશાસ્ત્રના મુખ્ય વિદ્યાકીય શાળા તરીકે દરજ્જો અપાવનાર સૌથી વધુ મહત્ત્વપૂર્ણ વ્યક્તિ તરીકે ગણી શકાય. સમાજશાસ્ત્રમાં સામાજિક રચના એક મુખ્ય વિભાવના છે. રેડક્લિફ બ્રાઉનને સામાજિક માનવશાસ્ત્રના પ્રણેતા કહેવામાં આવે છે. સામાજિક રચનાના તત્ત્વોમાં સમૂહ-સામાજિક સંબંધ સામાજિક ભૂમિકાઓ અનુસાર વ્યક્તિઓ અને વર્ગોની ભિન્નતા વગેરે છે. સામાજિક રચનામાં વાસ્તવિક સંબંધોના અભ્યાસના આધાર ઉપર જાણકારી મેળવી શકાય છે. રેડક્લિફ બ્રાઉન સુઝાવ આપે છે કે રચનાત્મક વ્યવસ્થાઓ કે તુલનાત્મક અભ્યાસના આધાર ઉપર વૈજ્ઞાનિક વર્ગીકરણનો પ્રયાસ કરવો જોઈએ. રેડક્લિફ બ્રાઉનની કાર્યાત્મકવાદી વિચારના અગ્રણી વિધ્વાન તરીકેની ગણના થાય છે. તે સામાજિક માનવશાસ્ત્રી હતા. માનવ સમાજમાં આપણે સ્પષ્ટ જોઈએ છીએ કે કેટલાંક વ્યક્તિ પોતાના સમાજને છોડી શકે છે અને બીજા સમાજમાં જોડાઈ શકે છે. માનવીય સમાજ અને સામાજિક જીવનના કાર્યોની દષ્ટિથી અભ્યાસ કરવો જોઈએ. સમાજના રોગનિદાન શાસ્ત્રની દશાઓના માપનના કોઈ ઠોસ માપદંડ નથી. કોઈ સંસ્થાના વિકાર્યને પણ સરળતાથી માપી શકાતું નથી.

## 14.6 ચાવીરૂપ શબ્દો

**જીવન પરિચય :** રેડક્લિફ બ્રાઉનના સમગ્ર જીવન દરમ્યાનના વ્યાખ્યાન, લેખન અને જીવનકાર્યની માહિતી.

**ક્ષેત્ર કાર્ય :** સંશોધક જેનો અભ્યાસ કરવા ઈચ્છતો હોય તે વિસ્તારમાં જઈ સંશોધન કરવાની પદ્ધતિ માનવશાસ્ત્રમાં વિકસી છે.

**માનવશાસ્ત્ર :** ઘણા બધા સમાજોની સંસ્કૃતિના વિભિન્ન ઘટકો તત્ત્વોનો તુલનાત્મક અભ્યાસ કરવો તેને માનવશાસ્ત્ર કહે છે. સમૂહજીવન, સંસ્થાઓ અને સામાજિક સંબંધોનો અભ્યાસ કરવો.

**સજા :** સામાજિક નિયમોના ભંગ બદલ સમાજ દ્વારા થતો દંડ એટલે સજા.

**યુનોમિયા :** સામાજિક રોગની અવસ્થા

**મૂળવતની :** ઓસ્ટ્રેલિયાના આદિવાસીઓને મૂળ વતની કહે છે.

## 14.7 સંદર્ભ સૂચિ

મહાજન, ધર્મવીર (2011), સામાજિક વિચારધારા દિલ્લીઃ અર્જુન પબ્લિસિંગ હાઉસ.

પરમાર વાય. એ (2013) સામાજિક ચિંતકોનો પરિચય, સુરતઃ ન્યુ પોપ્યુલર પ્રકાશન

## 14.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

તમારી પ્રગતિ ચકાસો - 1

1) 1. આંદામાન આઈસલેન્ડ 2. ધ સોશીયલ ઓર્ગેનાઈઝેશન ઓફ ઓસ્ટ્રેલિયન ટ્રાઈબ્સ 3. આફ્રિકા સિસ્ટમ ઓફ કોન્સિપ એન્ડ મેરેજ 4. મેથડ ઈન સોશિયલ એન્થ્રોપોલોજી 5. સ્ટ્રક્ચર એન્ડ ફંક્શન ઈન પ્રિમીટીવ સોસાયટી.

2) 1. √ 2. × 3. √

તમારી પ્રગતિ ચકાસો- 2

1) સામાજિક રચનાના તત્ત્વોમાં જુદાં જુદાં સમૂહો જોવા મળે છે. સમૂહોની વચ્ચે પ્રત્યેક વ્યક્તિનો અન્યની સાથે સંબંધ સામાજિક રચનાનો મહત્ત્વનો ભાગ છે. સંસ્થા સારા આચરણની સ્વીકૃતિ આપે છે.

2) 1. √ 2. √ 3. ×

તમારી પ્રગતિ ચકાસો- 3

1) સમાજના બધા એકમો એકબીજાથી જોડાયેલા છે અને સંતુલનમાં છે. સામાજિક વ્યવસ્થાની પ્રત્યેક ઉપરચના એક વિશિષ્ટ કાર્ય કરે છે, તે સામાજિક વ્યવસ્થાને બનાવી રાખે છે. કોઇ પણ સંપૂર્ણ સામાજિક વ્યવસ્થામાં એક વિશેષ પ્રકારની એકતા હોય છે.

2) 1. √ 2. × 3. √

❖ ❖ ❖

# એકમ 15 મેક્સ વેબર

-: રૂપરેખા :-

**15.0 ઉદ્દેશો**

**15.1 પ્રસ્તાવના**

**15.2 મેક્સ વેબર**

**15.3 પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્ર**

**15.4 સારાંશ**

**15.5 ચાવીરૂપ શબ્દો**

**15.6 તમારી પ્રગતિ ચકાસો**

**15.7 સંદર્ભ સૂચિ**

## 15.0 ઉદ્દેશો

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે

- મેક્સ વેબરનો જીવન પરિચય જાણી શકશો.
- મેક્સ વેબરના સત્તા અંગેના વિચારો સમજી શકશો
- પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્ર વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવી શકશો

## 15.1 પ્રસ્તાવના

જર્મનીમાં જન્મેલા મેક્સ વેબરનું સમાજશાસ્ત્રીય વિચારોમાં આગવું સ્થાન છે, મેક્સ વેબર અનેક સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો આપવામાં મોખરે છે, તેમજ વેબરે આપેલા સિદ્ધાંતોમાં સામાજિક ક્રિયાનો ખ્યાલ પછી મોખરે છે. તેમજ આધુનિક મૂડીવાદનું વિશ્લેષણ તેમજ સામથર્યનું વિશ્લેષણ, વર્ગ અને વર્ગ પરિચિત થતી તેમજ સામથ્ય અને સત્તા તેમજ સત્તાનું વિશ્લેષણ વગેરેનું આગવું મહત્ત્વ છે. પ્રમુખ એકમમાં વેબરના સત્તા અંગેના વિચારો તેમજ પ્રોટેસ્ટસ્ટ આચારશાસ્ત્ર તેમજ ઔદ્યોગિક મૂડીવાદ ઉપર વિચારો ઉપર ભાર મુકવામાં આવ્યો છે.

## 15.2 મેક્સ વેબર

મેક્સ વેબર એક જર્મન સમાજશાસ્ત્રી હતા. મેક્સ વેબર રાજકીય રીતે પણ ઘણા સક્રિય હતા તેમજ તેમણે સમાજને સમજવા ઘણા વિચારો રજૂ કર્યા. તેમણે સમાજશાસ્ત્રીય વિચારધારામાં આગવું પ્રદાન આપેલું છે. તેમને પોતાનું પીએચ.ડી. મુખ્યત્વે આર્થિક અને કાનૂની ઈતિહાસની સમજૂતી આપતા વિષય ઉપર કર્યું, જેનું શીર્ષક 'હિસ્ટરી ઓફ કોમર્શિયલ સોસાયટીજ ઇન ઘ મીડલ એજીસ' હતું. આ ઉપરાંત 'રોમન અગ્રેરીયન હિસ્ટરી' પર મહાનિબંધ યુનિવર્સિટીમાં લેકચરર બનવા માટે લખ્યો હતો. આ ઉપરાંત જગતના ઘર્મોને વૈશ્વિક - અભિગમથી પરિપ્રેક્ષ્યથી સમજવા માટે 'વર્લ્ડ રિલિજીયન' નામના અભ્યાસો પણ કરેલા છે. આ અભ્યાસોમાં તેમણે ચીન, ભારત અને પ્રાચીન યહુદી ઘર્મ ને આવરી લઇને વિવિઘ ઘર્મો વિશે વિગતે ચર્ચા કરી છે.

### 15.2.1 મેક્સ વેબર જીવન પરિચય

મેક્સ વેબરનો જન્મ તા. 21/04/1864 ના રોજ જર્મનીના એરફુર્ટમાં એક મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો. તેના પિતા નોકરશાહી માળખામાં એક અમલદાર તરીકેનું સ્થાન ધરાવતા હતા. તેમજ સાથે સાથે વેબરના પિતા રાજકરણમાં પણ મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા. તેમના પિતા દુન્યવી સુખમાં રસ ધરાવતા હતા તેમજ તેમના માતા હેલન કોલ્ટેન્સ્ટીન એક ચુસ્ત કેલ્વીનવાહી ખ્રિસ્તી તરીકેની છાપ ધરાવતા હતા. આવી રીતે તેમના માતા-પિતા વચ્ચે મહત્ત્વના તફાવતો હતા. આ તફાવતોના કારણે જ તેના લગ્નજીવનમાં તંગદિલી હોવાનું જણાયું છે. જેની નકારાત્મક અસરોનો ભોગ વેબર બન્યા હતા. આથી તેમની ઓળખ તેમના પિતાની જીવનશૈલી અને કારકિર્દી પર થતી હતી.

18 વર્ષની ઉંમરે વેબરે ઘર છોડ્યું હતું. ત્યારબાદ જર્મનીમાં આવેલ હિડલબર્ગ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ માટેની પરિપક્વતાની હાંસલ કરી હતી. તેમણે હિડલબર્ગ યુનિવર્સિટીમાંથી બૌદ્ધિક પરીપકવાતની સાથે સાથે સામાજિક પરિપકવતા પણ હાંસલ કરી હતી. આથી તેમની ઓળખ તેમના પિતાની ઓળખથી જુદી બનાવી, પોતાના સહાધ્યાયીઓના સંપર્કના કારણે તેઓ સામાજિક રીતે પણ પરિપકવ બન્યા હતા.

1884 માં તેમણે બર્લિન યુનિવર્સિટીમાંથી કાયદાશાખામાં આગળની ઉપાધી હાંસલ કરી હતી. બર્લિન યુનિવર્સિટીમાં તેમણે આઠ વર્ષ સુધી શિક્ષણકાર્ય મેળવ્યું હતું. તેમણે પીએચ.ડી. ની ડિગ્રી પણ બર્લિન યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ તેઓ વકીલ પણ બન્યા તેમજ બર્લિન યુનિવર્સિટીમાં શિક્ષણકાર્ય પણ કર્યું. જેના થકી તેમનામાં અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર જેવા વિષયોના અભ્યાસમાં રસ પડયો હતો.

મેક્સ વેબરનું લગ્ન ઈ.સ 1893 માં થયુ હતું તેમજ 1894 માં તેઓ અર્થશાસ્ત્ર વિષયમાં ફ્રિબર્ગ યુનિવર્સિટીમાં પ્રોફેસર બન્યા. તેમની કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને ઉદ્યમશીલતાએ જ તેમને 1896 માં હિડલબર્ગ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકેનું સ્થાન અને ઉચ્ચ દરજ્જો આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

મેક્સ વેબરની શૈક્ષણિક કારકિર્દી સર્વોચ્ચ સ્થાન પર વિકસી રહી હતી. એ જ અરસા દરમિયાન તેમનાં પિતાનું અવસાન થયું હતું. પિતા સાથેના ઘણા અણબનાવ અને તેમના અવસાનથી વેબર ઘણા દુઃખી થયા હતા. તેના કારણે તેમનું માનસિક સ્વાસ્થ્ય કથળ્યું હતું.

1903 બાદ તેમના માનસિક સ્વાસ્થ્યમાં સુધારો આવતા, ત્યારબાદ તેમણે અમેરિકામાં સૌપ્રથમ પ્રવચન આપ્યું હતું. 1910 માં 'જર્મન સોશ્યોલોજીકલ સોસાયટી'ની સ્થાપના કરવામાં વેબર ઘટના સહાયરૂપ બન્યા હતા. ત્યારબાદ તેઓ સોશ્યલ રિફોર્મ એન્ડ સોશ્યલ પોલિટીકસના તંત્રી પણ બન્યા હતા. 1920 માં તેઓ જર્મનીના મ્યુનીચ મુકામે અવસાન પામ્યા હતા.

★ વેબરના સમાજશાસ્ત્રીય લખાણો :

1) "History of Commercial Societies in the Middle Ages (1839)
2) Roman Agrarian History (1891)
3) The Pootastant Ethics & the Spirit of Capitalism
4) World's Religion
5) Economy & Society (ad by Parson's)

### 15.2.2 વેબરના સત્તા અંગેના વિચારો

વેબરના મત મુજબ સામાજિક સંસ્થામાં સત્તાનું માળખું અસ્તિત્વ ધરાવે છે. સત્તાની સંરચનામાં વેબરનો સમાજશાસ્ત્રીય રસ રાજકીય રસ દ્વારા પ્રેરિત થયો હતો. વેબરે સત્તાના માળખામાં વિશ્લેષણનો આરંભ સામાજિક ક્રિયાના સ્વરૂપને ધ્યાનમાં રાખીને કર્યો હોવાનું જણાયું છે. વેબરે કાયદેસરના વર્ચસ્વ અથવા પ્રભુત્વને સત્તા તરીકે પરિભાષિત કરી છે.

સત્તા એટલે શું ?

વેબરના મત મુજબ 'વર્ચસ્વના કાયદેસરના સ્વરૂપો એટલે સત્તા'

વર્ચસ્વના વિવિધ સ્વરૂપો છે. જે પૈકી કાયદેસર તો કેટલાક ગેરકાયદેસર સ્વરૂપો જોવા મળે છે. તેમાંથી કાયદેસરના સ્વરૂપોને વેબરે સત્તા તરીકે પરિભાષિત કર્યાં છે. વેબરે સત્તાના મહત્ત્વના ત્રણ આધારો દર્શાવ્યા છે.

(1) પરંપરાત્મક આધાર (2) બૌદ્ધિક કે કાનૂની આધાર(3) વિભૂતિમાન આધાર

સત્તા સાથે સંકળાયેલા આ ત્રણેય પ્રકારના આધારોને ધ્યાનમાં રાખીને મેક્સ વેબરે સામાજિક ક્રિયાને સમજાવી છે. તેમજ સત્તાના વિશાળ પાયાના આધારે તેમજ તેની રચનાતંત્રને ધ્યાને લઈને વેબરે સત્તાનું વિશ્લેષણ કર્યું છે. જેના આધારે તેમણે સત્તાના વિવિધ પ્રકારો દર્શાવ્યા છે.

### 15.2.3 સત્તાના પ્રકારો :

વેબરે સત્તા અંગેના પોતાના વિશ્લેષણમાં, સત્તાઓના જે ત્રણ પ્રકાર દર્શાવ્યા છે તે ત્રણેય પ્રકારની સત્તાઓ વચ્ચે રહેલા ભેદને સ્પષ્ટ કર્યો છે. સાથોસાથ એ પણ પરિભાષિત કર્યું કે આધુનિક નોકરશાહીનો પૂર્ણ વિકાસ બૌદ્ધિક કે કાનૂની વ્યવસ્થામાંથી જ થયો હોવાનું દર્શાવ્યું છે. તે સિવાય બાકી રહેતા સમાજોમાં પરંપરાત્મક કે વિભૂતિમાન સત્તાનું પ્રભુત્વ રહેલું હોય છે. તે બાબત અંગે તેમણે પોતાના અભિપ્રાયો રજૂ કર્યા છે.

વર્ચસ્વી તંત્રના ઐતિહાસિક તફાવતો રજૂ કરીને વેબરે સત્તાના ત્રણેય પ્રકારો ઉપર આધારિત પોતાનો રાજકીય સિદ્ધાંત એવો 'સત્તાનો સિદ્ધાંત' અથવા સત્તાનું વિશ્લેષણ કર્યું છે. સત્તાના પ્રકારો નીચે મુજબ દર્શાવ્યા છે.

1. પરંપરાત્મક સત્તા

2. કાનૂની કે બૌદ્ધિક સત્તા

3. વિભૂતિમાન સત્તા

ઉપરોક્ત ત્રણેય સત્તાના પ્રકારોની સમજૂતી નીચે મુજબ છે :

**1. પરંપરાત્મક સત્તા :**

પરંપરાત્મક સમાજ વ્યવસ્થામાં પરંપરાત્મક સત્તાની નીચે રહેતા અને આવી સત્તાને ટકાવી રાખવા માંગતા લોકો એમ માને છે કે, આવી સત્તાની કાયમથી ચાલી આવે છે. તેમજ તેમના પૂર્વજોને હંમેશા બંધનકારક રહી છે. આ પ્રકારની સત્તાની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

**(અ) ભૂતકાલીન પરંપરાઓનો પ્રભાવ :**

પરંપરાત્મક સત્તાઓનો પ્રભાવ ધરાવતા લોકમાં અથવા જૂથોમાં વર્તન વ્યવહારના જે કોઇ નિયમો જોવા મળે છે. તેમની આધારભૂતતાનો મૂળભૂત પાયો અગાઉથી ચાલ્યા આવતા બંધનોને આધીન હોવાથી તેને બંધનકારક ગણવામાં આવે છે. ભૂતકાલીન રીતિ-રિવાજોને કોઈ પણ પ્રકારના તર્ક-સંગત કારણ વિના સીધા જ સ્વીકારી લેવામાં આવે છે. આવા રિવાજોના પાલન માટે અથવા તો પરંપરાની જાળવણી માટે કોઇ બૌદ્ધિક ટેકા કે આધારને મહત્ત્વનો ગણવામાં આવતો નથી. આ પ્રકારની સત્તાઓ ભૂતકાલીન પરંપરાઓની પવિત્રતાના ખ્યાલ સાથે જોડાયેલી હોય છે. માટે તેનો પ્રભાવ વધુ જોવા મળે છે.

**(બ) વ્યકિતઓના દરજ્જાનો કોટિક્રમ :**

પરંપરાત્મક સત્તાવાળા સમાજમાં જેઓને સત્તા ભોગવવાનો અધિકાર મળેલો હોય છે. તેવા નેતા અને વહીવટી સ્ટાફની વ્યકિતઓના દરજ્જાનો કોટિક્રમ રચાયેલો હોય છે. આવી વ્યક્તિઓ જે પદો ધરાવે છે. તે નક્કર દરજ્જાઓનું સ્વરૂપ ધારણ કરે છે. તેઓની સત્તા ચોકસાઇપૂર્વક નકકી થયેલી હોતી નથી.

**(ક) વ્યકિતગત વફાદારી :**

પદના આધારે દરજ્જા ધરાવતી વ્યકિત જૂથની પરંપરાત્મક સત્તાની તેમજ પોતાનાથી ઉપરની સત્તા એટલે કે ઉચ્ચ દરજ્જો ધરાવતી વ્યક્તિની સત્તાનો વિરોધ કરવામાં આવતો નથી. તેને વ્યક્તિની વ્યક્તિગત વફાદારી તરીકે ઓળખવામાં આવે છે.

**(ડ) મિલકત સાથેનો સંબંધ :**

આ પ્રકારની સત્તામાં જે જૂથમાં વ્યક્તિ જે પદ ધરાવે છે. તે વ્યકિતની મિલકત તેની અંગત સત્તા સાથે ગાઢ રીતે સંકળાયેલી હોય છે. જૂથ અને વ્યકિત બંનેની મિલકત અને સત્તા અલગ અલગ નહિ બલ્કે એકજ હોય છે. કોટિક્રમમાં ભિન્ન સ્થાન પર રહેનાર વ્યકિતઓની સત્તા ઉપરી સ્થાન ધરાવનાર વ્યકિતની સરખામણીમાં ઓછી જરૂર હોય છે.

**ફ. સત્તાની પ્રાપ્તિઃ**

પરંપરાત્મક સત્તામાં બિન અંગત નિયમોનું તત્ત્વ હોતું નથી પણ તે અમુક ચોકકસ વ્યકિત અને વ્યક્તિઓને વારસામાં મળેલી હોય છે.

વેબરે પરંપરાત્મક સત્તાને બે વિભાગમાં દર્શાવી છે.

અ. પ્રાથમિક પિતૃપ્રધાન પરંપરાત્મક સત્તા

બ. સામંતશાહી પરંપરાત્મક સત્તા

અ. પ્રાથમિક પિતૃપ્રધાન પરંપરાત્મક સત્તા :

આ પ્રકારની સત્તા સ્થાનિક જૂથમાં અસ્તિત્વ ધરાવતી હોય છે. જેમાં લોકો પોતાની જાતને આ પ્રકારના જૂથના સભ્યો તરીકે ગણતા હોય છે.

બ. સામંતશાહી પરંપરાત્મક સત્તા :

જયારે સ્થાનિક સમુદાયથી સત્તાનું વિસ્તરણ કરવાનું જરૂરી બન્યું હોય ત્યારે આવી સામંતશાહી પ્રકારની પરંપરાત્મક સત્તાનો ઉદભવ થયો હોવાનું જણાયું છે. જેના ઉદાહરણ રૂપે સામંતશાહી સમાજ વ્યવસ્થાને લઇ શકાય.

**2. કાનૂની કે બૌદ્ધિક સત્તા :**

કાનૂની સત્તાએ બૌદ્ધિક પાયા ઉપર રચાયેલી કાયદેસરની સત્તા ગણવામાં આવે છે. વેબરના મતાનુસાર અનિયમિત નિયમોની કાયદેસરના જ આવા નિયમો હેઠળ આદેશો બહાર પાડવામાં આવે છે. જે સત્તાના સર્વોચ્ચ સ્થાન ઉપર બિરાજમાન વ્યક્તિઓને મળેલા અધિકારો ઉપર વિશ્વાસ રાખે છે. કાનૂની સત્તાનો બીજા નામે બૌદ્ધિક સત્તા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રકારની સત્તામાં જે અધિકારીઓ કે પદાધિકારીઓ સત્તા ધરાવે છે. તે નિયમોને આધીન રહીને જ વર્તન -વ્યવહાર કરતા હોય છે. આ ઉપરાંત કાનુની વર્ચસ્વમાં વ્યકિતઓ અને અધિકારીઓ વ્યકિતગત નેતાની નહિ, પરંતુ કાનૂની નિયમોના માળખાને જ અનુસરણ કરતા હોય છે.

કાનૂની કે બૌદ્ધિક સત્તાની લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

(1) કાયદાનું શાસન :

કાયદાનું શાસન બૌદ્ધિક કે કાનૂની સત્તાનું મહત્ત્વનું લક્ષણ ગણવામાં આવે છે. કાયદાના શાસનના સ્વીકાર ઉપર જ આ પ્રકારની સત્તા વિકસેલી હોય છે. અમૂર્ત સામાન્યીકૃત નિયમોનું માળખું આ પ્રકારની સત્તાનું કેન્દ્રવર્તી લક્ષણ છે.

(2) નવા નિયમોની રચના :

નિર્ધારિત થયેલી પદ્ધતિને અનુસરીને નવા નિયમોની રચના પણ કરવામાં આવે છે. તેમજ હકીકતનો સ્વીકાર પણ કરવામાં આવે છે. તેમજ નવા નિયમો જૂથના સભ્યોને લાગુ પડે છે.

(3) કાનૂન પ્રત્યેની વફાદારી :

જૂથના સભ્યોની વફાદારી ચોકકસ વ્યકિત પ્રત્યેના અંગત સ્વરૂપોની હોતી નથી. બિનઅંગત રીતે સ્વીકારેલી કાનૂન પદ્ધતિ પ્રત્યે જોવા મળે છે. જે તે વ્યકિત પદાધિકારીને આજ્ઞાંકિત હોય છે તે વ્યક્તિને નહિ પણ કાનૂન કે નિયમોને આજ્ઞાંકિત હોય છે. તેવી જ રીતે પદાધિકારીની વફાદારી અને આજ્ઞાંકિતપણું સંપૂર્ણપણે જૂથ પ્રત્યે હોતું નથી.

(4) બિન અંગત નિયમોના આધારે સત્તાનો ભોગવટો :

આ પ્રકારની સત્તા ધારવતી વ્યકિત કે જૂથો બિનઅંગત નિયમોના આધારે મેળવેલી સત્તા ભોગવતા હોય છે. આ પ્રકારની સત્તાનું ક્ષેત્ર પ્રકાર તેમજ સત્તાની માત્રા નિયમો દ્વારા સ્પષ્ટ રીતે પરિભાષિત થયેલી હોય છે.

(5) આધુનિક નોકરશાહી સ્વરૂપની સત્તા :

આ પ્રકારની સત્તામાં વહીવટી સ્ટાફની કામગીરી આધુનિક નોકરશાહી સ્વરૂપની જોવા મળે છે. બીજી રીતે કહીએ તો આધુનિક નોકરશાહીમાં જોવા મળતી સત્તાને બૌદ્ધિક કે કાનૂની સત્તા તરીકે ઓળખવામાં આવે છે.

(6) જાહેર અને ખાનગી મિલકત વચ્ચે સત્તાનો ભેદ :

પદાધિકારીઓ તેમની ખાનગી મિલકત અને ખાનગી જાહેર સત્તા, જાહેર મિલકત અને સત્તાથી ભિન્ન રહે છે. એક પદાધિકારી તરીકેની તેમની ફરજો ખાનગી વ્યકિત તરીકેના જીવન અને ખાનગી સંબંધોની ભિન્ન રહે છે.

**3. વિભૂતિમાન સત્તા :**

વેબરે ઉપરોકત બંન્ને પ્રકારો જેવા કે પરંપરાત્મક સત્તા અને કાનૂની સત્તાથી ભિન્ન એવો સત્તાનો ત્રીજો પ્રકાર દશવ્યો છે તે છે વિભૂતિમાન સત્તા.

આ સત્તાને પરિભાષિત કરતા વેબર જણાવે છે કે અમુક વ્યક્તિના વિશિષ્ટ ગુણોના આધારે બીજા લોકો પર પ્રાપ્ત થતી સત્તાને વિભૂતિમાન સત્તા તરીકે ઓળખાવી છે. નેતાના કોઈ અસાધારણ નૈતિક કે ધાર્મિક કે પરાક્રમી ગુણને આધારે મળેલી સત્તાને પણ વિભૂતિમાન સત્તા તરીકે વેબરે વર્ણવી છે.

**★ વિભૂતિમાન સત્તાની લાક્ષણિકતાઓ :**

1. વ્યકિતના પોતાના આગવા વિશિષ્ટ ગુણોને આધારે મળેલી સત્તા : વેબરે આ પ્રકારની વ્યકિત સત્તા વ્યકિતના વિશિષ્ટ આગવા ગુણોને આધારે મળેલી હોવાથી વિભૂતિમાન સત્તા તરીકે ઓળખાવે છે. આવી સત્તા વ્યકિતના વિશિષ્ટ ગુણોને આભારી હોવાથી વ્યકિતને વિશિષ્ટ ગણી છે, કેટલીક વ્યકિતઓમાં અન્ય વ્યકિતઓ કરતા વિશેષ પ્રતિભા કે ગુણો પડેલા હોય છે, વેબરે તેને કુદરતી બક્ષીસ તરીકે ઓળખાવે

છે. બીજા મનુષ્યો પર પોતાની સત્તા સ્વીકાર માટે ભાવનાત્મક દબાણ લાવે છે. આવા ગુણો ધરાવતી વ્યકિત બીજા મનુષ્યોથી નેતા તરીકે ભિન્ન તરી આવે છે.

2. સમાજનો નિત્યક્રમ વ્યવસ્થા સામેના વિરોધમાંથી થતો ઉદ્‌ભવ : આ પ્રકારની સત્તા બૌદ્ધિક કાનૂની કે પરંપરાત્મક નિત્યક્રમ વ્યવસ્થામાં જોવા મળતી નથી. પરંતુ વિભૂતિમાન સત્તા હંમેશા નિત્યક્રમ સામેના વિરોધમાંથી ઉદ્‌ભવે છે. સમાજના નિત્યક્રમમાંથી મુકત થવાની ક્ષમતાની ઇચ્છામાંથી આવી સત્તા ઉદ્‌ભવે છે.

3. સત્તા ધરાવનાર વ્યકિત હોય છે, પદ નહિ : આ પ્રકારની સત્તા ધરાવનાર વ્યકિત હોય છે. કોઇ પદનહિ. તે પોતાના અનુયાયીઓ પર સંપૂર્ણ અને જીવંત અસર પાડનાર એક વ્યકિત હોય છે. ‘‘પદ’’ નહિ. તેની સાથે તેના અનુયાયીઓનો સંબંધ કોઇક સત્તાવાર ભૂમિકા ભજવનાર દરજજાના આધારે કે પદના આધારે હોતો નથી. પરંતુ નેતા સાથે અનુયાયીઓનો સંબંધ આજ્ઞાંકિત શિષ્યો તરીકેનો હોય છે.

4. અનુયાયીઓ નેતાની ઇચ્છાનો પડઘો પાડે છે : વિભૂતિમાન સત્તા ધરાવતો નેતા લોકોની ઇચ્છાનું પ્રતીક હોતો નથી. અનુયાયીઓ પોતાની ફરજો નેતાના દરજ્જાના આધારે બજાવતા નથી. પરંતુ નેતા જેમ કહે તેમ કરવું જોઈએ એમ પોતાની ફરજ માનતા હોય છે. નેતા જે આજ્ઞા કરે તેનુ પાલન કરવાની તેઓ પોતાની ફરજ ગણતા હોય છે. નેતા સક્રિય રીતે પોતાના અનુયાયીઓ માટે નવીન આચારસંહિતા નવીન જીવનશૈલી રજૂ કરે છે.

5. નિત્યક્રમના સામાજિક-આર્થિક વ્યવહારો બિનમહત્ત્વના બને છે : વેબરના મતાનુસાર આ પ્રકારની સત્તાવાળા જૂથમાં નિત્યક્રમના એટલે કે રૂટિન સામાજિક-આર્થિક વ્યવહારોને વધુ પડતું મહત્ત્વ આપવામાં આવતું હોતુ નથી. આમ છતાં, મિલકત અને આર્થિક બદલાના તત્ત્વો તેમાં હોય છે ખરા, પણ નિત્યક્રમની પ્રવૃત્તિઓને તેમાં સ્થાન હોતુ નથી.

6. એક ક્રાંતિકારી પરિબળ તરીકે થતો ઉદ્‌ભવ : ઉપરોકત બધીજ લાક્ષણિકતાઓ આ પ્રકારની સત્તાને કાન્તિકારી પરિબળ તરીકે વિકસાવે છે. આવી સત્તા હંમેશા નિત્યક્રમના વ્યવહારો ભલે પછી તે બૌદ્ધિક હોય કે પરંપરાત્મક હોય પણ તે તેની સામે સંઘર્ષમાં આવે છે. માનવ ઇતિહાસના યુગો તરફ દ્દષ્ટિપાત કરતા જણાયું છે કે, જયારે જયારે પરંપરાત્મક સત્તાલક્ષણ ચિત્ર તરીકે વિકસે છે. ત્યારે એક મહાન ક્રાંતિકારી બળ તરીકે વિભૂતીમાન સત્તા પ્રગટ થાય છે.

7. સમય જતા વિભૂતિમાન સત્તાનું બૌદ્ધિક કાનૂની કે પરંપરાત્મક સત્તામાં થતું રૂપાંતર :

   વિભૂતિમાન નેતાનું અવસાન થતા તેના અનુયાયીઓ મૃત નેતાની અસર નીચે પોતાના અસ્તિત્વને ટકાવી આખવાના પ્રયત્નો કરે છે, સમય જતા વિભૂતિમાન પ્રક્રિયા શરૂ થાય છે. સમય જતા વિભૂતિમાન

સત્તા બૌદ્ધિક કે કાનૂની અથવા તો પરંપરાત્મકનું સત્તામાં પરિવર્તન પામે છે.

## 15.3 પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્ર :

વેબર, ''ધી પ્રોટેસ્ટન્ટ એથિક એન્ડ ધી સ્પિરિટ ઓફ કેપીટાલિઝમ'' ગ્રંથમાં પશ્ચિમના દેશોમાં વિકસેલા ઔદ્યોગિક મૂડીવાદ સામે પ્રોટેસ્ટ ધર્મના આચારશાસ્ત્રનો સંબંધ દર્શાવ્યો છે. અને તેમાં તેણે માર્કસના આર્થિક નિર્ણાયકવાદનું ખંડન કર્યું છે. માર્કસના મતાનુસાર સમાજની બધી જ સંસ્થાઓ આર્થિક વ્યવસ્થા દ્વારા જ નિર્ધારિત થાય છે. એટલે કે માર્કસના મતે આર્થિક પરિબળો જ સમાજ અને સંસ્કૃતિ અને સમાજની બધી સંસ્થાઓને ઘડે છે, તેમજ નિર્ધારિત કરે છે, માર્કસના મતાનુસાર પ્રોટેસ્ટન્ટ ધર્મ પણ મૂડિવાદની પેટા પેદાશ છે.

પરંતુ વેબરે માર્કસનો આ મત સ્વીકાર્યો નથી. વેબરે આધુનિક ઔદ્યોગિક મૂડીવાદ અને પ્રોટેસ્ટન્ટવાદ એ બંને વચ્ચેના આંતરસંબંધ અંગે વિશ્લેષણ કર્યું અને વિશ્લેષણના અંતે બંને વચ્ચેના આંતરસંબંધ અંગે માર્કસના મત થી તદ્દન ભિન્ન પ્રકારનો મત રજૂ કર્યો. વેબરે ધર્મ અને તેના અનુયાયીઓ માટે આચારના જે ધોરણો આપે છે. તે સંદર્ભમાં ધર્મનો આર્થિક વ્યવસ્થા પર પડતો પ્રભાવ તપાસ્યો છે. આવો પ્રભાવ તપાસવા તેણે જુદા જુદા ધર્મનો તુલનાત્મક રીતે અભ્યાસ પણ કર્યો. આ અભ્યાસમાં તેમને જાણવા મળ્યું કે પશ્ચિમના સમાજમાં વિકસેલા આધુનિક ઔદ્યોગિક મુડીવાદના ઉદભવ-વિકાસમાં પ્રોટેસ્ટન્ટ ધર્મના આચારશાસ્ત્રે મહત્ત્વના પરિબળ તરીકે ભાગ ભજવ્યો છે.

### 15.3.1 પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રનો અર્થ :

ખ્રિસ્તી ધર્મની રૂઢિગત અને અબૌદ્ધિક માન્યતાઓ અને આચારના ધોરણો સામે વિરોધ થતા આ ધર્મના પ્રોટેસ્ટન્ટ ધર્મનો ઉદ્ભવ થયો. આ પ્રકારની ધાર્મિક સુધારણાના આગેવાનો તરીકે લ્યુથર, કેલ્વિન, ટ્યુરિટન, બેન્ઝામિન ફ્રેકલિન વગેરેના નામો ખૂબ જ જાણીતા છે.

પ્રોટેસ્ટન્ટ ધાર્મિક સુધારણા તરીકે જેને ઓળખવામાં આવે છે, એ આંદોલનના ભાગરૂપ ખ્રિસ્તી ધર્મમાં પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયના જુદા-જુદા પેટા સંપ્રદાયો વિકસ્યા અને તેમના આગેવાનોના નામ પરથી પેટાસંપ્રદાયો લ્યૂથરવાદ, કેલ્વિનવાદ, પ્યુરિટનવાદ વગેરે જેવા નામથી ઓળખાવા લાગ્યા.

''પ્રોટેસ્ટન્ટ ધાર્મિક સુધારણાના આ આગેવાઓને પોતાના અનુયાયીઓ માટે આચારના કે નિતિમત્તાના નવા ધોરણો મૂલ્યો વિચારો રજૂ કર્યા. જેને પ્રોટસ્ટન્ટ આચારશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવે છે.

### 15.3.2 પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રના ધોરણો :

વેબરે પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રના મહત્ત્વના ધોરણો નીચે મુજબ દર્શાવ્યા છે.

**1. વ્યવસાયિક સફળતા એજ ઈશ્વર પ્રાપ્તિનો માર્ગઃ**

પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્ર એક આગેવાન લ્યૂથરે ધાર્મિક આચારના જે વિચારો રજૂ કર્યા તેના તેમણે વ્યવસાયિક સફળતા પર ઘણો ભાર મુકયો લ્યૂથરવાદની જેમ જ પ્યુરિટનવાદમાં પણ વ્યવસાયોને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રમાં એવું નોંધવામાં આવ્યું છે કે દુન્યવી પ્રકૃતિ આખી દૂર જાણીને વૈરાગ્યમય સંન્યાસી

જીવન જીવવાનું ઈશ્વરને મંજૂર નથી. પરંતુ જગતમાં વ્યકિતના સ્થાનના આધારે તેના પર જે ફરજો લાદવામાં આવી છે, તે પરિપૂર્ણ થાય તેવુ જીવન જીવવું, એ જ ઈશ્વરને મંજૂર છે, અને આ રીતે જીવન જીવવું એટલે વ્યકિતએ પોતાના વ્યવસાયમાં સફળતા મેળવવી. તે વ્યકિતઓ પોતાની દુન્યવી ક્ષેત્રે પરિપૂર્ણ થાય એ રીતે જ જીવન જીવવું એ જ ઈશ્વરને સ્વીકાર્ય છે. આથી ઈશ્વરની દષ્ટિએ બધાજ અધિકૃત વ્યવસાયો સમાન ગુણવત્તા ધરાવે છે.

**2. વ્યક્તિના ઉદ્યમીપણાને અપાયેલું મહત્ત્વ :**

વ્યવસાયિક સફળતા સાથે જ સંબંધિત એવુ પ્રોટેસ્ટન્ટ આચારનું બીજુ મહત્ત્વનું ધોરણ વ્યકિત ઉદ્યમી બને તેના પર ખૂબ જ ભાર મુકવામાં આવ્યો છે. ''કામ એજ પુજા'' એવું ધોરણ તેમાં રજૂ થયેલું જોવા મળ્યું છે. પોતાના વ્યવસાય તેમજ આખા જીવનમાં સફળતા મેળવવા માટે વ્યકિતએ સખત પરિશ્રમ કરવો જોઇએ. તેમજ શ્રમ કરીને જ વ્યકિત સફળતા મેળવી શકે છે. તેવો આચાર તેમાં રજૂ થયેલો છે.

**3. પૈસાની કમાણીને અપાયેલું મહત્ત્વ :**

વેબરના મતાનુસાર પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રના ધોરણોમાં પ્રયાસ રીતે પૈસા કમાવવાની વૃત્તિને માન્ય ગણવામાં આવી નથી. પરંતુ માણસની મોક્ષ પ્રાપ્તિ ઉપર ભાર મુકવામાં આવ્યો છે. પરંતુ પરોક્ષ રીતે તેના વ્યવાસિક સફળતા દ્વારા પૈસા કમાવવાની બાબતને મહત્ત્વ અપાયું છે. જેમ કે, કેલ્વિનવાદમાં ઈશ્વરી ઈચ્છાના વિચાર ઉપર ભાર મુકવામાં આવ્યો છે. કેલ્વિનવાદી પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રી આ જગતમાં પૈસા કમાવવાની બાબતે વધુ મહત્ત્વ આપે છે.

**4. પૈસાના ધીરાણ ઉપર વ્યાજ લેવાની છૂટ :**

પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રમાં પૈસાના ધીરાણ ઉપર વ્યાજ લેવાની છૂટ આપવામાં આવી છે. ખ્રિસ્તી ધર્મના કેથોલિક સંપ્રદાયમાં વ્યાજ લેવાની મનાઇ ફરમાવવામાં આવી છે. પરંતુ પ્રોટેસ્ટન્ટ ધાર્મિક સુધારણાના એક આગેવાન બેન્જામીન ફ્રેકલિને પૈસા પર વ્યાજ લઈ પૈસા કમાવવાની છૂટ આપી છે.

**5. પ્રામાણિકતાનું મહત્ત્વ :**

પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રમાં પ્રામાણિકતાનું ઊંચું મહત્ત્વ આંકવામાં આવ્યું છે. પ્રામાણિકતા એ જ શ્રેષ્ઠ નિતિ છે, એના ધોરણો તેમાં રજૂ કરવામાં આવ્યા છે. વ્યક્તિએ પોતાની ભૂમિકા ખંતપૂર્વક અને નિષ્ઠાપૂર્વક બજાવવી જોઇએ, તે માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે.

**6. મદ્યપાન ઉપર પ્રતિબંધ :**

પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રમાં મદ્યપાન ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. વ્યકિતએ મદ્યપાનથી દૂર રહેવું જોઈએ, તે બાબત ઉપર ભાર મુકવામાં આવ્યો છે.

7. **ઓછી રજાઓ :**

પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રમાં વધુ પડતી રજાઓની તરફેણ કરવામાં આવી નથી. વ્યક્તિને મહેનતું અને ઉદ્યમી બનવાનું ધોરણ તે જ મહત્ત્વનું ગણવામાં આવ્યું તેમજ આળસુપણાની નિંદા કરવામાં આવી છે. આમ પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રમાં ખ્રિસ્તી ધર્મની પરંપરાત્મક ક્રિયાઓને છોડીને બૌદ્ધિક ક્રિયાઓ ઉપર વધુ પડતો ભાર મૂકવામાં આવ્યો છે. વ્યવસાયિક સિદ્ધિ વધુમાં વધુ ધન પ્રાપ્તિ, કાર્ય કુશળતા સમયની કિંમત તેમજ શ્રમનું ગૌરવ વગેરે દુન્યવી બાબતો ઉપર પ્રોટેસ્ટન્ટ વધુ ભાર મુકે છે.

### 15.3.3 પશ્ચિમી ઔદ્યોગિક મૂડીવાદના વિકાસમાં પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રની અસરો :

(1) **પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રના ધોરણોએ આર્થિક ક્ષેત્ર બુદ્ધિવાદને પ્રોત્સાહન આપ્યું :** વેબરે પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્ર અને ઔદ્યોગિક મૂડીવાદ એ બંનેના સંબંધનું વિશ્લેષણ કરતાં જણાવ્યું કે પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રએ પશ્ચિમના સમાજમાં આર્થિક ક્ષેત્રમાં બૌદ્ધિક ક્રિયાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું. પશ્ચિમમાં વિકસેલો ઔદ્યોગિક મૂડીવાદ એ બૌદ્ધિક ક્રિયાઓ ઉપર વિકસેલો હોવાનું જણાવ્યું છે. તેમજ સામાજિક-આર્થિક રીતે ઉપીયોગિતાવાદી અને બુદ્ધિવાદી પ્રોટેસ્ટન્ટ આચારના ધોરણોએ પશ્ચિમના સમાજમાં ઔદ્યોગિક મૂડીવાદની લાક્ષણિકતાઓના વિકાસમાં પણ ભાગ ભજવ્યો છે.

(2) **મૂડીવાદી નફાને વધુ પડતું ઉત્તેજન :** વધુ પડતો નફો કમાવવો એ મૂડીવાદનું પાયાનું લક્ષણ છે. પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રમાં મિલકતના ખ્યાલને તેમજ મૂડીવાદી ધાર્મિક પીઠબળને વધુ પડતું ઉત્તેજન મળ્યું હોવાથી વ્યાજ લેવાની પણ છૂટ આપવામાં આવી હોવાથી નફાના હેતુને વધુ પડતું ઉત્તેજન આપવામાં આવ્યું છે.

(3) **વ્યાવસાયિક સફળતાના મહત્ત્વના કારણે ઔદ્યોગિક શ્રમ વિભાજન ઉપર અસર :** પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રમાં વ્યાવસાયિક સફળતાને જ ઈશ્વર પ્રાપ્તિ કે મોક્ષપ્રાપ્તિ ગણવામાં આવતી હોવાથી વ્યાવસાયિક સફળતા માટે વ્યાવસાયિક ભૂમિકા ભજવણીમાં કાર્યકુશળતા જરૂરી બને છે. વ્યક્તિ પોતાના વ્યવસાય-ધંધામાં ઉત્તરોત્તર નિષ્ણાત બને એ હેતુથી ઝીણવટભર્યું શ્રમવિભાજન વિકસે છે.

(4) **નૈતિકધોરણોના પાલનના કારણે કાર્યકુશળતામાં વૃદ્ધિ :** ઔદ્યોગિક મૂડીવાદમાં વ્યકિતની કાર્યકુશળતા ઉપર વધુ પડતો ભાર મુકવામાં આવ્યો છે. તેથી નૈતિક ધોરણો જે પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રમાં આપવામાં આવ્યા જેવાં કે મદ્યપાન ઉપર પ્રતિબંધ, પ્રામાણિકતાનું મહત્ત્વ, ઉદ્યમીપણું અને ઓછી રજાઓ વગેરેના ઔદ્યોગિક મૂડીવાદમાં પાલનના આગ્રહના કારણે વ્યકિતમાં કાર્યકુશળતા સવિશેષ વિકસેલી જોવા મળી છે.

(5) **પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રી અને ઔદ્યોગિક મૂડીવાદનો પારસ્પારિક સંબંધ :** પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રની સૌથી વધુ અસરો ઇંગ્લેન્ડ, અમેરિકા, હોલેન્ડ વગેરે દેશો ઉપર સવિશેષ જોવા મળે છે. કારણ કે આ બધા દેશોમાં પ્રોટેસ્ટન્ટ ધર્મના અનુયાયીઓ વધુ પડતા છે. જયારે ઈટલી, સ્પેન વગેરે જેવા દેશોમાં કેથૉલિક સંપ્રદાયના લોકો વધુ માત્રામાં હોવાથી ઔદ્યોગિક મૂડીવાદ રૂંધાયો જયારે ઉપરોકત દર્શાવેલ દેશોમાં ઔદ્યોગિક મૂડીવાદ ઝડપથી વિકાસ પામ્યો છે.

(6) **હિન્દુ ધર્મ અને ભારતમાં પશ્ચિમી સ્વરૂપના ઔદ્યોગિક મૂડીવાદના વિકાસમાં અવરોધ :** ભારતી હિન્દુ ધર્મ અને ભારતીય અર્થતંત્ર વચ્ચેના સંબંધ વિશે વેબરે દર્શાવ્યું છે કે ભારતીય સમાજની આર્થિક પરિસ્થિતિ ઔદ્યોગિક મૂડીવાદના વિકાસ માટે ઘણી અનુકૂળ છે. પરંતુ ધાર્મિક આચાર-વિચારોને કારણે ભારતમાં પશ્ચિમ જેવો ઔદ્યોગિક મૂડીવાદ વિકાસ પામી શકયો નથી જેના કારણ તરીકે ભારતીય જ્ઞાતિ વ્યવસ્થા તેમજ હિન્દુ ધર્મના કર્મ અને પુર્નજન્મને અવરોધરૂપ પરિબળ તરીકે દર્શાવ્યા છે.

(7) **કન્ફ્યુસિયસ ધર્મ અને ચીનનાં પશ્ચિમી સ્વરૂપના ઔદ્યોગિક મૂડીવાદના વિકાસમાં અવરોધ :** કન્ફયુસિયસ અને પ્રોટેસ્ટન્ટ એ બંને ધર્મની તુલના કરતા વેબરે જણાવ્યું કે બંનેના સ્વ નિયંત્રણ ઉપર ભાર મુકવામાં આવ્યો હોવા છતાં બંનેના ધ્યેયો ભિન્ન છે. ચીનમાં આર્થિક પરિસ્થિતિ ઔદ્યોગિક મૂડીવાદ માટે અનુકૂળ હતી. પરંતુ કન્ફયુસિયસ ધર્મના ધોરણો પ્રતિકૂળ હોવાથી પશ્ચિમ સ્વરૂપનો મૂડીવાદ ચીનમાં વિકસિ શકયો નહિ. કન્ફયુસિયસ ધર્મના પૈસાનો ઉપયોગ લોકો અક્ષરજ્ઞાન શિક્ષણ મેળવવા માટે કરે છે. જયારે પ્રોટેસ્ટન્ટ ધર્મમાં લોકો પૈસાની બચત કરે છે. અને ધંધાકીય રોકાણ કરે છે. જેથી વધુ પડતો ઔદ્યોગિક મૂડીવાદ વિકસિત થયો છે. તેમ વેબરે દર્શાવ્યું છે.

## 15.4 સારાંશ :

વેબરે આપેલા સત્તાના સ્વરૂપોના સંબંધના આધારે આપેલા આ પ્રકારો ઘણા મહત્ત્વના છે. માનવસમાજમાં જોવા મળતી સત્તાની જટિલ ઘટના આ ત્રણેય પ્રકારોના આધારે સમજી શકાય તેમ નથી. તેમ છતાં વેબરે આપેલા સત્તાના આ ત્રણેય પ્રકારો વાસ્તવિક સામાજિક જીવનમાં સત્તાની ઘટનાને સમજવામાં ઉપયોગી નીવડ્યા છે.

પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રની એવી કેટલીક વિશિષ્ટતાઓ છે. કે જેના પરિણામ સ્વરૂપે પશ્ચિમના પ્રોટેસ્ટન્ટવાસીઓના દેશોમાં આધુનિક ઔદ્યોગિક મૂડીવાદ વિકસિત થઈ શકયો છે. ઔદ્યોગિક મૂડીવાદના વિકાસમાં કારણભૂત પરિબળોમાં પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્ર ને એક મહત્ત્વત્તું પરિબળ ગણી શકાય. ઉપરોક્ત બાબતો વેબરે ધર્મ અને મૂડીવાદ અંગેના તુલનાત્મક વિચારો/અભ્યાસોમાં તપાસ્યું છે.

★ તમારી પ્રગતિ ચકાસો (ક) :

**નોંધ : 1.** નીચે આપેલ જગ્યામાં તમારો જવાબ લખો

**2.** એકમના અંતે આપેલાં જવાબ સાથે તમારો જવાબ સરખાવો

**1.** પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્ર અને ઔદ્યોગિક મૂડીવાદનો પારસ્પારિક સંબંધ ત્રણ લીટીમાં સમજાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## 15.5 ચાવીરૂપ શબ્દો :

- **સત્તા :** સત્તા એટલે અધિકાર જે વ્યક્તિ સામાજિક ક્રિયામાં જોઇ શકાય છે.
- **વિભૂતિમાન :** વ્યકિતના આગવા ગુણો અને વિશિષ્ટતાને વિભૂતિમાન (Charismatic) ''કરિશ્માઈ'' કહેવામાં આવે છે.
- **મૂડીવાદ :** મૂડીવાદ (Capitalism) એટલે આર્થિક વ્યવસ્થા
- **પ્રોટેસ્ટન્ટ :** ખ્રિસ્તી ધર્મનો એક પેટાસંપ્રદાય
- **આચારશાસ્ત્રી :** નૈતિકતાના ધોરણો અથવા આચારના ધોરણો

★ નીચે આપેલા બહુવિકલ્પીય પ્રશ્નોના જવાબ આપો :

1. મેક્સ વેબરનો જન્મ એક......... પરિવારમાં થયો હતો.

(ક) અમીરવર્ગીય (ખ) મધ્યમવર્ગીય (ગ) ગરીબવર્ગીય

2. વેબરેસત્તાના કુલ .......... પ્રકારો દર્શાવ્યા છે.

(ક) ત્રણ (ખ) ચાર (ગ) છ

3. પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયએ...................... ધર્મનો પેટા સંપ્રદાય છે.

(ક) યહુદી (ખ) ખ્રિસ્તી (ગ) શીખ

4. પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રના કારણે ઔદ્યોગિક ........ ને ઉત્તેજન મળ્યું છે.

(ક) મૂડીવાદ (ખ) શ્રમવિભાજન (ગ) શોષણ

૫. ..........એ પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રનું ધોરણ નથી.

(ક) પ્રામાણિકતાનું મહત્ત્વ (ખ) મદ્યપાન પર પ્રતિબંધ (ગ) વધુ રજાઓ

★ બહુવિકલ્પીય પ્રશ્નોના જવાબો :

(1) (ખ) મધ્યમ વર્ગીય (2) (ક) ત્રણ (3) (ખ) ખ્રિસ્તી (4) (ક) મૂડીવાદ (5) (ગ) વધુ રજાઓ

★ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

★ તમારી પ્રગતિ ચકાસો

(ક) પરંપરાત્મક સમાજવ્યવસ્થામાં પરંપરાત્મક સત્તાની અસર હેઠળ રહેનારો સમાજ આવી સત્તા ને ટકાવી રાખવા એવુ વિચારે છે કે, આવી સત્તા પરંપરાથી ચાલી આવે છે. તેમજ પૂર્વજોને હંમેશા બંધનકારી હોય છે.

(ખ) પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રના ધોરણોએ પશ્ચિમના દેશોમાં ઔદ્યોગિક મૂડીવાદ વિકસાવવામાં ભાગ ભજવ્યો છે. જે દેશોમાં પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયના અનુયાયીઓ ઓછા વસે છે. ત્યાં ઔદ્યોગિક મૂડીવાદ પશ્ચિમની સરખામણીએ ઓછો વિકસિત થયો છે. આથી બંને પરસ્પરાવલંબી છે.

## 15.6 તમારી પ્રગતિ ચકાસો

1) કાનૂની કે બૌદ્ધિક સત્તા સવિસ્તાર સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2) ટૂંકનોંધ લખો : પ્રોટેસ્ટન્ટ આચારશાસ્ત્રના ધોરણો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 15.7 સંદર્ભ સૂચિ


- Coser Lewis : Masters of Sociological Thought, Ideas in Historical and Social Context, II Edition, Rawat Publi-cation, Jaipur (1996)
- Bert N.Adams_ R.A.Sydie : Sociological Theory SAGE Publication (2001) (E-Book)
- Law Alex : Key Consepts in classical Social Theory, SAGE Publication (2011) (E-Book)
- Michel E, Johnson Crenier : Authority Encyclopedia of Business Ethics and Society) SAGE Publication (E-encyclopedia) 2008
- Keith Dowaing : Authority (Encyclopedia of Power), SAGE Publications (2011) (Encyclopedia)
- Luca Prono : Protestant Ethics (Encyclopedia) of World Power) SAGE Publication (2006,)
- Joanne M. Marshall : Protestantism (Encyclopedia) of Activism and Social Justice SAGE Publication (2007)


❖ ❖ ❖

એકમ 16

# જી. એસ. ઘૂર્યે

-: રૂપરેખા :-


**16.0 ઉદ્દેશો**

**16.1 પ્રસ્તાવના**

**16.2 ઘૂર્યેનું જીવન અને કાર્યો**

**16.2.1 શિક્ષણ અને કારકિર્દી**

**16.2.2 ઘૂર્યેના અભ્યાસો (કાર્યો)**

**16.3 ભારતની પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થા**

**16.4 સારાંશ**

**16.5 ચાવીરૂપ શબ્દો**

**16.6 સંદર્ભ સૂચિ**

**તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**


## 16.1 ઉદ્દેશો

વિદ્યાર્થીમિત્રો, આ એકમના અભ્યાસ બાદ તમે.

- ભારતમાં સમાજશાસ્ત્રના સ્થાપક સમાજશાસ્ત્રી જી.એસ.ઘૂર્યેએના જીવનનું વર્ણન કરી શકશો.
- ડૉ. જી. એસ. ઘૂર્યેના શિક્ષણ અને કારકિર્દી વિશે જણાવી શકવા સમર્થ બનાવશો.
- ડૉ. જી. એસ. ઘૂર્યેના અભ્યાસોની યાદી તૈયાર કરી શકશો અને કાર્યોને વિગતવાર દર્શાવી શકશો.
- ભારતની પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થા અંગે વિગતવાર નોંધ લખી શકશો.

## 16.1 પ્રસ્તાવના

ડૉ. જી. એસ. ઘૂર્યેને ભારતીય સમાજશાસ્ત્રના ભીષ્મ પિતામહ માનવામાં આવે છે. ભારતમાં સમાજશાસ્ત્રીઓ (આઈ.પી.દેસાઈ એ આર. દેસાઈ, દામલે, એમ. એન. શ્રીનિવાસ, પંચનંદીકર, કે. ટી. મર્ચન્ટ, ઈરાવતી કર્વે)ની એક હરોળ તૈયાર કરવામાં તેમનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. મુંબઈ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ ને મજબૂત કરવામાં તેમનું વિશેષ યોગદાન રહ્યું છે. ઘૂર્યેએ જ્ઞાતિ અને જાતિ, ધર્મ, સગપણ, સંબંધો, કુટુંબ, લગ્ન, આદિવાસીઓ, રાષ્ટ્રીય એકતા અને સંગઠન વગેરે જેવા વિષયો પર સંશોધન કાર્ય કરી અનેક પુસ્તકો લખ્યાં છે. મુંબઈ યુનિવર્સિટીએ તેમની નિવૃત્તિ બાદ પણ તેમના જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓને મળે તે માટે સૌપ્રથમ વખત એમરિટ્સ તરીકે નિમણૂક આપી સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં ઘૂર્યેનું અનન્ય પ્રદાન રહ્યું છે જે અંગે આપણે હવે વિગતે જોઈશું.

## 16.2 ઘૂર્યનું પ્રારંભિક જીવન અને કાર્યો

ભારતીય સમાજશાસ્ત્રના ભીષ્મ પિતા તરીકેનું બિરુદ મેળવનાર ગોવિંદ સદાશિવ ઘૂર્યેનો જન્મ મહારાષ્ટ્રના એક કસબામાં માલવણ ગામમાં 12, ડિસેમ્બર-1893માં અત્યંત રૂઢિવાદી સારસ્વત બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમનો બ્રાહ્મણ તેમના કુટુંબમાં સંસ્કૃત અને સંસ્કૃત ગ્રંથોનું વાંચન અને શિક્ષણ વધારે થતું. તેમણે પોતાના જીવનનો વૃત્તાંત તેના પુસ્તક આઈ એન્ડ ઓર્ડર એક્સપ્લોરેશન 1973માં કરેલ છે. ઘૂર્યેના શિક્ષણ, કારકિર્દી અને કાર્યો અંગેની માહિતી નીચે મુજબ છે.

### 16.2.1 શિક્ષણ અને કારકિર્દી

ઘૂર્યેએ પ્રાથમિક શિક્ષણ માલવણમાં લીધું સાત વર્ષની વય સુધી શાળાએ જઈ શક્ય ન હોવાથી પહેલા અને બીજા ધોરણનું અંગ્રેજીનું શિક્ષણ એક સાથે પૂર્ણ કર્યું. મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા પછી 1912માં જૂનાગઢ (ગુજરાત)ની બહાઉદ્દીનની કૉલેજમાં જોડાયા. મુંબઈ યુનિવર્સિટીની ઈન્ટર આર્ટ્સ પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થયા. ઈન્ટર આર્ટસની પરીક્ષા પાસ કર્યા પછી જૂનાગઢથી મુંબઈ આવી મુંબઈની અલ્ફિન્સ્ટન કૉલેજમાં સંસ્કૃત વિષય સાથે પ્રથમ વર્ગમાં બીજા સ્થાને સ્નાતક પદવી મેળવી તે માટે તેને 'ભાઉ-દાજી' પારિતોષિક એનાયત થયું. ત્યાર બાદ 1918માં તુલનાત્મક ભાષા શાસ્ત્ર (અંગ્રેજી, સંસ્કૃત, પાલી)માં અનુસ્નાતકની પદવી પ્રથમ વર્ગમાં રહીને મેળવી કુલપતિનો અત્યંત દુર્લભ એવો સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરવાનું બહુમાન મેળવ્યું. મુંબઈ યુનિવર્સિટીમાંથી સંસ્કૃત વિષય સાથે એમ.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરનાર તેઓ પ્રથમ વિદ્યાર્થી હતા. એમ.એ. પછી આ જ કૉલેજમાં સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે જોડાયા. આમ નોકરી સાથે સાંજના સમયે એલએલબીનો અભ્યાસ પણ કર્યો.

1919માં મુંબઈ વિશ્વવિદ્યાલય વિદેશમાં સમાજ શાસ્ત્રમાં ઉચ્ચ અભ્યાસ માટે મોકલવા શિષ્યવૃત્તિ આપવાની જાહેરાત કરી. ઘૂર્યેએ સંસ્કૃતમાં લખાયેલા હિન્દુ ધર્મ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. તેથી સામાજિક સંસ્થાઓના ઊંડાણપૂર્વકના અભ્યાસ માટે રસ હતો. ઘૂર્યેએ આ શિષ્યવૃત્તિ મેળવવાની તૈયારી દર્શાવી. આ સમય દરમિયાન ઘૂર્યેએ વેસ્ટર માર્કના પુસ્તક 'ધી સ્ટોરી ઓફ મેરેજ અને હર્બટ સ્પેન્સરના પુસ્તકોનો અભ્યાસ કરી લીધો હતો. ઘૂર્યે પેટ્રિક ગિડસના સંપર્કમાં આવ્યા.

જે મુંબઈ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિષયના અધ્યક્ષ હતા. ગીડસના વિદ્યાર્થીઓ નગર આયોજન અને નગરીકરણના પ્રશ્નો સંબંધી વિષયો પર અભ્યાસ કરતા ઘૂર્યેએ પ્રોફેસર ગીડ્સના માર્ગદર્શન હેઠળ બોમ્બે એસન અર્બન સેન્ટર વિષય પર એક લેખ લખ્યો. આલેખના આધારે પેટ્રિક ગીર સે મુંબઈ યુનિવર્સિટી ને ભલામણ કરી. ઘૂર્યેને વિદેશમાં જઈ સમાજશાસ્ત્રના અભ્યાસ માટે બે વર્ષની શિષ્યવૃત્તિ મળી.

1920માં ઘૂર્યે સમાજશાસ્ત્રના અભ્યાસ અર્થે લન્ડન ગયા. અહી તેમણે વિશ્વ વિખ્યાત સંસ્થા સ્કૂલ ઓફ ઈકોનોમિકસના પ્રોફેસર ઉરવિક ()ના માર્ગદર્શન નીચે સોશિયલ વેલ્ફેર અને સોશ્યોલોજીનો ડિપ્લોમાં કોર્સ શરૂ કર્યો. આ

સમય દરમિયાન તેઓ પ્રોફેસર હોબહાઉસના સંપર્કમાં આવ્યા. ઘૂર્યેએ હોબહાઉસ પાસે કાસ્ટ એન્ડ ક્લાસ વિષય પર પીએચડી કરવાનો વિચાર રજૂ કર્યો. હોબહાઉસ સાથે આ વિષય પર વિચારણાના અંતે હોબહાઉસ ક્લાસનો ભાગ પડતો મૂકવાનો સૂચવ્યું, ત્યાં સુધીમાં તો શિષ્યવૃત્તિનું દોઢ વર્ષ પૂર્ણ થઇ ચૂક્યું હતું. ઘૂર્યેએ તેઓ નીરસ લાગતા ઘૂર્યેએ ભારતની પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થા પર પીએચ.ડીના અભ્યાસ માટે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ગયા. પ્રોફેસર ડબલ્યુ. એચ. આર. રિવર્સ ના સંપર્કમાં આવ્યા. પ્રથમ મુલાકાત દરમિયાન ઘૂર્યેએ તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી કરવાનું નક્કી કર્યું. પ્રોફેસર રિવર્સ પણ ઘૂર્યેએથી પ્રભાવિત થતા તેમને માર્ગદર્શન માટે સંમતિ દર્શાવી. શિષ્યવૃત્તિની અવધિ પૂરી થઈ જતાં પ્રોફેસર રિવર્સ ની ભલામણથી શિષ્યવૃત્તિની મુદત વધુ એક વર્ષ લંબાવવામાં આવી. પ્રોફેસર રિવર્સના શાસ્ત્રીય અભિગમથી ઘૂર્યેએ અત્યંત પ્રભાવિત થયા હતા. ઘૂર્યેએનું પીએચ.ડી.નું કાર્ય ચાલતું હતું તે સમય દરમિયાન જ પ્રોફેસર રિવર્સનું અવસાન 1922 થતા ઘૂર્યેએ ઘણાં જ વિચલિત થઈ ગયા. ત્યારબાદ પ્રોફેસર એ.સી. હેડનના માર્ગદર્શન હેઠળ 1923 માં પીએચ.ડી.ની પદવી મેળવી.

આ પુસ્તકની બે વિશેષતાઓ છે પહેલી એ કે તેમાં ઘૂર્યેએ જ્ઞાતિ વ્યવસ્થાની ઉત્પત્તિ પ્રજાતિમાં થઈ હોવાનું જણાયું છે અને બીજું એ કે તેને સમાજમાં સમાજશાસ્ત્રનું મહત્ત્વ હોવાનું સ્થાપિત કર્યું છે.

પુસ્તક પ્રકાશિત થયા બાદ 1934માં ઇન્ડિયા સાયન્સ કોંગ્રેસના માનવશાસ્ત્ર વિભાગના પ્રમુખ તરીકે ચૂંટાયા. આજ વર્ષે 'રોયલ એશિયાટિક સોસાયટી' મુંબઈ દ્વારા ઘૂર્યેને રજતચંદ્ર એનાયત થયો. તેનાથી પણ તેને પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ મુંબઈના નોમીની તરીકે ચૂંટાયા. ત્યારબાદ 1942-49 સુધી મુંબઈ એન્થ્રો પોલોજીકલ સોસાયટી અને 1952-66 સુધી ઈન્ડિયન સોશિયોલોજીકલ સોસાયટીના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી આ ઉપરાંત બરોડા કૉલેજના તંત્રીપદ હેઠળ પ્રકાશિત થતાં ભારતના પ્રથમ સમાજશાસ્ત્રના જનરલના તેઓ સભ્ય હતા.

કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી મેળવ્યા બાદ 1923માં ભારત આવ્યા. 1924માં મુંબઈ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગમાં રીડર અને અધ્યક્ષ તરીકે જોડાયા. 10 વર્ષ લીડર તરીકે રહ્યા બાદ 1934માં ઘૂર્યે સમાજશાસ્ત્રના પ્રોફેસર બન્યા. શિક્ષણ અને સંશોધનમાં નિરંતર સક્રિય રહ્યા બાદ 35 વર્ષ પછી 1949માં તેઓ નિવૃત્ત થયા. મુંબઈ યુનિવર્સિટીએ તેમને વિદ્વતાની કદર રૂપે તેમની સેવાનો લાભ મળે તે હેતુથી એમણે રિટન્ર્સ પ્રોફેસર તરીકે નિમણૂક આપી. તે મુંબઈ યુનિવર્સિટીના પ્રથમ અમેરિટ્સ પ્રોફેસર હતા.

ઘૂર્યેએ મુંબઈ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગને મજબૂત કરવા મહત્ત્વનું પ્રદાન કરેલ છે. મુંબઈ યુનિવર્સિટીમાં લાંબા સમય સુધી અધ્યક્ષ પદ પર રહી કાર્ય કર્યું. સમાજશાસ્ત્ર વિષય ને માત્ર વ્યવસાયિક હેતુસર જ નહીં પરંતુ શૈક્ષણિક જગતમાં એક વિષય તરીકે મહત્ત્વનું સ્થાન અપાવ્યું. અનેક વિદ્યાર્થીઓને શિક્ષણ આપીને ભારતમાં બીજી પેઢીના સમાજશાસ્ત્રીઓની

લાંબી હાર તૈયાર કરી. ઘૂર્યેની તાલીમ પામેલા પ્રાધ્યાપકોએ દેશના જુદા જુદા ભાગોમાં સમાજશાસ્ત્રનો વિકાસ કરવામાં મહત્ત્વનો ફાળો આપેલ છે તેમાં એચ. એન. શ્રીનિવાસન, ડૉ. કે. એમ. કાપડિયા કે. ટી. મર્ચન્ટ, ઈરાવતી કર્વે, આઈ.પી. દેસાઈ, એ.આર. દેસાઈ, કે.સી. પંચનંદીકર, વાય.બી. દામલે, ધીરેન્દ્ર નારાયણ, એમ. એસ. રાવ, વિલાસ સોગવે ગોપાલસિંહ નેપાલી એમ.જી કુલકર્ણી વગેરેએ નોંધપાત્ર ફાળો આપ્યો છે.

### 16.2.2 ઘૂર્યેના અભ્યાસો અને કાર્યો

ઘૂર્યેની મુખ્ય કૃતિઓ

- ભારતમાં જ્ઞાતિ અને જાતિ 1932-1969 (Caste and Race in India)
- મધ્યમ વર્ગના લોકોની કામ વૃત્તિ 1938 (Sex Habits of Middle Class People)
- કહેવાતા આદિવાસીઓ અને તેમનું ભવિષ્ય 1943 (The Aboriginal so-called and Their Future)
- સંસ્કૃતિ અને સમાજ 1947 (Culture and Society)
- આદિવાસી જાતિઓ 1959-1963 (The Scheduled Tribes)
- Occidental Civilization - 1948
- જ્ઞાતિ, વર્ગ અને વ્યવસાય 1961 (Caste, Class and Occuption)
- Race Relations in Negro Africa - 1952
- The Indian Sadhus - 1953
- Sexual Behaviour of the American Female - 1956
- Vidyas - 1957
- The Mahadev Kolis - 1957
- Bharatnatya and its Costume - 1958
- After a century, and a quarter; Lonikand Then and now - 1960
- Cities and Civilization - 1962
- Family and Kin in Indo-European Culture - 1962
- Gods and Men - 1962
- Anatomy of an urban Community - 1963
- Anthropological - Sociological Paper - 1963
- Shakerpear on conscience and Justice - 1965
- Religious Consciousness - 1965

- Social Tensions in India - 1968
- Indian Costume - 1966
- Rajput Architecture - 1968
- I and other explorations - 1973
- Two Brahmanical Institutions; gotra and Charan - 1972
- Wither India - 1974
- Indian Acculəration - 1977
- Indian Recreates Democracy - 1978
- Vedic India - 1979
- Bringing Cauldron of North - East India - 1980

ઘૂર્યેનું લખાણ વૈવિધ્યપૂર્ણ અને વિશાળ છે દુનિયાના સમાજશાસ્ત્રીય પ્રદાનની તવારીખ લગભગ 60 વર્ષથી પણ વધુ ગાળાની છે. વિષયવસ્તુ અને પરિપ્રેક્ષ્યની દૃષ્ટિએ તેમના લખાણ વૈવિધ્યપૂર્ણ રહ્યા છે. સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના જ્ઞાન ને લીધે ભારતીય સમાજના ચરણોમાં ગુણાત્મક અને ઊંડી સમજ મળે છે. પ્રોફેસર રિવર્સ એ ભારતીય સમાજ વ્યવસ્થાના અભ્યાસમાં સંસ્કૃત સાહિત્યની ઊંડી સમજને એક પાયાની તાકાત તરીકે બિરદાવી છે. ઘૂર્યેએ પોતાના જીવનકાળ દરમ્યાન 31 પુસ્તકો તથા અનેક લેખ અને નાની મોટી પુસ્તિકાઓ લખેલ છે. તેમણે સેક્સ પિયરથી લઈને સાધુઓ પર કલા નૃત્ય વેશભૂષા તથા વાસ્તુશાસ્ત્ર થી લઈને દેવી-દેવતાઓ પર સક્સેસ તથા વિવાહ થી લઈને જાતિ વગેરે જેવા વિષયો પર લેખન કાર્ય કરેલ છે. ઉપરાંત ઘૂર્યેએ સંસ્કૃતિ અને સંસ્થાઓ જેવી કે જ્ઞાતિ કુટુંબ લગ્ન ધર્મ વગેરેના ઉદ્ભવ અને વિકાસની સાથે સાથે સંસ્કૃતિના સમન્વયની પ્રક્રિયામાં નગરની ભૂમિકા જેવા વિષયોનું સૂક્ષ્મ વિશ્લેષણ કરેલ છે. આમ ઘૂર્યેનું લેખન કાર્ય વિશ્વ સ્વરૂપનું રહ્યું છે.

ઘૂર્યેના લખાણોને મુખ્યત્વે નીચેના વિભાગો પ્રમાણે વર્ગીકૃત કરી શકાય.

(1) જ્ઞાતિ (2) આદિજાતિઓ (3) સગપણ, સંબંધો, કુટુંબ અને લગ્ન (4) સંસ્કૃતિ અને સભ્યતા (5) ધર્મ (6) રાષ્ટ્રીય એકતા અને સુસંગઠન

**(1) જ્ઞાતિ**

ઘૂર્યેના અભ્યાસોની વાત કરીએ તો ઘૂર્યેનો રસ શરૂઆતથી જ જાતિ અને જ્ઞાતિ સંબંધી વિષયોમાં રહ્યો છે. તેમનો પીએચડીનો વિષય ભારતમાં જ્ઞાતિ અને જાતિ પરનો હતો. ઘૂર્યેનો અભ્યાસ 1932માં સિરીઝમાં પ્રકાશિત થયો તેની બીજી આવૃત્તિઓ સુધારા-વધારા સાથે 1952માં ભારતમાં જ્ઞાતિ અને વર્ગને 1957માં જ્ઞાતિ વર્ગ અને વ્યવસાય શીર્ષક હેઠળ પ્રકાશિત થઈ.

ભારતની જ્ઞાતિ વ્યવસ્થાના સંદર્ભમાં ઘૂર્યેનો મૂળ હેતુ જ્ઞાતિના ઉદ્ભવ વિકાસ અને બ્રિટિશ શાસન તથા તેણે નીતિઓની જ્ઞાતિ વ્યવસ્થા પર પડેલી અસર અંગે ની સમજ આપવાનો હતો. આ હેતુને સિદ્ધ કરવાના આશયથી ઘૂર્યેએ

ભારતીય વિદ્યાકીય સૂત્રો અને વાસ્તવિક પરિસ્થિતિઓના નિરીક્ષણ ને આધારે દર્શાવ્યું છે જોકે ભારતીય જ્ઞાતિવ્યવસ્થામાં જુદા જુદા પ્રદેશો અને સામાજિક સાંસ્કૃતિક જૂથો વચ્ચે વ્યાપક વિવિધતાઓ રહેલી છે. વધુમાં તેમણે જણાવ્યું કે જ્ઞાતિ વ્યવસ્થાની આવી જટિલતાને લીધે જ્ઞાતિ પ્રથાને વ્યાખ્યાબદ્ધ કરવાનો પ્રયત્ન નિષ્ફળ રહેવાનો તેથી જ્ઞાતિની વ્યાખ્યા કરવાને બદલે તેનું સ્વરૂપ સમજાવવાનું વધારે પસંદ કર્યું. ઘૂર્યેએ તેના ઉપરોક્ત ત્રણેય પુસ્તકોમાં જ્ઞાતિ વ્યવસ્થાના પરંપરાગત લક્ષણો વર્ણવ્યા છે. ઘૂર્યેએ જણાવ્યું કે ભારતીય સમાજ આધુનિક વિચારોના સંપર્કમાં આવ્યો તે પહેલાની જ્ઞાતિવ્યવસ્થાના મુખ્ય છ લક્ષણ હતા જે ભારતીય સમાજના માળખાના અભ્યાસમાં આજે પણ માર્ગદર્શન પૂરું પાડે છે.

ઘૂર્યેએ જ્ઞાતિ વ્યવસ્થાને સમજવા નીચેના છ રચનાતંત્રીય લક્ષણો આપેલા છે.

(1) હિન્દુ સમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન

(2) ખાનપાન અને સામાજિક વ્યવહાર પરના પ્રતિબંધો

(3) જ્ઞાતિનો ચઢ-ઉતરનો કોટિ ક્રમ

(4) નાગરિક અને ધાર્મિક અધિકારોમાં અસમર્થતાઓ

(5) વ્યવસાય પરના પ્રતિબંધો

(6) આંતરજ્ઞાતીય લગ્ન પર પ્રતિબંધ

ઘૂર્યેએ તેમના પુસ્તક ભારતમાં જ્ઞાતિ અને વર્ગ 1952માં જ્ઞાતિ ઓના અસમાન દરજ્જાઓના સંદર્ભમાં જણાવ્યું છે કે ધાર્મિક માળખામાં નિમ્ન જ્ઞાતિઓની અવિશ્વસનીય ભૂમિકા રહેલી છે. જેના લીધે અસમાન લોકો વચ્ચે સમાનતા પૂર્વકના સંબંધોના ઉદ્ભવની સંભાવના રહેલી છે. ઘૂર્યેએનો આ વિચાર જ્ઞાતિ વ્યવસ્થા અને જજમાની વ્યવસ્થામાં પરિવર્તનને સમજવામાં ઉપયોગી બની શકે છે.

ઘૂર્યેનું એવું મંતવ્ય છે કે માનવ જાતિઓના તફાવતો ને કારણે જ્ઞાતિવ્યવસ્થાનો ઉદ્ભવ થયો છે. ઘૂર્યે માને છે કે જ્ઞાતિ પ્રથાની શરૂઆત ભારતમાં આર્યોના આગમન પછી થઈ ભારતમાં જ્યારે આર્યો આવ્યા ત્યારે ત્રણ વર્ણો હતા. આર્યોએ ભારતમાં આવ્યા પછી પોતાની સ્થિતિ જાળવી રાખવા માટે ભારતીય મૂળના લોકોને પોતાના ધર્મ સંસ્કૃતિ અને સભ્યતા તથા સામાજિક સંપર્કોથી અલગ પાડયા. તેમાંથી જ્ઞાતિપ્રથાના મૂળ નંખાયાં.

ઘૂર્યેએ જ્ઞાતિ વ્યવસ્થા ઐતિહાસિક કાર્યક્રમને ચાર વિભાગોમાં વહેંચ્યો છે જેમ કે વૈદિક યુગ અને અનુ વૈદિક યુગ મધ્યયુગ અને આધુનિક યુગ. વિભિન્ન યુગોમાં જ્ઞાતિના સ્વરૂપની રૂપરેખા આપી છે. આ રૂપરેખા જ્ઞાતિ વ્યવસ્થાની ગત્યાત્મક થતા પરિવર્તનશીલતા અને અનુકૂલનશીલતા સમજવામાં અત્યંત ઉપયોગી છે.

**(2) આદિવાસીઓ પરના અભ્યાસો**

ઘૂર્યેએ ભારતના આદિવાસીઓના જીવન અને પ્રશ્નોનામાં ઊંડો રસ ધરાવતા હતા. તેઓ ભારતના આદિવાસીઓને હિન્દુ સમાજનું અંગ માનતા હતા. આદિવાસીઓ પરનો તેમનો પ્રથમ અભ્યાસ 1943માં પ્રકાશિત થયો. ત્યારબાદ સ્વતંત્ર ભારતની બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તેની સંબંધિત આવૃત્તિ તરીકે શીર્ષક હેઠળ 1959માં પ્રકાશિત થયો. અભ્યાસમાં ઘૂર્યેએ ભારતના આદિવાસીઓના ઐતિહાસિક વહીવટી અને સામાજિક પરિણામો તપાસ્યા છે. સંવર્ધિત આવૃત્તિમાં મૂળ ગ્રંથના કેટલાક વિદ્વાનો કે જે બદલાયેલી પરિસ્થિતિમાં વિવાદાસ્પદ લાગતા હતા તે પડતા મૂક્યા. ઉપરાંત કેટલીક જનજાતિઓના સામાજિક અને સાંસ્કૃતિક જીવનની વિસ્તૃત સમજ આપતા સાહિત્યનો ઉમેરો કર્યો. આ ગ્રંથમાં ઘૂર્યેએ માનવશાસ્ત્રી વેરિયર હેલી વનની આદિવાસીઓના સંદર્ભમાં સંપૂર્ણ અલગતા અને સંપૂર્ણ વિલીનીકરણની વિભાવનાનું ખંડન કરી સુગ્રથન ની વિભાવના મૂકી. તેમના આ ગ્રંથમાં સુગ્રથનનો પ્રશ્ન મૂકી ભારતની રાજકીય તથા બંધારણીય પરિસ્થિતિઓના પ્રકાશમાં આદિવાસીઓની સુગ્રથનની સમસ્યાઓને દર્શાવી છે.

ઘૂર્યેએ ની ઈચ્છા આદિવાસીઓના અભ્યાસ સુગ્રથિત અભિગમથી કરવાની હતી. મુંબઈ સરકારના આશરે તેમણે 1956માં મહારાષ્ટ્રના મહાદેવ કોળી આદિવાસીઓનો અભ્યાસ આ અભિગમથી કર્યો.

ઘૂર્યેએ આ અભ્યાસ માટે મહારાષ્ટ્રના 3 કોળી વસ્તીવાળા ગામો માંથી સંખ્યાત્મક માહિતી એકઠી કરી હતી.

ઘૂર્યેના આ અભ્યાસમાં મહાદેવ કોળી આદિવાસીઓ સંખ્યાની દૃષ્ટિએ મહારાષ્ટ્રમાં ભીલ પછી બીજા ક્રમે છે. આ અભ્યાસમાં તેમણે મહાદેવ કોળી આદિ જાતિની અન્ય સમુદાયો સાથેની આંતરક્રિયા સંપર્કો અને સામ્યતાઓ બતાવી છે. આ અભ્યાસમાં તેમણે જીવન ઈતિહાસ પદ્ધતિ અને કેટલીક માનવ શાસ્ત્રીય તથા સમાજશાસ્ત્રીય પ્રયુક્તિઓના ઉપયોગ દ્વારા પેઢીગત પરિવર્તનનું વિશ્લેષણ કર્યું છે.

મહાદેવ કોળી આદિવાસીઓના અભ્યાસના આધારે જે તારણો પ્રાપ્ત થયા તેના પરથી ઘૂર્યેએની માન્યતા એવી હતી કે હિન્દુઓ સાથેના લાંબા સમયના સંપર્ક થી મોટાભાગના આદિવાસીઓ હિન્દુ ધર્મની અસર હેઠળ આવ્યા હોવાથી તેનું હિન્દુ કરણ થયેલું છે.

ઘૂર્યેના મત મુજબ આદિવાસીઓ અનેક જ્ઞાતિઓ એક જ ક્રમિક શ્રેણીના બે છેડા છે. આદિવાસીઓ હિંદુ સામાજિક જૂથો સાથેના સંપર્કથી હિન્દુ મૂલ્યો અને જીવનશૈલીના તત્ત્વો પણ આત્મસાત કરવા લાગ્યા છે. આદિવાસીઓ અને હિન્દુ સમાજ વચ્ચે વિલીનીકરણની પ્રક્રિયા પૂર્ણ થવા આવી છે. આજે આદિજાતિઓને હિન્દુ સમાજનો એક ભાગ ગણવામાં આવે છે.

હિન્દુ અસર નીચે આદિજાતિઓ એ શિક્ષણ મેળવ્યું છે. કૃષિ ક્ષેત્રે સુધારો કર્યો છે. મધ પાનનો ત્યાગ કર્યો છે. આ માટે સ્વૈચ્છિક સંગઠનોએ આદિવાસીઓના વિકાસ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

ઘૂર્યેએ ભારતના ઉત્તર પૂર્વ વિસ્તારની આદિજાતિઓના અભ્યાસના આધારે આદિજાતિ ઓમાંના વિકસતા અલગતાવાદી પ્રવાહોની રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું કે જો આ અલગતાવાદી પ્રવાહોને રોકવામાં નહીં આવે તો તે દેશની રાષ્ટ્રીય એકતા માટે જોખમરૂપ બનશે.

ભારતના મધ્ય વિસ્તારમાં વસતા આદિજાતિઓના વિચારો અને આચરણોની માહિતી રજૂ કરી. આદિજાતિઓ અંગેના લખાણો અને અહેવાલોના આધારે જણાવ્યું કે કેટલીક આદિજાતિઓ કચારી, ભુઈયા, સોરેન, ગોંડ વગેરેના મોટાભાગના લોકોએ તેમના ધર્મ તરીકે હિંદુ પરંપરાને અપનાવ્યો છે. ઘૂર્યેએ જણાવે છે કે અનામત પ્રથાને લીધે ભારતીય સમાજમાં ઘટનાત્મક વરણો રીક્ષા છે આદિવાસીઓ પછાત હિન્દુઓ હોવાથી તેમને હિંદુ સમાજમાં ભેળવી દેવામાં જ આદિજાતિઓનું કલ્યાણ રહેલું છે.

**(3) સગપણ, સંબંધો, કુટુંબ અને લગ્ન**

ઘૂર્યેએ સગપણ, સંબંધો, અંગેના અભ્યાસો ભારતીય વિદ્યાકીય પરિપ્રેક્ષ્યમાં કર્યા છે. અભ્યાસોમાં તેમણે વિવિધ ગ્રંથીય સ્ત્રોતો (વેદો, પુરાણો, ઉપનિષદ્, રામાયણ, મહાભારત વગેરે)નો ઉપયોગ કર્યો છે. તેમના આ અભ્યાસો તુલનાત્મક અને વિશ્લેષણાત્મક સ્વરૂપના છે. આધુનિક ભારતીય ભાષાઓમાં પણ સંબંધોની પરિભાષાઓની તુલના કરી છે. તેમજ સગપણ સંબંધોની ખાણ આ અભ્યાસમાં પણ સંબંધોની વ્યવસ્થાના વિવિધ ભાષાની સમજૂતી આપી છે.

ઘૂર્યેએ ભારતીય ધર્મ શાસ્ત્રોમાં જોવા મળતા સગપણ સંબંધોના ક્ષેત્રમાં, મિલકતના વારસા અંગેના નિયમોની વાત તેનો અભ્યાસ ભારતમાં જ્ઞાતિ અને જાતિમાં કરેલી છે. ઘૂર્યેના મતે જ્ઞાતિ તેની આંર્ત લગ્નને અને બહિ લગ્નની પ્રથા દ્વારા સગપણ સંબંધો સાથે જોડાયેલી છે. જ્ઞાતિ એ ગોત્ર બહિર્વિવાહી જૂથ છે. સમાન ગોત્ર ધરાવતા સભ્યો લોહીના સંબંધથી જોડાયેલા હોય છે. જ્ઞાતિ અને સગપણ સંબંધ વચ્ચે ગાઢ સંબંધ છે. બહિર્લગ્નપ્રથા સગપણ સંબંધો ઉપર રચાયેલી છે. બર્હિલગ્ન સંબંધિત લગ્ન પર પ્રતિબંધો જ્ઞાતિ અને સગપણ સબંધો વચ્ચેના સંબંધોને ઘટાડે છે. અંર્ત લગ્ન અંગેના નિયમો અને ખાનપાનના પ્રતિબંધો દ્વારા જ્ઞાતિઓ એકબીજાથી જુદી પડે છે.

ઉચ્ચ શિક્ષણના પ્રારંભથી જે ઘૂર્યેએ સગાઈ સંબંધોના ઊંડા સમાજશાસ્ત્રી અભ્યાસમાં રસ ધરાવતા હતા. મુંબઈ યુનિવર્સિટીમાં અનુસ્નાતક વર્ગના વિદ્યાર્થીઓને આ વિષય ઉપર રસપ્રદ વ્યાખ્યાનો આપ્યા હતા ત્યારબાદ 1949માં તેઓએ શીર્ષક હેઠળ એક લેખ લખ્યો અને 1962માં વિષય ઉપર એક પ્રકાશન કર્યું. સગાઈ સંબંધોના અભ્યાસમાં ઘૂર્યેએ પ્રોફેસર રિવર્સ ની ઊંડી અસર હેઠળ હતા. તેમના આ પ્રદાનમાં આદિમ સમાજો હવે આધુનિક સમાજમાં સગાઈ સંબંધોના સ્વરૂપ અંગે અગત્યની સમજ આપતા નવા તથ્યો અને આસ્થાના દર્શન થાય છે. ઘૂર્યેએ જ ભારતમાં સૌપ્રથમ સગાઈ સંબંધોના અભ્યાસને હુંક્રહ શાસ્ત્રીય સીમાડાઓમાંથી બહાર કાઢી સમાજશાસ્ત્રીય અભ્યાસોનો એક અંતર્ગત ભાગ બનાવ્યો હતો. ડૉ. હરીશ દોશી ડૉ. ઘૂર્યેએ

બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી 13 શુભ્રા આત્મક માળખા તરીકે કાર્ય કરેલ છે

**(4) સંસ્કૃતિ અને સભ્યતા**

ઘૂર્યેની દૃષ્ટિએ સંસ્કૃતિ અને સભ્યતા એક જટિલ સંરચના છે. જેમાં વિચારો મૂલ્યો અને સામાજિક પ્રથાઓ રચાયેલી છે. તેઓ જણાવે છે કે આપણે સંસ્કૃતિ અને સભ્યતાનો મૂળ વૈદિક યુગની સંસ્કૃતિમાં છે. તેમના પુસ્તક ફેમિલી અને 1955માં આ વિચારધારા જોવા મળે છે. વધુમાં દૂરી એ જણાવે છે કે ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ બહારની પ્રક્રિયાઓ થી પણ પ્રભાવિત થતી રહી છે. મૃત્યુ સાથે જોડાયેલા કર્મકાંડોનું વિવરણ કરતા નોંધે છે કે કર્મકાંડ સભ્યતામાંથી આવેલ છે.

સંસ્કૃતિના પ્રસારણ આ અંગે નામ વિવાદાસ્પદ પ્રશ્ન પર પ્રકાશ પાડવાના હેતુ ઘૂર્યેએ માનવ ઓરનો નિકાલ શીર્ષક હેઠળ એક લેખ લખ્યો હતો ઘૂર્યેએ વિશ્વના કેટલાક સમાજોમાં માનવ ઓર ગર્ભનો વેસ્ટ નિકાલની તુલના કરી હતી.

**(5) ધર્મ**

માનવીના સમગ્ર સાંસ્કૃતિક વારસામાં ધર્મનું સ્થાન મહત્ત્વનું હોવાનું ઘૂર્યેએ જણાવે છે. તેમણે સંસ્કૃતિના પાંચ આધારસ્તંભોમાં ધાર્મિક સભાનતાને વિશેષ મહત્ત્વનું ગણાવ્યું છે.

ઘૂર્યેએ ભારતમાં ધાર્મિક માન્યતાઓ અને આચરણો અંગેના અભ્યાસો કર્યા છે. જેવાં કે ધાર્મિક માન્યતાઓ દેવો અને માનવી વૈદિક ભારત, રામાયણનો વારસો તેમજ ભારતીય સાધુઓ વગેરે. ભક્તિનું મૂળ વેદોમાં હોવાનું તેમણે નોંધ્યું છે. હિન્દુ ધર્મના આધારે તેમણે રાજકીય અને સામાજિક પ્રક્રિયાઓ તપાસી છે.

ઘૂર્યેએ ધાર્મિક સભાનતાનો 1965 અભ્યાસ કર્યો છે. આ અભ્યાસ ઘૂર્યેએ પ્રાચીન સભ્યતાઓમાં ધાર્મિક સભાનતાના વિભિન્ન આ પાસાઓને આવરી લીધા છે. ઘૂર્યેએના મતે ધાર્મિક સભાનતા સમાજમાં માનવીના વર્તન નિયંત્રિત કરે છે.

ભારતીય સાધુઓ 1964 પરના અભ્યાસમાં ઘૂર્યેએ ક્ષેત્રીય સ્ત્રોતો અને ગ્રંથીય સ્ત્રોતોમાંથી માહિતી એકઠી કરીને તેનો અભ્યાસ કરેલો છે. આ અભ્યાસમાં તેમણે ભારતીય સમાજની વૈરાગ્ય પરંપરાની તુલનાત્મક સમીક્ષા કરી છે. સાધુ સંગઠનની ઉત્ક્રાંતિની પ્રક્રિયા અને વિવિધ ધાર્મિક વડાઓ દ્વારા સ્થાપિત સંપ્રદાયો અને ધાર્મિક સ્થળોનું સામાજિક આલેખન કર્યું છે. આ પુસ્તકમાં ભારતમાં સંન્યાસના વિરોધાભાસી ચિત્રને દર્શાવ્યું છે. ઘૂર્યેએ ધર્મ અંગેના વિવિધ અભ્યાસો દ્વારા ભારતમાં ધર્મના સમાજશાસ્ત્ર ક્ષેત્રે મહત્ત્વનું કાર્ય કર્યું છે.

**(6) રાષ્ટ્રીય એકતા અને સુગ્રંથન**

ઘૂર્યે એક સમાજશાસ્ત્રી તરીકે વર્તમાન ભારતની રાષ્ટ્રીય એકતાની પ્રક્રિયા

શુષ્ક મંથનની પ્રક્રિયા અને પરિસ્થિતિ તેમજ પડકારો અંગે રસ ધરાવતા હતા. આ બાબતે તેમણે લખેલા પુસ્તકો ભારતમાં જ્ઞાતિ અને જાતિ 1932 અને કથિત આદિવાસીઓ અને તેમનું ભાવિ 1943માં દેખાયા છે.

રાષ્ટ્રીય એકતા અને સુગ્રથન અંગેના ઘૂર્યેના મંતવ્યો તેમના અન્ય લખાણોમાં પણ જોવા મળે છે.

ભારતમાં સામાજિક તંગદિલી 1968, ઇન્ડિયા રિક્રિએટ્સ ડેમોક્રેસી 1978 અને વિધર ઈન્ડિયા વગેરે ગ્રંથોમાં ઘૂર્યેએ સામાજિક કે સાંસ્કૃતિક કક્ષાએ એકતાની સમજૂતી આપવા માટેનું સૈદ્ધાંતિક માળખું વિકસાવ્યું છે.

ઘૂર્યેએ ભારતીય નિરૂપણ કરતાં નોંધે છે કે ઈસવીસન પૂર્વે બીજી સદીથી તેરમી સદી સુધી ભારતીય સમાજ અખંડ રહ્યો. સંસ્કૃત ભાષા એ ભાષાકીય એકતા ધર્મગ્રંથો ધાર્મિક સિદ્ધાંતો એ ધાર્મિક એકતા અને રાજાશાહી સંસ્થાઓએ રાષ્ટ્રીય એકતા પૂરી પાડી હતી. પરંતુ ઈસ્લામિક શાસકોના વિજય બાદ ભારતીય સમાજમાં અસ્થિરતા ઊભી થઈ. આ અંગે ઘૂર્યેએ તેમના ગ્રંથ ભારતમાં સામાજિક તંગદિલીમાં રજૂઆત કરી છે. આ ગ્રંથમાં તેમણે હિંદુ-મુસ્લિમ સંબંધોનું વિશ્લેષણ કર્યું છે.

ઘૂર્યેએ સુગ્રંથનના સામાજિક અને રાજકીય પરિણામો તપાસ્યા છે. તેઓ જણાવે છે કે પૂર્વ મધ્ય ભારતની મોટાભાગની આદિજાતિઓ અમુક અંશે હિન્દુ સમાજનો ભાગ બની ગઈ છે. જ્યારે ભૂતપૂર્વ ભારતની આદિ જાતિઓનું હિન્દુ સમાજમાં સુગ્રથન થયું નહોવાથી તેઓ અલગતાવાદી વલણ ધરાવે છે.

ઘૂર્યેએ તેમના ગ્રંથ 1974માં રાજકીય સુગ્રંથનની વાત જણાવી છે આ ગ્રંથમાં તેમણે રાજ્યો અને કેન્દ્ર વચ્ચેના સંબંધો અંગેના મંતવ્યો રજૂ કર્યા છે. ભારતના રાજ્યતંત્રમાં રહેલા વિઘટનકારી બળો સામે જાગૃત રહેવા જણાવ્યું છે. તેમણે જુદા જુદા જૂથો જેવાકે પ્રાદેશિક, ભાષાકીય, રાજકીય વગેરેની જુદીજુદી માંગણીઓને વિભાજક ગણાવી છે. રાજકીય સ્વતંત્રતા માટે આંદોલનો રાષ્ટ્રની એકતા માટે ઘાતક વિધાતક ગણાવ્યા છે. આવા જૂથોના પ્રશ્નો હલ કરવા આવશ્યક છે.

- **તમારી પ્રગતિ ચકાસો-1**

**પ્રશ્ન-1 યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર આપો**

(1) ભારતીય સમાજશાસ્ત્રના પિતા તરીકે ________ ઓળખાયા છે. (જી.એસ.ઘૂર્યે, મેક્સ વેબર, ઓગસ્ટ કોમ્ટ)

(2) નીચેનામાંથી ________ ઘૂર્યેના શિષ્ય નહોતા. (આઈ.પી. દેસાઈ, એ.આર.દેસાઈ, મીરાબેન દેસાઈ)

(3) ઘૂર્યેએ ________ વિષય સાથે સ્નાતક થયા હતા. (ગુજરાતી, સમાજશાસ્ત્ર, સંસ્કૃત)

(4) ઘૂર્યેએ ________ ના માર્ગદર્શન હેઠળ વિષય પર લેખ લખ્યો હતો. (વેસ્ટર્ન માર્ક, હર્બટ સ્પેન્સર, પેટ્રિક ગીડસ)

(5) ઘૂર્યેએ ________ યુનિવર્સિટીમાંથી પીએચડીની પદવી મેળવી. (સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ, એમ.એસ.યુનિવર્સિટી, કેમ્બ્રિજ યુનિવર્સિટી)

(6) ઘૂર્યેને મુંબઈ યુનિવર્સિટીમાં સૌ પ્રથમ ________ પ્રોફેસર તરીકે નિમણૂક મળી. (મુલાકાતી, અમેરિટ્સ, કરારી)

(7) ઘૂર્યેના મતે ________ પ્રથાને લીધે ભારતીય સમાજમાં વિઘટનતાત્મક વલણો વિકસ્યા છે. (જ્ઞાતિપ્રથા, અનામત પ્રથા, દહેજપ્રથા)

(8) ઘૂર્યેએ સગપણ સંબંધો અંગેના અભ્યાસો ________ ફરી પ્રયત્ન કરેલ છે. (ભારતીય વિદ્યાકીય, રચનાતંત્રીય, કાર્યાત્મક)

**ઉપયોગી પ્રશ્નો**

પ્રશ્ન-1 ઘૂર્યેના શિક્ષણ અને કારકિર્દી અંગે વિસ્તૃત નોંધ લખો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

પ્રશ્ન-2 ઘૂર્યેની કોઈપણ 15 કૃતિઓ જણાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................
........................................................................

પ્રશ્ન-3 ઘૂર્યેના આદિવાસીઓ પરના અભ્યાસો અંગે વિસ્તૃત નોંધ લખો.

........................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

પ્રશ્ન-4 ઘૂર્યેના સંસ્કૃતિ સભ્યતા અંગેના અભ્યાસ વિશે નોંધ લખો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

પ્રશ્ન-5 ઘૂર્યેના ધર્મના સમાજશાસ્ત્રી પ્રધાનની ચર્ચા કરો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

## 16.3 ભારતીય પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થા

ભારતીય સમાજની સ્તરરચનાના વિવિધ સ્વરૂપોમાંના એક સ્વરૂપ તરીકે તેમજ ભારતીય સમાજની અદ્વિતીય ખાસિયત તરીકે જ્ઞાતિવ્યવસ્થાના અભ્યાસ પર આધારિત ડૉ. જી. એસ. ઘૂર્યેનું પ્રદાન આજે પણ ભારતીય સમાજશાસ્ત્રના ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. સમાજશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને સંશોધન ક્ષેત્રે કામ કરતા સંશોધકોને અત્યંત ઉપયોગી ભાથું મળી રહે છે. ભારતની મુખ્ય જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ ની સમજ ઘૂર્યેના અભ્યાસોમાંથી મળી રહે છે. ઘૂર્યે જ્ઞાતિ અંગેના અભ્યાસોમાં સૌપ્રથમ 1932માં બોગનને શ્રેણીમાં ભારતમાં જ્ઞાતિ અને જાતિના શીર્ષક હેઠળ પ્રકાશિત થયું આ પ્રકાશનને એટલી બધી પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ કે પ્રકાશનના પહેલાં વર્ષે તેની સમીક્ષા સ્વરૂપે લગભગ 20 જેટલા લેખો દેશ-વિદેશના સામાયિકો અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રકાશિત થયા.

તેની બીજી આવૃત્તિ થોડા-ઘણા સુધારા વધારા સાથે 1952માં શીર્ષક હેઠળ પ્રગટ થઈ. આ બીજી આવૃત્તિ વિશે લખનૌ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. ધૂર્જટીપ્રસાદ મુકર્જીએ, ડૉ. ઘૂર્યેને અભિનંદન આપતાં જણાવ્યું કે તમે અગાઉના ગ્રંથની આવૃત્તિ પ્રગટ કરી આ વખતે વર્ગનો મુદ્દો તો ઘણું જ સારું છે. સાથે-સાથે ખેદ વ્યક્ત કરતા જણાવ્યું કે વર્ગની વાત કરતી વખતે ઘૂર્યે માર્ક્સવાદી સમાજશાસ્ત્રની અવગણના કરી છે. આ ગ્રંથની ચોથી આવૃત્તિ 1957 ના શીર્ષક હેઠળ પ્રગટ થઈ. તેમાં વિકસતા જતા નવા નવા વ્યવસાયની ભારતીય સમાજના માળખા પર થઈ રહેલી અસરોનું પણ વર્ણન છે. આવૃત્તિમાં જે કેન્દ્રમાં રહેલો સવાલ એ છે કે શું આપણે જ્ઞાતિ વિહીન સમાજ ખરેખર જોઈ રહ્યા છીએ, કે વર્તમાન પ્રવાહો બહુમુખી સમાજ તરફનું પ્રયાણ છે. આ ભારતીય બંધારણમાં આલેખાયેલ ઇચ્છિત સમાજની પૃષ્ઠભૂમિમાંથી તારવવામાં આવેલ છે. પ્રવર્તમાન પ્રવાહોના બારીક નિરીક્ષણના આધારે ઘૂર્યે એવા તારણ પર આવ્યા છે કે આપણે જ્ઞાતિવિહીન સમાજ તરફ આગળ વધી રહ્યા નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે જ્ઞાતિ પ્રત્યેનો ભક્તિભાવ લગાવ ચાલુ રહ્યો હોવાને લીધે ભારતમાં રાષ્ટ્રપતિનો ભાવ વ્યાપક સ્વરૂપ ધારણ કરી શક્યો નથી આવૃત્તિમાં સ્વાતંત્ર્ય બાદ ભારતમાં લોકશાહી બંધારણની જોગવાઈઓના સંદર્ભમાં જ્ઞાતિની રાજકીય ભૂમિકા અનુસૂચિત જ્ઞાતિઓના પ્રશ્નો તેમજ ભારતીય સમાજના માળખામાં આવી રહેલા પરિવર્તનના પ્રવાહનું વિશ્લેષણ કર્યું છે. ભારતની જ્ઞાતિ વ્યવસ્થાના અભ્યાસમાં ધુર્યનો મૂળ હેતુ જ્ઞાતિ વ્યવસ્થાના ઉદ્ભવ તેના ઐતિહાસિક વિકાસ અને બ્રિટિશ સરકારની નીતિઓને કારણે જ્ઞાતિ વ્યવસ્થા પર થયેલી અસરોની સમજ આપવાનો હતો. ઘૂર્યેએ ધર્મગ્રંથો વહીવટી દસ્તાવેજો અને અન્ય ઉપલબ્ધ સાહિત્યના અભ્યાસ તેમજ વાસ્તવિક પરિસ્થિતિઓના નિરીક્ષણના આધારે એવું દર્શાવે છે કે ભારતમાં જ્ઞાતિવ્યવસ્થા જુદા જુદા પ્રદેશો અને સામાજિક સાંસ્કૃતિક જૂથો વચ્ચે વ્યાપક વિવિધતા જોવા મળે છે. એક સૂક્ષ્મ વ્યાખ્યા કરવી લગભગ અશક્ય છે. તેમણે જણાવ્યું કે ભારતના પ્રત્યેક ભાષાકીય પ્રદેશમાં અંદરોઅંદરની વિવિધતા ધરાવતી લગભગ 2000 જેટલી જ્ઞાતિઓને પેટા જ્ઞાતિઓ છે. આ બધી જ જ્ઞાતિઓને એક જ વ્યાખ્યા નીચે આવરી લેવી એ શક્ય નથી તેથી તેની વ્યાખ્યા આપવાને બદલે ભારતમાં ઔદ્યોગિકરણ અને શહેરીકરણની અસર દેખાઈ તે પહેલા જ્ઞાતિવ્યવસ્થાના જે લક્ષણો હતા તે તારવી એ લક્ષણો દ્વારા જ્ઞાતિનું પરંપરાગત સ્વરૂપે વધારે પસંદ કર્યું.

ડૉ. જી.એસ. ઘૂર્યે ભારતની જ્ઞાતિ વ્યવસ્થાને સમજાવવા તેની મુખ્યત્વે છ વિશેષતાઓ નોંધે છે જે નીચે મુજબ છે :

### 16.3.1 હિન્દુ સમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન

ભારતમાં જુદી જુદી જ્ઞાતિઓ હિન્દુ સમાજને જુદા જુદા ભાગોમાં વિભાજિત કરે છે. પ્રાચીન સમયથી જ હિન્દુ સમાજ ક્યારે અખંડ સમુદાય રહ્યો નથી. હિન્દુ સમાજની દરેક જ્ઞાતિ સ્વતંત્ર અને અલગ જ સામાજિક એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે. જ્ઞાતિની આ ખાસિયતના ત્રણ ભાગ છે.

**વંશ પરંપરાગત સભ્યપદ**

જ્ઞાતિનું સભ્યપદ અને દરજ્જો વંશ પરંપરાગત હોય છે. દરેક જ્ઞાતિ જૂથનું સભ્ય પદ વ્યક્તિના જન્મના આધારે હોય છે. વ્યક્તિનો જન્મ જે જ્ઞાતિમાં થયો હોય તે જ્ઞાતિનું પરંપરાગત મહત્ત્વ કેટલું છે તેના આધારે વ્યક્તિનો દરજ્જો નક્કી થાય છે. જ્ઞાતિનો દરજ્જો કે સભ્યપદ વ્યક્તિ બદલી શકે નહીં.

**જ્ઞાતિ પંચાયત**

ઘૂર્યે જણાવે છે કે મોટાભાગની જ્ઞાતિઓને પોતાની પંચાયત હોય છે. આવી પંચાયતો પોતાની જ્ઞાતિના સભ્યો જ્ઞાતિના ઉપર અંકુશ ધરાવે છે. રાત્રિના કોઈ પણ સભ્યો રિવાજો કે નિયમોનું ઉલ્લંઘન કરે તેને જ્ઞાતિ પંચાયત શિક્ષા આપે છે. આવી શિક્ષાઓમાં દંડ સામાજિક બહિષ્કાર આખી જ્ઞાતિના ભોજનનો આદેશ વગેરે. જ્ઞાતિવ્યવસ્થા ને ટકાવી રાખવામાં જ્ઞાતિ પંચોએ મહત્ત્વનો ભાગ ભજવેલ છે. આ બાબત જ્ઞાતિ સંગઠનનો નિર્દેશ કરે છે.

**જ્ઞાતિ ની પોતાની સંસ્કૃતિ**

દરેક જ્ઞાતિની પોતાની આગવી સંસ્કૃતિ હોય છે. જુદી-જુદી જ્ઞાતિઓના રિવાજો અને ધોરણો જુદા જુદા હોય છે દરેક જ્ઞાતિ સમાજનો એક ભાગ હોવાની સાથે-સાથે તેનું પોતાનું આગવું મહત્ત્વ હોય છે. દરેક જ્ઞાતિ નાની હોય કે મોટી એકબીજાથી સ્પષ્ટ રીતે જ અલગ અસ્તિત્વ ધરાવે છે.

### 16.3.2 કોટી ક્રમિક માળખું

ઘૂર્યેએ જ્ઞાતિઓના સામાજિક દરજ્જાઓના કોટીક્રમ ને જ્ઞાતિનું બીજું મહત્ત્વનું લક્ષણ ગણે છે. ઘૂર્યે જણાવે છે કે દરેક જ્ઞાતિઓનું કોટિક્રમમાં સ્થાન છે. પરંતુ બ્રાહ્મણો સિવાયની જ્ઞાતિઓનું સ્થાન નક્કી કરવું મુશ્કેલ છે. બ્રાહ્મણો સૌથી ઉચ્ચ ક્રમે છે. જ્ઞાતિઓના કોટિક્રમ માટે જનતાને સ્વીકાર્ય હોય તેઓ કોઈ સર્વ સામાન્ય સિદ્ધાંત જોવા મળતો નથી જ્ઞાતિની આ વ્યવસ્થામાં જ્ઞાતિઓના રીત-રિવાજોની આ સમાનતા હોય છે. પરંતુ કોટિક્રમિક સ્થાન નક્કી કરવું મુશ્કેલ છે.

### 16.3.3 ખાનપાન અને સામાજિક વ્યવહાર પરના પ્રતિબંધો

ઘૂર્યે જણાવે છે કે ખાનપાન અને સામાજિક વ્યવહારો કઈ જ્ઞાતિના લોકો સાથે રાખવા અને કઈ જ્ઞાતિ સાથે ન રાખી શકાય તે અંગેના દરેક જ્ઞાતિના ઝીણવટભર્યા ધોરણ હોય છે. આ નિયમો શુદ્ધ અને અશુદ્ધના ખ્યાલો પર રચાયેલા હોય છે. ખાનપાનના સંબંધો અને સામાજિક વ્યવહારો ની બાબતમાં

ભારતના જુદા જુદા પ્રદેશોમાં દરેક જ્ઞાતિઓના રીત રિવાજોમાં તફાવતો જોવા મળે છે.

### 16.3.4 નાગરિક અને ધાર્મિક અધિકારોમાં અસમર્થતાઓ

ભારતની જુદી જુદી જ્ઞાતિઓમાં પ્રવર્તતા ચડિયાતા અને ઉતરતાપણાના તેમજ શુદ્ધિ અને અશુદ્ધિના ખ્યાલોએ ઉચ્ચ અને નિમ્ન ગણાતી જ્ઞાતિઓમાં નાગરિક તથા ધાર્મિક અધિકારો વિશે અસમાનતાનું સર્જન કર્યું છે. કહેવાતી નિમ્ન જ્ઞાતિઓ વ્યવહારમાં, અનેક પ્રકારના નાગરિક અને ધાર્મિક અધિકારોથી વંચિત રહે છે. ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ અને વિશેષાધિકારો ભોગવે છે આ સમાનતા ઓને બંધારણમાં સમાનતાનો મૂળભૂત અધિકાર લાવી નાબૂદ કરવામાં આવેલ છે આમ છતાં વ્યવહારમાં અસમાનતા આજે પણ જોવા મળે છે.

### 16.3.5 વ્યવસાય પરના પ્રતિબંધો

ભારતમાં દરેક જ્ઞાતિનો વંશ પરંપરાગત વ્યવસાય હોય છે. પોતાની જ્ઞાતિ સિવાયનો અન્ય ધંધો વ્યક્તિ કરી શકે નહીં. વ્યાપાર ખેતી ખેત મજૂરી તેમજ લશ્કરની નોકરી જેવા કેટલાક વ્યવસાયો કોઈપણ જ્ઞાતિની વ્યક્તિ કરી શકે છે. વ્યક્તિના વ્યવસાયની પસંદગીમાં પોતાની જ્ઞાતિનું તેમજ બીજી જ્ઞાતિઓનું પણ નૈતિક નિયંત્રણ રહેતું. કોઈપણ જ્ઞાતિ તેના સિવાયની અન્ય જ્ઞાતિઓના સભ્યોને પોતાની જ્ઞાતિનો વ્યવસાય કરવાની છૂટ આપતા નહીં. દાખલા તરીકે જન્મથી બ્રાહ્મણ ન હોય તેવી વ્યક્તિ પુરોહિતનો વ્યવસાય કરી શકે નહીં, આના પરિણામે આવા વ્યવસાયો પર જ્ઞાતિઓનું વર્ચસ્વ ઊભું થયું. બ્રાહ્મણો પુરોહિત પણ આ ઉપરાંત પણ અન્ય વ્યવસાય કરી શકે છે. વ્યવસાય પસંદગીની બાબતમાં સામાન્યત જ્ઞાતિના ધોરણોના અંકુશો રહેતા. કેટલીક જ્ઞાતિઓ માટે વિવિધ વ્યવસાય પસંદગીની મર્યાદિત મોકળાશ હતી આમ જ્ઞાતિ અને વ્યવસાય વચ્ચે અતૂટ સંબંધ હતો. અને તે પણ શુદ્ધિ અશુદ્ધિના ખ્યાલો પર રચાયો હતો.

### 16.3.6 આંતરજ્ઞાતીય લગ્ન પર પ્રતિબંધો

ભારતમાં અંત લગ્નપ્રથામાં જ્ઞાતિ અંત લગ્નપ્રથા છે જે જ્ઞાતિ વ્યવસ્થાનું હાર્દ ગણાય છે. દરેક જ્ઞાતિમાં અનેક નાની-મોટી પેટા જ્ઞાતિઓ છે. પેટા જ્ઞાતિઓમાં પણ એકબીજા સાથેના લગ્ન પર પ્રતિબંધો જોવા મળે છે. જ્ઞાતિના અંત લગ્નના આ નિયમમાં કુલીન લગ્ન પ્રથાના કારણે અપવાદો પણ જોવા મળતા હોવાનું ઘૂર્યે નોંધે છે. પંજાબના પર્વતીય વિસ્તારોમાં વસતા કેટલાક ઊંચી જાતિનાં પુરુષો પોતાનાથી નિમ્ન જાતિની સ્ત્રી સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. મલબાર ટેકરીઓમાં વસતા નામ્બુદી બ્રાહ્મણો તેમનાથી ઉતરતી જ્ઞાતિની સ્ત્રીઓ સાથે લગ્ન કરે છે. આવા અપવાદોને બાદ કરતાં લગભગ દરેક જ્ઞાતિનાં લોકોમાં પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરાવવાની પ્રથા છે. આ નિયમનો ભંગ કરનારને જ્ઞાતિ બહાર કરવાની સજા આપવામાં આવે છે.

## 16.4 સારાંશ

અંતે લગ્ન એટલે પોતાના જ જૂથમાં લગ્ન કરવા ભારતીય સમાજમાં લગ્નનો નિયમ સ્પષ્ટ રીતે જોવા મળે છે. જ્ઞાતિ એક અંત લગ્ન જૂથ છે. દરેક વ્યક્તિએ પોતાની જ્ઞાતિમાં જ લગ્ન કરવા પડે છે. અંત લગ્નના નિયમ પ્રમાણે દરેક વ્યક્તિએ પોતાની જ્ઞાતિ અથવા સમૂહમાં લગ્ન કરવા પડે છે. નજીકના લોહીના સંબંધીઓ સાથે લગ્ન કરવાની મનાઈ હોય છે ભારતમાં બધી જ જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ આતર વિવાહ જૂથ છે અને લગ્ન સંબંધી નિષેધ હિન્દુ-મુસલમાનો તથા આદિવાસીઓમાં જોવા મળે છે. તેમાં પહેલેથી જ નક્કી હોય છે કે લગ્ન કોની સાથે કરી શકાય અર્થાત્ લગ્ન ક્ષેત્રે સીમિત છે. પ્રજાતિની વિભિન્નતા તથા પોતાની પ્રજાતિની શુદ્ધતા જાળવી રાખવી એ આ પ્રથાનું મુખ્ય કારણ છે.

## 16.5 ચાવીરૂપ શબ્દો

**ભારતીય વિદ્યાકીય**

માહિતી એકત્ર કરવા માટે ભારતના પૌરાણિક ગ્રંથો અને સાહિત્યનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં મુખ્ય પૌરાણિક હિન્દી કાનૂન પૂર્વજોના મોક્ષ સંબંધી કર્મકાંડ તથા અન્ય આધ્યાત્મિક કર્મકાંડ સંબંધી વિવેચન કરવામાં આવે છે.

**સુગ્રંથન**

સુગ્રંથનને સામાન્ય રીતે એકીકરણના રૂપમાં સમજવામાં આવે છે. સુગ્રથન એક એવી પ્રક્રિયા છે જેમાં કોઈપણ રચનાના મુખ્ય ભાગો જુદા જુદા હોવા છતાં પણ તેના બધા ભાગો એક બીજાસાથે જોડાયેલા હોય છે.

**હિન્દુ કરણ**

હિન્દુ સિવાયના અન્ય કોઈ પણ ધર્મના લોકો કે આદિવાસીઓ હિંદુ ધર્મના ધાર્મિક કર્મકાંડ રીતરિવાજ વગેરેનું અનુકરણ કરી તેના જીવનમાં હિન્દુ ધર્મના તત્ત્વોને આયમ તેને હિન્દુકરણ કહેવામાં આવે છે.

**અનામત પ્રથા**

પોતાના અધિકારોના ભોગવટા થી વંચિત રહી ગયેલા સમૂહને વિશેષ અધિકારો આપીને આરક્ષિત કરવાની વ્યવસ્થા કરવામાં આવે તેને અનામત પ્રથા કહેવામાં આવે છે.

- **તમારી પ્રગતિ ચકાસો-2**

પ્રશ્ન-1 યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર લખો.

(1) .......... મતે આપણે જ્ઞાતિ વિહીન સમાજ તરફ જઈ રહ્યા નથી. (જી.એસ.ઘૂર્યે, શ્રીનિવાસ, આર.કે.મુકરજી)

(2) જ્ઞાતિનું સભ્યપદ અને દરજ્જો .......... હોય છે. (પ્રાપ્ત, અર્પિત, અર્જિત)

(3) જ્ઞાતિ વ્યવસાયનું એક મહત્ત્વનું લક્ષણ .......... પ્રથા છે. (અનુલોમ લગ્ન, અંતલગ્ન, બહિર્લગ્ન)

પ્રશ્ન-2 ભારતની પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થાના લક્ષણ તરીકે અંતલગ્ન પ્રથા વર્ણવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

પ્રશ્ન-3 ભારતની જ્ઞાતિ વ્યવસ્થાનું કોટિક્રમિક માળખું સમજાવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

- **તમારી પ્રગતિ ચકાસો 1ના જવાબ**

પ્રશ્ન-1 યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર લખો.

(1) જી.એસ. ધૂર્યે

(2) નીરાબેન દેસાઈ

(3) સંસ્કૃત

(4) પેટ્રિક ગીડસ

(5) કેમ્બ્રિજ યુનિવર્સિટી

(6) એમરિટ્સ

(7) અનામત પ્રથા

(8) ભારતીય વિદ્યાકીય

**તમારી પ્રગતિ ચકાસો-2ના જવાબ**

પ્રશ્ન-1 યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર લખો

(1) જી.એસ. ઘૂર્યે

(2) અર્પિત

(3) અંત લગ્ન

## 16.6 સંદર્ભ સૂચિ


- नागला बी. के. (2015) : भारतीय समाजशास्त्रीय चिंतन, रावत पब्लिकेशन, जयपुर-04.
- दोशी, एस. एल. (2007) आधुनिक समाजशास्त्रीय विचारक, रावत पब्लिकेशन, जयपुर-04.
- MSO-3 : ભારતીય સમાજશાસ્ત્ર ભાગ-3 - ગોવિંદ સદાશિવ ઘૂર્યે. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદ.
- મકવાણા એમ. એચ. (2012) ભારતીય સમાજના પરિપ્રેક્ષ્ય લાઈબ્રેરી બુક હાઉસ, અમદાવાદ.


❖ ❖ ❖

એકમ 17

# એમ. એન. શ્રીનિવાસ

-: રૂપરેખા :-


17.0 ઉદ્દેશો

17.1 જીવન પરિચય

17.2 ભારતીય ગ્રામીણ સમુદાય

17.3 ધર્મ

17.4 વર્ણ અને જ્ઞાતિ

17.5 સંસ્કૃતિકરણ

17.6 પ્રભાવી જ્ઞાતિ

17.7 પશ્ચિમીકરણ

17.8 સારાંશ

17.9 તમારી પ્રગતિ ચકાસો

17.10 સંદર્ભ સૂચિ


## 17.0 ઉદ્દેશો

વિદ્યાર્થીમિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- એમ.એન. શ્રીનિવાસનો જીવન પરિચય જાણી શકશો.
- શ્રી નિવાસે આપેલ ભારતીય ગ્રામીણ સમુદાયની માહિતી મેળવી શકશો.
- સંસ્કૃતિકરણ અને પ્રભાવી જ્ઞાતિ વિશે જાણી શકશો.
- ધર્મ, વર્ણ અને જ્ઞાતિ વિષયક માહિતી મેળવી શકશો.

## 17.1 જીવન પરિચય

સામાજિક માનવશાસ્ત્ર અને ભારતીય સમાજશાસ્ત્રમાં અગ્રિમ હરોળનું સ્થાન ધરાવતાં મૈસોર નરસિંહચાર શ્રીનિવાસ (એમ. એન. શ્રીનિવાસ)નો જન્મ એક સમયના દેશી રજવાડું ગણાતા મૈસૂરના પાટનગર મૈસૂર શહેરમાં 13મી નવેમ્બર, 1916ના રોજ થયો હતો. તેઓએ ઇ.સ. 1936માં મૈસૂર યુનિવર્સિટીમાંથી સમાજિક દર્શનશાસ્ત્ર વિષય સાથે બી.એ.ની પદવી પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ ઇ.સ.1939માં મુંબઈ યુનિવર્સિટીમાંથી શોધનિબંધનો વૈકલ્પિક માર્ગ પસંદ કરી સમાજશાસ્ત્રમાં એમ.એ.ની પદવી મેળવી હતી. એમના એ શોધનિબંધનો વિષય 'Marriage and Family among Kannada Caste in Mysore State' હતો. તેમને એમ.એ.ના શિક્ષક અને પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે પ્રખ્યાત સમાજશાસ્ત્રી ડૉ. જી.એસ. ઘૂર્યેનો લાભ મળ્યો હતો. મુંબઈ યુનિવર્સિટીમાં ડૉ. જી.એસ. ઘૂર્યેના વડપણ હેઠળ ચાલતાં સમાજશાસ્ત્ર વિભાગમાં એમ.એ.ની પદવી મેળવવાના એ સમયે બે માર્ગો ઉપલબ્ધ હતા, એક જેમાં માન્ય પાઠયપુસ્તકોના અભ્યાસ દ્વારા પદવી મેળવી શકાતી અને બીજો માર્ગ

શોધનિબંધ લખવાનો હતો. એમ.એન. શ્રીનિવાસે ક્ષેત્રીય સંશોધનના આધારે 'Religion and Society among the Coorgs' વિષય પર પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી.

ભારતમાં માનવ સમાજશાસ્ત્રના ઊંડા અભ્યાસ પછી તેઓ ઇ.સ. 1945માં ઈંગ્લેન્ડની ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં ડી.લિટ.ની પદવી પ્રાપ્ત કરવા જોડાયા. જેમાં તેમને યુનિવર્સિટી દ્વારા વિશેષ આર્થિક સહાય પણ પ્રાપ્ત થઈ હતી. ઇ.સ.1953-54માં સાયમન રિસર્ચ ફેલોશિપ મળતા તેઓએ માન્ચેસ્ટર યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. ઇ.સ. 1947માં ડી.લિટની પદવી મેળવ્યા પછી તેઓએ ત્યાં ઇ.સ.1951 સુધી ભારતીય સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવી. ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં તેઓ સામાજિક નૃવંશશાસ્ત્રના પ્રકાર્યવાદી અભિગમના પ્રણેતા એવા રેડક્લિફ બ્રાઉન અને ઇ.ઇ. ઈવાન્સપ્રિચાર્ડના ગાઢ પ્રભાવ હેઠળ આવ્યા હતા. ઇ.સ.1951ના ઉત્તરાર્ધમાં તેઓએ ભારત આવી એમ.એસ. યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક અને વિભાગીય અધ્યક્ષ તરીકે ફરજ બજાવી. આ યુનિવર્સિટીમાં પ્રો. આઈ.પી. દેસાઈ અને શ્રી એ.એમ.શાહ તેમના માનવતા વિદ્યાર્થીઓ હતા. ઇ.સ. 1959 થી ઇ.સ.1972 સુધી એમ.એન. શ્રીનિવાસ દિલ્હી યુનિવર્સિટીમાં રહ્યા અને ત્યારબાદ બેંગ્લોર ગયા. સમાજશાસ્ત્ર વિષયમાં તેમણે કરેલા યોગદાનના ફળસ્વરૂપે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીએ દિલ્હી યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગને 'Center for Advanced Studies'નો દરજ્જો આપી વિશેષ આર્થિક અનુદાન આપ્યું હતું. ઇ.સ. 1972માં અર્થશાસ્ત્રના પ્રોફેસર રાવના આમંત્રણને સ્વીકારી 'Institute for Social and Economic Change' સંસ્થાના સહ-નિયામક તરીકે ભારતના સમાજિક-આર્થિક માળખામાં આવી રહેલાં સમાજિક પરિવર્તનના આધુનિક પ્રવાહોની સમાજશાસ્ત્રીય ઊંડી સમજ મેળવાના પ્રયત્નો કર્યા. આજીવન વિષયના અભ્યાસી અને શિક્ષક રહેલા શ્રીનિવાસને જીવનની અંતિમ ક્ષણ સુધી બેંગ્લોરની જે.આર.ડી.તાતામાં મુલાકાતી પ્રોફેસર તરીકે સેવા આપી. જ્યાં તેઓને ભૌતિકવિજ્ઞાનના ક્ષેત્રના અત્યંત નામાંકિત ગણાતા વ્યક્તિઓ સાથે કામ કરવાની તક મળી.

એમ.એન. શ્રીનિવાસને તેમની ઉજ્જવળ કારકિર્દી દરમ્યાન અનેક પારિતોષિકો અને માન સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા. જેમાં રિચર્સ મેમોરિયલ મેડલ, એસ.સી. રાય મેમોરિયલ મેડલ, ઓનરરી ફેલો ઓફ ધ રોયલ એન્થ્રોપોલોજીકલ સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયરલેંડ, દાદાભાઈ નવરોજી મેમોરિયલ મેડલ, ટી એચ. હક્સલે મેમોરિયલ મેડલ તથા વિશેષ ગણાતા ભારત સરકારના પદ્મવિભૂષણનો એમાં સમાવેશ થાય છે.

એમ.એન. શ્રીનિવાસને 125થી વધુ સંશોધન લેખો-નિબંધો દ્વારા આધુનિક ભારતમાં સામાજિકક્ષેત્રે આવી રહેલા પરિવર્તન અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેઓના સંશોધનમાં સમાજશાસ્ત્રીય વિશ્લેષણોમાં સંરચનાત્મક-પ્રકાર્યવાદી અભિગમ મુખ્ય રહ્યો છે.

## 17.2 ભારતીય ગ્રામીણ સમુદાય

એમ.એન. શ્રીનિવાસના ભારતીય સમાજનું માળખું અને તેની ખાસિયતોના અભ્યાસમાં ભારતીય ગામ એ પાયાનું એકમ રહ્યું છે. તેમના અભ્યાસનું ક્ષેત્ર દક્ષિણ ભારતના મૈસૂરથી લગભગ 25 કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં આવેલ રામપુરા ગામ છે. તેઓ ક્ષેત્રિય અભ્યાસ માટે રામપુરા ગામમાં ઇ.સઃ 1948માં 10 અને ઇ.સ.1952માં 03 મહિના રહ્યા હતા. આ ગામ પસંદ કરવાનું મુખ્ય કારણ એ હતું કે આ ગામ પરંપરાગત ભારતીય સમાજનું દર્શન કરાવતું હતું. તે સમયે ત્યાં 1523ની વસ્તી હતી. ગામની જ્ઞાતિઓમાં સામાજિક અને ધાર્મિક દરજ્જામાં અસમાનતા હોવા છતાં તેમની વચ્ચે એકતા પ્રવર્તતી હતી. ગામમાં સ્થાયી થયેલી જે તે જ્ઞાતિમાં પોતાના સ્થાનિક હિતો અને સામાજિક દરજ્જા વિશેની સભાનતા હોવા છતાં જુદી જુદી જ્ઞાતિઓ

વચ્ચેની પારસ્પરિક એકતા અને નિર્ભરતાના લીધે ગામની એકતા જોખમાતી નહોતી. એકતાની પ્રતીતિ પડકારજનક કુદરતી અને ભૌતિક સંકટ વખતે થતી હોય છે. દા.ત. ગામમાં વરસાદ ન પડે કે ગામમાં કોઈ રોગચાળો ફેલાય તો સમગ્ર ગામ એક થઈને તેની સામે લડીને તેનો ઉકેલ મેળવવાનો પ્રયત્ન કરે. ધાર્મિક વિધિ-વિધાન વખતે સમગ્ર ગામ સક્રિય રીતે ભાગ લઈને પોતાની એકતા પ્રદર્શિત કરે. આ પ્રકારની એકતાને તેઓ 'Ritual Unity' તરીકે ઓળખાવે છે. ગામની એકતાનો અનુભવ એમ.એન. શ્રીનિવાસને તેમના ક્ષેત્રિય અભ્યાસ દરમ્યાન થયો હતો. તે વખતે પ્રવર્તમાન છે. સરકારે સરકારી આવક વધારવાના ઉદેશથી એક જાહેરનામું બહાર પાડ્યું કે સમગ્ર રાજયના તળાવોમાં જે માછલી પકડવા માટે વધુ બોલી બોલશે તેને માછલી પકડવાનો ઈજારો આપવામાં આવશે. આ બાબત રામપુરાના તળાવને પણ લાગું પડતી હતી. તે સમયે ગામના લોકોએ પોતાની એકતા દેખાડી અને બોલી બોલવાના દિવસે અને સ્થળે ગામની એક પણ વ્યક્તિ ઉપસ્થિત રહી નહીં તેમજ તેમના આગવા આયોજનના લીધે આજુબાજુના ગામમાંથી પણ એકેય વ્યક્તિ ના આવતાં સરકારને પીછેહઠ કરવી પડેલી. રામપુરા ગામની સામાજિક એકતા વિશે શ્રીનિવાસ જણાવે છે કે ગામમાં દરેક જ્ઞાતિને પોતાનો વારસાગત ધંધો હોય છે. આ પરંપરાગત વ્યવસાયોનું સુયોજિત માળખું ખેતીવાડીની સમગ્ર જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું હોય છે. આ રીતે જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે સમાજિક અને ધાર્મિક દરજ્જાના ભેદભાવો હોવા છતાં એક સુગ્રથન જોવા મળે છે. જોકે ગામમાં સામુદાયિક જીવન જીવતા લોકો વચ્ચે ક્યારેક આપસી મતભેદો કે ઝઘડા પણ થાય છે. પરંતુ તેનો ઉકેલ તેઓ ગામના સ્થાનિક માધ્યમો જેવા કે પંચાયત કે ગામની વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિના વડીલસમુદાય દ્વારા લાવવાનો પ્રયત્ન કરતાં હોય છે. શ્રીનિવાસના મતે ગામની એકતા અને આત્મનિર્ભરતાના કારણે ભારતીય ગામ એક પૂર્ણ ગણતંત્ર બનવાની દિશામાં આગળ વધે છે.

## 17.3 ધર્મ

શ્રીનિવાસે સામાજિક માળખા અને તેમાં આવી રહેલાં પરિવર્તનોનાં વિશ્લેષણ અને અર્થઘટનમાં ખાસ કરીને ધાર્મિક વિધિ-વિધાનો અને ધાર્મિક વિશ્વાસ પર ભાર મૂક્યો છે. જે અંગેની માહિતી તેમના પુસ્તક 'Religion and Society among the coorgs of South India'માં છે. દરેક સમાજમાં ધાર્મિક વિધિ- વિધાનોની એક વ્યવસ્થા હોય છે. જેમાં નાના-મોટા વિધિ-વિધાનોની એક હારમાળા હોય છે , જે આપણને સમુદાયના લોકોના ધાર્મિક ક્રિયાકાંડો દ્વારા જોવા મળે છે. શ્રીનિવાસના મતે દરેક સમાજના ધર્મ અને ધાર્મિક ક્રિયાકાંડોના પાલનના વિશ્લેષણમાં રેડક્લિફ બ્રાઉનને દર્શાવેલા આ ત્રણ નિયમો જોવા મળે છે.

(1) જયારે જુદા-જુદા પ્રસંગો ઉપર એક જ અથવા એના જેવા જ અન્ય રિવાજનું પાલન થતું હોય તો પણ તે બધા પ્રસંગોએ અર્થ તો એક જ થતો હોય છે.

(2) જયારે એક જ પ્રસંગે જુદા-જુદા રિવાજોનુ પાલન થતું હોય ત્યારે તે રિવાજોમાં એકસમાન તત્ત્વ હોય છે.

(3) જો જુદા-જુદા પ્રસંગોમાં બે વિધિ-વિધાન સાથે જોડાયેલાં હોય ત્યારે એ જુદા-જુદા પ્રસંગો વચ્ચે કોઈક સમાન તત્ત્વ હોય છે.

શ્રીનિવાસના મતે ધાર્મિક વિશ્વાસના આધારે બાહ્ય જગત બે ભાગમાં વિભાજિત થાય છે. એક પવિત્ર અને બીજું અપવિત્ર. ધાર્મિક વિધિ-વિધાનોમાં અપવિત્રને હંમેશાં દૂર જ રાખવામા આવે છે. કારણ કે મોટેભાગે ધર્મમાં એવી માન્યતા પ્રવર્તે છે કે અપવિત્રના સંપર્કથી પવિત્ર તત્ત્વોની પવિત્રતા હણાઈ જાય છે. ધર્મના આધારે બીજી તમામ જ્ઞાતિઓની તુલનામાં બ્રાહ્મણોને

પવિત્રતાના ઉચ્ચ સ્થાને મૂકવામાં આવે છે. જેથી ધાર્મિક ક્રિયાકાંડો કરતી વખતે સામાજિક માળખામાં નિમ્ન ગણાતી જ્ઞાતિની વ્યક્તિઓના સંપર્કથી દૂર રહે છે. શ્રીનિવાસ પવિત્રતાને પણ બે ભાગમાં વિભાજિત કરે છે એક સારી પવિત્રતા અને બીજી નરસી પવિત્રતા. દરેકના વિધિ-વિધાનોમાં પણ ફેર હોય છે. જેમ કે, મૃત્યુના સમયે પળાતા રીતરિવાજો લગ્ન કે અન્ય શુભ પ્રસંગોએ પાળવામાં આવતાં નથી. આમ સારી અને નરસી પવિત્રતા અંગેના ઘણાં બધાં ઉદાહરણો આપણને ભોજન, વસ્ત્રો અને જીવનના અન્ય અનેક પાસાંઓમાં દષ્ટિગોચર થાય છે. કુર્ગ લોકોમાં જોવા મળતા ધાર્મિક વિધિ-વિધાનો એમાંય ખાસ કરીને જન્મ, મૃત્યુ, કે લગ્ન સમયના રીત-રિવાજોની જ્ઞાતિગત સમાનતા અને અસમાનતાના લીધે ધર્મ એક સામાજિક એકતા લાવનાર પરિબળ તરીકે દષ્ટિગોચર થાય છે.

ધર્મ અને રાજ્ય પહેલેથી એકબીજાને ટકાવી રાખવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. આ સ્થિતમાં બ્રિટિશના આગમનથી પરિવર્તન આવવા લાગ્યું. એમાં તેમણે લાગુ પાડેલા બિન-સાંપ્રદાયિક્તાના વિચારોનો મુખ્ય ફાળો છે. બિન-સાંપ્રદાયિક્તાનું એક મહત્ત્વનું પાસું તાર્કિકતા (Rationalism) છે. આ આપણાં સામાજિક મનોવલણોને સ્પર્શતી બાબત છે. જેના આધારે જગતની દરેક ઘટનાને વૈજ્ઞાનિક કાર્ય-કારણના તર્કના આધારે સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સાચી કે ખોટી શ્રદ્ધાનો કોઈ આધાર રાખવામાં આવતો નથી. એટલે કે માત્ર વૈજ્ઞાનિક પદ્ધતિના આધારે મેળવેલ જ્ઞાનનો જ સ્વીકાર કરવામાં આવે છે. જેના લીધે ધર્મ અને રાજ્ય બંને એકબીજાથી ધીરે ધીરે છૂટા પડતાં જાય છે. જેમાં આધુનિક શિક્ષણ, સાહિત્ય અને સંદેશાવ્યવહારના સાધનોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. બિન- સાંપ્રદાયિક્તાની પ્રક્રિયાની સંપૂર્ણ સમજ શ્રીનિવાસે તેમના પુસ્તક ‘Social Change in Modern India’માં આપી છે.

## 17.4 વર્ણ અને જ્ઞાતિ

એમ.એન.શ્રીનિવાસે ભારતની જ્ઞાતિપ્રથાની વિસ્તૃત સમજ આપવાના હેતુથી ઈ.સ.1954માં ‘Varna and Caste’ શીર્ષકનો લેખ પ્રકાશિત કર્યો. આ લેખમાં ભારતીય સમાજની ખાસિયતો અને તેમાં આવેલા પરિવર્તનોને સમજવા અંગેના એમના વિચારો પ્રસ્તુત છે. તેઓએ ભારતીય સમાજના માળખાને સમજવા માટે ક્ષેત્રિય વાસ્તવિકતાને પ્રાધાન્ય આપીને, જ્ઞાતિ કરતાં જાતિ ઉપર વિશેષ ભાર મૂક્યો છે. જ્ઞાતિ એ એક અનહદ જટિલ અને સંકુલ સંસ્થા છે. તેના મૂળિયાં ઘણાં ઊંડા અને ઐતિહાસિક છે. તે સમગ્ર ભારતીયોના વર્તન-વ્યવહાર સાથે સંકળાયેલી છે. પરંપરાગત માન્યતા પ્રમાણે ભારતીય સમાજનું વર્ણવ્યવસ્થાને કેન્દ્રમાં રાખી પાંચ ખંડોમાં વિભાજન કરવામાં આવ્યું છે. જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને પંચમ વર્ણ (અંત્યજો)નો સમાવેશ થાય છે. આ પરંપરાગત વર્ણવ્યવસ્થાને આધારે જ્ઞાતિસંસ્થાનો ઉદ્‌ભવ અને વિકાસ થયેલો હોવાનું માનવામાં આવે છે. જોકે શ્રીનિવાસ આ માન્યતાનું ખંડન કરતાં જણાવે છે કે વર્ણવ્યવસ્થાને આધારે જ્ઞાતિવ્યવસ્થાની સમજ આપવી એ તદ્દન ખોટી છે. હકીકતમાં જ્ઞાતિવ્યવસ્થાનો મુખ્ય એકમ જાતિ છે, નહીં કે વર્ણ. દરેક જ્ઞાતિમાં ઊંચનીચના કોટિક્રમ આધારિત એક ઉપજ્ઞાતિ હોય છે. જે એક નાનાં અંતઃલગ્ન જૂથની લાક્ષણિકતા ધરાવે છે. દરેક જ્ઞાતિને પોતાનો એક પરંપરાગત વ્યવસાય હોય છે. નજીકના ગામડાઓના એકસમાન જ્ઞાતિ ધરાવતા લોકોનું એક જ્ઞાતિપંચ પણ હોય છે. જે જ્ઞાતિના આગવા નિયમોના પાલન અંગેના હકારાત્મક અને નકારાત્મક વલણોની બદલાની વ્યવસ્થા અને નિયમન કરે છે. દરેક જ્ઞાતિ પોતાની જીવનશૈલી બાબતમાં અન્ય જ્ઞાતિસમૂહથી અલગ પડે છે. જોકે વર્ણની અગત્યતા દર્શાવતા શ્રીનિવાસ જણાવે છે કે બૃહદ ભારતીય સમાજને સમજવામાં તે ખૂબ જ આવશ્યક છે. બીજું તેના આધારે જ્ઞાતિઓને એકબીજાના સંદર્ભમાં સમજવામાં સરળતા રહે છે. વિશેષમાં વર્ણ

સમગ્ર ભારતીય સમાજને એક મૂલ્ય આધારિત સંદર્ભ પ્રદાન કરે છે. એમાં જ્ઞાતિવ્યવસ્થાના નિમ્ન ગણાતાં સ્તરમાં આવતી જ્ઞાતિ ઊંચી ગણાતી જ્ઞાતિના રીત-રિવાજો અને ધાર્મિક વિધિ-વિધાનોનું અનુસરણ કરી પોતાનો દરજ્જો ઊંચો લાવવાનો પ્રયાસ કરે છે. જુદી-જુદી જ્ઞાતિના સામાજિક દરજ્જાનો આધાર હિન્દુ ધર્મ અને કર્મને લગતા પરંપરાગત વિશ્વાસો અને વર્ણ પર છે. જેથી કરી ઉચ્ચ અને નિમ્ન ગણાતા જ્ઞાતિસમૂહને ઓળખવામાં સરળતા રહે છે. જુદી-જુદી જ્ઞાતિઓ વચ્ચેના પારસ્પરિક સંબંધો પવિત્રતા અને અપવિત્રતા અંગેની માન્યતા વડે સંચાલિત હોય છે. ઉપલી ગણાતી જ્ઞાતિના સભ્યો એવા પ્રતીકો ધારણ કરતાં હોય છે જે નિમ્ન ગણાતી જ્ઞાતિ ધારણ કરી શકતી નથી. આ પ્રતીકો રહેઠાણના ઘરો, તેમની વેશભૂષા, રિવાજો, આભૂષણો પણ હોઈ શકે છે. જોકે ભારતીય જ્ઞાતિ સંસ્થા જડ નથી. મધ્યમ સ્તરમાં આવતી જ્ઞાતિઓ પોતાની જીવનશૈલીમાં ફેરફારો કરી પોતાનો સામાજિક દરજ્જો સ્થાનિક કક્ષાએ ઉપર લાવી શકે છે.

## 17.5 સંસ્કૃતિકરણ

પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થા આધારિત સામાજિક માળખામાં પણ સામાજિક ગતિશીલતા શક્ય બને છે. આ પ્રક્રિયાને સમજવામાં શ્રીનિવાસનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે. તેઓના મતે જ્ઞાતિ એક સ્વાયત્ત એકમ હોવા છતાં તે સમાજની અન્ય જ્ઞાતિ સાથે સંકળાયેલી છે. ગ્રામીણ સમુદાયનો મુખ્ય વ્યવસાય કૃષિ હોવાથી તમામ જ્ઞાતિઓનો પરંપરાગત વ્યવસાય ખેતી આધારિત હોય છે. શ્રીનિવાસ સામાજિક ગતિશીલતા અંગે પોતાના વિચાર રજૂ કરવામાં મોટેભાગે સમૂહ ગતિશીલતાને ધ્યાને લે છે. તેમના માટે સામાજિક ગતિશીલતા એટલે ઊંચનીચના કોટિક્રમ આધારિત સામાજિક માળખામાં પરંપરાગત માન્યતા પ્રમાણે ઉચ્ચ ગણાતી જ્ઞાતિસમુદાયના રીત-રિવાજો, ધાર્મિક વિધિ-વિધાનો, જીવનશૈલીના અનુસરણ થકી અન્ય જ્ઞાતિસમુદાય પોતાનો દરજ્જો સામૂહિક આ રીતે ઊંચો લઈ જવાનો પ્રયાસ કરે છે. જેને મોટેભાગે એક-બે પેઢીના પ્રયાસોમાં સફળતા મળે છે. સમૂહ ગતિશીલ કરવા માટે ખાસ કરીને ઉપલી ગણાતી જ્ઞાતિઓની આર્થિક સંપનતા અને પોતાના સમુદાયની અભાવની પરિસ્થિતિ પ્રેરક બળ પૂરું પાડે છે. મોટેભાગે ગામની ગરીબ વ્યક્તિઓ માટે પોતાના ગામની સંપન વ્યક્તિ આદર્શ નમૂનારૂપ હોય છે અને તેઓ તેની જીવનશૈલીનું અનુકરણ કરવા પ્રેરાય છે. શ્રીનિવાસે આ સમૂહ ગતિશીલતાને સમજાવવા માટે સંસ્કૃતિકરણનો ખ્યાલ ઇ.સ.1952માં પોતાના પુસ્તક ‘Religion and Society among the Coorgs of South India’માં આપ્યો છે. આ વિભાવના ભારતીય સમાજમાં સામાજિક પરિવર્તનના સ્વરૂપને સમજવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

શ્રીનિવાસે મૈસૂર અને રામપુરાના ક્ષેત્રિય અભ્યાસ દરમિયાન લોકોમાં ધર્મ અને સમાજજીવનના પ્રવાહોમાં નિરીક્ષણ કર્યું કે જ્ઞાતિવ્યવસ્થાના ઊંચનીચના કોટિક્રમમાં પોતાનો દરજ્જો ઊંચો લઈ જવાના પ્રયાસોમાં નિમ્ન સ્તરમાં આવતી જ્ઞાતિઓ બ્રાહ્મણોના રીત-રિવાજો, ધાર્મિક વિધિ-વિધાનો ‘અને ખાન- પાનના નિયમોનું અનુસરણ કરી પોતાનો દરજ્જો ઊંચો હોવાનો દાવો કરી રહી હતી. તેની સાથે જ તેઓ ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ જેને હિન અને અપવિત્ર ગણતી હતી તેવી તમામ બાબતોનો પોતાના સામુદાયિક જીવનમાંથી ત્યાગ કરી રહી હતી. જેમ કે તેમના જેવી અટકો અપનાવવી, માંસ-મદિરાનો ત્યાગ કરવો,જાનવરની બલિ આપવાની પ્રથાનો ત્યાગ કરવો, તેમના જેવો પહેરવેશ અને ધાર્મિક ક્રિયાકાંડો કરવા વગેરે. આ રીતે તેઓ પોતાનો જ્ઞાતિગત સામુદાયિક દરજ્જો ઊંચો લઈ જવામાં એક-બે પેઢીના પ્રયાસો પછી સફળતા મેળવતા હોય છે. સામાજિક ગતિશીલતાની આ પ્રક્રિયાને શરૂઆતમાં શ્રીનિવાસે ‘‘બ્રાહ્મણીકરણ’ નામ આપ્યું, પરંતુ જેમ જેમ ક્ષેત્રિય અભ્યાસમાં તેઓ આગળ વધતાં ગયા તેમ

તેમણે જોયું કે સમૂહ ગતિશીલતાની આ પ્રક્રિયામાં માત્ર બ્રાહ્મણો જ નહીં, પણ ગામની ખેતીની મોટાભાગની જમીનની માલિકી ધરાવતી અન્ય ઉપલા સ્તરની જ્ઞાતિ પણ સામાજિક ગતિશીલતા માટેનું રોલમોડેલ બને છે. જેથી તેમણે ''બ્રાહ્મણીકરણ' શબ્દનો ત્યાગ કરીને ''સંસ્કૃતિકરણ' શબ્દનો સ્વીકાર કર્યો.

શ્રીનિવાસે સંસ્કૃતિકરણની વિભાવના મૈસૂરના કુર્ગ લોકોના અભ્યાસના આધારે તારવી હતી. જ્યાં નિમ્ન ગણાતી જ્ઞાતિઓ બ્રાહ્મણોના જીવનનું અનુકરણ કરી રહી હતી. આ અનુકરણની પ્રક્રિયા વ્યાપકરૂપમાં ક્રિયાશીલ હતી. અનુકરણની બાબતમાં ઊંચનીચનો કોટિક્રમ વર્ણ આધારિત હતો. કારણ કે બ્રાહ્મણો બધા વર્ણો પૈકી ઊંચા ગણાતા હતા. તેઓ જ ધાર્મિક પૂજા-પાઠ અને ધાર્મિક વિધિ-વિધાનોની ક્રિયાઓ સાથે જોડાયેલા હતા. તેઓ જ ધાર્મિક મૂળ ગ્રંથોનું વાચન અને અર્થઘટન કરવાનો ઈજારો ધરાવતા હતા. તેઓને પવિત્રતા અને શુદ્ધતા અંગેના નિયમોનું કડકાઈપૂર્વક પાલન કરવાનું રહેતું હતું. બ્રાહ્મણો પછીની કોટિક્રમમાં ઊતરતી ગણાતી જ્ઞાતિઓ માટે આ નિયમોના અનુસરણ અને પાલનની બાબતમાં સહેજે ઢીલાશ જોવા મળતી ન હતી અને સૌથી નિમ્ન ગણાતી જ્ઞાતિઓ પાસેથી આ સમગ્ર નિયમોના પાલનની સહેજ પણ આશા રખાતી નહોતી. એટલું જ નહીં, પણ જો અપવિત્ર ગણાતી જ્ઞાતિ તેના નિયમોના અનુસરણનો પ્રયત્ન કરે તો તેનો વિરોધ પણ કરવામાં આવતો હતો. આ અર્થમાં જ્ઞાતિવ્યવસ્થા એક બંધવ્યવસ્થા જેવી હતી.

શ્રીનિવાસ સંસ્કૃતિકરણને ભારતીય સમાજમાંથી ઉદ્‌ભવેલ એક આંતરિક પ્રક્રિયા તરીકે વર્ણવે છે. તેઓ વ્યાખ્યા આપતાં કહે છે કે, ''સંસ્કૃતિકરણ એક એવી પ્રક્રિયા છે કે જેના વડે એક નિમ્ન ગણાતી હિન્દુ જ્ઞાતિ કે જનજાતિ અથવા અન્ય જૂથ એક ઉચ્ચ ગણાતી જ્ઞાતિ (દ્વિજ ગણાતી જ્ઞાતિ)ના રિવાજો, વિધિવિધાનો, વિચારસરણી, અને જીવનશૈલીનું અનુકરણ કરીને પોતાના સામુદાયિક દરજ્જામાં ફેરફારો લાવે છે. સામાન્ય રીતે આ ફેરફારો લાવવાનો આશય પોતાના પરંપરાગત દરજ્જાને ઊંચો લઈ જવાનો હોય છે.' સંસ્કૃતિકરણની આ વ્યાખ્યા ઘણી વ્યાપક છે. તેમાં ફક્ત બ્રાહ્મણોના અનુકરણ પૂરતી વાત નથી પણ જે તે વિસ્તારમાં 'દ્વિજ' ગણાતી જ્ઞાતિ એટલે કે બ્રાહ્મણો, ક્ષત્રિય અને વૈશ્યનો સમાવેશ થઈ શકે તેવી જ્ઞાતિઓ પણ હોય શકે. દ્વિજ જ્ઞાતિ એટલે જેને જનોઈ ધારણ કરવાનો અધિકાર મળ્યો છે તે તમામ જ્ઞાતિઓ. શ્રીનિવાસ સંસ્કૃતિકરણની પ્રક્રિયાના ઊંડાણમાં જતાં આર્થિક અને રાજકીય વર્ચસ્વના તથ્યોનો સ્વીકાર કરે છે. તેઓ કહે છે કે, સંસ્કૃતિકરણની પ્રક્રિયામાં નિમ્ન ગણાતી જ્ઞાતિ ગમે તે જ્ઞાતિનું અનુસરણ નથી કરતી પણ, જે તે પ્રદેશમાં ઉચ્ચ દરજ્જાની સાથોસાથ આર્થિક અને રાજકીય વર્ચસ્વ ધરાવતી હોય તેવી જ્ઞાતિનું જ અનુસરણ કરે છે. શ્રીનિવાસે સંસ્કૃતિકરણને ઐતિહાસિક અભિગમથી તપાસતાં જણાવ્યુ કે ભૂતકાળમાં રાજકીય ઊથલપાથલને લીધે કેટલીક જ્ઞાતિઓ સત્તા મેળવ્યા પછી જ્ઞાતિવ્યવસ્થાના કોટિક્રમિક માળખામાં સંસ્કૃતિકરણનો ઉપયોગ કરીને પોતાનું સ્થાન ઊંચું લાવી હોવાના દાખલાઓ મળી આવે છે. વળી સ્વતંત્રતા મળ્યા બાદ આયોજિત વિકાસાત્મક યોજનાઓના અમલીકરણના લીધે કેટલીક નિમ્ન ગણાતી જ્ઞાતિઓ આર્થિક અને રાજકીય રીતે સત્તા પ્રાપ્ત કરીને પોતાનો સામાજિક દરજ્જો ઊંચો લાવવામાં સફળ રહી છે. એફ.જી.બેલેના ઓરિસ્સાના બિસિપારા ગામના અભ્યાસમાં પ્રાપ્ત થયેલાં તારણો જણાવે છે કે સંસ્કૃતિકરણની પ્રક્રિયા દરમ્યાન અમુક પ્રદેશમાં બ્રાહ્મણોનું અનુકરણ થાય જ્યારે અમુકમાં ક્ષત્રિય અને વૈશ્ય જ્ઞાતિનું પણ અનુકરણ થતું હોય તેવા દાખલાઓ જોવા મળે છે. આમ અલગ-અલગ પ્રદેશોમાં નિમ્ન ગણાતી જ્ઞાતિના ભિન્ન ભિન્ન વર્ચસ્વના કારણે વર્ણવ્યવસ્થામાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિસમુદાયના અનુકરણના પરિપ્રેક્ષ્યરૂપે સંસ્કૃતિકરણના પ્રરૂપો પણ જુદા-જુદા હોય શકે છે.

પ્રો. એ.એમ.શાહ ''સોસિયોલોજિકલ બુલેટિન'ના ઓગસ્ટ-2005ના અંકમાં પ્રકાશિત થયેલા પોતાના 'Sanskritization Revised' લેખમાં જણાવે છે કે સંસ્કૃતિકરણની પ્રક્રિયા ખૂબ જ વ્યાપક છે. તેને ફક્ત નિમ્ન જ્ઞાતિઓ દ્વારા ઉચ્ચ જ્ઞાતિની સંસ્કૃતિનું અનુસરણ કરીને પોતાનો દરજ્જો ઊંચો લાવવાના પ્રયાસ તરીકે નિહાળવું એ ખોટું છે. વાસ્તવમાં સંસ્કૃતિકરણ એ એક બહુઆયામી પ્રક્રિયા છે. તેનો માત્ર એક ભાગ જ જ્ઞાતિવ્યવસ્થા સાથે સંકળાયેલો છે. વધુમાં તેઓ જણાવે છે કે અત્યારની આધુનિક સામાજિક પરિસ્થિતિઓમાં સંસ્કૃતિકરણની પ્રક્રિયા જ્ઞાતિઓથી ઝડપથી છૂટી પડી રહી છે અને તેમાં દલિતો અને અનુસુચિત જનજાતિ સમુદાય પણ આવી જાય છે. ઘણીવાર સંસ્કૃતિકરણ એ એક સાંસ્કૃતિક પરિવર્તનોના એક પ્રતીક રૂપે જ રહે છે. જેમ કે તેનાથી અમુક નિમ્ન ગણાતી જ્ઞાતિઓની સ્થિતિ અને સામાજિક રહેણીકરણી એટલે કે જીવનશૈલીમાં ફરક આવે છે, પરંતુ સામાજિક માળખામાં ફરક પડતો નથી. હવે તો જ્ઞાતિવ્યવસ્થાથી બહાર રહેલી કેટલીક સંસ્થાઓ અને પ્રક્રિયાઓ જેવી કે આધુનિક શિક્ષણ, સંદેશાવ્યવહારના સાધનોનો વિકાસ, નવા નવા વ્યવસાયો, સ્થાળાંતર, ધાર્મિક સંગઠનો, ધાર્મિક પંથો, મંદિરો, મઠો, ભારતની પરંપરાગત કળાઓ વગેરે અનેક પરિબળોને સંસ્કૃતિકરણને વેગ આપતાં પરિબળ તરીકે જોવા મળે છે. આમ ભારતીય સમાજમાં આવી રહેલાં વ્યાપક માત્રાના પરિવર્તનોને સમજાવવામાં સંસ્કૃતિકરણ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

## 17.6 પ્રભાવી જ્ઞાતિ

શ્રીનિવાસે રામપુરા ગામના ક્ષેત્રિય અભ્યાસના આધારે સમગ્ર ગ્રામીણ સમાજજીવનનું વિશ્લેષણ કર્યું છે. પરંપરાગત ભારતીય ગ્રામીણ સમુદાયમાં સત્તા અને જમીનની માલિકી એ અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. બ્રિટિશ અમલ પૂર્વેની જમીનદારી પ્રથામાં જમીનની માલિકીપણું ગ્રામીણજીવનની સત્તા માટે એક મહત્ત્વનું પરિબળ હતું. અમુક સંજોગોમાં તેમના આદેશો કાયદાનું સ્વરૂપ લઈ લેતાં હતા. જોકે ગામમાં સ્થાનિક ઝઘડાઓની પતાવટમાં ગ્રામપંચાયત એક સબળ સંસ્થા હતી. ભારત આઝાદ થયું પછી આયોજનબદ્ધ વિકાસના અનેક કાર્યક્રમનું અમલીકરણ થતાં પરંપરાગત ભારતીય ગ્રામીણ સમુદાયમાં અનેક ફેરફારો આવવા લાગ્યા. જમીનદારી પ્રથા રદ થતાં સત્તાનું કેન્દ્ર પણ બદલાયું. શ્રીનિવાસે રામપુરા ગામના ક્ષેત્રિય અભ્યાસમાં ગ્રામીણ સમુદાયમાં આવી રહેલા આ પરિવર્તનોની ખૂબ જ ઝીણવટભરી નોંધ લીધી અને તેમાંથી ''પ્રભાવી જ્ઞાતિ' (Dominant Caste)ની નવી વિભાવના આપી.

શ્રીનિવાસે ઇ.સ.1955માં ''અમેરિકન એન્થ્રોપોલોજીસ્ટ'માં 'The Dominant Caste in Rampura' શીર્ષકવાળો લેખ પ્રસિદ્ધ કરી ''પ્રભાવી જ્ઞાતિ' (વર્ચસ્વપ્રાપ્ત જ્ઞાતિ)ની વિભાવનાનો પહેલીવાર ઉલ્લેખ કરી તેની વિગતવાર સમજૂતી આપી. તેની વ્યાખ્યા આપતાં તેઓ જણાવે છે કે ''જો એક જ્ઞાતિના સભ્યોની સંખ્યા અન્ય જ્ઞાતિઓના સભ્યો કરતાં વધી જાય અને એ આર્થિક અને સત્તાના ક્ષેત્રે પણ સબળ હોય તો તે સહેલાઈથી પ્રભાવી જ્ઞાતિ બની જાય છે.'' જેમ કે શ્રીનિવાસના રામપુરા ગામના ક્ષેત્રિય અભ્યાસમાં ઓકલિંગા જ્ઞાતિ પ્રભાવી જ્ઞાતિનો દરજ્જો ધરાવતી હતી. ગામમાં સમગ્ર વસ્તીમાં અડધોઅડધ વસ્તી ઓકલિંગા જ્ઞાતિના સભ્યોની હતી. તેઓ ગામની મોટાભાગની જમીનની માલિકી ધરાવતાં હતા અને વિશેષમાં ગામની બાકીની કુલ 18 જેટલી જ્ઞાતિઓ ઉપર આર્થિક અને રાજકીય વર્ચસ્વ ધરાવતાં હતા. જેમ કે અત્યારે બૃહદ ગુજરાતમાં પાટીદાર અને અમુક અંશે ક્ષત્રિય, આંધ્રમાં રેડ્ડી જ્ઞાતિ , મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાયને પ્રભાવી જ્ઞાતિ કહી શકાય. જોકે સ્થાનિક કક્ષાએ અન્ય જ્ઞાતિ પણ પ્રભાવી હોય શકે. શ્રીનિવાસના મતે ગામમાં વર્ચસ્વ પ્રાપ્ત કરવા માટે જ્ઞાતિ પાસે નીચેની ખાસિયતો હોવી જરૂરી છે.

- જ્ઞાતિના સભ્યોનું સંખ્યાબળ
- જમીનની માલિકી
- રાજકીય સત્તા
- જ્ઞાતિવ્યવસ્થામાં બહુ નીચો ના હોય તેવો સામાજિક-ધાર્મિક દરજ્જો

વર્તમાનમાં ભારત દેશમાં વિવિધ પ્રદેશોમાં એક જ જ્ઞાતિની વિવિધ પેટાજ્ઞાતિઓ એક જ નેજા હેઠળ સંગઠિત થઈને રાજકીય અને આર્થિક રીતે પોતાનું વર્ચસ્વ વધારવા માટે પોતાનું સંખ્યાબળ વધારવા લાગી છે. સાંપ્રત ગ્રામીણ સમાજમાં લોકશાહી શાસનવ્યવસ્થા અને પંચાયતીરાજ જેવી સંસ્થાના લીધે તેમજ આયોજનબદ્ધ વિકાસના લાભો લેવા માટે જે તે જ્ઞાતિના સભ્યોનું સંખ્યાબળ અગત્યનું બન્યું છે. અત્યારના સમયમાં ચૂંટણીઓમાં મતોની રાજનીતિ એક હકીકત બનતી જાય છે ને જે તે પક્ષ વધુ ને વધુ મતો એકત્રિત કરવા માટે જે તે વિસ્તારમાં સંખ્યાત્મક બાહુલ્ય ધરાવતી જ્ઞાતિના સભ્યને જ ટિકિટ આપે છે. આના પરિણામે ભારતની જ્ઞાતિઓ પોતાની પેટાજ્ઞાતિના ભેદભાવો ઘટાડીને પોતાની એકતા વધારવા પોતાનું સંખ્યાબળ વધારવાના પ્રયત્નો કરે છે.

ગ્રામીણસમાજમાં ખેતીલાયક જમીન અત્યંત મહત્ત્વ ધરાવે છે. તેથી ગ્રામીણ ભારતમાં વર્ચસ્વ પ્રાપ્ત કરવા માટે જમીનની માલિકીનું પ્રમાણ વધારવા જે તે જ્ઞાતિસમુદાય પ્રયત્નો કરે છે. ગામમાં જે જ્ઞાતિ પાસે જમીનની માલિકી વધુ માત્રમાં હોય તે સરળતાથી ગામના આર્થિકસ્ત્રોતો ઉપર પોતાનું વર્ચસ્વ પ્રાપ્ત કરી પ્રભાવી જ્ઞાતિ બની શકે છે. બહુવિધ ભારતીય સમાજશાસ્ત્રીય અભ્યાસો સાબિત કરે છે કે ભારતના મોટાભાગના ગ્રામીણ વિસ્તારોમાં પ્રભાવી જ્ઞાતિ પાસે ગામની નોંધપાત્ર જમીનની માલિકીપણું હોય છે. જેનાથી એ જ્ઞાતિની સત્તા નિર્વિવાદપણે અન્ય જ્ઞાતિસમુદાય દ્વારા સ્વીકારવામાં આવે છે.

ગ્રામીણ સમુદાયમાં વર્ચસ્વ ધરાવવા માટે ત્રીજું અગત્યનું પરિબળ રાજકીય સત્તા ગણી શકાય. લોકશાહી શાસનવ્યવસ્થામાં પંચાયતીરાજ લાગુ થવાથી સત્તાનું વિકેન્દ્રીકરણ થયું છે. જેથી ગામમાં સ્થાનિક કક્ષાએ વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિ પોતાને મજબૂત કરવા માટે તથા રાજ્યના સાધનોનો અમર્યાદિત ઉપયોગ કરવા માટે પોતાના સંખ્યાબળના આધારે રાજકીયક્ષેત્રે સત્તા પ્રાપ્ત કરવાના પ્રયાસો કરે છે. જેમાં ચૂંટણીમાં થતી મતોની રાજનીતિ પણ અગત્યનો ભાગ ભજવે છે. આ અંગે થયેલા ઘણા રાજકીય અભ્યાસો પણ આ વાતને અનુમોદન પૂરું પાડે છે.

ઉપરના ત્રણેય પરિબળો ઉપરાંત ભારતીય ગામમાં વર્ચસ્વ પ્રાપ્ત કરવા માટે જે તે જ્ઞાતિનો પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થામાં પોતાનો પ્રવર્તમાન દરજ્જો નીચો ના હોય તે પણ આવશ્યક છે. આજે બદલાયેલી પરિસ્થિતિમાં ધાર્મિક રીતે મધ્યમ ગણાતી જ્ઞાતિ જ પ્રભાવી જ્ઞાતિનો દરજ્જો પ્રાપ્ત કરી શકે છે.નિમ્ન ગણાતી જ્ઞાતિ ક્યારેય પણ પ્રભાવી જ્ઞાતિનો દરજ્જો મેળવી શક્તિ નથી. આમ ઉપર્યુક્ત ચારેય બાબતોનું મિશ્રણ જે તે જ્ઞાતિને ગામમાં વર્ચસ્વ પ્રાપ્ત કરવા ઉપયોગી સાબિત થાય છે. એના કારણે જે તે જ્ઞાતિને ફક્ત પ્રભાવી જ્ઞાતિનો દરજ્જો જ નહીં, પણ જે તે ગામ અને પ્રદેશમાં તેની ભૂમિકા સમાજજીવનના તબક્કે મહત્ત્વની બની રહે છે.

## 17.7 પશ્ચિમીકરણ

ભારતમાં બ્રિટિશરોના આગમનથી નવા મૂલ્યોનો પ્રવેશ થયો જેના લીધે વિચારસરણીમાં બદલાવ આવ્યા. આ બદલાવોનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન શ્રીનિવાસે કર્યો. આ અભ્યાસના આધારે આધુનિક ઔદ્યોગિક અને વિકસિત સમાજોની વિકાસશીલ એવા બિનપશ્ચિમના સમાજો

પર પડી રહેલી અસરોને સમજવાનો પ્રયાસ કર્યો. આમ ભારતીય સમાજ અને સંસ્કૃતિ ઉપર બ્રિટિશ શાસનકાળ દરમ્યાન પશ્ચિમી વિચારસરણી અને મૂલ્યોની જે અસર થઈ તેને લીધે પરંપરાગત ભારતીય સમાજજીવન અને સંસ્કૃતિના વિવિધ ક્ષેત્રોમાં જે પરિવર્તનો આવ્યાં તે ઘટનાને સૂચવવા માટે શ્રીનિવાસે ''પશ્ચિમીકરણ' શબ્દ પ્રયોજ્યો છે. જ્યારે પશ્ચિમના વિજ્ઞાનો ઉપર્યુક્ત અસરોને સમજાવવા માટે મોટેભાગે ''આધુનિકીકરણ શબ્દનો ઉપયોગ કરતાં હોય છે. જોકે શ્રીનિવાસ પાશ્ચાત્ય સમાજની અસરોને સમજાવવા માટે ''પશ્ચિમીકરણ' શબ્દને જ વધુ યોગ્ય ગણી તેનો જ ઉપયોગ કરે છે. શ્રીનિવાસ ''આધુનિકીકરણ' શબ્દને અંતર્મુખી ગણાવે છે, જ્યારે પશ્ચિમીકરણને વસ્તુલક્ષી તરીકે ઓળખાવે છે. વિશેષમાં તેઓ જણાવે છે કે કોઈ પૂર્વના દેશ સાથેના સંપર્કથી થયેલી અસરો સૂચવવા માટે પશ્ચિમીકરણ શબ્દનો ઉપયોગ કરી શકાય નહીં. આમ શ્રીનિવાસે પશ્ચિમીકરણને સામાજિક ગતિશીલતાની બાહ્ય પ્રક્રિયા તરીકે ઓળખાવી છે, જ્યારે સંસ્કૃતિકરણને સામાજિક ગતિશીલતાની આંતરિક પ્રક્રિયા તરીકે ઓળખાવે છે. પશ્ચિમીકરણની વિભાવનામાં બ્રિટિશ અમલના ફળસ્વરૂપે યંત્રવિજ્ઞાન, ખોરાક, પહેરવેશ, શિક્ષણપદ્ધતિ, આચારવિચાર અને સાંસ્કૃતિક મૂલ્યોમાં આવી રહેલાં પરિવર્તનોનો સમાવેશ થાય છે. શ્રીનિવાસે ઇ.સ.1962માં જ્યારે ''પશ્ચિમીકરણ' શબ્દનો પહેલીવાર ઉપયોગ કર્યો ત્યારે તેઓ મુખ્યત્વે ખોરાક, ખાવાની સ્ટાઈલ, પહેરવેશ, રીતભાતો વગેરે ક્ષેત્રે આવેલાં પરિવર્તનો સૂચવવા માટે જ કર્યો હતો. પાછળથી ઇ.સ.1966માં પશ્ચિમીકરણનો ખ્યાલ વિસ્તારતા તેમાં તેમણે યંત્રવિજ્ઞાન, સામાજિક સંસ્થાઓ, જ્ઞાન, માન્યતાઓ અને સાંસ્કૃતિક મૂલ્યોમાં આવી રહેલાં પરિવર્તનોનો પણ સમાવેશ કર્યો હતો. પશ્ચિમી વિજ્ઞાને ભારતમાં યંત્રવિજ્ઞાન આધારિત નવા ઉદ્યોગો વિકસાવ્યા, જેને પરિણામે આપણે ત્યાં ઔદ્યોગિકીકરણની પ્રક્રિયાનો આરંભ થયો. વિશાળ કારખાનાં વિકસ્યા. મજૂરવર્ગનો ઉદ્ભવ થયો. જેની ગ્રામીણ અર્થવ્યવસ્થા પર વિપરીત અસર પડી અને પરંપરાગત ઉદ્યોગો પડી ભાંગ્યા. પશ્ચિમના જેવી સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહાર વિકસાવવા માટે અંગ્રેજોએ ભારતમાં તાર-ટપાલ, રેલ્વે, છાપાં, ડામરના રોડ બનાવ્યા. જેથી ભારતમાં વિવિધ સંસ્કૃતિના લોકોના સંપર્કની માત્રા વધી. સ્થળાંતર સરળ અને શક્ય બન્યું. આ પરિબળોને કારણે સામાજિક ગતિશીલતાની માત્રા વધતાં સાંસ્કૃતિક પરિવર્તનમાં વૃદ્ધિ થઈ. જેની સીધી અસર ગ્રામજીવન, જ્ઞાતિ, લગ્ન, સંયુક્ત કુટુંબ પર થઈ. તેમણે પરિવર્તનના બદલાતા પવન સાથે અનુકૂલન સાધવા માટે પોતાના સ્વરૂપ અને માળખામાં ફેરફારો કર્યાં. અંગ્રેજી શિક્ષણની શરૂઆત થતાં બિન-સાંપ્રદાયિકતા, નવજાગૃતિ, સમાનતા, સ્વતંત્રતા, સામાજિક ન્યાય, બંધુત્વ, જેવા નવા મૂલ્યોનો ઉદ્ભવ અને પ્રસાર થયો. સ્ત્રીશિક્ષણનો ખ્યાલ પ્રચલિત થયો. જેના લીધે સ્ત્રી-પુરુષ સમાનતા અંગે લોકો વિચારતા થયા. ભારતમાં સામાજિક સુધારણાનો પવન ફૂંકાવાનો શરૂ થયો. ભારતમાં એક નવા જાગૃત સમાજસુધારક વર્ગનો પ્રાદુર્ભાવ થયો. આવા સુધારકોમાં રાજા રામમોહનરાય, જ્યોતિબા ફૂલે, મહાદેવ ગોવિંદ રાનડે, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, દેવેન્દ્રનાથ ટાગોર વગેરે મુખ્ય ગણી શકાય. આ સુધારકોએ પ્રવર્તમાન સમાજમાં રહેલાં કુરિવાજો જેવા કે બાળલગ્ન, સતીપ્રથા, અસ્પૃશ્યતાને દૂર કરવા સુધારણા સંગઠનો સ્થાપ્યાં અને તેને દૂર કરવા માટે ચળવળો કરી. વિધવા પુનઃલગ્નને કાનૂની માન્યતા મળે તે દિશામાં પ્રયત્નો શરૂ કર્યા. સ્ત્રીશિક્ષણની હિમાયત કરી. અંગ્રેજી શિક્ષણને પ્રાધાન્ય આપવાનું શરૂ થયું. પશ્ચિમીકરણે ભારતમાં સામાજિક કાનૂનીકરણની પ્રક્રિયા પણ વિકસાવી. સામાજિક સુધારકોએ સામાજિક અસમાનતા દૂર કરવા માટે કાનૂનો ઘડવા માટે બ્રિટિશ પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો. જેમાં તેઓ સફળ પણ થયા. સતીપ્રથાને કાયદાથી પ્રતિબંધિત કરવામાં આવી. વિધવા પુનઃલગ્નને કાનૂની માન્યતા મળી. સર્વ લોકો માટે શિક્ષણ સુલભ બનાવવાનો પ્રયાસ થયો. જેને પરિણામે આપણને આપણાં બંધારણના મહાન ઘડવૈયા

એવા ડૉ. બાબાસાહેબ આંબેડકર મળી શક્યા. જોકે એમાં વડોદરાના રાજવીનો ઉપરાંત પશ્ચિમીકરણનો ફાળો પણ ઓછો ના આંકી શકાય. જ્ઞાતિ અસમર્થતા નિવારણ કાનૂન ઘડવામાં આવ્યો. સ્વાધીન ભારતમાં આ પ્રક્રિયાને વેગ મળ્યો અને અસ્પૃશ્યતા નાબૂદી, બાળલગ્ન પ્રતિબંધક કાનૂન, સ્ત્રીઓને વારસાઈ અધિકાર જેવા નૂતન કાયદાઓ ઘડાયા.

જોકે પશ્ચિમીકરણની અસરો સમગ્ર ભારતીય સમાજ પર અથવા તેના વિવિધ વર્ગો પર એકસાથે અને એકસરખી થઈ નથી. જેમ કે, બ્રાહ્મણોએ પાશ્ચાત્ય ઢબનો પહેરવેશ, શિક્ષણ, ભાષા, સાધન-સામગ્રી અપનાવ્યા પણ પોતાની પરંપરાગત પવિત્ર-અપવિત્રની માન્યતાઓ, પોતાના ખોરાક, નૃત્ય, સ્ત્રી-પુરુષના સંબંધો વગેરેમાં ફેરફાર કર્યો નથી. આમ, સમાજના એક વર્ગે પશ્ચિમીકરણનો અમુક ભાગ સ્વીકાર્યો પણ સંપૂર્ણ નહીં. જ્યારે સમાજના બીજા ભાગે પશ્ચિમીકરણનો સંપૂર્ણ સ્વીકાર કરી પોતાના દરજ્જાને ઉપર લઈ જવાનો પ્રયાસ કર્યો.

પશ્ચિમીકરણની પ્રક્રિયા સંસ્કૃતિકરણથી એ રીતે અલગ પડે છે કે પશ્ચિમની સંપૂર્ણ અસરો હેઠળ આવવું એ કોઈ ચોક્કસ જ્ઞાતિનો વિચારપૂર્વક લીધેલો સામૂહિક નિર્ણય નથી, કે જેનો જ્ઞાતિના તમામ સભ્યો ફરજિયાતપણે અમલ કરે. બીજું પશ્ચિમી ઢબની જીવનશૈલી અને સાધનસામગ્રી માટે સારી એવી માત્રામાં ખર્ચ કરવો પડે છે અને તેના માટે અડગ મનોબળ પણ જરૂરી છે. જે પ્રત્યેક કુટુંબ કે જ્ઞાતિમાં એકસમાન રીતે અપનાવવાની ક્ષમતા ના પણ હોય. આમ આધુનિક ભારતમાં સંસ્કૃતિકરણ અને પશ્ચિમીકરણ બંને પ્રક્રિયાઓ સમાંતર ચાલે છે. મોટેભાગે નિમ્ન ગણાતી જ્ઞાતિ મુખ્યત્વે સંસ્કૃતિકરણને વરેલી હોય છે, જ્યારે ઉચ્ચ વર્ગની જ્ઞાતિઓ મોટેભાગે પશ્ચિમીકરણને વરેલી હોય છે. શ્રીનિવાસની પશ્ચિમીકરણની વિભાવનાને બર્નાડ કોહેન, મિલ્ટ્ન સિંગર, ટી.એન.મદન, યોગેન્દ્રસંગ જેવા અનેક સમાજશાસ્ત્રીઓએ ટેકો આપ્યો છે. ટી.એન.મદને શ્રીનિવાસની પશ્ચિમીકરણની વિભાવનાની છણાવટ જાપાનમાં પાશ્ચાત્ય સમાજની અસરો સમજાવવાના આધારે કરી છે. શ્રીનિવાસની જેમ વિકસિત સમાજોની વિકાસશીલ દેશો પરની અસરોની નોંધ લેતાં ડેનિયલ લર્નરના પુસ્તક ‘The passing of Traditional Societies’ અને એલેક્ષ એનક્લ્સના ‘The Modern Man’માં ત્રીજા વિશ્વના દેશોમાં અન્ય દેશો સાથેના સંપર્કથી થયેલી અસરોના સંદર્ભમાં લખાયા છે.

## 17.8 સારાંશ

આમ, સમાજશાસ્ત્રનાં વિકાસમાં પાયાનું યોગદાન આપનાર એમ.એન. શ્રીનિવાસે ધર્મ, વર્ણ, જ્ઞાતિ, સંસ્કૃતિકરણ, પ્રભાવી જ્ઞાતિ, પશ્ચિમીકરણ વિશેનાં ખ્યાલો આપ્યા છે.

## 17.9 તમારી પ્રગતિ ચકાસો

1. શ્રીનિવાસના જીવન પરિચય વિશે નોંધ લખો.
2. શ્રીનિવાસનો સંસ્કૃતિકરણનો ખ્યાલ સમજાવો.
3. શ્રીનિવાસનો ‘પ્રભાવી જ્ઞાતિ’નો ખ્યાલ સમજાવો.

## 17.10 સંદર્ભ સૂચિ

1. 1942 : Marriage and Family in Mysore: New York Co. Bombay
2. 1952 : and Society among the Coorgs of South India; Clarendon Press, Oxford, Asia Publishing House, Bombay. 1965 (Reprint).
3. 1962 : Caste in Modern India University of California Press, Berkeley.

4. 1962 : Caste in Modern India and Other Essays, Asia, Publishing House, Bombay, 1964 (Reprint).
5. 1966 : Social Change in Modern India; University of California Press, California.
6. 1966 : The Remembered Village, University of California Press Berkeley and Oxford Press, Delhi.
7. 1976 : Nation Building in Independent India; Oxford University Press, Delhi.
8. 2002 : Collected Essays; Oxford University Press: New Delhi.
9. 1955 : India's Villages: West Bengal Govt. Press, Calcutta, Asia Publishing House, Bombay 1960, 1963 (Reprint).
10. 1959 : Methods in Social Anthropology: by A.R Radeliffe-Brown; University of Chicago Press, Chicago; Asia Publishing House, Bombay (Indian Edition).
11. 1977 : Dimensions of Social in India; Asia, Publications, Delhi (Co-author).

## 17.9 સંદર્ભ સૂચિ


1. Bailey F.G. 1957 : Caste and Economic, Frontier: Manchester.
2. Chauhan B.R. 1967 : A Rajasthan Village, Vir Publishing House: New Delhi.
3. Joshi P.C. 1996 : "The Remembered Village : Insights into an Agrarian Civilization" in A.M. Shah and Others (ed.) Social Structure and Change; Sage: New Delhi, pp. 127-145.
4. Kolenda P. 1997 : Caste in Contemporary India: Beyond Organic Solidarity; Rawat Publications: Jaipur, p. 42.
5. Madan T.N. 1996 : "Westernization: An Essay on Indian and Japanese Responses"; in Shah A.M. and Others (ed.), Social - Structure and Change: Vol. E: Sage: New Delhi, 146-167.
6. Shah A.M. 2005 : "Sanskritization Revisited", Sociological Bulletin, Vol. 54, No. 2, May-August, pp. 238-249.
7. Shah A.M. and Others 1996 : Social Structure and Change, Vol. 1, Sage Publications: New Delhi, pp. 197-218.
8. Singh Y. 1986 : Modernization of Indian Tradition, Rawat Publications: Jaipur.
9. Patel Sujata 2005 : "On Srinivas' Sociology", Sociological Bulletin, Vol. 54; No.1, Jan-April, pp. 101-110.

10. Srinivas M.N. 1952 : Religion and Society among the Coorgs of South India, Asia Publishing House: Bombay.

11. Srinivas M.N. 1976 : The Remembered Village, Oxford University Press.

12. Srinivas M.N. 1962 : Caste in Modern India and Other Essays, Asia Publishers House: Bombay.

13. Srinivas M.N. 1966 : Social Change in Modern India, California.

14. Upadhyay V.S. and Pandey Gaya 1993 : History of Anthropological Thought, Concept Publishing Co.: New Delhi.

- **ઉપયોગી પુસ્તકો**
- **હિન્દી પુસ્તકો**
- नागला बी. के. (2015) **:** भारतीय समाजशास्त्रीय चितंन, रावत पब्लिकेशन, जयपुर–04.
- दोशी, एस. एल. (2007) आधुनिक समाजशास्त्रीय विचारक, रावत पब्लिकेशन, जयपुर–04.
- MSO-3 : ભારતીય સમાજશાસ્ત્ર ભાગ-1 - એમ.એન. શ્રીનિવાસ (1916-1999) ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદ.
- મકવાણા એમ. એચ. (2012) ભારતીય સમાજના પરિપ્રેક્ષ્ય લાઈબ્રેરી બુક હાઉસ, અમદાવાદ.

❖ ❖ ❖

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**